# આધુનિક ભારતનો ઈતિહાસ

## પ્રકરણ-1 મુઘલ સામ્રાજ્યનું પતન

**(A) બહાદુરશાહ-પ્રથમ (ઇ.સ.1707-1712) :**

→ ઈ.સ. 1707માં ઔરંગઝેબની મૃત્યુ પછી તેના ત્રણ પુત્રો વચ્ચે રાજગાદી માટે સંઘર્ષ થયો હતો.

→ ઔરંગઝેબનો પુત્ર **"મુઅજ્જમ"** 65 વર્ષથી વયે **"બહાદુરશાહ"** ના નામે રાજગાદી પર બેઠો.

→ ઉતરાધિકારના યુદ્ધમાં **"ગુરૂ ગોવિન્દસિંહે"** બહાદુરશાહને ટેકો આપ્યો હતો.

→ બહાદુરશાહને **"શાહ-એ-બેખબર"** પણ કહેવાય છે

→ તેણે મરાઠા શાસક **"શાહૂ"** ને મુક્ત કરી દીધો હતો.

**(B) જહૉદારશાહ (ઈ.સ.1712-1713) :**

→ બહાદુરશાહ-પ્રથમના મૃત્યુ પછી જહૉદારશાહ રાજગાદી પર બેઠો

→ જહૉદારશાહ પર તેની પ્રેમિકા **"લાલ કુંવર"** નો ખૂબ જ પ્રભાવ હતો

→ જહૉદારશાહે આમેરના રાજા જયસિંહને **"મિર્ઝા રાજા સવાઈ"** ની અને મારવાડના રાજા અજીતસિંહને **"મહારાજા"** ની ઉપાધિ પ્રદાન કરી હતી.

**(C) ફરૂખસિયર (ઈ.સ.1713-1719) :**

→ ફરૂખસિયરે સૈયદ બંધુઓ **"અબ્દુલ્લા ખૉ"** અને **"હુસૈનઅલી ખૉ"** ની મદદથી જહૉદર શાહની હત્યા કરી રાજગાદી પ્રાપ્ત કરી.

→ ફરૂખસિયરે અબ્દુલ્લા ખૉને વજીર અને હુસૈન અલી ખૉને મીરબખ્શીનું પદ પ્રદાન કર્યું

→ ફરૂખસિયરના કાળમાં શીખનેતા **"બંદા બહાદુર"** ની હત્યા કરી દેવામાં આવી હતી

→ ફરૂખસિયરે રૂપિયા 3000 ના વાર્ષિક કરના બદલે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને બંગાળમાં વેપારના અધિકાર પ્રદાન કર્યા હતા

**(D) મુહમ્મદશાહ (ઈ.સ.1719-1748) :**

→ મુહમ્મદશાહને **"રંગીલો"** બાદશાહ પણ કહેવાય છે.

→ એક સંગીતકારના રૂપે મુહમ્મદશાહે અનેક ખ્યાલોની રચના કરી હતી.

→ તુરાની સૈનિક **"હૈદરબેગ"** એ ઈ.સ.1720 માં સૈયદ બંધુઓની હત્યા કરી દીધી.

→ મુહમ્મદશાહના શાસનકાળમાં જ હૈદરાબાદના ચિનકિલિચ ખૉ એ **"નિઝામ-ઉલ-મુલ્ક"** ની ઉપાધિ ધારણ કરી. ઈ.સ.1724 માં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હૈદરાબાદને પોતાની રાજધાની બનાવી હતી.

→ મુહમ્મદ શાહે અવધના સઆદત ખૉ ને બુરહાન-ઉલ-મુલ્કની ઉપાધી આપી હતી.

→ ઈરાન (ફારસ)ના સમ્રાટ **"નાદિરશાહ"** ઈ.સ. 1739 માં દિલ્હી પર આક્રમણ કર્યું હતું. તે સમયે દિલ્હીનો શાસક મુહમ્મદશાહ હતો.

→ નાદિરશાહને **"ઈરાનનો નેપોલિયન"** કહેવાય છે.

→ નાદિરશાહ લગભગ 70 કરોડ રૂપિયા અને શાહજહાં ધ્વારા બનાવેલ **"મયૂર સિંહાસન"** (Peacock throne) તથા **"કોહિનૂર હીરો"** લઈને ઈરાન પરત ગયો હતો.

→ **"મયૂર સિંહાસન"** (તખ્તે તાઉસ) પર બેસવા વાળો છેલ્લો મુઘલ શાસક **"મુહમ્મદશાહ"** હતો.

**(E) શાહઆલમ-બીજો (ઈ.સ.1759-1806) :**

→ મુહમ્મદશાહ પછી **"અહમદશાહ"** (ઈ.સ. 1748-1754) અને **"આલમગીરી-બીજો"** (ઈ.સ. 1754-1759) રાજગાદીએ બેઠા.

→ શાહઆલમ-બીજાનું મૂળ નામ **"અલી ગૌહર"** હતું.

→ **"પાણીપતના ત્રીજા યુદ્ધ"** ના સમયે મુઘલ સમ્રાટ શાહઆલમ- બીજો દિલ્હીની રાજગાદી પર હતો.

→ શાહઆલમ-બીજાએ ઈ.સ. 1764 માં બંગાળના મીર કાસિમ, અવધના નવાબ શૂઝા-ઊદ-દ્વૌલા સાથે મળીને ઈસ્ટ ઈન્ડિયા કંપનીની વિરૂધ્ધ **"બકસરનું યુદ્ધ"** લડ્યું હતું. જેમાં અંગ્રેજો વિજયી થયા હતા.

→ બકસરના યુદ્ધમાં પરાજય પછી શાહઆલમ-બીજો અલ્હાબાદમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો પેન્શનધારી બનીને રહી ગયો.

→ ઈ.સ. 1765 માં અંગ્રેજોને બંગાળ અને બિહારની દીવાની 26 લાખ રૂપિયા વાર્ષિક પેન્શન અને કડા પ્રદેશના બદલે પ્રદાન કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1803 માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ દિલ્હી પર કબજો કરી લીધો હતો.

→ મરાઠાઓ સાથે ભળી જવાના કારણે અંગ્રેજોએ શાહઆલમનું પેન્શન બંધ કરી દીધું હતું.

→ ઈ.સ. 1806 માં રૂહેલા સરદાર ગુલામ કાદિર ખૉ એ શાહઆલમ-બીજાની હત્યા કરાવી.

→ શાહઆલમ પછી અકબર-બીજો (ઈ.સ.1806-1837) મુઘલ સમ્રાટ બન્યો.

→ અકબર-બીજો અંગ્રેજોના આશ્રય હેઠળનો પ્રથમ મુઘલ બાદશાહ હતો.

→ મુઘલ શાસક **"બહાદુરશાહ-બીજો"** છેલ્લો મુઘલ સમ્રાટ હતો.

→ ઈ.સ. 1857 ના વિદ્રોહમાં ભાગ લેવાના કારણે અંગ્રેજોએ નિર્વાસિત કરી **"રંગૂન"** મોકલી દીધો જ્યૉ ઈ.સ.1862 માં તેનું મૃત્યુ થયું.

→ બહાદુરશાહ-બીજો **"ઝફર"** ના નામથી કવિતા અને શાયરી લખતો હતો. આ માટે તેને **"બહાદુરશાહ-ઝફર"** પણ કહેવાય છે.

★★★★★★

## પ્રકરણ-2 ભારતમાં યૂરોપિયનોનું આગમન

→ ભારતમાં યૂરોપિય કંપનીઓનું આગમન ક્રમ આ પ્રકારે હતું -

(1) પોર્ટુગીઝ (2) ડચ (3) અંગ્રેજ (4) ડેનિસ (5) ફ્રેન્ચ

**(A) પોર્ટુગીઝ :**

→ ભારતીય સમુદ્રી માર્ગોની શોધનો પ્રારંભિક પ્રયાસ સ્પેન અને પોર્ટુગીઝ ધ્વારા કરવામાં આવ્યો હતો.

→ ઈ.સ 1492 માં **"સ્પેન"** નો યાત્રી **"કોલમ્બસ"** ભારતની શોધ માટે નીકળ્યો પરન્તુ તેને અમેરિકાને શોધી કાઢ્યું.

→ ઈ.સ. 1486 માં પોર્ટુગીઝ નાવિક **"બાર્થોલેમ્યો ડાયઝ"** એ **"કેપ ઑફ ધ ગુડ હોપ"** ની શોધ કરી.

→ **"વાસ્કો-દ-ગામા"** પ્રથમ યૂરોપીય વેપારી હતો, જેણે ભારતના સમુદ્રી માર્ગની શોધ કરી. તે ઈ.સ. 1498 માં **"કાલીકટ"** બંદર પર ઉતર્યો. આ અભિયાનમાં **"અબ્દુલ મણીક"** નામનો ગુજરાતી તેનો પથ પ્રદર્શક હતો. તે સમયે ત્યાંનો રાજા **"જમોરિન"** હતો.

→ પોર્ટુગીઝ સમુદ્રી સામ્રાજ્યને **"મુસ્તાદો ધ ઈન્ડિયા"** કહેવાય છે.

→ પોર્ટુગીઝોનો ભારતમાં પ્રથમ ગવર્નર **"ફ્રાંસિસ્કો-દ-અલ્મેડા"** (ઈ.સ. 1505-1509) હતો.

→ ઈ.સ. 1509 માં **"અલ્ફાંસો-ધ-અલ્બુકર્ક"** ભારતમાં પોર્ટુગીઝ ગવર્નર બન્યો.

→ અલ્બુકર્ક એ ઈ.સ. 1510 માં બીજાપુરના **"યુસુફ આદિલશાહ"** થી ગોવા જીતી લીધું.

→ પોર્ટુગીઝ ગવર્નર **"નાન્હા-દ-કૂન્હા"** (ઈ.સ. 1529-1538) એ ઈ.સ. 1530 માં કોચીનની જગ્યાએ **"ગોવા"** ને પોતાની રાજધાની બનાવી હતી.

→ ઈ.સ. 1534 માં નાન્હા-ડી-કૂન્હા એ ગુજરાતના શાસક બહાદુરશાહથી **"દીવ"** અને **"બેસીન"** પ્રાપ્ત કર્યું.

→ પોર્ટુગીઝ ગવર્નર **"અલ્ફાંસો ડિસોઝા"** ની સાથે ખ્રિસ્તી પાદરી **"ફ્રાંસિસ્કો ઝેવિયર"** ભારત આવ્યા હતા.

→ ઈ.સ. 1622 માં પોર્ટુગીઝોએ અંગ્રેજોને બોમ્બે આપ્યું હતું.

→ ઈ.સ. 1632 માં શાહજહૉએ પોર્ટુગીઝોને હુગલીમાંથી હાંકી કાઢયો હતો.

→ પોર્ટુગીઝોએ પોતાની પ્રથમ વેપારી કોઠી **"કોચીન"** માં ખોલી હતી.

→ પોર્ટુગીઝોએ પોતાની નૌસેના શક્તિના આધારે ભારતમાં ઘોડાના આયાત પર એકાધિકાર મેળવ્યો.

→ પોર્ટુગીઝોએ ભારતમાં **"પ્રિન્ટિંગ પ્રેસ"** અને **"તમાકુની ખેતી"** ની શરૂઆત કરી હતી.

→ પોર્ટુગીઝોએ ભારતમાં **"ગોથિક કળા"** ની શરૂઆત કરી હતી.

→ દક્ષિણી-પૂર્વી કિનારા પર પોર્ટુગીઝોની એકમાત્ર વસાહત **"સેન થોમે"** હતી.

→ પોર્ટુગીઝો ભારતના ગોવામાં ઈ.સ. 1961 સુધી રહયા હતા.

→ અલ્બુકર્ક એ ભારતમાં પોર્ટુગીઝ કંપનીના આધારને વ્યાપક બનાવવા માટે પોર્ટુગીઝ પુરૂષોને ભારતીય મહિલાઓથી લગ્ન કરવા માટે પ્રેરિત કર્યા હતા.

→ પોર્ટુગીઝોએ પ્રથમ વખત ઈ.સ. 1502 માં **"કાર્ટેજ વ્યવસ્થા"** (Permit) અમલમાં મૂકી. હિન્દ મહાસાગરમાં સામુહિક વેપાર પર પ્રભુત્વ જમાવવા માટે પોર્ટુગીઝો આવી વ્યવસ્થા અમલમાં મૂકી હતી.

→ પોર્ટુગીઝોના સમયમાં જ ભારતનો જાપાનથી વેપારી સંપર્ક સ્થાપિત થયો હતો.

### (B) <u>ડચ</u>

→ પોર્ટુગીઝો પછી ભારતમાં ડચ લોકો આવ્યા હતા.

→ ભારતમાં આવનાર પ્રથમ ડચ યાત્રી **"કાર્નેલિયન હાઉટમૈન"** (ઈ.સ. 1596) હતો.

→ ડચ સંસદે એક આદેશ દ્વારા માર્ચ, 1602 માં **"ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની"** ની સ્થાપના કરી હતી.

→ ઈ.સ. 1605 ડચોએ ભારતમાં પોતાની પ્રથમ વેપારી મથક-કોઠી **"મછલીપટ્ટનમ"** માં સ્થાપિત કરી હતી. બાદમાં પુલીકટ (ઈ.સ.1610), સૂરત (ઈ.સ.1616), વિમલીપટ્ટનમ (ઈ.સ.1641), કરિકાલ (ઈ.સ.1645), ચિનસુરા (ઈ.સ.1653) અને કોચીન (ઈ.સ.1663)માં વેપારીમથકો સ્થાપિત કર્યા હતાં.

→ ઈ.સ.1639માં ડચોએ ગોવા પર આક્રમણ કર્યું. ઈ.સ.1641 માં મલક્કા પર નિયંત્રણ પછી ઈ.સ.1658 માં શ્રીલંકા પર અધિકાર કરી લીધો.

→ ડચોની બીજી વેપારી કોઠી **"પુલીકટ"** માં સ્થાપિત થઈ જ્યાં તેમણે પોતાના સ્વર્ણ સિક્કાઓ - **"પૈગોડા"** ને પ્રચલનમાં મૂક્યા અને પુલીકટને જ સમસ્ત ગતિવિધિઓનું કેન્દ્ર બનાવ્યું.

→ ડચોએ ભારતમાં પ્રથમ વખત **"ઔદ્યોગિક પગારદાર"** રાખ્યા હતા.

→ ઈ.સ. 1759 માં **"બેદરાના યુદ્ધ"** માં અંગ્રેજો (કલાઈવ)ના હાથે પરાજિત થયા પછી ડચ કંપનીનું નિયંત્રણ ભારતીય ક્ષેત્રોથી સમાપ્ત થઈ ગયું હતું.

→ ભારતમાં ડચોના આગમનના કારણે ભારતનો **"સુતરાઉ કાપડ ઉદ્યોગ"** નિકાસની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું હતું.

### (C) <u>અંગ્રેજ</u>

→ ઈ.સ. 1599 માં સૌપ્રથમ સ્થળ માર્ગથી ભારત આવનાર પ્રથમ બ્રિટિશ યાત્રી **"જૉન મીલ્ટન"** હતો.

→ 31 ડિસેમ્બર, 1600 ના રોજ ઈંગ્લેન્ડની રાણી **"એલિજાબેથ-પ્રથમ"** એ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને અધિકાર-પત્ર પ્રદાન કર્યો અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના થઈ.

→ શરૂઆતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં 217 ભાગીદાર હતા અને પ્રથમ ગવર્નર **"ટોમસ સ્મિથ"** હતો.

→ મુઘલ દરબારમાં આવનાર પ્રથમ અંગ્રેજ **"કેપ્ટન હોકિન્સ"** હતો, જે **"જેમ્સ-પ્રથમ"** ના રાજદૂતના રૂપે એપ્રિલ, 1609 માં જહાંગીરના દરબારમાં આવ્યો હતો.

→ મુઘલ સમ્રાટ જહૉંગીરે કેપ્ટન હોકિન્સને 400 મનસબ આપી હતી. અને સૂરતમાં અનૌપચારિક રૂપથી એક વેપારી કોઠી ખોલવાની પરવાનગી આપી હતી.

→ ભારત આવનાર પ્રથમ અંગ્રેજ જહાજ **"રેડ ડ્રેગન"** હતું.

→ ઈ.સ. 1611 માં દક્ષિણ-પૂર્વી સમુદ્રી કિનારે સૌપ્રથમ અંગ્રેજોએ **"મછલીપટ્ટનમ"** માં વેપારી કોઠીની સ્થાપના કરી હતી.

→ અંગ્રેજોએ પોતાની પ્રથમ વેપારી કોઠી **"સૂરત"** માં (ઈ.સ. 1608) સ્થાપિત કરી હતી.

→ ઈ.સ. 1615 માં સમ્રાટ **"જેમ્સ-પ્રથમ"** એ **"સર ટૉમસ રો"** ને પોતાનો રાજદૂત બનાવી મુઘલ સમ્રાટ જહૉંગીરના દરબારમાં મોકલ્યો હતો.

→ સર થોમસ રો ઈ.સ. 1619 સુધી ભારતમાં રહ્યો હતો. સર થોમસ રો જહૉંગીર અને શાહજહૉં (ખુર્રમ) થી અંગ્રેજો માટે કેટલીક વેપારી છૂટ પ્રાપ્ત કરવામાં સફળ રહયો હતો.

→ ઈ.સ. 1632 માં ગોલકુન્ડાના સુલ્તાને અંગ્રેજોને એક **"સ્વર્ણ ફરમાન"** (Golden Farman) આપ્યું જેના પ્રમાણે અંગ્રેજ સુલ્તાનને 500 પૈગોડા વાર્ષિક કર આપીને ગોલકુન્ડા રાજયના બંદર પર સ્વતંત્રતાપૂર્વક વેપાર કરી શકતા હતા.

→ ઈ.સ. 1639 માં અંગ્રેજ **"ફ્રાંસિસ ડે"** એ ચન્દ્રગિરિના રાજાથી મદ્રાસ પટ્ટા પર લીધું અને ત્યૉં એક કોઠીનું નિર્માણ કર્યું.

→ આ કોઠીનું નામ **"ફોર્ટ સેન્ટ જ્યોર્જ"** પડ્યું. અને આ જ ફાર્ટ સેન્ટ જ્યોર્જ ભવિષ્યમાં કોરોમંડળના કિનારા પર અંગ્રેજી વ્ડુંમથક (મુખ્યાલય) બન્યું.

→ ઈ.સ. 1651 માં શાહશુજાએ અંગ્રેજોને બંગાળમાં વેપારના વિશેષાધિકાર આપ્યા હતા.

→ ઈ.સ. 1661 માં પોર્ટુગીઝ રાજુકમારી **"કેથરીન ઑફ બ્રેગેન્જા"** (Catharine of Braganza) અને બ્રિટેનના રાજકુમાર **"ચાર્લ્સ-બીજા"** ના લગ્ન થયા હતા. આ પ્રસંગે પોર્ટુગીઝો એ ચાર્લ્સ-બીજાને **"મુંબઈ"** દહેજમાં આપ્યું હતું.

→ ઈ.સ. 1668 માં ચાર્લ્સ-બીજાએ મુંબઈને 10 પાઉન્ડ વાર્ષિક ભાડા પર ઈસ્ટ ઈન્ડિયા કંપનીને આપી દીધો.

→ ઈ.સ. 1687 માં અંગ્રેજો પશ્ચિમી કિનારાના મુખ્યાલયને સૂરતને સ્થાનાંતરીત **"મુંબઈ"** કરી.

→ ઈ.સ. 1698 માં અંગ્રેજી ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ત્રણ ગામ સૂતાનુતી, કોલકાતા અને ગોવિન્દપુરની જમીંદારી રૂપિયા 1200 માં પ્રાપ્ત કરી હતી અને અહીંયા ફોર્ટ વિલિયમનું નિર્માણ કર્યું.

→ ઈ.સ. 1717 માં ફરૂખસિયરે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને કર આપ્યા વગર બંગાળમાં વેપારનું અધિકાર આપી અને ફોર્ટ વિલિયમનું નિર્માણ કર્યું.

→ 1757 નું પ્લાસીનું યુદ્ધ અને 1764 નું બકસરનું યુદ્ધ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ જીત્યું.

→ 1857 ના વિપ્લવ પછી 1858 માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસનને ભારતથી સમાપ્ત કરી બ્રિટિશ ક્રાઉનનું સીધું શાસન શરૂ થયું હતું.

### (D) <u>ડેનિસ</u>

→ ડેનમાર્કની ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના ઈ.સ. 1616 માં થઈ હતી.

→ ઈ.સ. 1620 માં તમિલનાડુના **"ત્રૈકોબાર"** અને ઈ.સ. 1676 માં બંગાળના **"શ્રીરામપુર"** માં પોતાની ફેકટરીઓ (વેપારી કોઠીઓ) સ્થાપિત કરી હતી.

→ ડેનિસોનું વ્ડુંમથક (મુખ્યાલય) **"શ્રીરામપુર"** હતું.

→ ઈ.સ. 1845 માં ડેનિસો પોતાની બધી મિલકત અંગ્રેજોને વેચી દીધી અને આમ ભારતીય ક્ષેત્રથી તેમનું નિયંત્રણ સમાપ્ત થઈ ગયું.

### (E) <u>ફ્રાંસીસી</u>

→ લુઈ14 સમયમાં ફ્રેંચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના ઈ.સ. 1664 માં થઈ હતી.

→ ઔરંગઝેબથી ફરમાન પ્રાપ્ત કરી ઈ.સ. 1668 માં **"સૂરત"** (ભારત)માં ફ્રાંસીસીઓની પ્રથમ વેપારી કોઠી **"ફેકો કેરો"** ના ધ્વારા સ્થાપિત કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1674 માં **"ફ્રાંસિસ માર્ટિન"** એ **"પોંડિચેરી"** ની સ્થાપના કરી હતી.

→ ઈ.સ. 1742 માં ડૂપ્લે ભારતમાં ફ્રેન્ચ ગવર્નર બન્યો.

→ અંગ્રેજો અને ફ્રાંસીસીઓ વચ્ચે કર્નાટકના ત્રણ યુદ્ધો થયા હતા.

→ ઈ.સ. 1760 માં અંગ્રેજી સેનાના **"સરઆયરકૂટ"** ના નેતૃત્વમાં **"વાડીવાંશી યુદ્ધ"** માં ફ્રાંસીસીઓ પરાજિત થયા હતા.

→ ઈ.સ. 1763 ની પેરિસની સંધિ ધ્વારા અંગ્રેજો ચંદ્રનગરને છોડીને બાકીના બધા પ્રદેશો ફ્રાંસીસીઓને પરત કરી દીધા, જે ભારતની સ્વતંત્રતા (1947) સુધી ફ્રાંસીસીઓના કબજામાં જ રહયા.

### (F) <u>અન્ય ફેકટ્સ</u>

**→ <u>યૂરોપીય વેપારી કંપનીઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓ :</u>**

| <u>ક્રમ</u> | <u>વ્યક્તિ</u> | <u>ખાસિયત</u> |
|---|---|---|
| 1. | વાસ્કો-દ-ગામા | - ભારત આવનાર પ્રથમ યૂરોપિયન અને પોર્ટુગીઝ યાત્રી. |
| 2. | ફ્રાંસિસ્કો-દ-અલ્મેડા | - ભારતનો પ્રથમ પોર્ટુગીઝ ગવર્નર |
| 3. | જૉન મિલ્ટન હૉલ | - ભારત આવનાર પ્રથમ બ્રિટિશ નાગરિક |
| 4. | કેપ્ટન હૉકિન્સ | - પ્રથમ અંગ્રેજ રાજદૂત જેમણે સમ્રાટ જહૉંગીરની સાથે મુલાકાત |

| | | |
|---|---|---|
| | | કરી હતી. |
| 5. | ગૈરોલ્ડ અંગિયાર | - મુંબઈના વાસ્તવિક સંસ્થાપક |
| 6. | જૉબ ચૉરનાક | - કોલકાતા (કલકત્તા)નો સંસ્થાપક |
| 7. | ચાર્લ્સ આયર | - ફોર્ટ વિલિયમ (કલકત્તા)ના પ્રથમ પ્રશાસક |
| 8. | ફેકો માર્ટિન | - પોંડિચેરીના પ્રથમ ફ્રાંસીસી ગવર્નર |
| 9. | ફ્રાંસિસ ડે | - મદ્રાસનો સંસ્થાપક |
| 10. | જૉન સુમન | - મુગલ સમ્રાટ ફરૂખસિયરથી વિશેષ વ્યાપારિક સુવિધા મેળવનાર શિષ્ટ મંડળનો અધ્યક્ષ |

→ **<u>પ્રમુખ યૂરોપીય કંપનીઓ :</u>**

| ક્રમ | સ્થાપના વર્ષ | કંપની |
|---|---|---|
| 1. | ઈ.સ. 1498 | - પોર્ટુગીઝ ઈસ્ટ ઈન્ડિયા કંપની |
| 2. | ઈ.સ. 1600 | - અંગ્રેજી ઈસ્ટ ઈન્ડિયા કંપની |
| 3. | ઈ.સ. 1602 | - ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની |
| 4. | ઈ.સ. 1616 | - ડેનિસ ઈસ્ટ ઈન્ડિયા કંપની |
| 5. | ઈ.સ. 1664 | - ફ્રાંસીસી ઈસ્ટ ઈન્ડિયા કંપની |
| 6. | ઈ.સ. 1731 | - સ્વીડિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની |

★★★★★★

# પ્રકરણ-3 બ્રિટિશ શક્તિનો વિસ્તાર

## (A) મૈસૂર

→ દક્ષિણ ભારતમાં હૈદરાબાદની પાસે હૈદરઅલીના શાસનમાં **''મૈસૂર''** રાજ્યનો ઉદય થયો હતો.

→ હૈદરઅલીએ પોતાનું પ્રારંભિક જીવન મૈસૂરની સેનામાં એક સાધારણ અધિકારીના રૂપે શરૂ કર્યું હતું.

→ મૈસૂરનો રાજા ચિક્કા કૃષ્ણરાજ હતો, જે તેના બે મંત્રીઓ **''નંજરાજ''** અને **''દેવરાજ''** ની હાથની કઠપુતલી હતો.

→ ઈ.સ. 1755 માં હૈદરઅલી **''ડિંડિગુલ''** નો સૂબેદાર બન્યો અને એક આધુનિક શસ્ત્રાગર (ફ્રાંસીસી નિષ્ણાતોની મદદથી) સ્થાપિત કર્યું.

→ ઈ.સ. 1761 માં હૈદરઅલીએ મૈસૂરની સત્તા (નંજરાજને હટાવીને) પોતાના હાથમાં લીધી હતી.

→ ઈ.સ. 1763 માં હૈદરઅલીએ બેડમોર પર અધિકાર કરી લીધો અને પોતાની રાજધાની **''શ્રીરંગપટ્ટનમ''** ને બનાવી હતી.

→ **<u>પ્રથમ આંગ્લ-મૈસૂર યુદ્ધ (ઈ.સ. 1767-1769)</u> :**

→ ઈ.સ. 1766 માં અંગ્રેજોએ હૈદરાબાદના નિઝામથી એક સંધિ કરી અને નિઝામને હૈદરઅલીના વિરૂધ્ધ મદદ આપવાનું વચન આપ્યું.

→ હૈદરઅલીની વિરૂદ્ધ હૈદરાબાદનો નિઝામ, મરાઠાઓ અને કર્ણાટકના નવાબનું એક સંયુક્ત ગઠબંધન થઈ ગયું.

→ હૈદરઅલીએ આ સંકટનો ખૂબ જ ચતુરાઈથી ઉકેલ કર્યો. તેણે મરાઠાઓને નાણાં આપીને તથા નિઝામને થોડાક પ્રદેશો આપીને પોતાની તરફ ભેળવ્યા.

→ હૈદરઅલીએ અંગ્રેજો પર મદ્રાસમાં હુમલો કરી અંગ્રેજોને પરાજિત કર્યા હતા.

→ હૈદરઅલી અને અંગ્રેજો વચ્ચે **''મદ્રાસની સંધિ''** (1769) થઈ હતી અને આ યુદ્ધ સમાપ્ત થયું. આ સંધિ દ્વારા બન્ને પક્ષોએ એક-બીજાના જીતેલાં પ્રદેશો પાછા આપી દીધા હતા.

→ **<u>બીજું આંગ્લ-મૈસૂર યુદ્ધ (ઈ.સ.1780-1784)</u>**

→ ઈ.સ. 1771 માં મરાઠા આક્રમણના સમયે હૈદરઅલીને સ્પષ્ટ થઈ ગયું કે મદ્રાસની સંધિમાં અંગ્રેજોએ જે મદદનું વચન આપ્યું હતું. તે ખોટું હતું.

→ હૈદરઅલીએ ચતુરાઈથી અંગ્રેજોની વિરૂધ્ધ નિઝામ અને મરાઠાથી મળીને જુલાઈ, 1780 માં અંગ્રેજી કર્નલ

બેલીને હરાવી કર્ણાટકની રાજધાની આરકાટ પર અધિકાર કરી લીધો.

→ થોડા સમય પછી અંગ્રેજો એ નિઝામ અને મરાઠાઓને પોતાની બાજુ ભેળવી ઈ.સ. 1781 માં પોર્ટોનોવાના સ્થળે હૈદરઅલીને પરાજિત કર્યો.

→ થોડા સમય પછી ઈ.સ. 1782 માં હૈદરઅલીની મૃત્યુ થવું.

→ હૈદરઅલીનું સ્થાન યુદ્ધમાં તેના પુત્ર ટીપુ સૂલ્તાને લીધું પરન્તુ આ યુદ્ધ અનિર્ણાયક સાબિત થયું.

→ ટીપુ સૂલ્તાન અને અંગ્રેજ ગવર્નર જનરલ **"વૉરેન હેસ્ટિંગ્ઝ"** વચ્ચે માર્ચ, 1784 માં **"મૅંગ્લોરની સંધિ"** થઈ હતી. આ સંધિ ધ્વારા બન્ને પક્ષોએ એક-બીજાના જીતેલાં પ્રદેશો પાછા આપી દીધા હતા.

→ **<u>ટીપૂ સુલ્તાન :</u>**

→ હૈદરઅલીનો ઉત્તરાધિકારી તેનો પુત્ર ટીપૂ સુલ્તાન હતો.

→ ઈ.સ.1787 માં ટીપૂએ પોતાની રાજધાની શ્રીરંગપટ્ટનમમાં **"પાદશાહ"** ની ઉપાધિ ધારણ કરી હતી.

→ ટીપૂએ નવું કેલેન્ડરને અમલમાં મૂક્યું અને સિક્કાઓ બહાર પાડ્યા હતા.

→ ટીપૂએ **"શ્રીરંગપટ્ટનમ"** માં **"સ્વતંત્રતા-વૃક્ષ"** (ફ્રાંસ-મૈસૂર મૈત્રીનું પ્રતિક) લગાવ્યું હતું. અને તે **"જૈકોબિન કલબ"** નો સભ્ય પણ બન્યો હતો.

→ ઈ.સ.1796 માં તેણે એક **"જળસેના"** (Navy) નું નિર્માણ કર્યું હતું.

→ ટીપૂએ વિદેશ વેપારના વિકાસ માટે ફ્રાંસ, ટર્કી, ઈરાન અને પેગૂમાં રાજદૂત મોકલ્યા હતા.

→ ટીપૂએ ચીનની સાથે પણ વેપાર કર્યો હતો.

→ ટીપૂએ શ્રૃંગેરીના જગતગુરૂ શંકરાચાર્યના સમ્માનમાં મંદિરોના પુનર્નિર્માણ માટે દાન આપ્યું હતું.

→ ટીપૂએ સિક્કાઓ પર હિન્દૂ દેવી દેવતાઓના ચિત્ર અંકિત કરાવ્યા હતાં.

→ **<u>ત્રીજું આંગ્લ - મૈસૂર યુદ્ધ(ઈ.સ.1790-1792)</u>**

→ ઈ.સ.1790 માં અંગ્રેજ ગવર્નર જનરલ **"લૉર્ડ કાર્નવાલિસ"** એ નિઝામ અને મરાઠાઓથી મળીને ટીપૂ સુલ્તાનની વિરૂધ્ધ એક સંયુક્ત ગઠબંધન બનાવ્યું હતું.

→ ટીપૂએ આ મોર્ચા (ગઠબંધન) ની વિરૂધ્ધ તુર્કીથી મદદ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ માટે તેને કોસ્ન્ટીનોપલ અને ફ્રાંસમાં એક દૂતમંડળ મોકલ્યો હતો.

→ એપ્રિલ, 1790 માં ટીપૂ સુલ્તાને ત્રાવણકોર પર આક્રમણ કર્યું. કૉર્નવાલિસે આ અવસરનો ફાયદો ઉઠાવી ત્રાવણકોરના મહારાજાનો પક્ષ લીધો. અને ટીપૂ સુલ્તાનની વિરૂધ્ધ યુદ્ધની ઘોષણા કરી દીધી.

→ આ યુદ્ધમાં ટીપૂ સુલ્તાન પરાજિત થયો અને ઈ.સ. 1792 માં **"શ્રી રંગપટ્ટનમની સંધિ"** કરવી પડી.

→ આ સંધિ પ્રમાણે અંગ્રેજોને બારામહેલ, ડિંડીગુલ અને માલબાર, મરાઠાઓને તુંગભદ્રા નદીનો ઉત્તરનો ભાગ તથા નિઝામને પેન્નાર અને કૃષ્ણા નદીના વચ્ચેનો ભાગ પ્રાપ્ત થયો. ટીપૂ સુલ્તાને અંગ્રેજોને 3 કરોડ રૂપિયા યુદ્ધક્ષતિના રૂપે અને પોતાના બે પુત્રોને અંગ્રેજો પાસે બંધક રાખ્યા હતા.

→ **<u>ચતુર્થ આંગ્લ - મૈસૂર યુદ્ધ(ઈ.સ.1799)</u>**

→ ઈ.સ. 1798 માં ભારતનો ગવર્નર જનરલ બનીને **"લોર્ડ વેલેસ્લી"** આવ્યો. તે એક સામ્રાજ્યવાદી ગવર્નર હતો.

→ વેલેસ્લી ટીપૂ સુલ્તાનની વિરૂધ્ધ આર-પારનું યુદ્ધ કરવા ઈચ્છતો હતો. તેણે ટીપૂ સમક્ષ સહાયક સંધિ સ્વીકાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો.

→ ટીપૂએ આ પ્રસ્તાવ અસ્વીકાર કરતા એપ્રિલ, 1799 માં ચતુર્થ આંગ્લ - મૈસૂર યુદ્ધ શરૂ થઈ ગયું.

→ અંગ્રેજોનું નેતૃત્વ **"વેલેસ્લી હેરિસ"** અને **"સ્ટૂઅર્ટ"** એ કર્યું હતું. 4 મે, 1799 ના રોજ અંગ્રેજોએ ટીપુ સુલ્તાનને મારી શ્રીરંગપટ્ટનમ જીતી લીધું.

→ મૈસૂરની સત્તા અંગ્રેજોએ **"વડિયાર રાજવંશ"** ને સોંપી દીધી અને તેમના પર સહાયક સંધિ થોપી દીધી.

→ મૈસૂરને જીતવાની પ્રસન્નતામાં આયરલેન્ડના લાર્ડ સમાજે **"વેલેસ્લી"** ને **"માર્કિવસ"** ની ઉપાધી (ખિતાબ) આપી હતી.

→ **<u>આંગ્લ - મૈસૂર યુદ્ધનું ચાર્ટસ :</u>**

| ક્રમ | યુદ્ધ | વર્ષ | ગવર્નર - જનરલ | સંધિ |
|---|---|---|---|---|
| 1. | પ્રથમ આંગ્લ-મૈસૂર યુદ્ધ | 1767-69 | - | મદ્રાસની સંધિ (1769) |
| 2. | બીજું આંગ્લ મૈસૂર યુદ્ધ | 1780-84 | વારેન હેસ્ટિંગ્ઝ | મંગલોરની સંધિ (1784) |
| 3. | ત્રીજું આંગ્લ - મૈસૂર યુદ્ધ | 1790-92 | લોર્ડ કૉર્નવાલિસ | શ્રીરંગપટ્ટનમની સંધિ (1792) |
| 4. | ચતુર્થ - આંગ્લ - મૈસૂર યુદ્ધ | 1799 | લોર્ડ વેલેસ્લી | - |

**(B) <u>આંગ્લ - મરાઠા સંઘર્ષ</u>**

| ક્રમ | યુદ્ધ | વર્ષ | ગવર્નર - જનરલ | સંધિ |
|---|---|---|---|---|
| 1. | પ્રથમ આંગ્લ - મરાઠા યુદ્ધ | 1775-1782 | વૉરેન હેસ્ટિંગ્ઝ | - સૂરતની સંધિ (1775)<br>- પુરંદરની સંધિ (1776)<br>- બડગાંવની સંધિ (1779)<br>- સાલવાઈની સંધિ (1782) |
| 2. | બીજું આંગ્લ - મરાઠા યુદ્ધ | 1803-06 | લોર્ડ વેલેસ્લી | - બેસીનની સંધિ (1802)<br>- દેવગાંવની સંધિ (1803)<br>- સુરજી અર્જુન ગાંવની સંધિ (1803)<br>- રાજપુર ઘાટની સંધિ (1805) |
| 3. | ત્રીજું આંગ્લ- મરાઠા યુદ્ધ | 1817-18 | લોર્ટ હેસ્ટિંગ્ઝ | -<br>- 1818 માં પેશવાપદ સમાપ્ત |

**(C) <u>આંગ્લ - ફ્રાંસીસી સંઘર્ષ</u>**

→ આંગ્લ - ફ્રાંસીસી કંપનીઓની વચ્ચે પોતાનો એકાધિકાર સ્થાપિત કરવા માટે કર્ણાટકમાં ત્રણ યુદ્ધો થયા હતા.

**(1) <u>કર્ણાટકનું પ્રથમ યુદ્ધ(ઈ.સ.1746-1748)</u>**

→ ઈ.સ.1740 માં આસ્ટ્રિયાના ઉતરાધિકારને લઈને યૂરોપમાં બ્રિટેન અને ફ્રાંસની વચ્ચે સંઘર્ષ થયું હતું.

→ કર્ણાટકનું પ્રથમ યુદ્ધ આ સંઘર્ષનું વિસ્તાર જ હતું. કારણકે યૂરોપમાં જેમ આ બન્ને શક્તિઓ વચ્ચે યુદ્ધ શરૂ થતું, જેમ આ બન્ને શક્તિઓ વચ્ચે યુદ્ધ શરૂ થતું, ભારતમાં પણ સંઘર્ષ થયો.

→ ઈ.સ. 1746 માં આંગ્લ-ફ્રાંસીસી કંપનીઓ વચ્ચે કર્ણાટકમાં યુદ્ધ શરૂ થઈ ગયું. **''બારનેટ''** ના નેતૃત્વમાં બ્રિટિશ જળસેનાએ કેટલાક ફ્રાંસીસી સબમરીનો પર કબજો કરી લીધો.

→ પોન્ડિચેરીના ફ્રેન્ચ ગવર્નર **''જનરલ ડૂપ્લે''** એ મૉરિશસ સ્થિત ફ્રાંસીસી ગવર્નર **''લા બૂર્ડાને''** થી મદદ પ્રાપ્ત કરી બ્રિટિશ પ્રભુત્વ ધરાવતાં મદ્રાસને ઘેરીને પોતાનો અધિકાર જમાવી લીધો.

→ **''લા બુર્ડાને''** એ એક મોટી રકમ લઈને મદ્રાસ નગર અંગ્રેજોને આપી દીધું પરન્તુ ડૂપ્લે આ કાર્યથી સહમત ન હતો તેથી તેણે મદ્રાસને ફરી જીતી લીધું. પરન્તુ તે **''ફોર્ટ સેન્ટ ડેવિડ''** નામના સ્થળને જીતીન શક્યો.

→ કર્ણાટકનું પ્રથમ યુદ્ધ **''સેન્ટ ટોમેના યુદ્ધ''** તરીકે પણ પ્રખ્યાત છે. ડૂપ્લેએ કર્ણાટકના નવાબ અનવરુદ્દીનને વચન આપ્યું હતું કે મદ્રાસ જીતીને નવાબને સોંપી દેશે પરન્તુ ડૂપ્લે પોતાના વચનથી ફરી ગયો. નવાબે એક મોટી સેના ડૂપ્લે વિરૂધ્ધ મોકલી. કેપ્ટન પેરાડાઈજના નેતૃત્વમાં એક નાનકડી ફ્રાંસીસી સેનાએ નવાબની સેનાને અડયાર નદીના નજીક **''સેન્ટ ટોમે''** નામના સ્થળે પરાજિત કરી દીધી.

→ ઈ.સ. 1748 માં **''એકસ-લા-શાપેલની સંધિ''** થી યૂરોપમાં આસ્ટ્રિયાના ઉતરાધિકારનું યુદ્ધ સમાપ્ત થઈ ગયું. આની સાથે જ ભારતમાં કર્ણાટકનું પ્રથમ યુદ્ધ પણ સમાપ્ત થઈ ગયું. અને અંગ્રેજોને મદ્રાસ ફરીથી મળી ગયું.

**(2) <u>કર્ણાટકનું બીજું યુદ્ધ(ઈ.સ.1749-1754)</u>**

→ ઈ.સ. 1748 માં દખ્ખણના નિઝામ આસફઝાહની મૃત્યુ થઈ ગઈ. આના પછી તેના પુત્ર **"નાસિરજંગ"** અને પૌત્ર **"મુજફ્ફરજંગ"** ની વચ્ચે ઉતરાધિકાર માટે સંઘર્ષ શરૂ થઈ ગયો.

→ કર્ણાટકમાં પણ નવાબ અનવરૂદ્દીન અને ચન્દાસાહેબની વચ્ચે સત્તા પ્રાપ્તિ માટે સંઘર્ષ થઈ રહયો હતો.

→ ફ્રાંસીસી ગવર્નર ડૂપ્લેએ રાજનૈતિક અસ્થિરતાનો ફાયદો ઉઠાવવા મુજફ્ફરજંગ અને ચંદા સાહેબનું સમર્થન કર્યુ જ્યારે અંગ્રેજોએ નાસિરજંગ અને અનવરૂદ્દીનનો સાથ આપ્યો હતો.

→ ઓગસ્ટ, 1749 માં ડૂપ્લેના નેતૃત્વમાં મુજફ્ફરજંગ, ચન્દાસાહેબ અને ફ્રેન્ચ સેનાઓએ વેલ્લોરની નજીક **"અમ્બૂરના યુદ્ધ"** માં અનવરૂદ્દીનને હરાવ્યો. 1750 માં નાસિરજંગ પણ યુદ્ધમાં મૃત્યુ પામ્યો.

→ મુજફ્ફરજંગ દખ્ખણનો શાસક બન્યો અને તેણે ડૂપ્લેને કૃષ્ણા નદીના દક્ષિણી ભાગમાં મુઘલ પ્રદેશોનો ગવર્નર નિયુક્ત કરી દીધો. 1751 માં ચન્દાસાહેબ કર્ણાટકના નવાબ બની ગયા. આમ, ડૂપ્લેની યોજનાઓ સફળ થઈ ગઈ.

→ પરન્તુ આ સફળતા થોડા સમય માટે જ હતી. આ બાજુ કર્ણાટકની રાજધાની અરકાટમાં કલાઈવે ફક્ત 210 સૈનિકોની મદદથી પોતાનો કબજો જમાવી લીધો. 1752 માં સ્ટ્રિંગર લોરેન્સના નેતૃત્વમાં બ્રિટિશ સૈનિકોએ ત્રિચનાપલ્લીથી ફ્રાંસીસી સેનાને ભગાડી દીધી. ત્રિચનાપલ્લીની હારથી ડૂપ્લેની બધી યોજનાઓ પર પાણી ફરી ગયું અને ડૂપ્લે આ કર્ણાટકનું બીજુ યુદ્ધ હારી ગયો.

→ ડૂપ્લેના હારથી તેને ફ્રાંસ પાછો બોલાવી લેવામાં આવ્યો અને તેની જગ્યાએ **"ગોડેહૂ"** ને ભારતમાં ફ્રાંસીસી ગવર્નર બનાવવામાં આવ્યો. તેણે અંગ્રેજો સાથે **"પોન્ડિચેરીની સંધિ"** (1755) કરી હતી.

### (3) <u>કર્ણાટકનું ત્રીજું યુદ્ધ (ઈ.સ.1756-1763)</u>

→ કર્ણાટકનું ત્રીજું યુદ્ધ ઈ.સ. 1756-1763 ની વચ્ચે થયું. જે ઈ.સ. 1756 માં શરૂ થયેલ ફ્રાન્સ - બ્રિટેન વચ્ચેના સપ્તવર્ષીય યુદ્ધનો જ એક ભાગ હતો.

→ ઈ.સ. 1757 માં ફ્રાંસીસી સરકારે **"કાઉન્ટ લાલી"** ને ભારત મોકલ્યો. લાલી એક વર્ષની લાંબી સમુદ્રી યાત્રા પછી એપ્રિલ, 1758 માં ભારત આવ્યો.

→ આ દરમિયાન અંગ્રેજોએ બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલાને પ્લાસીના યુદ્ધમાં પરાજિત કરી બંગાળ પર અધિકાર કરી લીધો હતો. આ સફળતાથી પ્રાપ્ત અપાર નાણાંના બળે અંગ્રેજ ફ્રાંસીસીઓને દકકનમાં પરાજિત કરવામાં સફળ થઈ ગયા.

→ ઈ.સ. 1758 માં કાઉન્ટ લાલી એ ફોર્ટ સેન્ટ ડેવિડ જીતી લીધું. આના પછી તેણે મદ્રાસને ઘેરી લીધો પરન્તુ અંગ્રેજોની એક શક્તિશાળી જળસેનાના આવવાથી મદ્રાસ પરથી ઘેરો ઉઠાવો પડ્યો.

→ આ સમયે કાઉન્ટ લાલીએ સૌથી મોટી ભૂલ કરી કે તેણે હૈદરાબાદથી **"બુસ્સી"** ને બોલાવી લીધો જેથી હૈદરાબાદમાં ફ્રાંસીસીઓની સ્થિતિ નબળી પડી ગઈ.

→ ઈ.સ. 1760 માં **"સરઆયરકૂટ"** એ **"વાંડીવાંશીના યુદ્ધ"** માં ફ્રાંસીસીઓને પરાજિત કરી દીધા અને બુસ્સીને મારી નાખ્યો. આમ, ફ્રાંસીસી સેનાનું ભારતમાં અસ્તિત્વ લગભગ સમાપ્ત થઈ ગયું.

→ ઈ.સ. 1763 માં સપ્તવર્ષીય યુદ્ધ **"પેરિસની સંધિ"** થવાથી સમાપ્ત થયું. અહીંયા પણ કર્ણાટકનું ત્રીજું યુદ્ધ સમાપ્ત કરી દેવામાં આવ્યું. ફ્રાંસીસીઓને પોન્ડિચેરી પરત કરી ત્યાઁ સુધી જ સીમિત કરી દેવામાં આવ્યા.

### (D) <u>બંગાળ પર અધિકાર</u>

→ મુઘલ સામ્રાજ્યની અન્તર્ગત આવનાર પ્રાંતોમાં બંગાળ સૌથી વધુ સંપન્ન રાજ્ય હતું.

→ મુઘલ કાળની દરમિયાન બંગાળ સૌથી પહેલાં સ્વતંત્ર થયું અને સૌથી પહેલાં બ્રિટિશ શાસનના અધીન થયું હતું.

→ ઔરંગઝેબના શાસનકાળમાં **"મુર્શિદ કુલી ખૉ"** બંગાળનો નવાબ હતો, જે સ્વતંત્ર શાસક હતો. પરન્તુ તે નિયમિત રૂપથી મુઘલ બાદશાહને રાજસ્વ (કર) મોકલતો હતો.

→ ઈ.સ. 1717 માં મુર્શીદ કુલી ખૉ એ પોતાની રાજધાની ઢાકાથી **"મુર્શિદાબાદ"** સ્થાનાન્તરિત કરી હતી. આ મુર્શિદાબાદ **"ભાગીરથી"** નદીના કિનારે આવેલ છે.

→ મુર્શીદ કુલી ખૉ એ **"ઈજારાશાહી પ્રથા"** ની શરૂઆત કરી અને ખેડૂતોને **"તકાવી ઋણ"** (ખેતી માટે અગ્રિમ ઋણ) આપવાનું શરૂ કર્યું.

→ ઈ.સ. 1739 માં **"અલીવર્દી ખૉ"** બંગાળનો શાસક બન્યો. તેણે પોતાના શાસનકાળમાં મુઘલોને રાજસ્વ (કર) આપવું બંધ કરી દીધું.

→ તેના શાસનકાળમાં બંગાળ એટલું બધુ સમૃધ્ધશાળી બની ગયું કે બંગાળને **"ભારતનું સ્વર્ગ"** કહેવામાં આવતું હતું.

→ ઈ.સ. 1756 માં મિર્ઝા મુહમ્મદ બંગાળનો નવાબ બન્યો, જે **"સિરાજુદ્દૌલા"** ના નામથી પ્રખ્યાત છે. આ સિરાજુદ્દૌલા અલીવર્દી ખૉ નો જમાઈ હતો.

→ 20 જૂન, 1756 ની પ્રખ્યાત **"બ્લેકહૉલની ઘટના"** (Black Hole Tragedy) આ સિરાજુદ્દૌલાના સમયે જ થઈ હતી.

→ **"પ્લાસીનું યુદ્ધ"** 23 જૂન, 1757 ના રોજ અંગ્રેજોના સેનાપતિ રૉબર્ટ કલાઈવ અને બંગાળના નવાબ સિરાજુદ્દૌલાની વચ્ચે થયું હતું. જેમાં નવાબ સિરાજુદ્દૌલા પોતાના સેનાપતિ **"મીર ઝાફર"** ની દગાબાજીના કારણે પરાજિત થયો.

→ અંગ્રેજોએ મીરઝાફરને બંગાળનો નવાબ બનાવ્યો.

→ રૉબર્ટ કલાઈવના હાથોની કઠપુતળી નવાબ મીરઝાફરને અંગ્રેજોએ ઈ.સ. 1760 માં હટાવી તેના જમાઈ **"મીરકાસિમ"** ને બંગાળનો નવાબ બનાવ્યો.

→ મીરકાસિમે પોતાની રાજધાનીને **"મુર્શિદાબાદ"** થી **"મુંગેર"** સ્થાનાન્તરિત કરી હતી.

→ ઈ.સ. 1764 માં **"બકસરનું યુદ્ધ"** અંગ્રેજો અને મીરકાસિમ, શુજાઉદ્દૌલા (અવધનો નવાબ), શાહઆલમ બીજો (મુઘલ સમ્રાટ) ની સંયુક્ત સેના વચ્ચે થયું હતું.

→ આ બકસરનું યુદ્ધમાં અંગ્રેજો વિજયી થયા હતા. આ યુદ્ધમાં અંગ્રેજ સેનાપતિ **"હેકટર મુનરો"** હતો. આ યુદ્ધ પછી થયેલ **"અલ્હાબાદની સંધિ"** (ઈ.સ. 1765) થી બંગાળ પર ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું પ્રભુત્વ સ્થાપિત થઈ ગયું.

→ **"રૉબર્ટ કલાઈવ"** બંગાળનો પ્રથમ ગવર્નર બન્યો અને ક્લાઈવ બંગાળમાં દ્વૈધ શાસન (દ્વિમુખી શાસન) સ્થાપિત કર્યુ.

## (E) <u>અંગ્રેજ અને શીખ</u>

### (1) <u>રણજીતસિંહ</u>

→ રણજીતસિંહનો જન્મ 2 નવેમ્બર, 1780 માં **"સુકરચકિયા મિસલ"** ના પ્રમુખ **"મહાસિંહ"** ના ઘરે થયો હતો.

→ ઈ.સ. 1798-99 માં રણજીતસિંહ લાહોરનો શાસક બન્યો.

→ **"અમૃતસરની સંધિ"** 25 એપ્રિલ, 1809 ના રોજ અંગ્રેજ સેનાપતિ **"ચાર્લ્સ મેટફાક"** અને મહારાજા રણજીતસિંહની વચ્ચે થઈ હતી.

→ રણજીતસિંહનું રાજ્ય ચાર પ્રાન્તોમાં વહેચાયેલું હતું - (1) લાહોર (2) કાશ્મીર (3) પેશાવર અને (4) મુલ્તાન

→ મહારાજા રણજીતસિંહના નાણામંત્રી **"દીનાનાથ"** અને વિદેશ મંત્રી **"ફકીર અજીજુદ્દીન"** હતા.

→ ઈ.સ. 1839 માં રણજીતસિંહનું અવસાન થયું.

→ **<u>આંગ્લ - શીખ સંઘર્ષ :</u>**

| ક્રમ | યુદ્ધ | વર્ષ | ગવર્નર - જનરલ | સંધિ |
|---|---|---|---|---|
| 1. | પ્રથમ આંગ્લ - શીખ યુદ્ધ | 1845-46 | લાર્ડ હાર્ડિંગ | લાહોરની સંધિ (1846) |
| 2. | બીજું આંગ્લ - શીખ યુદ્ધ | 1848-49 | લાર્ટ ડેલહાઉસી | - |

→ **"ભેરોવાલની સંધિ"** 22 ડિસેમ્બર, 1846 ના રોજ થઈ હતી, જેના પ્રમાણે શીખોના રાજા દિલીપસિંહે અંગ્રેજી સંરક્ષણ સ્વીકાર કરી લીધું.

→ લાર્ડ ડેલહાઉસી એ ઈ.સ. 1849 માં સમ્પૂર્ણ પંજાબનું વિલય અંગ્રેજી રાજ્યમા કરી લીધું. મહારાજા દિલીપસિંહને 50,000 પાઉન્ડની વાર્ષિક પેન્શન આપી દઈ તેમને શિક્ષણ પ્રાપ્ત કરવા માટે ઈંગ્લેન્ડ મોકલી લેવામાં આવ્યા.

→ શીખ રાજ્યનું પ્રખ્યાત **"કોહીનૂર હીરો"** મહારાણી વિક્ટોરિયાને મોકલી દેવામાં આવ્યું.

## (F) <u>અન્ય પ્રાન્તીય સ્વાયત્ત રાજ્ય</u>

### (1) <u>અવધ</u>

→ ઈ.સ. 1722 માં **"સઆદત ખૉ બુરહાનુલ્મુલ્ક"** ધ્વારા અવધ રાજ્યને સ્વતંત્ર ઘોષિત કરી દેવામાં આવ્યું હતું.

→ સઆદત ખૉ એ ઈ.સ. 1739 માં નાદિરશાહને દિલ્હી પર આક્રમણ કરવા માટે પ્રેરિત કર્યો હતો અને 20

કરોડ રૂપિયા મળવાની આશા આપી હતી. નાદિરશાહને આપેલ વચન ન પુરું કરી શકવાના કારણે તેણે ઈ.સ. 1739 માં આત્મહત્યા કરી લીધી.

→ ઈ.સ. 1754 માં અવધનો નવાબ **"શુજાઉદ્દૌલા"** બન્યો. તેણે **"બકસરના યુદ્ધ"** માં ભાગ લીધો હતો અને પરાજિત થયો.

→ ત્યારબાદ અવધનો નવાબ **"આસફ-ઉદ્-દૌલા"** બન્યો તેણે અવધની રાજધાની ફૈઝાબાદથી **"લખનૌ"** સ્થાનાન્તરિત કરી હતી.

→ અવધનો છેલ્લો નવાબ **"વાજિદ અલી શાહ"** (ઈ.સ. 1847-56) હતો. જેના પર અંગ્રેજોએ **"કુશાસન"**નો આરોપ લગાવી ઈ.સ. 1856 માં અવધને બ્રિટિશ સામ્રાજયમાં મળાવી લીધું.

**2. ભરતપુર**

→ ભરતપુરમાં સ્વતંત્ર જાટ રાજ્યની સ્થાપના **"રાવ ચૂડામલ"** અને **"મહારાજા બદનસિંહ"** એ કરી હતી.

→ જાટ રાજા **"સૂરજમલ"** (ઈ.સ. 1756-63) ને જાટ રાજવંશનો **"અફલાતૂન"** અથવા **"પ્લેટો"** પણ કહેવાય છે.

**3. હૈદરાબાદ**

→ હૈદરાબાદમાં સ્વતંત્ર રાજયની સ્થાપના **"ચિનકિલિચ ખૉ"** (નિઝામ-ઉલ-મુલ્ક આસફઝાહ) એ ઈ.સ. 1724 માં કરી હતી.

→ ઈ.સ. 1748 માં નિઝામ-ઉલ-મુલ્કની મૃત્યુ પછી હૈદરાબાદ ભારતીય રાજ્યોમાં પ્રથમ રાજ્ય હતું, જેણે વેલેસ્લીની સહાયક સંધિ સ્વીકારી હતી.

★★★★★★

## પ્રકરણ-4 ભારતના ગવર્નર જનરલ અને વાઈસરૉય

### (A) બંગાળના ગવર્નર

**(1) રૉબર્ટ કલાઈવ :**

→ રૉબર્ટ કલાઈવ ઈ.સ. 1757-1760 અને ફરી ઈ.સ. 1765-1767 સુધી બંગાળનો ગવર્નર રહયો હતો.

→ રૉબટ કલાઈવ બંગાળનો પ્રથમ ગવર્નર હતો.

→ બંગાળમાં "દ્વૈધ શાસન" (દ્વિમુખી શાસન) ની સ્થાપના કરી હતી. જેની અંદર દીવાની એટલે મહેસૂલ વસૂલ કરવાનો, દીવાની ન્યાય આપવાનો હક, લશ્કરનું વહીવટ અને વિદેશી બાબતો અંગ્રેજોના હાથમાં હતા, જ્યારે શાસન ચલાવવાની જવાબદારી નવાબના હાથમાં હતી.

→ બીજા શબ્દોમાં કહીએ તો, દ્વિમુખી શાસન પદ્ધતિ એટલે કે નવાબની સ્થિતિ એવી થઈ કે, આવક બધી અંગ્રેજો ઉપાડી જાય અને ખર્ચ નવાબના માથે આવે.

→ મુઘલ સમ્રાટ **"શાહઆલમ-બીજા"** ને **"અલ્હાબાદની સંધિ"** (ઈ.સ. 1765 માં) ના ધ્વારા કંપનીના સંરક્ષણમાં લઈ લીધા.

→ રૉબર્ટ કલાઈવે બંગાળના સમસ્ત ક્ષેત્ર માટે બે નાયબ - દીવાન, બિહાર માટે **"રાજા શિતાબ રૉય"** અને બંગાળ માટે **"મુહમ્મદ રજા ખૉ"** ની નિમણૂંક કરી હતી.

→ રૉબર્ટ કલાઈવ પછી બંગાળના ગવર્નર **"બેરેલાસ્ટ"** (ઈ.સ. 1767-69), **"કાર્ટિયર"** (1769-72) અને **"વૉરેન હેસ્ટિંગ્ઝ"** (ઈ.સ. 1772-74) બન્યા હતા.

→ રેગ્યૂલેટિંગ એકટ, 1773 ના પ્રમાણે બંગાળના ગવર્નરને હવે બંગાળનો ગવર્નર - જનરલ કહેવામાં આવ્યો, જેનો કાર્યકાળ 5 વર્ષ નક્કી કરવામાં આવ્યો. મુંબઈ અને મદ્રાસના ગવર્નરને બંગાળના ગવર્નર - જનરલના હેઠળ કરી દેવામાં આવ્યા.

### (B) બંગાળના ગવર્નર જનરલ

**(1) વૉરેન હેસ્ટિંગ્ઝ (ઈ.સ.1772-85)**

→ વૉરેન હેસ્ટિંગ્ઝ ઈ.સ. 1750 માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના એક કલાર્કના રૂપે કલકત્તા આવ્યો હતો. પોતાની કાર્યકુશળતાના કારણે તે કાસિમ બજારનો અધ્યક્ષ બન્યો.

→ ઈ.સ.1772 માં વૉરેન હેસ્ટિંગ્ઝને બંગાળનો ગવર્નર બનાવવામાં આવ્યો.

→ ઈ.સ. 1772 માં તેણે ગવર્નર બનતાં દ્વિમુખી શાસન પદ્ધતિની સમાપ્તિની ઘોષણા કરી હતી.

→ તેણે રાજકીય કોષાગાર (સરકારી ખજાના) ને મુર્શિદાબાદથી હટાવીને **"કલકત્તા"** લાવ્યો.

→ ઈ.સ. 1772માં પ્રત્યેક જીલ્લામાં એક દીવાની અને ફૌજદારી અદાલતોની સ્થાપના કરી હતી.

→ ઈ.સ. 1773 ના રેગ્યૂલેટિંગ એક્ટના પ્રમાણે તેને બંગાળનો પ્રથમ ગવર્નર જનરલ બનાવવામાં આવ્યો હતો.

→ ઈ.સ. 1773 ના રેગ્યૂલેટિંગ એકટના પ્રમાણે ઈ.સ. 1774 માં કલકત્તામાં **"સુપ્રિમ કોર્ટ"** સ્થાપિત કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1781 માં કલકત્તામાં મુસ્લિમ શિક્ષણના વિકાસ માટે પ્રથમ **"મદરેસા"** ની સ્થાપના કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1782 માં બનારસમાં સંસ્કૃત મહાવિદ્યાલયની સ્થાપના **"જોનાથન ડંકન"** ધ્વારા કરવામાં આવી હતી.

→ **"વિલિયમ વિલ્કિન્સ"** ધ્વારા **"ભગવદ્ગીતા"** નું અંગ્રેજી અનુવાદ વારેન હેસ્ટિંગ્ઝના સંરક્ષણમાં જ કર્યું હતું.

→ ઈ.સ. 1784 માં **"ધ એશિયાટીક સોસાયટી ઓફ બંગાળ"** ની સ્થાપના **"સર વિલિયમ જોન્સ"** ધ્વારા કરવામાં આવી હતી.

→ **"બોર્ડ ઓફ રેવન્યુ"** ના સ્થાપના કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1775-1782 માં પ્રથમ આંગ્લ-મરાઠા યુધ્ધ અને ઈ.સ. 1780-1784 માં બીજું આંગ્લ- મૈસૂર યુધ્ધ થયું હતું.

→ પ્રથમ આંગ્લ-મરાઠા યુધ્ધ **"સાલબાઈની સંધિ"** (ઈ.સ. 1782 )અને બીજું આંગ્લ- મૈસૂર યુધ્ધ **"મેગ્લોરની સંધિ"** ( ઈ.સ. 1784 ) ના દ્વારા સમાપ્ત થયા હતા.

→ વૉરેન હેસ્ટિંગ્ઝએ બંગાળી **"નંદકુમાર"** પર ખોટો આરોપ લગાવીને સુપ્રીમકોર્ટથી ફાંસીની સજા અપાવી હતી.

→ **"જેમ્સ ઓગસ્ટસ હિક્કી"** એ ઈ.સ. 1780 માં ભારતનું પ્રથમ સમાચાર- પત્ર **"ધ બંગાળ ગેઝેટ"** નું પ્રકાશન કર્યું હતું.

→ મુઘલ સમ્રાટને પ્રાપ્ત **26** લાખ રૂપિયાની વાર્ષિક પેન્શન બંધ કરાવી દીધી હતી.

→ ઈ.સ. 1784 ના **"પિટ્સ ઈન્ડિયા એકટ"** ના વિરોધમાં રાજીનામું આપીને તે ઈગ્લેન્ડ જતો રહ્યો. ત્યાં વૉરેન હેસ્ટિંગ્ઝ પર બ્રિટિશ પાર્લામેન્ટમાં **"બર્ક"** ધ્વારા મહાભિયોગ લગાડવામાં આવ્યો. આ મહાભિયોગ પર 7 વર્ષ સુધી ચર્ચા થતી રહી અને છેવટમાં 1795 માં તેને દોષમુકત જાહેર કરવામાં આવ્યો હતો.

## 2. <u>લોર્ડ કાર્નવાલિસ (ઈ.સ. 1786-1793):</u>

→ વૉરેન હેસ્ટિંઝના રાજીનામાં પછી **"સર જૉન મેકફરસન"** (ઈ.સ. 1785-86) ને અસ્થાયી ગવર્નર - જનરલ નિયુક્ત કરવામાં આવ્યો.

→ લોર્ડ કાર્નવાલિસ ઈ.સ. 1786 માં બંગાળનો ગવર્નર - જનરલ બનીને આવ્યો.

→ લોર્ડ કાર્નવાલિસને ભારતમાં **"વહીવટ સેવાનો જનક"** (નાગરિક સેવાનો જનક) માનવામાં આવે છે.

→ લોર્ડ કાર્નવાલિસના સમયમાં ત્રીજું આંગ્લ - મૈસૂર યુદ્ધ (ઈ.સ. 1789-92) થયું હતું, જે **"શ્રીરંગપટ્ટનમની સંધિ"** (ઈ.સ. 1792) ધ્વારા સમાપ્ત કરવામાં આવ્યું હતું.

→ આને ઈ.સ. 1793 માં બંગાળમાં **"સ્થાયી બંદોબસ્ત"** ની વ્યવસ્થા અમલમાં મૂકી હતી. જેના ધ્વારા એક નવા જમીંદાર વર્ગનો ઉદ્ભવ થયો હતો.

→ આ સ્થાયી બંદોબસ્તની વ્યવસ્થાની અંદર જમીનદારોને હવે મહેસૂલ (ભૂ-રાજસ્વ) નું લગભગ 90 ટકા $\frac{10}{11}$ ભાગ) કંપનીને અને લગભગ 10 ટકા ($\frac{1}{11}$ ભાગ) પોતાની પાસે રાખવાનું હતું.

→ સ્થાયી બંદોબસ્તની યોજના **"સર જૉન શોર"** એ બનાવી હતી. આને બંગાળ, બિહાર, ઓરિસ્સા, બનારસ અને મદ્રાસના ઉતરી જીલ્લાઓમાં અમલમાં મૂકવામાં આવી હતી.

→ તેના સમયમાં જીલ્લાના સમસ્ત અધિકાર **"કલેકટર"** ના હાથોમાં આપી દેવામાં આવ્યા હતા.

→ ભારતીય ન્યાયાધીશોથી યુક્ત જીલ્લા ફૌજદારી અદાલતોને સમાપ્ત કરી તેની જગ્યાએ ચાર ભ્રમણ કરનારી અદાલતો નિયુક્ત કરી, જેમાં એક બિહાર માટે અને ત્રણ બંગાળ માટે હતી.

→ આને ઈ.સ. 1793 માં પ્રખ્યાત **"કૉર્નવાલિસ કોડ"** નું નિર્માણ કરાવ્યું હતું, જે શક્તિઓના **"પૃથક્કરણના સિદ્ધાંત"** પર આધારિત હતો.

→ પોલીસ કર્મચારીઓના પગારમાં વૃદ્ધિ કરી અને ગ્રામીણ ક્ષેત્રોમાં જમીંદારો પાસે જે પોલીસ અધિકાર હતા તે લઈ લેવામાં આવ્યા.

→ કંપનીના કર્મચારીઓના **"વ્યક્તિગત વેપાર"** ઉપર પ્રતિબંધ લગાવી દીધો હતો.

→ પોલીસ સ્ટેશનોનું નિર્માણ કરી પોલીસ અધિકારીઓની નિમણૂંક કરી હતી.

→ ભારતીયો માટે સેનામાં સૂબેદાર, જમાદારના પદ જ્યારે વહીવટી સેવામાં મુંસિફ, સદર, અમીનના પદ જ હતા. ભારતીયોને આનાથી ઊંચા પદ પ્રદાન કરવામાં આવ્યા ન હતા.

→ **"રેવન્યુ બોર્ડ"** ની સ્થાપના કરવામાં આવી.

### 3. <u>સર જૉન શોર (ઈ.સ. 1793-1798):</u>

→ ઈ.સ. 1793 માં સર જૉન શોર બંગાળનો ગવર્નર જનરલ બન્યો.

→ ઈ.સ. 1793 નો ચાર્ટર એક્ટ સર જૉન શોરના શાસનકાળમાં જ પસાર કરવામાં આવ્યો હતો.

→ સર જૉન શોર એ **"અહસ્તક્ષેપની નીતિ"** અથવા **"તટસ્થતાની નીતિ"** અપનાવી હતી.

### 4. <u>લોર્ડ વેલેસ્લી (ઈ.સ. 1798-1805):</u>

→ લોર્ડ વેલેસ્લી ઈ.સ. 1798 માં બંગાળનો ગવર્નર જનરલ બન્યો.

→ લોર્ડ વેલેસ્લીએ **"સહાયક સંધિ"** ની નીતિ અપનાવી હતી.

→ સહાયક સંધિ કરવાવાળો પ્રથમ રાજ્ય **"હૈદરાબાદ"** (ઈ.સ. 1798) હતો. ત્યારબાદ મૈસૂર (ઈ.સ. 1799), થંજાવુર (ઈ.સ. 1799), અવધ (ઈ.સ.1801), પેશવા (ઈ.સ. 1801), બરાર અને ભોંસલે (ઈ.સ. 1803), સિન્ધિયા (ઈ.સ. 1804), જોધપુર, જયપુર, બૂંદી અને ભરતપૂર એ પણ સહાયક સંધિ સ્વીકારી હતી.

→ **"સહાયક સંધિ"** એટલે કે ભારતીય રિયાસતોને ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું પ્રભુત્વ સ્વીકારવાનું હતું જેમાં કંપની પોતાની એક સૈન્ય ટુકડી તે રિયાસતમાં મૂકતી હતી. આ સંધિની અન્તર્ગત કંપનીની પરવાનગી વગર કોઈપણ રિયાસત વિદેશી સંબંધ સ્થાપિત ન કરી શકે અને કોઈપણ પ્રકારની નીતિ પણ અમલમાં ન મૂકી શકે.

→ ભારતમાં સહાયક સંધિનો પ્રયોગ વેલેસ્લીથી પહેલાં ફ્રાંસીસી ગવર્નર **"ડૂપ્લે"** ધ્વારા કરવામાં આવ્યો હતો.

→ લોર્ડ વેલેસ્લીના સમયે ટીપૂ સુલ્તાનની સાથે **"ચતુર્થ-આંગ્લ મૈસૂર યુદ્ધ"** (ઈ.સ. 1799) થયું હતું જેમાં ટીપૂ સુલ્તાન મૃત્યુ પામ્યા હતા.

→ લોર્ડ વેલેસ્લીના સમયે ઈ.સ. 1802 માં મરાઠાઓ સાથે **"બેસીનની સંધિ"** અને **"બીજું આંગ્લ - મરાઠા યુદ્ધ"** (ઈ.સ. 1803-05) થયું હતું.

→ લોર્ડ વેલેસ્લીએ સિવિલ સેવામાં નિમણૂંક પામેલાં બ્રિટિશ અધિકારીઓને તાલીમ આપવા માટે કલકતામાં **"ફોર્ટ વિલિયમ કૉલેજ"** ની સ્થાપના કરી હતી પરન્તુ આ પ્રક્રિયા ખૂબ જ ખર્ચાળ હોવાથી બંધ કરી દેવામાં આવી હતી.

→ તાલીમના મહત્વને સમજતાં ઈ.સ. 1806 માં ઈંગ્લેન્ડમાં **"હેલીબરી ઈસ્ટ કૉલેજ"** માં સિવિલ સેવામાં ભરતી કરવામાં આવેલ યુવકોને તાલીમ આપવાનું શરૂ કરવામાં આવ્યું.

→ લોર્ડ વેલેસ્લી પોતાને **"બંગાળનો વાઘ"** કહેતો હતો.

### 5. <u>સર જ્યોર્જ બાર્લો (ઈ.સ. 1805 - 1807):</u>

→ લોર્ડ કૉર્નવાલિસ ઈ.સ. 1805 માં ફરીથી ગવર્નર જનરલ બનીને આવ્યો, પરન્તુ તેની મૃત્યુ થતાં સર જ્યોર્જ બાર્લો બંગાળનો ગવર્નર - જનરલ ઈ.સ. 1805 માં બન્યો.

→ તેના શાસનકાળમાં જ સેનામાં **"વેલ્લોર વિદ્રોહ"** (ઈ.સ. 1806) થયો હતો.

→ તેના શાસનકાળમાં ઈ.સ. 1807 માં દાસોના વેપાર પર રોક લગાડવામાં આવી હતી.

### 6. <u>લોર્ડ મિન્ટો પ્રથમ (ઈ.સ. 1807 - 1813):</u>

→ લોર્ડ મિન્ટો પ્રથમ ઈ.સ. 1807 માં બંગાળનો ગવર્નર જનરલ બન્યો.

→ લોર્ડ મિન્ટો પ્રથમે ઈ.સ. 1809 માં મહારાજા રણજીતસિંહની સાથે પ્રખ્યાત **"અમૃતસરની સંધિ"** માટે ચાર્લ્સ મેટકાફને મોકલ્યો હતો.

→ લોર્ડ મિન્ટો પ્રથમના સમયમાં જ 1813 નો ચાર્ટર એકટ પાસ થયો હતો.

### 7. <u>લોર્ડ હેસ્ટિંગ્ઝ (ઈ.સ. 1813 - 1823):</u>

→ લોર્ડ હેસ્ટિંગ્ઝ ઈ.સ. 1813 માં બંગાળનો ગવર્નર - જનરલ બન્યો.

→ લોર્ડ હેસ્ટિંગ્ઝના સમયે ઈ.સ. 1814-1816 માં **"પ્રથમ આંગ્લ - નેપાળ યુદ્ધ"** થયું હતું. જેમાં નેપાળના અમર સિંહ થાપાને આત્મસમર્પણ કરવું પડ્યું હતું. ઈ.સ.

1816 માં અંગ્રેજો અને ગોરખાઓની વચ્ચે **''સંગોલીની સંધિ''** ધ્વારા પ્રથમ આંગ્લ-નેપાળ યુદ્ધ સમાપ્ત થયું હતું.

→ લોર્ડ હેસ્ટિંગ્ઝના સમયે ઈ.સ. 1817-1818 માં **''ત્રીજું આંગ્લ - મરાઠા યુદ્ધ''** થયું હતું. જેમાં મરાઠાઓ પરાજિત થયા અને મરાઠા શક્તિને સમ્પૂર્ણપણે સમાપ્ત કરી દેવામાં આવી હતી.

→ લોર્ડ હેસ્ટિંગ્ઝનું સૌથી મહત્વપૂર્ણ કાર્ય **''પિન્ડારીઓનું દમન''** (ઈ.સ. 1817-1818) હતું. પિન્ડારીઓના પ્રમુખ નેતાઓમાં વાસિલ મુહમ્મદ, ચીતૂ અને કરીમ ખૉ હતા.

→ આના સમયમાં જ ઈ.સ. 1822 માં **''ટેનેન્સી એક્ટ''** અથવા **''કાશતકારી અધિનિયમ''** બંગાળમાં અમલમાં મૂકવામાં આવ્યો.

→ લોર્ડ હેસ્ટિંગ્ઝ એ પ્રેસ પર લગાવેલ પ્રતિબંધને સમાપ્ત કરી પ્રેસના માર્ગદર્શન માટે નિયમ બનાવ્યા હતા.

**8. <u>લોર્ડ એમહર્સ્ટ (ઈ.સ. 1823 - 1828):</u>**

→ લોર્ડ એમહર્સ્ટ ઈ.સ. 1823 માં બંગાળનો ગવર્નર-જનરલ બન્યો.

→ ઈ.સ. 1824 - 1826 માં **''પ્રથમ આંગ્લ - બર્મા યુદ્ધ''** થયું હતું.જે ઈ.સ. 1826 માં **''યાન્ડબૂની સંધિ''** ધ્વારા સમાપ્ત થયું હતું.

→ ઈ.સ. 1824 માં **''બેરકપુર''** નો સૈનિક વિદ્રોહ થયો હતો.

**(C) <u>ભારતના ગવર્નર - જનરલ</u>**

**1. <u>લોર્ડ વિલિયમ બેંટિક (ઈ.સ. 1828 - 1835):</u>**

→ ઈ.સ. 1803 માં લોર્ડ વિલિયમ બેંટિક મદ્રાસનો ગવર્નર હતો.

→ લોર્ડ વિલિયમ બેન્ટિક બંગાળનો છેલ્લો - ગવર્નર - જનરલ હતો.

→ ઈ.સ. 1833 ના ચાર્ટર એકટ ધ્વારા બંગાળના ગવર્નર - જનરલને ભારતનો ગવર્નર - જનરલ બનાવી દેવામાં આવ્યો. આમ, ભારતનો પ્રથમ ગવર્નર - જનરલ લોર્ડ વિલિયમ બેંટિક હતો.

→ લોર્ડ વિલિયમ બેંટિકએ રાજા રામમોહનરાયના સહકારથી ઈ.સ. 1829 માં **''સતી-પ્રથા''** ને સમાપ્ત કરી દીધી હતી.

→ મુઘલ સમ્રાટ અકબર અને મરાઠા પેશવાઓએ પણ સતી-પ્રથા પર રોક લગાડવાનો પ્રયાસ કર્યો હતો.

→ લોર્ડ વિલિયમ બેંટિક એ **''કર્નલ સ્લીમેન''** ને ઈ.સ. 1830 માં **''ઠગી પ્રથા''** ને સમાપ્ત કરવા માટે નિયુક્ત કર્યો હતો.

→ લોર્ડ વિલિયમ બેંટિકે ઈ.સ. 1830 માં **''બાળ કન્યા હત્યા''** ને પ્રતિબંધિત કરી હતી.

→ લોર્ડ વિલિયમ બેંટિકનો કાર્યકાળ **''શિક્ષણ સુધારાઓ''** માટે પ્રખ્યાત છે.

→ ઈ.સ. 1835 માં બેંટિકે **''કલકત્તા મેડિકલ કૉલેજ''** ની સ્થાપના કરી હતી.

→ **''મૈકાલે''** ની ભલામણોને અમલમાં મૂકતાં ઈ.સ. 1835 માં **''અંગ્રેજી''** ને શિક્ષણનું માધ્યમ બનાવવામાં આવ્યું હતું.

→ લોર્ડ વિલિયમ બેંટિકે ભારતીયોને સરકારી નોકરીમાં ઉચ્ચ પદો પર નિયુક્ત કર્યા હતા.

→ લોર્ડ વિલિયમ બેંટિકે ઈ.સ. 1831 માં મૈસૂરને અને ઈ.સ. 1834 માં કુર્ગ અને મધ્યકચેરને અંગ્રેજી સામ્રાજયમાં મળાવી લીધું હતું.

→ લોર્ડ વિલિયમ બેંટિકે ઈ.સ. 1833 માં **''નરબલિ પ્રથા''** નો અંત કર્યો હતો.

**2. <u>ચાર્લ્સ મેટકૉફ (ઈ.સ. 1835 - 1836):</u>**

→ ચાર્લ્સ મેટકૉફ ઈ.સ. 1835 માં ભારતનો ગવર્નર જનરલ બન્યો.

→ તેનો શાસનકાળ ફકત એક વર્ષનું જ હતો પરન્તુ તેણે આ એક વર્ષમાં પ્રેસ (સમાચાર-પત્રો) પરથી નિયંત્રણ હટાવી લીધું હતું. આ માટે તેને **''ભારતીય પ્રેસનો મુક્તિદાતા''** (સમાચાર-પત્રોનો મુક્તિદાતા) પણ કહેવાય છે.

**3. <u>લોર્ડ ઑકલેન્ડ (ઈ.સ. 1836 - 1842):</u>**

→ લોર્ડ ઑકલેન્ડ ઈ.સ. 1836 માં ભારતનો ગવર્નર - જનરલ બન્યો.

→ ઈ.સ. 1839-1842 માં **''પ્રથમ આંગ્લ - અફઘાન યુદ્ધ''** થયું હતું.

→ ભારતીય વિદ્યાર્થીઓને **''મેડિકલ''** ના શિક્ષણ માટે વિદેશ જવાની પરવાનગી બ્રિટિશ સંસદે આપી હતી.

→ ઈ.સ. 1839 માં લોર્ડ ઑકલેન્ડ એ કલકત્તાથી દિલ્હી સુધીના **''ગ્રાન્ડ ટ્રંક રોડ''** નું સમારકામ કરવાયું હતું. જેનું નિર્માણ **''શેરશાહ સૂરી''** એ કરાવ્યું હતું.

→ અંગ્રેજોએ, રણજીતસિંહ અને શાહશુજાની વચ્ચે ત્રિદળીય (ત્રિપક્ષીય) સંધિ થઈ હતી.

**4. લોર્ડ એલનબરો (ઈ.સ. 1842 - 1844):**

→ લોર્ડ એલનબરો ઈ.સ. 1842 માં ભારતનો ગવર્નર - જનરલ બન્યો.

→ **"પ્રથમ આંગ્લ-અફઘાન યુદ્ધ"** સમાપ્ત થયું હતું.

→ ઓગસ્ટ, 1843 માં **"સિન્ધ"** નું **"ચાર્લ્સ નેપિયર"** ના નેતૃત્વમાં સમ્પૂર્ણ પણે બ્રિટિશ સામ્રાજ્યમાં વિલય કરી દેવામાં આવ્યું.

→ લોર્ડ એલનબરોનો કાર્યકાળ **"કુશળ અકર્મણ્યતાની નીતિ"** નો કાળ માનવામાં આવે છે.

→ **"દાસ - પ્રથા"** ને નાબૂદ કરવામાં આવી હતી.

**5. લોર્ડ હાર્ડિંગ (ઈ.સ. 1844 - 1848):**

→ લોર્ડ હાર્ડિંગ ઈ.સ. 1844 માં ભારતનો ગવર્નર - જનરલ બન્યો.

→ ઈ.સ. 1845-1846 માં **"પ્રથમ આંગ્લ - શીખ યુદ્ધ"** થયું હતું, જેમાં શીખોને અંગ્રેજોએ પરાજિત કર્યા હતા.

→ **"નરબલિ - પ્રથા"** પર પ્રતિબંધ લગાવ્યો હતો.

→ **"લાહોર"** પર અંગ્રેજી સામ્રાજ્યનો કબજો થઈ ગયો હતો.

**6. લોર્ડ ડેલહાઉસી (ઈ.સ. 1848 - 1856):**

→ લોર્ડ ડેલહાઉસી ઈ.સ. 1848 માં ભારતનો ગવર્નર - જનરલ બન્યો.

→ ઈ.સ. 1848-1849 માં **"બીજું આંગ્લ - શીખ યુદ્ધ"** થયું હતું, જેમાં અંગ્રેજો વિજયી થયા હતા.

→ 29 માર્ચ, 1849 ના રોજ **"પંજાબ"** ને અંગ્રેજી સામ્રાજ્યમાં મળાવી દેવામાં આવ્યું હતું. વિશ્વ પ્રખ્યાત શીખ રાજ્યનો **"કોહિનૂર હીરો"** મહારાણી વિક્ટોરિયાને મોકલી દેવામાં આવ્યો હતો.

→ ઈ.સ. 1850 માં **"બીજું આંગ્લ - બર્મા યુદ્ધ"** થયું હતું. અને ઈ.સ. 1852 માં લોઅર બર્મા અને પીગૂને અંગ્રેજી સામ્રાજ્યમાં મળાવી દેવામાં આવ્યું હતું.

→ લોર્ડ ડેલહાઉસીએ ઈ.સ. 1850 માં સિક્કિમ પર બે અંગ્રેજ ડૉક્ટરોની સાથેના દુર્વ્યવહારનો આરોપ લગાવીને તેના પર અધિકાર કરી લીધો હતો.

→ લોર્ડ ડેલહાઉસીનો શાસનકાળ તેની **"ખાલસાનીતિ"** (વ્યપગત સિદ્ધાંત - Doctrine of Lapse)ના કારણે ખૂબ જ પ્રખ્યાત છે.

→ લોર્ડ ડેલહાઉસી ધ્વારા ખાલસા નીતિ અન્તર્ગત અંગ્રેજી સામ્રાજ્યમાં વિલય કરેલાં રાજ્યો નીચે મુજબ છે -

| **ક્રમ** | **રાજ્ય** | **વર્ષ** |
|---|---|---|
| 1. | સતારા | 1848 (સૌપ્રથમ) |
| 2. | જૈતપુર (બુંદેલખંડ) | 1849 |
| 3. | સંભલપુર (ઓરિસ્સા) | 1849 |
| 4. | બઘાટ (હિમાચલપ્રદેશ) | 1850 |
| 5. | ઉદયપુર (મધ્યપ્રદેશ) | 1852 |
| 6. | ઝૉસી | 1853 |
| 7. | નાગપુર | 1854 |
| 8. | કરૌલી | 1855 |
| 9. | અવધ (અવધનો નવાબ - **"વાજિદ અલી શાહ"**) | 1856 (કુશાસનના આરોપમાં) |

→ લોર્ડ ડેલહાઉસીના સમયમાં ઈ.સ. 1852 માં **"ઈનામ કમીશન"** ની સ્થાપના કરવામાં આવી હતી. આ કમીશનનો મુખ્ય હેતુ જમીનવેરા વગરની જાગીરોની તપાસ કરી તેને અંગ્રેજી સામ્રાજ્યમાં મળાવી દેવી.

→ લોર્ડ ડેલહાઉસીએ ઈ.સ. 1854 માં શિક્ષણ સંબંધિત સુધારા માટે **"વુડ ડિસ્પૈચ"** ને અમલમાં મૂકયો.

→ વુડ ડિસ્પૈચના પ્રમાણે જીલ્લાઓમાં એંગ્લો - વર્નાક્યૂલર સ્કૂલ, પ્રમુખ નગરોમાં સરકારી કૉલેજો અને ઈ.સ. 1857 માં ત્રણ પ્રેસીડેન્સીઓ કલકત્તા, મદ્રાસ અને મુંબઈમાં એક - એક વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી) સ્થાપિત કરવામાં આવી. અને સાથે જ પ્રત્યેક પ્રદેશમાં એક શિક્ષા નિર્દેશકની નિમણૂંક કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1853 ના ચાર્ટર એક્ટના ધ્વારા ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સંચાલક મંડળથી કંપનીના વહીવટી અધિકારીઓની નિમણૂંકના અધિકાર લઈ લેવામાં આવ્યા. અને ઈ.સ. 1853 થી જ વહીવટી અધિકારીઓ (સિવિલ સેવક)ની નિમણૂંક માટે પ્રતિયોગિતા પરીક્ષા (Competative Exam) ની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રતિયોગિતા પરીક્ષા માટેની વયમર્યાદા 18 થી 23 વર્ષ રાખવામાં આવી હતી.

→ **"સત્યેન્દ્રનાથ ટાગોર"** એવા પ્રથમ ભારતીય હતા જેમણે ઈ.સ. 1863 માં લંડનમાં થયેલ સિવિલ સેવા પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી હતી.

→ ઈ.સ. 1922 થી લંડન અને અલ્હાબાદ (ભારત) બન્ને સ્થળો પર એક સાથે સિવિલ સેવા પરીક્ષાનું આયોજન કરવામાં આવવા લાગ્યું.

→ લોર્ડ ડેલહાઉસીને ભારતમાં **''રેલવેનો જનક''** પણ કહેવાય છે.

→ લોર્ડ ડેલહાઉસીના શાસનકાળમાં ભારતમાં સૌપ્રથમ 16 એપ્રિલ, 1853 ના રોજ **''મુંબઈ''** થી **''થાણે''** ની વચ્ચે (34 km) પ્રથમ રેલવે ચલાવવામાં આવી હતી.

→ લોર્ડ ડેલહાઉસીના શાસનકાળમાં ઈ.સ. 1854 માં નવું **''પોસ્ટ ઑફિસ એક્ટ''** પસાર કરવામાં આવ્યું હતું અને ભારતમાં સૌપ્રથમ **''ડાક ટિકિટ''** ની શરૂઆત કરવામાં આવી.

→ લોર્ડ ડેલહાઉસીના શાસનકાળમાં ઈ.સ. 1854 માં ભારતમાં પ્રથમ વખત **''સાર્વજનિક નિર્માણ વિભાગ''** અને **''લોક સેવા વિભાગ''** ની સ્થાપના અલગ-અલગ કરવામાં આવી.

→ લોર્ડ ડેલહાઉસીના શાસનકાળમાં ઈ.સ. 1853 માં ભારતમાં સૌપ્રથમ **''કલકત્તા''** થી **''આગરા''** ની વચ્ચે વિજળીથી સંચાલિત **''તાર-સેવા''** ની શરૂઆત થઈ હતી.

→ લોર્ડ ડેલહાઉસીએ **''શિમલા''** ને બ્રિટિશ ભારતની ગ્રીષ્મકાલીન રાજધાની બનાવી હતી.

→ લોર્ડ ડેલહાઉસીએ સેનાનું વડુંમથક (મુખ્યાલય) **''શિમલા''** માં સ્થાપિત કર્યું હતું.

→ લોર્ડ ડેલહાઉસીએ ઈ.સ. 1856 માં તોપખાનાનું વડુંમથક (મુખ્યાલય)ને **''કલકત્તા''** થી **''મેરઠ''** સ્થાનાન્તરિત કર્યું હતું.

→ લોર્ડ ડેલહાઉસીએ ઈ.સ. 1853 કર્ણાટકના નવાબ અને તંજાવુરના રાજાની ઉપાધિ સમાપ્ત કરી દીધી.

→ ઈ.સ. 1856 નો પ્રખ્યાત **''સંથાલ વિદ્રોહ''** આના સમયમાં જ થયો હતો.

## (D) ભારતના વાઈસરૉય

### 1. લોર્ડ કેનિંગ (ઈ.સ.1856 1862) :

→ લોર્ડ કેનિંગ ભારતનો ઈસ્ટ ઈન્ડિયા કંપની ધ્વારા નિયુક્ત છેલ્લો ગવર્નર - જનરલ અને બ્રિટિશ સમ્રાટ ધ્વારા નિયુક્ત ભારતનો પ્રથમ વાઈસરૉય હતો.

→ લોર્ડ કેનિંગના શાસનકાળમાં **''1857 નો એતિહાસિક વિદ્રોહ''** થયો હતો.

→ 1857 ના વિદ્રોહ પછી વહીવટી સુધારાની અન્તર્ગત ભારતનું શાસન ઈસ્ટ ઈન્ડિયા કંપનીના હાથોમાંથી સીધું બ્રિટિશ ક્રાઉને પોતાના નિયંત્રણમાં લઈ લીધું હતું.

→ હવે ઈંગ્લેન્ડની મહારાણી વિક્ટોરિયા ભારતની સામ્રાજ્ઞી જાહેર કરવામાં આવી હતી.

→ **''ભારત શાસન અધિનિયમ - 1858''** પારિત કરવામાં આવ્યો અને **''મુઘલ સમ્રાટ''** નું પદ સમાપ્ત કરી દેવામાં આવ્યું.

→ લોર્ડ ડેલહાઉસીની **''ખાલસા નીતિ''** (વ્યપગત સિદ્ધાંત - Doctrine of Lapse ) એટલે કે રાજ્ય- વિલયની નીતિને સમાપ્ત કરી દેવામાં આવી હતી.

→ લોર્ડ કેનિંગના સમયમાં જ ઈ.સ. 1856 માં **''વિધવા પુનર્વિવાહ અધિનિયમ''** સ્વતંત્ર રૂપથી અમલમાં લાવવામાં આવ્યો.

→ લોર્ડ કેનિંગના સમયમાં **''ભારતીય ઉચ્ચ ન્યાયાલય અધિનિયમ - 1861''** (INDIAN HIGH COURT ACT) પારિત કરવામાં આવ્યો જેના ધ્વારા મુંબઈ, કલકત્તા અને મદ્રાસમાં એક - એક ઉચ્ચ ન્યાયાલય (High Court) ની સ્થાપના કરવામાં આવી.

→ લોર્ડ કેનિંગના સમયમાં મૈકાલે ધ્વારા પ્રારૂપિત **''ભારતીય દંડ સંહિતા''** ને ઈ.સ. 1858 માં કાયદો બનાવી દેવામાં આવ્યો.

→ લોર્ડ કેનિંગના સમયમાં ઈ.સ. 1859 માં **''સિવિલ દંડ પ્રક્રિયા સંહિતા''** અમલમાં મૂકવામાં આવી.

→ **''ઈન્ડિયન કાઉન્સિલ એક્ટ - 1861''** પારિત કરવામાં આવ્યો અને **''પોર્ટફોલિયો પ્રણાલી''** અમલમાં મૂકવામાં આવી.

→ ઈ.સ. 1857 માં મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં વિશ્વવિદ્યાલયોની સ્થાપના કરવામાં આવી હતી.

### 2. લોર્ડ એલ્ગિન (ઈ.સ.1862 -1863) :

→ લોર્ડ એલ્ગિન ઈ.સ. 1862 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ આને **''વહાબી આંદોલન''**નું દમન કર્યું હતું.

→ ઈ.સ. 1863 માં ધર્મશાળા (હિમાચલ પ્રદેશ) માં લોર્ડ એલ્ગિનની અચાનક મૃત્યુ થઈ ગઈ હતી.

### 3. સર જૉન લોરેન્સ (ઈ.સ.1863 -1869) :

→ સર જૉન લોરેન્સ ઈ.સ. 1863 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ સર જૉન લોરેન્સે **"સર જ્યોર્જ કેમ્પબેલ"** ના નેતૃત્વમાં એક **"દુષ્કાળ કમીશન"** નું ગઠન કર્યું હતું.

→ ઈ.સ. 1865 માં ભારત અને યૂરોપની વચ્ચે **"પ્રથમ સમુદ્રી ટેલીગ્રાફ"** સેવા શરૂ કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1865 માં ભૂટાને બ્રિટિશ સામ્રાજ્ય પર આક્રમણ કર્યું હતું.

→ સર જૉન લોરેન્સે અફઘાનિસ્તાનના સંબંધમાં અહસ્તક્ષેપની નીતિ અપનાવી હતી, જેને **"શાનદાર નિષ્ક્રિયતા"** ના નામે ઓળખવામાં આવે છે.

→ રેલવે અને નહેરોનું નિર્માણ કાર્ય શરૂ થયું હતું.

4. <u>**લોર્ડ મેયો (ઈ.સ.1869 -1872)**</u> :

→ લોર્ડ મેયો ઈ.સ. 1869 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ લોર્ડ મેયો એ ઈ.સ. 1872 માં અજમેરમાં **"મેયો કૉલેજ"** ની સ્થાપના કરી હતી.

→ લોર્ડ મેયોએ ઈ.સ. 1872 માં એક **"કૃષિ વિભાગ"** ની સ્થાપના કરી હતી.

→ લોર્ડ મેયોના સમયમાં જ ભારતમાં પ્રથમ વસ્તી ગણતરી ઈ.સ. 1872 માં કરવામાં આવી હતી.

→ લોર્ડ મેયોના સમયમાં ઈ.સ. 1870 માં ભારતમાં **"નાણાંનું વિકેન્દ્રીકરણ"** (Disinvestment of Finance) કરવામાં આવ્યું.

→ ઈ.સ. 1872 માં એક અફઘાન ધ્વારા અંડમાનમાં લોર્ડ મેયોની ચાકૂ મારીને હત્યા કરી દેવામાં આવી.

5. <u>**લોર્ડ નાર્થબ્રુક (ઈ.સ.1872 -1876)**</u> :

→ લોર્ડ નાર્થબ્રુક ઈ.સ. 1872 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ ઈ.સ. 1872 માં પંજાબનો પ્રખ્યાત **"કૂકા આંદોલન"** (કૂકા વિદ્રોહ) થયું હતું.

→ **"સુએઝ નહેર"** ખુલી જવાથી ભારત અને બ્રિટેનની વચ્ચે વેપારમાં વૃદ્ધિ થઈ હતી.

→ બંગાળમાં ભયંકર **"દુષ્કાળ"** પડ્યો હતો.

→ લોર્ડ નાર્થબ્રુકે વડોદરાના **"મલ્હારરાવ ગાયકવાડ"** ને ભ્રષ્ટાચારના આરોપમાં પદચ્યુત કરી મદ્રાસ મોકલી દીધા હતા.

→ લોર્ડ નાર્થબ્રુકે ઘોષણા કરી હતી કે, **"મારો હેતુ કરો (કરવેરાઓ) ને હટાવવાનો અને બિનજરૂરી કાયદેસરની કાર્યવાહીઓને બંધ કરવાનો છે."**

6. <u>**લોર્ડ લિટન (ઈ.સ.1876 -1880)**</u> :

→ લોર્ડ લિટન ઈ.સ. 1876 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ લોર્ડ લિટન એ અલીગઢમાં એક **"મુસ્લિમ એંગ્લો મહાવિદ્યાલય"** ની સ્થાપના કરી હતી.

→ લોર્ડ લિટને સિવિલ સેવા પરીક્ષાઓમાં પ્રવેશની મહત્તમ વયમર્યાદા 21 વર્ષથી ઘટાડીને 19 વર્ષ કરી દીધી હતી.

→ આના સમયમાં જ ઈ.સ. 1878 માં **"ભારતીય શસ્ત્ર અધિનિયમ"** (Indian Arms Act) પારિત કરવામાં આવ્યો હતો, જેના પ્રમાણે શસ્ત્રો રાખવા અને વેપાર કરવા માટે લાયસન્સને ફરજિયાત બનાવી દેવામાં આવ્યો.

→ લોર્ડ લેટિને ઈ.સ. 1878 માં **"ભારતીય સમાચારપત્ર અધિનિયમ"** (વર્નાક્યૂલર પ્રેસ એક્ટ) પારિત કર્યો હતો. જેના પ્રમાણે જો કોઈ સમાચારપત્રમાં કોઈ આપત્તિજનક વસ્તુ કે લેખ છાપવામાં આવે છે તો સરકાર તેની પ્રિન્ટિંગ પ્રેસની સાથે સમસ્ત મિલકત જપ્ત કરી શકે છે. આ એક્ટ ભારતીય સમાચારપત્રો (ખાસ કરીને સોમપ્રકાશ અને અમૃતબજાર પત્રિકા) પર સખત પ્રતિબંધ લગાવવા માટે પારિત કરવામાં આવ્યો હતો. એકમાત્ર સમાચારપત્ર **"પાયોનિયર"** ધ્વારા વર્નાક્યૂલર પ્રેસ એકટ - 1878 નું સમર્થન કરવામાં આવ્યું હતું.

→ ઈ.સ. 1877 માં બ્રિટેનની મહારાણી વિક્ટોરિયાને **"કેસર - એ - હિન્દ"** ની ઉપાધિથી સમ્માનિત કરવા માટે **"દિલ્હી દરબાર"** નું આયોજન કરવામાં આવ્યું હતું.

→ લોર્ડ લિટને **"રિચર્ડ સ્ટેચી"** ના અધ્યક્ષાપણા હેઠલ ઈ.સ. 1878 માં એક **"દુષ્કાળ કમીશન"** (દુષ્કાળ પંચ)ની સ્થાપના કરી હતી. કારણકે મુંબઈ, મદ્રાસ, હૈદરાબાદ, પંજાબ અને મધ્યભારત વગેરેમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો.

→ લોર્ડ લિટન એક પ્રખ્યાત સાહિત્યકાર, નિબંધ-લેખક અને ઉપન્યાસકાર હતો. સાહિત્ય જગતમાં આને **"ઓવન મેરિડિથ"** ના નામે ઓળખવામાં આવે છે.

→ ઈ.સ. 1878-1880 માં **"બીજું આંગ્લ - અફઘાન યુદ્ધ"** થયું હતું.

7. <u>**લોર્ડ રિપન (ઈ.સ.1880 -1884)**</u> :

→ લોર્ડ રિપન ઈ.સ. 1880 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ લોર્ડ રિપનના ધ્વારા ઈ.સ. 1881 માં **''પ્રથમ કારખાના અધિનિયમ''** (પ્રથમ ફેક્ટરી એક્ટ) લાવવામાં આવ્યો હતો.

→ શૈક્ષણિક સુધારાઓ માટે **''વિલિયમ હન્ટર''** ના અધ્યક્ષાપણા હેઠલ એક **''હન્ટર કમીશન''** (ઈ.સ. 1882) નું ગઠન કરવામાં આવ્યું હતું.

→ લોર્ડ રિપને સૌપ્રથમ સમાચારપત્રોની સ્વતંત્રતાને અમલમાં લાવવા માટે ઈ.સ. 1882 માં **''ભારતીય સમાચારપત્ર અધિનિયમ''** (વર્નાક્યૂલર પ્રેસ એક્ટ) ને સમાપ્ત કરી દીધો હતો.

→ લોર્ડ રિપને સિવિલ સેવા પરીક્ષામાં પ્રવેશની વયમર્યાદાને 19 વર્ષથી વધારીને 21 વર્ષ કરી દીધી હતી.

→ લોર્ડ રિપને ઈ.સ. 1882 માં **''સ્થાનીય સ્વશાસન''** ની શરૂઆત કરી હતી, તેથી આને **''સ્થાનીય સ્વશાસનનો જનક''** પણ કહેવાય છે.

→ લોર્ડ રિપનના સમયમાં જ ભારતમાં ઈ.સ. 1881 માં સૌપ્રથમ નિયમિત વસ્તી ગણતરી કરાવવામાં આવી હતી ત્યારથી લઈને આજ સુધી પ્રત્યેક 10 વર્ષના સમયગાળામાં વસ્તી ગણતરી કરવામાં આવે છે.

→ ભારતમાં સૌપ્રથમ વસ્તી ગણતરી ઈ.સ. 1872 માં થઈ હતી.

→ લોર્ડ રિપનના સમયમાં જ પ્રખ્યાત **''ઈલબર્ટ બિલ વિવાદ''** ઈ.સ. 1883 માં થયો હતો.

→ ઈલબર્ટ બિલની અંદર એવી જોગવાઈ હતી કે યૂરોપવાસીઓ (અંગ્રેજો) ની વિરૂદ્ધ મુકદમા (કેસ)ની સુનાવણી ભારતીય ન્યાયાધીશો કરી શકે છે પરન્તુ યૂરોપવાસીઓના પ્રબળ વિરોધના કારણે આ બિલ પાછું લેવું પડ્યું હતું.

→ અંગ્રેજો ધ્વારા આ બિલના વિરોધમાં કરેલ વિદ્રોહને **''શ્વેત વિદ્રોહ''** ના નામે ઓળખવામાં આવે છે.

→ લોર્ડ રિપનને **''ભારતનો ઉદ્ધારક''** ફ્લોરેન્સ નાઈટીગેંલ એ કહયો છે.

→ આના સમયમાં ઈ.સ. 1883 માં **''દુષ્કાળ સંહિતા''** (Famine Code) બનાવવામાં આવી હતી.

**8. <u>લોર્ડ ડફરિન (ઈ.સ.1884 -1888)</u> :**

→ લોર્ડ ડફરિન ઈ.સ. 1884 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ લોર્ડ ડફરિનના સમયની સૌથી મહત્ત્વપૂર્ણ ઘટના હતી - ઈ.સ. 1885 માં **''ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ''** ની સ્થાપના

→ ઈ.સ. 1885-1888 માં **''ત્રીજું આંગ્લ - બર્મા યુદ્ધ''** થયું હતું અને જેમાં અંગ્રેજો વિજયી થયા અને બર્માને અંગ્રેજી રાજ્યમાં ભડી દેવામાં આવ્યું હતું.

→ બંગાળ ટેનેન્સી એક્ટ, અવધ ટેનેન્સી એક્ટ અને પંજાબ ટેનેન્સી એક્ટ પારિત કરવામાં આવ્યું.

**9. <u>લોર્ડ લેન્સડાઉન (ઈ.સ.1888 -1894)</u> :**

→ લોર્ડ લેન્સડાઉન ઈ.સ. 1888 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ ભારત અને અફઘાનિસ્તાનની વચ્ચે સીમા રેખા **''ડૂરન્ડ રેખા''** નું નિર્ધારણ લોર્ડ લેન્સડાઉનના સમયમાં જ થયું હતું.

→ ઈ.સ. 1891 માં **''બીજું કારખાના અધિનિયમ''** (બીજું ફેક્ટરી એક્ટ) પસાર કરવામાં આવ્યું હતું. આ એક્ટ પ્રમાણે મહિલાઓને દરરોજ 11 કલાકથી વધુ કામ કરવા પર પ્રતિબંધ લગાડવામાં આવ્યો હતો અને અઠવાડિયામાં એક દિવસ રજાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1892 માં **''ભારતીય પરિષદ અધિનિયમ''** (ઈન્ડિયન કાઉન્સિલ એક્ટ) પારિત કરવામાં આવ્યો હતો.

→ ઈ.સ. 1893 માં **''મુસ્લિમ એંગ્લો ઓરિએન્ટલ ડિફેન્સ એસોસિએશન ઑફ અપર ઈન્ડિયા''** ની સ્થાપના કરવામાં આવી હતી.

→ બાળગંગાધર તિલક ધ્વારા **''ગણપતિ મહોત્સવ''** ની ઘોષણા કરવામાં આવી હતી.

**10. <u>લોર્ડ એલ્ગિન - બીજો (ઈ.સ.1894 -1899)</u> :**

→ લોર્ડ એલ્ગિન - બીજો ઈ.સ. 1894 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ લોર્ડ એલ્ગિન - બીજાના સમયે ઈ.સ. 1895 -1898 માં ઉત્તરપ્રદેશ, બિહાર, પંજાબ અને મધ્યપ્રદેશમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો.

→ **''લાયન કમીશન''** ના નામે દુષ્કાળ પંચ (દુષ્કાળ કમીશન) નું ગઠન કરવામાં આવ્યું હતું.

→ ઈ.સ. 1895 માં બાળગંગાધર તિલક ધ્વારા **''શિવાજી મહોત્સવ''** ની ઘોષણા કરવામાં આવી હતી.

→ ચાપેકર બંધુઓના ધ્વારા પૂણેમાં બે અંગ્રેજ અધિકારીઓની હત્યા કરી દેવામાં આવી હતી.

→ લોર્ડ એલ્ગિન - બીજાનું પ્રખ્યાત કથન, **''ભારતને તલવારના બળે જીતવામાં આવ્યું છે અને તલવારના બળે જ આની રક્ષા કરવામાં આવશે.''**

**11. <u>લોર્ડ કર્ઝન (ઈ.સ.1899 -1905)</u> :**

→ લોર્ડ કર્ઝન ઈ.સ. 1899 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ લોર્ડ કર્ઝનના સમયમાં કલકત્તામાં **''વિક્ટોરિયા મેમોરિયલ હૉલ''** નું નિર્માણ થયું હતું.

→ લોર્ડ કર્ઝને ઈ.સ. 1904 માં **''પ્રાચીન સ્મારક પરિરક્ષણ અધિનિયમ''** ના દ્વારા ભારતમાં પ્રથમ વખત એતિહાસિક સ્મારકોના સંરક્ષણ અને સમારકામની બાજુ ધ્યાન આપ્યું. આ કાર્ય માટે લોર્ડ કર્ઝને **''ભારતીય પુરાતત્વ વિભાગ''** ની સ્થાપના કરી હતી.

→ લોર્ડ કર્ઝને સૈન્ય અધિકારીઓની તાલીમ માટે **''ક્વેટા''** માં એક કૉલેજની સ્થાપના કરી હતી.

→ લોર્ડ કર્ઝને ઈ.સ. 1900 માં સર એન્ટની મૈકડૉનલના અધ્યક્ષપણા હેઠલ **''મૈકડૉનલ કમીશન''** નામનું એક દુષ્કાળ પંચ નીમ્યું હતું.

→ ઈ.સ. 1904 માં **''ભારતીય વિશ્વવિદ્યાલય અધિનિયમ''** (Indian UniversityAct) પાસ કરવામાં આવ્યું.

→ **''સર ટૉમસ રૈલે''** ના અધ્યક્ષાપણા હેઠલ **''વિશ્વવિદ્યાલય કમીશન''** (જેને **''રૈલ કમીશન''** પણ કહેવાય છે) નીમ્યું હતું.

→ ઈ.સ. 1902 માં **''સર એન્ડ્યૂ ફ્રેજર''** ના અધ્યક્ષાપણા હેઠલ એક **''પોલીસ કમીશન''** નીમ્યું હતું. આ ફ્રેજર કમીશન પોલીસ વિભાગમાં સુધારા માટે નીમવામાં આવ્યું હતું.

→ ઈ.સ. 1901 માં **''સર કૉલિન સ્કૉટ મૉનક્રીફ''** ના અધ્યક્ષપણા હેઠલ એક **''સિંચાઈ કમીશન''** નીમ્યું હતું.

→ લોર્ડ કર્ઝનના સમયમાં ઈ.સ. 1905 માં **''બંગાળના ભાગલા''** પાડવામાં આવ્યા હતા.

→ **''ઉત્તર-પશ્ચિમ સીમા પ્રાન્ત''** નું ગઠન કરવામાં આવ્યું.

→ ઈ.સ. 1904 માં **''યંગ હસબેન્ડ''** ના નેતૃત્વમાં એક શિષ્ટમંડલ **''લ્હાસા''** (તિબેટ) ગયું હતું.

→ ઈ.સ. 1905 માં **''ભારત લોકસેવા મંડલ''** નું ગઠન કરવામાં આવ્યું હતું.

→ ઈ.સ. 1905 માં **''રેલવે બોર્ડ''** નું ગઠન કરવામાં આવ્યું હતું.

**12. <u>લોર્ડ મિન્ટો - બીજો (ઈ.સ.1905 -1910)</u> :**

→ લોર્ડ મિન્ટો બીજો ઈ.સ. 1905 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ આગા ખૉ અને સલીમ ઉલ્લા ખૉ ના ધ્વારા ઢાકામાં ઈ.સ. 1906 માં **''મુસ્લિમ લીગ''** ની સ્થાપના કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1907 માં કોંગ્રેસના સૂરત અધિવેશનમાં કોંગ્રેસના ભાગલા થયા હતા.

→ ઈ.સ. 1907 માં આંગ્લ - રશિયન પ્રતિનિધિમંડળો વચ્ચે બેઠક થઈ હતી.

→ ઈ.સ. 1909 માં **''માર્લે - મિન્ટો સુધારા અધિનિયમ''** પારિત કરવામાં આવ્યો જેમાં મુસ્લિમો માટે અલગ ચૂંટણી વ્યવસ્થાની જોગવાઈ કરવામાં આવી હતી.

→ **''ખુદીરામ બોસ''** ને ફાંસી આપવામાં આવી હતી.

→ ઈ.સ. 1908 માં લોકમાન્ય તિલકને 6 વર્ષના કારાવાસ (જેલ)ની સજા થઈ હતી.

**12. <u>લોર્ડ હાર્ડિંગ - બીજો (ઈ.સ.1910 -1916)</u> :**

→ લોર્ડ હાર્ડિંગ - બીજો ઈ.સ. 1910 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ બ્રિટેનના રાજા **''જ્યોર્જ પંચમ''** ભારત આવ્યા હતા. જેના સમ્માનમાં ડિસેમ્બર, 1911 માં દિલ્હીમાં એક ભવ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિલ્હી દરબારમાં **''બંગાળના ભાગલા''** ને રદ કરવાની ઘોષણા કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1911 માં ભારતની રાજધાની કલકત્તાથી **''દિલ્હી''** સ્થાનાન્તરિત કરવાની ઘોષણા કરવામાં આવી અને ઈ.સ. 1912 માં ભારતની રાજધાની **''દિલ્હી''** બની.

→ 23 ડિસેમ્બર, 1912 ના રોજ લોર્ડ હાર્ડિંગ પર રાસ બિહારી બોસ ધ્વારા દિલ્હીમાં બોંબ ફેંકવામાં આવ્યો હતો, જેમાં તે ઘાયલ થઈ ગયો હતો. આ કાંડમાં બાલમુકુન્દને ફૉસીની સજા આપવામાં આવી હતી.

→ લોર્ડ હાર્ડિંગના સમયમાં ઈ.સ. 1914 માં ''પ્રથમ વિશ્વયુદ્ધ'' શરૂ થયું હતું.

→ તેના શાસનકાળમાં ફિરોજશાહ મહેતાએ **''બોમ્બે ક્રૉનિકલ''** અને ગણેશ શંકર વિદ્યાર્થીએ **''પ્રતાપ''** નું પ્રકાશન કર્યું હતું.

→ ઈ.સ. 1916 માં લોર્ડ હાર્ડિંગને **''બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય''**નો કુલપતિ નિયુક્ત કરવામાં આવ્યો હતો.

→ લોકમાન્ય તિલક અને એની બેસન્ટે **''હોમરૂલ લીગ''** (ઈ.સ. 1916) ની સ્થાપના કરી હતી.

→ **''ગોપાલ કૃષ્ણ ગોખલે''** અને **''ફિરોજશાહ મહેતા''** નું ઈ.સ. 1915 માં અવસાન થયું હતું.

**14. <u>લોર્ડ ચેમ્સફોર્ડ (ઈ.સ.1916 -1921)</u> :**

→ લોર્ડ ચેમ્સફોર્ડ ઈ.સ. 1916 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ કોંગ્રેસનું **''લખનૌ અધિવિશેન''** (ઈ.સ. 1916) થયું હતું, જેમાં કોંગ્રેસનું એકીકરણ થયું અને મુસ્લિમ લીગની સાથે કરાર થયા હતા.

→ **''ત્રીજું અફઘાન યુદ્ધ''** થયું.

→ ઈ.સ. 1916 માં પૂણેમાં **''ધોંડો કેશવ કર્વે''** ધ્વારા **''મહિલા વિશ્વવિદ્યાલય''** ની સ્થાપના કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1917 માં શિક્ષણ પર **''સૈડલર કમીશન''** નીમવામાં આવ્યું હતું.

→ આના સમયમાં ઈ.સ. 1919 માં **''રોલેટ એક્ટ''** પારિત કરવામાં આવ્યો હતો. જેને ગાંધીજીએ **''કાળો કાયદો''** કહયો હતો.

→ 13 એપ્રિલ, 1919 ના રોજ વૈશાખીના દિવસે **''જલિયાવાલા બાગ હત્યાકાંડ''** (અમૃતસરમાં) થયો હતો.

→ **''ભારત સરકાર અધિનિયમ - 1919''** (મૉન્ટેગ્યૂ - ચેમ્સફોર્ડ સુધારો) પસાર કરવામાં આવ્યો હતો.

→ **''ખિલાફત આંદોલન''** (ઈ.સ. 1920-21) અને ગાંધીજીનું **''અસહકાર ચલવળ''** (ઈ.સ. 1920) ની શરૂઆત થઈ હતી.

→ **''સર એસ.પી. સિન્હા''** બિહારના પ્રથમ ભારતીય ગવર્નર બન્યા હતા.

→ એપ્રિલ, 1917 માં ગાંધીજીનું **''ચંપારણ સત્યાગ્રહ''** થયું હતું.

→ ઈ.સ. 1920 માં **''ભારતીય ટ્રેડ યુનિયન કોંગ્રેસ''** નું પ્રથમ અધિવેશન ભરાયું હતું.

→ ઈ.સ. 1920 માં **''અલીગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલય''** ની સ્થાપના કરવામાં આવી હતી.

**15. <u>લોર્ડ રીડિંગ (ઈ.સ.1921 -1926)</u> :**

→ લોર્ડ રીડિંગ ઈ.સ. 1921 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ લોર્ડ રીડિંગના સમયે 1 નવેમ્બર, 1921 ના રોજ **''પ્રિન્સ ઑફ વેલ્સ''** ભારત આવ્યા હતા. આ દિવસે પૂરા ભારતમાં હડતાલનું આયોજન કરવામાં આવ્યું હતું.

→ લોર્ડ રીડિંગના સમયે ઈ.સ. 1921 માં ભારતના દક્ષિણી પશ્ચિમી દરિયા કિનારા પર **''મોપલા વિદ્રોહ''** થયો હતો.

→ લોર્ડ રીડિંગના સમયે ઈ.સ. 1921 માં **''એમ. એન. રૉય''** ધ્વારા **''ભારતીય સામ્યવાદી દળ''** (ઈન્ડિયન કોમ્યુનિસ્ટ પાર્ટી) ની રચના તાશકંદમાં કરવામાં આવી હતી.

→ લોર્ડ રીડિંગના સમયે 5 ફેબ્રુઆરી, 1922 ના રોજ થયેલ **''ચૌરી - ચૌરા કાંડ''** (ઉત્તરપ્રદેશના ગોરખપુર જીલ્લામાં) પછી મહાત્મા ગાધીએ પોતાની અસહકાર ચળવળ પરત ખેંચી લીધી હતી.

→ લોર્ડ રીડિંગના સમયે ઈ.સ. 1923 માં ચિતરંજન દાસ અને મોતીલાલ નેહરૂએ અલ્હાબાદમાં **''સ્વરાજ્ય પાર્ટી''** ની સ્થાપના કરી હતી. ઈ.સ. 1923 ની ચૂંટણીમાં સ્વરાજ્ય પાર્ટીને મધ્ય પ્રાંત અને બંગાળમાં પૂર્ણ બહુમત મળ્યું હતું.

→ લંડન અને અલ્હાબાદ (ભારત)માં ઈ.સ. 1922 થી એક સાથે સિવિલ સેવા પરીક્ષાની આયોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1922 માં **''વિશ્વભારતી વિશ્વવિદ્યાલય''** એ કાર્ય કરવું શરૂ કર્યું હતું અને દિલ્હી વિશ્વવિદ્યાલય તથા નાગપુર વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1925 માં પ્રખ્યાત આર્ય સમાજના રાષ્ટ્રવાદી નેતા **''સ્વામી શ્રધ્ધાનંદ''** ની હત્યા કરી દેવામાં આવી હતી.

→ **''કાકોરી રેલકાંડ''** (9 ઓગસ્ટ, 1925) લોર્ડ રીડિંગના કાર્યકાળમાં જ થયો હતો.

→ પ્રથમ વખત ઉચ્ચ પદો પર નિમણૂંક માટે ભારતીય અને યૂરોપિયનોને સમાનતાનો દરજ્જો પ્રદાન કરવામાં આવ્યો.

→ ઈ.સ. 1923 -1925 માં મુલ્તાન, અમૃતસર, દિલ્હી, અલીગઢ, કલકત્તામાં ભયંકર સાંપ્રદાયીક હુલ્લડો થયા હતા.

→ ઈ.સ. 1924 માં **"કાનપુર"** માં **"અખિલ ભારતીય સામ્યવાદી દળ"** (All India Communist Party) ની સ્થાપના કરવામાં આવી હતી.

**16. <u>લોર્ડ ઈરવિન (ઈ.સ.1926 -1931)</u> :**

→ લોર્ડ ઈરવિન ઈ.સ. 1926 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ 3 ફેબ્રુઆરી, 1928 ના રોજ **"સાઈમન કમીશન"** મુંબઈ આવ્યો હતો.

→ આ સાઈમન કમીશનના વિરોધમાં પ્રદર્શન કરી રહેલાં **"લાલા લજપતરાય"** ની અંગ્રેજો ધ્વારા હત્યા કરી દેવામાં આવી.

→ લાલા લજપતરાયની મૃત્યુના બદલે ભારતીય ક્રાંતિકારીઓ **"ભગતસિંહ"** અને **"બટુકેશ્વર દત્ત"** ધ્વારા દિલ્હીની એસેમ્બલીમાં જ 8 એપ્રિલ, 1929 ના રોજ બોંબ ફેંકવામાં આવ્યો.

→ લોર્ડ ઈરવિનના સમયમાં **"લાહોર"** જેલમાં જતિનદાસે (ભગતસિંહ અને તેના સાથી) 13 જુલાઈ, 1929 ના રોજ ભૂખ હડતાલ શરૂ કરી અને ભૂખ-હડતાલના 64 માં દિવસે 13 સપ્ટેમ્બર, 1929 ના રોજ તેમની મૃત્યુ થઈ ગઈ હતી. ભૂખ-હડતાલનું મુખ્ય કારણ ભારતીય અને અંગ્રેજ કેદીઓ વચ્ચેના વ્યવહારમાં કરવામાં આવતો ભેદભાવ હતો.

→ ઈ.સ. 1929 માં કોંગ્રેસના લાહોર અધિવેશનમાં **"પૂર્ણ સ્વરાજ્ય"** નું લક્ષ્યાંક જાહેર કરવામાં આવ્યું અને 26 જાન્યુઆરી, 1930 ના રોજ **"સ્વતંત્રતા દિવસ"** મનાવવામાં આવ્યો.

→ ગાંધીજીએ 12 માર્ચ, 1930 ના રોજ એતિહાસિક **"દાંડીયાત્રા"** શરૂ કરી હતી. ગાંધીજીએ **"સવિનય કાનૂન ભંગની લડત"** (સવિનય અવજ્ઞા આંદોલન)ની શરૂઆત કરી હતી.

→ લોર્ડ ઈરવિનના સમયમાં 12 નવેમ્બર, 1930 ના રોજ **"લંડન"** માં **"પ્રથમ ગોલમેજી પરિષદ"** ભરાઈ હતી. આ સમ્મેલન (પરિષદ)માં કોંગ્રેસે ભાગ લીધો ન હતો.

→ 4 માર્ચ, 1931 ના રોજ પ્રખ્યાત **"ગાંધી-ઈરવિન કરાર"** પર ગાંધીજીએ સહી કરી હતી અને સાથે જ સવિનય કાનૂન ભંગની લડત (સવિનય અવજ્ઞા આંદોલન) ને સ્થગિત કરી હતી.

→ **"સાન્ડર્સની હત્યા"** કરી દેવામાં આવી હતી. (ભગતસિંહ અને તેના સાથીઓ ધ્વારા)

**17. <u>લોર્ડ વેલિંગ્ટન (ઈ.સ.1931 -1936)</u> :**

→ લોર્ડ વેલિંગ્ટન ઈ.સ. 1931 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ ઈ.સ. 1931 માં **"બીજી ગોલમેજી પરિષદ"** નું **"લંડન"** માં આયોજન કરવામાં આવ્યું. આ પરિષદમાં કોંગ્રેસે ભાગ લીધો હતો. જેમાં કોંગ્રેસનું પ્રતિનિધિત્વ **"મહાત્મા ગાંધી"** ધ્વારા કરવામાં આવ્યું હતું.

→ બીજી ગોલમેજી પરિષદની અસફળતા પછી મહાત્મા ગાંધીએ 3 જાન્યુઆરી, 1932 ના રોજ ફરીથી સવિનય કાનૂન ભંગની લડત (સવિનય અવજ્ઞા આંદોલન)ની શરૂઆત કરી હતી.

→ લોર્ડ વેલિંગ્ટનના સમયમાં 16 ઓગસ્ટ, 1932 ના રોજ બ્રિટેનના વડાપ્રધાન રૉમ્સ મૈકડોનાલ્ડ ધ્વારા ઐતિહાસિક અને વિવાદાસ્પદ **"કોમ્યુનલ એવોર્ડ" "કોમી ચુકાદો"** (સાંપ્રદાયિક નિર્ણય)ની ઘોષણા કરવામાં આવી હતી. જેના પ્રમાણે દલિતોને હિન્દુઓથી અલગ માનીને તેમને અલગ પ્રતિનિધિત્વ આપવાની વાત કહેવામાં આવી હતી અને દલિત વર્ગો માટે અલગ નિર્વાચન મંડલ (મતદાર મંડળ)ની જોગવાઈ કરવામાં આવી હતી.

→ આ સાંપ્રદાયિક પંચાટથી ગાંધીજી ખૂબ જ દુઃખી થયા અને તેમણે આને હટાવવા માટે આમરણ ઉપવાસ શરૂ કર્યા છેવટમાં એક કરાર (જેને **"પૂણે કરાર"** કહેવાય છે) કરવામાં આવ્યો જેમાં દલિત વર્ગો માટે સામાન્ય વર્ગોમાંથી જ બેઠકોનું આરક્ષણ કરવામાં આવ્યું હતું.

→ પંડિત મદનમોહન માલવીય, તેજબહાદુર સપ્રુ, જયકર, ઠક્કરબાપા વગેરે નેતાઓ હરિજન નેતા ડૉ. આંબેડકરને અલગ મતદારમંડળની વાત જતી કરવા સમજાવી શક્યા અને બદલામાં કોમી ચુકાદાથી હરિજનોને મળેલી બેઠક કરતા લગભગ બમણી બેઠકો તેમને મળે એવું નક્કી કરવામાં આવ્યું. હરિજનોને વધુ લાભ મળે એ માટે ગાંધીજી

હંમેશ રાજી હતા એટલે નેતાઓએ રચેલ સમાધાન માટેની આ યોજના સ્વીકારાઈ જેને **"પૂના કરાર"** તરીકે ઓળખાય છે. આમ, સપ્ટેમ્બર, 1932 માં મહાત્મા ગાંધી અને ડૉ. આંબેડકર વચ્ચા આ **"પૂના કરાર"** થયો હતો.

→ ઈ.સ. 1932 માં **"ત્રીજી ગોળમેજી પરિષદ"** લંડનમાં ભરાઈ હતી, જેમાં કોંગ્રેસે ભાગ લીધો ન હતો.

→ લોર્ડ વેલિંગ્ટનના સમયમાં **"ભારત સરકાર અધિનિયમ-1935"** પાસ કરવામાં આવ્યો હતો.

→ લોર્ડ વેલિંગ્ટને ઈ.સ. 1915 માં કોંગ્રેસના મુંબઈ અધિવેશનમાં ભાગ લીધો હતો. આ અધિવેશનની અધ્યક્ષતા સર સત્યેન્દ્ર પ્રસાદ સિન્હા ધ્વારા કરવામાં આવી હતી.

→ મે, 1934 માં કોંગ્રેસ ધ્વારા સવિનય કાનૂન ભંગની લડત (સવિનય અવજ્ઞા આંદોલન) પાછી ખેંચી લેવામાં આવી હતી.

**18. <u>લોર્ડ લિનલિથગો (ઈ.સ.1936 -1943)</u> :**

→ લોર્ડ લિનલિથગો ઈ.સ. 1936 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ લોર્ડ લિનલિથગોના સમયમાં ભારતમાં પ્રથમ વખત ચૂંટણી કરાવવામાં આવી હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસે અગિયારમાંથી આઠ પ્રાંતોમાં (1 - બોમ્બે, 2 - બિહાર, 3 - મદ્રાસ, 4 - આસામ, 5 - ઉત્તર-પશ્ચિમ સીમા પ્રાન્ત, 6 - સંયુક્ત પ્રાંત, 7 - મધ્યપ્રાંત, 8 - ઓરિસ્સા) પોતાની સરકાર બનાવી હતી. આ આઠ પ્રાંતોમાંથી 6 પ્રાન્તોમાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમત મળ્યો હતો. બંગાળ, આસામ, ઉત્તર-પશ્ચિમ સીમા પ્રાન્ત, પંજાબ અને સિન્ધમાં કોંગ્રેસને પૂર્ણ બહુમત મળ્યું ન હતું.

→ લોર્ડ લિનલિથગોના સમયે 1 સપ્ટેમ્બર, 1939 ના રોજ બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું હતું. બ્રિટિશ સરકારે ભારતીયોને પૂછયા વગર ભારતને પણ આ યુદ્ધમાં સામેલ કરેલ. કોંગ્રેસે વિરોધ કર્યો અને **"ન કોઈ ભાઈ, ન કોઈ પાઈ"** નો નારો આપ્યો તથા કોંગ્રેસે પોતાના ધ્વારા શાસિત પ્રાંતોના મંત્રીમંડળોમાંથી રાજીનામું આપી દીધું હતું.

→ લોર્ડ લિનલિથગોના સમયે માર્ચ, 1939 માં હરિપુરાના કોંગ્રેસ અધિવેશનમાં સુભાષ ચન્દ્ર બોસ કોંગ્રેસના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. પરન્તુ ગાંધીજીના વિરોધના કારણે સુભાષચન્દ્ર બોસે કોંગ્રેસના અધ્યક્ષપદથી રાજીનામું આપી દીધું.

→ 1 મે, 1939 ના રોજ સુભાષચન્દ્ર બોસે **"ફોરવર્ડ બ્લૉક"** નામની એક નવી પાર્ટી બનાવી હતી.

→ લોર્ડ લિનલિથગોના સમયે ઈ.સ. 1940 માં મુસ્લિમ લીગના **"લાહોર"** અધિવેશનમાં પ્રથમ વખત **"પાકિસ્તાન"** ની માંગણી કરવામાં આવી હતી.

→ 8 ઓગસ્ટ, 1940 ના રોજ લોર્ડ લિનલિથગો ધ્વારા **"ઓગસ્ટ પ્રસ્તાવ"** લાવવામાં આવ્યો.

→ લોર્ડ લિનલિથગોના સમયે કોંગ્રેસે **"વ્યક્તિગત સત્યાગ્રહ"** 17 જાન્યુઆરી, 1941 ના રોજ શરૂ કર્યું હતું.

→ ઈ.સ. 1941 માં **"રવીન્દ્રનાથ ટાગોર"** નું અવસાન થયું હતું.

→ ઈ.સ. 1942 માં રંગૂન (બર્મા) પર જાપાને બોંબ નાખ્યા હતા.

→ લોર્ડ લિનલિથગોના સમયે ક્રિપ્સના નેતૃત્વમાં **"ક્રિપ્સ મિશન"** ઈ.સ. 1942 માં ભારત આવ્યો હતો.

→ લોર્ડ લિનલિથગોના સમયે કોંગ્રેસની કાર્યકારિણીની બેઠકમાં ગાંધીજીએ **"ભારત છોડો પ્રસ્તાવ"** પાસ કરાવ્યો અને **"ભારત છોડો આંદોલન"** (હિન્દ છોડો ચળવળ) શરૂ કરવામાં આવી.

→ માર્ચ, 1944 માં મુસ્લિમ લીગનું કરાચી અધિવેશન થયું હતું, જેમાં **"ભાગલા પાડો અને જાઓ"** નો પ્રખ્યાત નારો આપવામાં આવ્યો હતો

**19. <u>લોર્ડ વેવેલ (ઈ.સ.1944 -1947)</u> :**

→ લોર્ડ વેવેલ ઈ.સ. 1944 માં ભારતનો વાઈસરૉય બન્યો.

→ લોર્ડ વેવેલના સમયમાં ઈ.સ. 1945 માં બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ થઈ હતી.

→ લોર્ડ વેવેલે ઈ.સ. 1945 માં શિમલા સમ્મેલન બોલાવ્યો હતો જેમાં **"શિમલા કરાર"** થયો હતો. આ શિમલા સમ્મેલનમાં કોંગ્રેસ અને મુસ્લિમ લીગના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

→ લોર્ડ વેવેલના સમય **"કેબિનેટ મિશન"** ઈ.સ. 1946 માં ભારત આવ્યો હતો. આ કેબિનેટ મિશનના સભ્ય હતા - સ્ટેફોર્ડ ક્રિપ્સ, આ કેબિનેટ મિશનના સભ્ય

હતા - સ્ટેફોર્ડ ક્રિપ્સ, પૈથિક લોરેન્સ, એ.બી. અલેકઝાંડર.

→ લોર્ડ વેવેલના સમયમાં સપ્ટેમ્બર, 1946 માં જવાહરલાલ નહેરૂ ધ્વારા વચગાળાની સરકારની રચના કરવામાં આવી હતી.

→ બંધારણ સભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946 ના રોજ મળી હતી.

→ લોર્ડ વેવેલના સમયે 20 ફેબ્રુઆરી, 1947 ના રોજ બ્રિટેનના વડાપ્રધાન **"લોર્ડ કલીમેંટ એટલી"** (લેબર પાર્ટી) એ હાઉસ ઑફ કૉમસમાં આ ઘોષણા કરી કે જૂન, 1948 સુધી ભારતની પ્રભુસત્તા ભારતીયોને હાથમાં સોંપી દેવામાં આવશે.

→ લોર્ડ વેવેલના સમયમાં ઈ.સ. 1946 માં **"નૌસેના (Navy) વિદ્રોહ"** (જળસેના વિદ્રોહ) થયો હતો.

**20. <u>લોર્ડ માઉન્ટબેટન (ઈ.સ.1947 -1948)</u> :**

→ લોર્ડ માઉન્ટબેટન 24 માર્ચ, 1947 ના રોજ ભારતનો વાઈસરૉય બન્યો.

→ સ્વતંત્ર ભારતનો પ્રથમ વાઈસરૉય અને ગવર્નર - જનરલ લોર્ડ માઉન્ટબેટન જ હતો.

→ લોર્ડ માઉન્ટબેટને **"થર્ડ જૂન પ્લાન"** રજૂ કર્યો હતો જેના પ્રમાણે ભારતના ભાગલા પાડીને ભારત અને પાકિસ્તાન બે રાષ્ટ્રોનું નિર્માણ કરવામાં આવશે.

→ 4 જુલાઈ, 1947 ના રોજ બ્રિટિશ પાર્લામેન્ટમાં એટલી ધ્વારા **"ભારત સ્વતંત્રતા બિલ"** હાઉસ ઑફ કૉમન્સમાં રજૂ કરવામાં આવ્યો હતો.

→ 15 ઓગસ્ટ, 1947 ના રોજ ભારત સ્વતંત્ર થયો હતો.

**21. <u>ચક્રવર્તી રાજગોપાલાચારી (ઈ.સ.1948 -1950)</u> :**

→ લોર્ડ માઉન્ટબેન્ટનના 21 જૂન, 1948 ના રોજ પરત ગયા પછી ચક્રવર્તી રાજગોપાલાચારી ભારતના ગવર્નર - જનરલ બનાવવામાં આવ્યા.

→ રાજગોપાલચારી સ્વતંત્ર ભારતના પ્રથમ ભારતીય અને છેલ્લા ગવર્નર - જનરલ હતા.

→ 26 જાન્યુઆરી, 1950 ના રોજ ભારતીય બંધારણ અમલમાં આવ્યા પછી ગવર્નર - જનરલનું પદ સમાપ્ત કરી દેવામાં આવ્યું અને બંધારણીય પ્રમુખના રૂપે રાષ્ટ્રપતિની નિમણૂંક બંધારણ સભા ધ્વારા કરવામાં આવી હતી.

★★★★★

# પ્રકરણ-5 અંગ્રેજોના શાસનકાળમાં થયેલ મહત્વના વિદ્રોહ

★ **અંગ્રેજોના શાસનકાળમાં થયેલ મહત્વના વિદ્રોહ :**

| ક્રમ | આંદોલન (વિદ્રોહ) | ક્ષેત્ર | નેતા | વર્ષ | કારણ |
|---|---|---|---|---|---|
| 1. | સન્યાસી વિદ્રોહ | બંગાળ, બિહાર | મૂસાશાહ, કેના, સરકાર, ભવાનીદેવી | 1760-1800 | અંગ્રેજો ધ્વારા જમીનોનું અધિગ્રહણ કરવાના કારણે સન્યાસી-ફકીરોએ વિદ્રોહ કર્યો. |
| 2. | ફકીર વિદ્રોહ | બંગાળ | મજનૂમશાહ, ચિરાગ અલી શાહ | 1776-77 | બંગાળના વિલયના કારણે |
| 3. | કટ્ટાબોમ્મનનો વિદ્રોહ (પૉલીગરોનો વિદ્રોહ) | તિરૂનવેલી (તમિલનાડુ) | વીરપાંડ્ય કટ્ટાબોમન | 1792-99 | કટ્ટાબોમનને અંગ્રેજો ધ્વારા અધિગ્રહણ કરવાના કારણે |
| 4. | ચૂઆરો વિદ્રોહ | બંગાળ | દુર્જનસિંહ | 1798 | |
| 5. | પાયક વિદ્રોહ | ઓરિસ્સા | ખરદાના રાજા અને જગબંધુના નેતૃત્વમાં | 1804-06 અને 1817-25 | - ઓરિસ્સાને અંગ્રેજો ધ્વારા અધિગ્રહણ કરવાના કારણે ખરદાના રાજાએ વિદ્રોહ કર્યો અંગ્રેજોએ દમન કર્યું ફરી જગબંધુના નેતૃત્વમાં વિદ્રોહ કર્યો. |
| 6. | વેલૂથમ્પીનો વિદ્રોહ | ત્રાવણકોર | દીવાન વેલૂથમ્પી | 1808-09 | - અંગ્રેજો ધ્વારા આર્થિક દબાણ અને દીવાનને હટાવવાની માંગના કારણે |
| 7. | અહોમ વિદ્રોહ | આસામ | ગોમધર કુંવર | 1828 | - અંગ્રેજો ધ્વારા બર્મા યુદ્ધના સમયે કરેલ વાયદાથી ફરી જવાના કારણે |
| 8. | રામોસી વિદ્રોહ | પૂણે | ચિત્તર સિંહ | 1822-26 | - પેશવાના ક્ષેત્રો પર અંગ્રેજો ધ્વારા અધિકાર કરી લેવાના કારણે |
| 9. | કિતૂર વિદ્રોહ | ધારવાડ | ચિત્તૂર અને રાયપ્પા | 1824-26 | -કિત્તૂરના શાસકની મૃત્યુ પછી અંગ્રેજો ધ્વારા દત્તક પુત્રને ઉતરાધિકારીના માનવામાં કારણે |
| 10. | રાવ ભારમલનો વિદ્રોહ | કચ્છ અને કાઠિયાવાડ | રાવ ભારમલ | 1816-19 | - કચ્છના ઘરેલૂ મામલાઓમાં અંગ્રેજો ધ્વારા હસ્તક્ષેપના કારણે |
| 11. | સંભલપુરનો વિદ્રોહ | ઓરિસ્સા | સુરેન્દ્રસાઈ | 1827-40 | - સંભલપુરના ઉતરાધિકારી મામલામાં અંગ્રેજો ધ્વારા હસ્તક્ષેપના કારણે |
| 12. | ફરાયજી આંદોલન | બંગાળ | શરિયતુલ્લાર અને ટૂટૂમિયા | 1838-60 | - અંગ્રેજો ધ્વારા અધિગ્રહણના કારણે |
| 13. | બહાવી આંદોલન | બિહાર, ઉત્તરપ્રદેશ | સૈય્યદ અહમદ તૂતીમીર | 1831 | - અંગ્રેજો ધ્વારા મુસ્લિમ શાસકોની સત્તા પર અધિકારના કારણે |
| 14. | પાગલપંથી વિદ્રોહ | બંગાળ, આસામ | કરમશાહ અને ટીપૂ | 1813-1833 | -જમીદારોના શોષણથી ખેડૂતો ધ્વારા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 15. | કૂકા આંદોલન | પંજાબ | ભગત જવાહરમલ અને રામસિંહ | 1840-72 | - શીખ પ્રભુત્વની સમાપ્તિ |
| 16. | પાબના વિદ્રોહ | બંગાળ | ઈશ્વરચંદ્ર રાય અને શંભુપાલ | 1873-76 | - જમીદારોના શોષણથી નારાજ ખેડૂતો ધ્વારા |
| 17. | મોપલા વિદ્રોહ | માલબાર (કેરળ) | અલી મુસલિયાર | 1921-22 | - મુસલમાન મજૂર જે ચા અને કૉફીના બગીચામાં મજૂરી કરતા હતા ત્યૉના હિન્દૂ જમીંદારો ધ્વારા તેમનું શોષણ કરવાના કારણે |
| 18. | ચંપારણ સત્યાગ્રહ | બિહાર | મહાત્મા ગાંધી, રાજકુમાર શુક્લ | 1917 | |
| 19. | તેલંગાણા આંદોલન | તેલંગાણા | - | 1946-51 | - ખેડૂતોના નેતા કામરેડ કમરય્યાની હત્યાથી ખેડૂતો ધ્વારા |
| 20. | તેભાગા આંદોલન | બંગાળ | ભવાની સિંહ, કમ્પારામ | 1946 | - ખેડૂતોના પાકનો બે-તૃતીયાંશ ભાગ ખેડૂતો માટે અને એક-તૃતીયાંશ ભાગ જમીદારો માટે આ વિભાજનના કારણે આને તેભાગા આંદોલન કહેવાય છે. |
| 21. | તાના ભગત આંદોલન | બિહાર | જતરા ભગત | 1914 | |
| 22. | નીલ આંદોલન | બંગાળ, બિહાર | દિગમ્બર વિશ્વાસ, વિષ્ણુ વિશ્વાર | 1856-60 | |
| 23. | મુંડા વિદ્રોહ | બિહાર | બિરસામુંડા | 1899-1900 | |
| 24. | સંથાલ વિદ્રોહ | બંગાળ, બિહાર | સિદ્ધૂ, કાન્હૂ | 1855-56 | |

★★★★★

## પ્રકરણ-6 1857 નો વિપ્લવ

→ ઈ.સ. 1757 માં પ્લાસીના યુદ્ધમાં અંગ્રેજોએ વિજ્યી બન્યા અને ભારતમાં સત્તા સ્થાપી હતી. ત્યારથી 100 વર્ષ પછી ભારતમાં 1857 નો વિપ્લવ થયો. જે ભારતનો સૌપ્રથમ સ્વતંત્રતા સંગ્રામ હતો.

★ **1857 ના વિપ્લવના કારણો :**

→ 1857 માં થયેલ વિપ્લવ માટે બ્રિટિશ સામ્રાજ્યની ખોટી નીતિઓના કારણે ઉત્પન્ન થયેલ બધા પ્રકારના સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજનૈતિક અને તાત્કાલિક કારણો જવાબદાર હતા.

**(1) રાજનૈતિક કારણો :**

- લોર્ડ વેલેસ્લીના સહાયક સંધિની નીતિ
- લોર્ડ ડેલહાઉસીની ખાલસા નીતિ (Doctrine of Lapse)

**(2) આર્થિક અને વહીવટી કારણો :**

- સરકારી નોકરીમાં કાળા-ગોરાનો ભેદભાવ
- ભારતીય પ્રજાનું આર્થિક શોષણ

**(3) સામાજિક અને ધાર્મિક કારણો :**

- ખ્રિસ્તી ધર્મનો બળજબરીથી ફેલાવો
- ભારતીયોના પ્રત્યે સખ્ત નીતિઓનું અમલ અને અત્યાચાર
- અંગ્રેજ સામાજિક હસ્તક્ષેપ ધ્વારા ભારતીય સભ્યતા અને સંસ્કૃતિને સમાપ્ત કરવા માંગતા હતા.

**(4) તાત્કાલિક અને અન્ય કારણો :**

- ચરબી યૂક્ત કારતૂસ આનું તાત્કાલિક કારણ હતું.
- મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફરની સાથે અન્યાય
- સૈનિકો સાથે અન્યાય જેમકે જે પદ પર ભરતી થાય તે પદ પર જ સેવાનિવૃત્ત પણ

★ **1857 ના વિપ્લવના પ્રમુખ કેન્દ્રો અને તેના નેતાઓ :**

| ક્રમ | કેન્દ્ર | વિદ્રોહના નેતાઓ | વિદ્રોહનો સમય | બ્રિટિશ નાયક (વિદ્રોહ દબાવનાર) (અંગ્રેજ અધિકારી) |
|---|---|---|---|---|
| 1. | કાનપુર | નાના સાહેબ, તાત્યા ટોપે | 5 જૂન, 1857- 6 સપ્ટે, 1857 સુધી | કેંપબેલ |
| 2. | દિલ્હી | બહાદુર શાહ ઝફર, બખ્ત ખૉ | 11 મે, 1857 - 21 સપ્ટે. 1857 સુધી | નિકોલસન અને હડસન |
| 3. | લખનૌ | બેગમ હજરત મહેલ | 4 જૂન, 1857 - માર્ચ, 1858 સુધી | કેંપબેલ |
| 4. | ઝૉસી | રાણી લક્ષ્મીબાઈ તાત્યા ટોપે | જૂન, 1857 - એપ્રિલ, 1858 સુધી | હ્યૂરોજ |
| 5. | અલ્હાબાદ | લિયાકતઅલી | 1857-1858 | કર્નલ નીલ |
| 6. | જગદીશપુર (બિહાર) | કુંવરસિંહ | ઓગસ્ટ, 1857 - 1858 સુધી | વિલિયમ ટેલર, મેજર વિન્સેટ આયર |
| 7. | બરેલી | ખાન બહાદુર ખૉ | 1857-1858 | મેજર વિન્સેટ આયર |
| 8. | ફતેહપુર | અજીમુલ્લા | 1857-1858 | જનરલ રેનર્ડ |
| 9. | ફૈઝાબાદ | મૌલવી અહમદ ઉલ્લા | 1857-1858 | જનરલ રેનર્ડ |

★ **1857 ની ક્રાંતિ વિશે ઈતિહાસકારોનો મત :**

| ક્રમ | ઈતિહાસકાર | મત |
|---|---|---|
| 1. | વીરસાવરકર, અશોક મહેતા | - આ ભારતનો પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ હતો. |
| 2. | ડિઝ્રાયલી | - આ રાષ્ટ્રીય વિદ્રોહ હતો. |
| 3. | સર જૉન લોરેન્સ, સીલે | - આ સમ્પૂર્ણ સૈનિક વિદ્રોહ (બળવો) હતો. |
| 4. | જેમ્સ આઉટ્રમ, ડબલ્યુ ટેલર | - આ અંગ્રેજોની સામે હિન્દુ-મુસલમાનોનું ષડયંત્ર હતું. |
| 5. | ટી. આર. હોમ્સ | - આ સભ્યતા અને બર્બરતાનો સંઘર્ષ હતો |
| 6. | એલ.ઈ.આર.રીઝ | - આ ખ્રિસ્તી ધર્મની સામે એક ધર્મયુદ્ધ હતું. |
| 7. | ડૉ. ઈશ્વરીપ્રસાદ | - આ સ્વતંત્રતા સંગ્રામ હતું. |
| 8. | મિસ્ટર ડે | - આ એક સામંતવાદી પ્રતિક્રિયા હતી |
| 9. | ડૉ. રામવિલાસ શર્મા | - આ એક જનક્રાંતિ હતી |
| 10. | આર.સી.મજૂમદાર | - આ કોઈ સ્વતંત્રતા સંગ્રામ ન હતો. |
| 11. | પી. રોબર્ટસ | - આ એક સૈનિક વિદ્રોહ હતો જેનું તાત્કાલિક કારણ ચરબીવાળું કારતૂસ હતું. |

★ **1857 ના વિપ્લવથી સંબંધિત પુસ્તકો અને તેના લેખકો :**

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| 1. | ફર્સ્ટ વૉર ઑફ ઈન્ડિયન ઈન્ડિપેન્ડેન્સ | વી. ડી. સાવરકર |
| 2. | ધ ગ્રેટ રિબેલિયન | અશોક મહેતા |
| 3. | સિપૉય મ્યુટિની એન્ડ ધ રિવોલ્ટ ઑફ 1857 | આર. સી. મજૂમદાર |
| 4. | સિપૉય મ્યુટિની 1857 | એસ. પી. ચટ્ટોપાધ્યાય |
| 5. | એટીન ફિફ્ટી સેવન | મૌલાના અબુલ કલામ આઝાદ |
| 6. | હિસ્ટ્રી ઑફ ઈન્ડિયન મ્યુટિની | ટી. આર. હોમ્સ |
| 7. | 1857 | એસ. એન. સેન. |

★ **1857 ની ક્રાંતિ નિષ્ફળ થવાના કારણો :**

→ અંગ્રેજ સૈન્ય આધુનિક શસ્ત્રોથી સજ્જ થઈને યુદ્ધ કરી રહ્યા હતા જ્યારે વિપ્લવકારીઓ પરંપરાગત હથિયારોથી જ લડવા ઉતર્યા હતા.

→ વિપ્લવકારીઓને એક કરનાર શક્તિશાળી નેતાનો અભાવ હતો.

→ વિપ્લવકારીઓ પાસે કોઈપણ નિશ્ચિત રૂપરેખા કે યોજના ન હતી.

→ વિપ્લવ અલગ - અલગ સ્થળોએ અલગ - અલગ સમયે શરૂ થતાં અંગ્રેજોને તેને દબાવવાનો પુષ્કળ સમય મળી ગયો.

→ શીખો, ગોરખાઓ, પટિયાલાના રાજા, ગ્વાલિયરના રાજા, હૈદરાબાદના રાજા, જીન્દના રાજા, ગાયકવાડ, જામનગરના જામસાહેબ, જૂનાગઢના નવાબ વગેરે રાજાઓએ અને સૈનિકોએ અંગ્રેજોનો સાથ આપ્યો હતો.

→ સિન્ધ, નેપાળ, રાજસ્થાન વગેરેમાં શાંતિ રહેતા અંગ્રેજોને ખૂબ જ મદદ મળી હતી.

→ અંગ્રેજોને રેલવે, વિદ્યુતતાર વ્યવસ્થા વગેરેથી ખૂબ જ ફાયદો થયો.

→ ભાગલા પાડો અને રાજ કરોની અંગ્રેજોની નીતિથી હિન્દુ- મુસ્લિમ એકતા તૂટી ગઈ.

→ આ વિપ્લવમાં માત્ર સૈનિકો જ બળવામાં જોડાયા હતા જ્યારે મોટાભાગની પ્રજા નિષ્ક્રિય રહી હતી.

→ વિપ્લવકારીઓમાં એકતાનો અભાવ હતો.

★ **અગત્યની માહિતી :**

→ ઈ.સ. 1857 ના વિપ્લવ પહેલાં નાનાસાહેબનો પક્ષ બ્રિટિશ પાર્લામેન્ટની સમક્ષ મૂકવા માટે અજીમુલ્લા ખૉ અને સતારા રાજ્યનો પક્ષ મૂકવા માટે રંગોજી બાપૂ લંડન ગયા હતા.

→ 1857 વિપ્લવની યોજના લંડનમાં નાનાસાહેબ (ધોડોપંત), અજીમુલ્લા ખૉ અને રંગોજીબાપુએ કરી હતી.

→ નાના સાહેબ અને અજીમુલ્લાએ કાનપુરમાં વિદ્રોહની તારીખ 31 મે, 1857 નક્કી કરી હતી, પરન્તુ 21 દિવસ પહેલાં 10 મે, 1857 ના રોજ મેરઠમાં સૈનિકોએ ચરબીવાલા કારતૂસોના ઈન્કાર કરતાં વિપ્લવની શરૂઆત કરી દીધી.

→ 29 માર્ચ, 1857 ના રોજ ચરબીવાળા કારતૂસોને વિરોધ કરવા બદલ મંગલ પાંડેને 8 એપ્રિલ, 1857 ના રોજ ફાંસી આપી, તે પ્રથમ શહીદ બન્યાં, દેશભરમાં વિરોધનો જૂવાળ ફેલાયો.

→ 1857 ની ક્રાંતિના સમયે ભારતના ગવર્નર જનરલ **''લોર્ડ કૈનિંગ''** અને ઈંગ્લેન્ડના વડાપ્રધાન **''પાર્મસ્ટેન''** (લિબરલ) હતા.

→ તાત્યાટોપેનું મૂળ નામ **''રામચંદ્ર પાંડુરંગ''** હતું 18 એપ્રિલ, 1859 ના રોજ શિવપુરીમાં અંગ્રેજો ધ્વારા તેમને ફાંસી આપી દેવામાં આવી.

→ બ્રિટેનના ક્રાઉન ધ્વારા ભારતની કંપની સરકારના અધિગ્રહણની ઘોષણા **''અલ્હાબાદ''** માં આયોજિત દરબારમાં કરવામાં આવી હતી.

→ લોર્ડ કેનિંગના કાળમાં **''જનરલ સર્વિસ ઈનલિસ્ટમેન્ટ એક્ટ''**નું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેના ધ્વારા ભારતીય સૈનિકોને દરિયા પાર કરવું ફરજિયાત બનાવી દેવામાં આવ્યું.

★★★★★

## <u>પ્રકરણ-7</u> <u>ભારતીય શિક્ષણ - ઉદય અને વિકાસ</u>

★ **<u>ભારતીય શિક્ષણનો ઉદય અને તેનો વિકાસ :</u>**

→ ઈ.સ. 1765 માં કંપની ધ્વારા રાજનૈતિક સ્વરૂપ ધારણ કર્યા પછી શિક્ષણના ક્ષેત્રમાં સુધારા માટે કેટલાંક પ્રયાસ કરવામાં આવ્યા હતા, જે નીચે મુજબ હતા -

(1) ઈ.સ. 1778 માં **''એશિયાટીક સોસાયટી ઑફ બંગાળ''** ની સ્થાપના **''સર વિલિયમ જોન્સે''** કરી હતી. આનો ઉદ્દેશ પ્રાચીન ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિનો અભ્યાસ કરવાનો હતો.

(2) વારેન હેસ્ટિંગ્ઝ ધ્વારા ઈ.સ. 1781 માં કલકત્તામાં મદરેસાની સ્થાપના કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ ફારસી અને અરબી ભાષાનું અભ્યાસ કરવાનો હતો.

(3) જોનાથન ડંકન ધ્વારા ઈ.સ. 1791 માં વારાણાસીમાં સંસ્કૃત કૉલેજની સ્થાપના કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ હિન્દી કાયદો અને તત્વજ્ઞાનનું શિક્ષણ આપવાનું હતું.

(4) લોર્ડ વેલેસ્લી ધ્વારા ઈ.સ. 1800 માં ફોર્ટ વિલિયમ કૉલેજ (કલકત્તામાં)ની સ્થાપના કરવામાં આવી હતી. આનો ઉદ્દેશ કંપનીના અસૈનિક અધિકારીઓને શિક્ષણ આપવાનો હતો.

(5) ઈ.સ. 1817 માં રાજારામમોહનરાય, ડેવિડ હેયર અને સર હાઈક ઈસ્ટે મળીને કલકત્તામાં હિન્દૂ કૉલેજની સ્થાપના કરી હતી.

(6) ડેવિડ હેયરે ઈ.સ. 1820 માં કલકત્તામાં વિશપ કૉલેજની સ્થાપના કરવામાં આવી હતી.

→ 1813 ના ચાર્ટર એક્ટ ધ્વારા શિક્ષણના પ્રસાર માટે દર વર્ષે એક લાખ રૂપિયા આપવાની જોગવાઈ કરવામાં આવી હતી.

→ **<u>લોર્ડ મેકાલનો પ્રસ્તાવ :</u>**

- ભારતીય શિક્ષણના ક્ષેત્રમાં ગવર્નર - જનરલની કાર્યકારિણી પરિષદના સભ્ય **''લોર્ડ મેકાલે''** ધ્વારા 2 ફેબ્રુઆરી, 1835 ના રોજ પોતાનો પ્રસ્તાવ (Minute) રજૂ કરવામાં આવ્યો.

- મૈકાલેના પ્રસ્તાવનો હેતુ ભારતમાં વ્યક્તિઓની એક એવી શ્રેણી તૈયાર કરવાનો હતો જે રંગ અને રૂપથી તો

ભારતીય હોય પરંતુ જ્ઞાન, પ્રવૃત્તિ અને નૈતિકતાની દૃષ્ટિએ અંગ્રેજ હોય.

- બીજા શબ્દોમાં કહીએ તો, મૈકાલે **"બ્રાઉન રંગના અંગ્રેજ"** તૈયાર કરવા માંગતો હતો જે કંપનીના નિમ્ન સ્તરના કાર્યભારને સંભાળી શકે.
- લોર્ડ વિલિયમ બેટિકએ મૈકાલેના પ્રસ્તાવને સ્વીકારી લીધો.
- ભવિષ્યમાં પાશ્ચાત્ય શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે જ સરકારી પ્રયાસ કરવામાં આવશે અને તેને જ નાણાંની ફાળવણી કરવામાં આવશે.

→ **<u>વુડ ડિસ્પૈચ :</u>**

- જુલાઈ, 1854 માં સર ચાર્લ્સ વુડે કંપની સમક્ષ એક નવી શિક્ષણ યોજના રજૂ કરી, જેને **"વુડ ડિસ્પૈચ"** કહેવાય છે.
- વુડ ડિસ્પૈચને **"ભારતીય શિક્ષણનું મૈગ્નાકાર્ટા"** પણ કહેવાય છે.
- વુડ ડિસ્પૈચની અંદરની મહત્વપૂર્ણ જોગવાઈ નીચે મુજબ છે –

(1) ઉચ્ચ શિક્ષણ માટે શિક્ષાનું માધ્યમ અંગ્રેજી હોય પરન્તુ દેશી ભાષાઓને પણ આમાં પ્રોત્સાહન આપવામાં આવે.

(2) લંડન યુનિવર્સિટીના આધારે મદ્રાસ, મુંબઈ અને કલકત્તામાં પણ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવે.

(3) મહિલા શિક્ષણને સમર્થન અને પ્રોત્સાહન આપવામાં આવે.

(4) સરકાર પાશ્ચાત્ય શિક્ષણ, કલા, વિજ્ઞાન અને તત્વજ્ઞાનનું પ્રસાર કરે.

(5) ગ્રામ્ય સ્તરે દેશી ભાષાઓમાં પ્રાથમિક સ્કૂલ ખોલવામાં આવે.

(6) જીલ્લા સ્તરે અંગ્રેજી ભાષામાં હાઈ-સ્કૂલ અને કૉલેજ ખોલવામાં આવે.

(7) શિક્ષકોની તાલીમ માટે ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કરવામાં આવે.

→ **<u>બ્રિટિશકાળની મહત્વની કમિટીઓ :</u>**

| **<u>ક્રમ</u>** | **<u>કમિટી</u>** | **<u>વર્ષ</u>** | **<u>વાઈસરૉય</u>** | **<u>અધ્યક્ષ</u>** | **<u>ઉદ્દેશ</u>** |
|---|---|---|---|---|---|
| 1. | હન્ટર કમીશન | 1882-83 | લોર્ડ રિપન | વિલિયમ હન્ટર | - 1854 પછી શિક્ષણના ક્ષેત્રમાં વિકાસનો અભ્યાસ કરવા માટે.<br>- પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની જ સમીક્ષા કરવાની હતી.<br>- તેની ભલામણોથી 1882 માં પંજાબ યુનિવર્સિટી અને 1887 માં અલ્હાબાદ યુનિવર્સિટીની સ્થાપના થઈ. |
| 2. | ભારતીય વિશ્વવિદ્યાલય અધિનિયમ | 1902 | લોર્ડ કર્ઝન | સર ટૉમસ રૈલે | - ભારતીય વિશ્વવિદ્યાલયની કાર્ય પદ્ધતિ અને તેની દિશાનું નિરીક્ષણ કરવું. વિશ્વવિદ્યાલયના શિક્ષણના સ્તરને ઉપર લઈ જવા ભલામણ કરવી.<br>- 1902 થી 5 લાખ રૂપિયા વાર્ષિક 5 વર્ષ માટે વિશ્વવિદ્યાલયો માટે નક્કી કરવામાં આવ્યા આના પછી સરકારી ગ્રાન્ટ સરકારી નીતિનું ભાગ બની ગઈ. |
| 3. | સૈડલર કમીશન (કલકત્તા વિશ્વવિદ્યાલય કમીશન) | 1917-1919 | લોર્ડ ચેમ્સફોર્ડ | ડૉ. એમ.ઈ. સૈડલર | - કલકત્તાની વિશ્વવિદ્યાલયની કાર્યપ્રણાલી અને તેના દોષોની તપાસ કરવી.<br>- ડૉ. સર આશુતોષ મુખર્જી અને ડૉ. જિયાઉદ્દીન અહમદ, બે ભારતીય પણ આ કમીશનમાં સામેલ હતા.<br>- 1919 ના માટેગ્યૂ - ચેમ્સફોર્ડ સુધારાના પ્રમાણે પ્રાંતોમાં શિક્ષા વિભાગને હવે એક મંત્રી હેઠલ કરી દેવામાં આવ્યો. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | - કેન્દ્ર સરકારે હવે શિક્ષણમાં રસ લેવું અને સરકારી ગ્રાન્ટ પણ બંધ કરી દીધી. |
| 4. | હાર્ટોગ કમીશન | 1929 | લોર્ડ ઈરવિન | ફિલિપ હાર્ટોગ | - શિક્ષણની સ્થિતિ પર પોતાની રિપોર્ટ આપવા અને તેના વિકાસ માટે ભલામણો આપવા માટે |
| 5. | વર્ધા યોજના | 1937 | - | - | - મહાત્મા ગાંધીએ શિક્ષાની એક યોજના રજૂ કરી, જેને વર્ધા યોજના કહેવાય છે.<br>- જાકિર હુસૈન સમિતિએ આ યોજનાનું પ્રારૂપ રજૂ કર્યું હતું.<br>- બીજા વિશ્વયુદ્ધ અને મંત્રીમંડળોના ત્યાગપત્રના કારણે આ યોજના અમલમાં ન આવી. |
| 6. | સાર્જેન્ટ યોજના | 1944 | લોર્ડ વેવેલ | જૉન સાર્જેન્ટ | - આ યોજનામાં પ્રાથમિક અને ઉચ્ચ માધ્યમિક વિદ્યાલયોના સ્તરોમાં સુધારા પર ભાર આપવામાં આવ્યો.<br>- આ યોજનામાં 6 વર્ષથી 11 વર્ષ સુધીના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. |
| 7. | રાધાકૃષ્ણન પંચ (વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ) | 1948-49 | ભારત સરકાર | ડૉ. રાધાકૃષ્ણન | - સ્વતંત્રતા પછી વિશ્વવિદ્યાલયના શિક્ષણ પર વિચાર કરવા માટે આ આયોગની રચના કરવામાં આવી.<br>- પ્રમુખ ભલામણોમાં (i) શિક્ષણને સમવર્તી સૂચીમાં શામિલ કરવો (ii) વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (UGC) ની સ્થાપના (1953માં) |
| 8. | કોઠારી આયોગ | 1964 | ભારત સરકાર | ડૉ. દૌલત સિંહ કોઠારી | - પ્રમુખ ભલામણોમાં (i) માધ્યમિક શિક્ષણને વ્યાવસાયિક બનાવવામાં આવે. (ii) કૃષિ સંશોધન અને કૃષિ શિક્ષણ પર ભાર |

★ **<u>રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1968 :</u>**

- કોઠારી કમીશનની ભલામણોને અમલમાં લાવવા માટે ભારત સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ તૈયાર કરી હતી, જેની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે.

(1) રાષ્ટ્રીય આવકના 6 ટકા શિક્ષણ પર ખર્ચ કરવામાં આવે.

(2) 14 વર્ષ સુધીના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ

(3) ત્રિભાષા ફોર્મ્યૂલાનો સ્વીકાર

(4) કૃષિ, વિજ્ઞાન, ઉદ્યોગ અને સંશોધનની શિક્ષાનો વિકાસ

★ **<u>રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986 :</u>**

- ભારત સરકારે 1986 માં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ઘોષણા કરી, જેની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે -

(1) પ્રાથમિક શિક્ષણનું સાર્વભૌમીકરણ

(2) માધ્યમિક શિક્ષણનું વ્યવસાયીકરણ

(3) શિક્ષણનું સામાજીકરણ

★ **<u>અન્ય ફેક્ટસ :</u>**

→ વડોદરા એવું પ્રથમ રાજ્ય હતું જેણે ઈ.સ. 1905 માં ફરજિયાત પ્રાથમિક શિક્ષણના સિદ્ધાન્તનો સ્વીકાર કર્યો હતો.

→ હન્ટર કમીશને મહિલા શિક્ષણને બધા સ્તરે પ્રોત્સાહન આપવાની વાત કહી હતી.

→ ઈ.સ. 1902 ના રૈલે કમીશનમાં બે ભારતીયો સામેલ હતા -

(1) જસ્ટિસ ગુરૂદાસ બનર્જી

(2) સૈયદ હુસૈન બિલગ્રામી

★★★★★

## **<u>પ્રકરણ-8 ભારતમાં સમાચાર-પત્રોનો ઈતિહાસ</u>**

→ સૌપ્રથમ પોર્ટુગીઝોએ ભારતમાં **"પ્રિન્ટીંગ પ્રેસ"** ની સ્થાપના કરી હતી.

→ ઈ.સ. 1684 માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ **"મુંબઈ"** માં એક પ્રિન્ટીંગ પ્રેસની સ્થાપના કરી હતી.

→ જેમ્સ ઑગસ્ટસ હિક્કીએ ભારતમાં ઈ.સ. 1780 માં પ્રથમ સમાચાર-પત્ર **"ધ બંગાળ ગજેટ"** (The Bengal Gazette) પ્રકાશિત કર્યું હતું.

→ લોર્ટ વેલેસ્લીએ ઈ.સ. 1799 માં **"સમાચાર-પત્ર સેન્સરશીપ એક્ટ"** પસાર કર્યો હતો.

→ આ એક્ટ પ્રમાણે -

(1) સમાચાર-પત્રના પ્રકાશકે પ્રકાશિત કરવામાં આવેલ બધા તત્વોને સરકારના સચિવની સામે પૂર્વ-સેન્સરશીપ (Pre-Censorship) માટે મોકલવા પડતા હતા.

(2) સમાચાર-પત્રે પોતાના તંત્ર (સંપાદક), પ્રિન્ટીંગ અને માલિકનું નામ સ્પષ્ટ અક્ષરોમાં છાપવું પડતું હતું.

→ લોર્ડ હેસ્ટિગ્ઝ એ ઈ.સ. 1818 માં સમાચાર-પત્રોની પૂર્વ-સેન્સરશીપ (Pre-Censorship) બંધ કરાવી દીધી હતી.

→ કાર્યવાહક ગવર્નર-જનરલ **"જૉન એડમ્જ"** ધ્વારા 1823 માં પરવાનગી નિયમ બહાર પાડવામાં આવ્યો. આ નિયમ પ્રમાણે-

(1) પ્રકાશક અને પ્રિન્ટર્સ એ પ્રિન્ટીંગ પ્રેસ સ્થાપિત કરવાથી પહેલાં સરકારથી પરવાનગી લેવાની હશે.

(2) પરવાનગીના અભાવમાં કોઈપણ સાહિત્યનું પ્રિન્ટિગ અને પ્રકાશન દંડનીય અપરાધ જાહેર કરવામાં આવ્યો.

→ આ પરવાનગીના નિયમના ઉલ્લંઘન કરવાના કારણે રાજા રામમોહનરૉયના **"મિરાત-ઉલ-અખબાર"** ને બંધ કરાવી દેવામાં આવ્યું હતું.

→ ચાર્લ્સ મેટકાફને **"ભારતીય સમાચાર-પત્રોનો મુક્તિદાતા"** કહેવાય છે. ઈ.સ. 1835 ના એક્ટ ધ્વારા 1823 ના પરવાનગી નિયમને રદ્દ્ કરવામાં આવ્યો. આના કાળમાં જ સૌથી વધુ સંખ્યામાં સમાચાર-પત્ર પ્રકાશિત થયા હતા.

→ સમાચાર-પત્ર રજીસ્ટ્રેશન એક્ટ, 1867 ધ્વારા દરેક સમાચાર-પત્રનું રજીસ્ટ્રેશન ફરજિયાત કરી દેવામાં આવ્યું હતું.

→ **<u>વર્નાક્યૂલર પ્રેસ એક્ટ-1878 :</u>**

- લાર્ડ લિટન ધ્વારા **"ભારતીય ભાષા સમાચાર-પત્ર અધિનિયમ"** (વર્નાક્યૂલર પ્રેસ એક્ટ) - 1878 પાસ કરવામાં આવ્યો હતો.

- આ એક્ટ પ્રમાણે -

(1) જીલ્લા મેજીસ્ટ્રેટની પરવાનગી વગર સમાચાર-પત્ર છાપવું ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યું.

(2) સમાચાર-પત્ર છાપવાથી પહેલાં પ્રકાશકે જીલ્લા મેજીસ્ટ્રેટને એક બોન્ડ સહી કરી આપવો પડતો જેના પ્રમાણે આની પ્રકાશિત સામગ્રીથી કોઈ સરકાર વિરોધી ભાવના ભડકાશે નહિં.

(3) જીલ્લા મેજીસ્ટ્રેટનો નિર્ણય છેલ્લો ગણાશે અને તેમાં અપીલ કરી શકાશે નહિં.

(4) આ એક્ટ **"મો બંધ કરવાવાળો એક્ટ"** કહેવાય છે.

→ **<u>ભારતીય સમાચાર-પત્ર અધિનિયમ-1910 :</u>**

- આ એક્ટ પ્રમાણે -

(1) સરકાર કોઈ પ્રિન્ટિંગ પ્રેસના માલિક અથવા પ્રકાશકથી રજીસ્ટ્રેશન જમાનત (500 થી 2000 રૂપિયા) માંગી શકતી હતી.

(2) સરકારને જમાનત જપ્ત કરવાનો અને રજીસ્ટ્રેશન રદ્દ કરવાનો અધિકાર હતો.

(3) ફરી રજીસ્ટ્રેશન માટે 1000 થી 10,000 રૂપિયા જમાનત આપી પડતી હતી.

(4) સરકાર સમાચાર-પત્ર રદ્દ્ કરી શકતી હતી.

(5) બે માસની અંદર હાઈકોર્ટમાં અપીલ કરી શકાતી હતી.

(6) પ્રત્યેક પ્રકાશકે પોતાના સમાચાર-પત્રની બે કોપીઓ મફતમાં સરકારને આપવી પડતી હતી.

→ **<u>સપ્રૂ કમિટી- 1921 :</u>**

→ 1921 માં સર તેઝબહાદુર સપ્રૂની અધ્યક્ષતામાં એક સમાચાર-પત્ર સમિતિની નિમણૂંક કરવામાં આવી હતી.

→ આ સમિતિની ભલામણોના આધારે ઈ.સ. 1908 નો સમાચારપત્ર એક્ટ અને ઈ.સ. 1910 નો સમાચાર-પત્ર એક્ટ રદ્દ કરવામાં આવ્યો હતો.

→ **<u>ભારતના સમાચાર - પત્ર - એક નજરે :</u>**

| ક્રમ | સમાચાર-પત્ર | ભાષા | વર્ષ | સંસ્થાપક | સ્થળ | ખાસિયત |
|---|---|---|---|---|---|---|
| 1. | બંગાળ - ગજેટ | અંગ્રેજી | 1780 | જેમ્સ ઑગસ્ટસ હિક્કી | કલકત્તા | - ભારતનું પ્રથમ સમાચાર-પત્ર |
| 2. | ઈન્ડિયા ગજેટ | અંગ્રેજી | 1787 | - | કલકત્તા | - |
| 3. | મદ્રાસ કુરિયર | અંગ્રેજી | 1784 | - | મદ્રાસ | - મદ્રાસથી પ્રકાશિત પ્રથમ સમાચાર-પત્ર |
| 4. | બૉમ્બે હેરાલ્ડ | અંગ્રેજી | 1789 | - | બૉમ્બે | મુંબઈથી પ્રકાશિત પ્રથમ સમાચાર-પત્ર |
| 5. | દિગદર્શન | બંગાળી | 1818 | માર્શમેન | કલકત્તા | પ્રથમ બાંગ્લા માસિક |
| 6. | સમાચાર-દર્પણ | બંગાળી | 1818 | વિલિયમ કેરી | કલકત્તા | પ્રથમ બાંગ્લા સાપ્તાહિક સમાચાર-પત્ર |
| 7. | મિરાત-ઉલ-અખબાર | ફારસી | 1822 | રાજારામમોહન રૉય | કલકત્તા | પ્રથમ ફારસી પત્રિકા |
| 8. | જામ-એ-જહૉનુમા | ઉર્દૂ | 1822 | એક અંગ્રેજી સંસ્થા | કલકત્તા | પ્રથમ ઉર્દૂ સમાચારપત્ર |
| 9. | બંગદૂત | અંગ્રેજી, હિન્દી, બંગાળી, ફારસી | 1822 | રામમોહનરાય, દ્વારકાનાથ ટાગોર | કલકત્તા | ચાર ભાષાઓ- અંગ્રેજી, હિન્દી, બાંગ્લા, ફારસીમાં સાપ્તાહિક |
| 10. | બૉમ્બે સમાચાર | ગુજરાતી | 1830 | - | મુંબઈ | ગુજરાતીમાં પ્રથમ સમાચાર-પત્ર |
| 11. | બૉમ્બે ટાઈમ્સ | અંગ્રેજી | 1838 | - | મુંબઈ | ઈ.સ. 1861 માં **"ટાઈમ્સ ઑફ ઈન્ડિયા"** બન્યું. |
| 12. | રસ્ત ગોફતાર | ગુજરાતી | 1851 | દાદાભાઈ નવરોજી | મુંબઈ | એક ગુજરાતી પાક્ષિક |
| 13. | હિન્દૂ પૈટ્રિયટ | અંગ્રેજી | 1853 | ગિરીશચન્દ્ર ઘોષ | કલકત્તા | - પછી હરિશચન્દ્ર મુખર્જી આના સંપાદક (તંત્રી) અને માલિક બન્યા. |
| 14. | સોમપ્રકાશ | બંગાળી | 1858 | ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર | કલકત્તા | - પ્રથમ બાંગ્લા સમાચાર-પત્ર જે રાજનીતિથી જોડાયેલા હતા. |
| 15. | ઈન્ડિયન મિરર | બંગાળી (બંગાલી) | 1861 | દેવેન્દ્રનાથ ટાગોર | કલકત્તા | - |
| 16. | મદ્રાસ મેલ | અંગ્રેજી | 1868 | - | મદ્રાસ | ભારતનું પ્રથમ સાંધ્ય (સૉજ)નું સમાચાર-પત્ર |
| 17. | અમૃત બજાર પત્રિકા | બંગાળી | 1868 | મોતીલાલ ઘોષ | કલકત્તા | -1878 ના વર્નાક્યૂલર પ્રેસ એક્ટથી બચવા માટે અંગ્રેજી ભાષામાં પ્રકાશિત |
| 18. | સ્ટેટ્સમેન | અંગ્રેજી | 1875 | રૉબર્ટ નાઈટ | કલકત્તા | - ભારતીય પ્રેસ ધ્વારા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | **"બેયર્ડ ઑફ ઈન્ડિયા"** કહેવાતા હતા. |
| 19. | હિન્દૂ | અંગ્રેજી | 1878 | વીર રાઘવા ચારી | મદ્રાસ | |
| 20. | હિન્દૂ | અંગ્રેજી | 1881 | એમ. જી. રાનાડે | મુંબઈ | - |
| 21. | ટ્રિબ્યૂન | અંગ્રેજી | 1881 | દયાલસિંહ મજીઢિયા | ચંદીગઢ | - |
| 22. | કેસરી | મરાઠી | 1881 | બાલ ગંગાધર તિલક | મુંબઈ | - |
| 23. | મરાઠા | અંગ્રેજી | 1881 | બાલ ગંગાધર તિલક | મુંબઈ | - |
| 24. | બંગાળી | અંગ્રેજી | 1879 | સુરેન્દ્રનાથ બેનરજી | કલકત્તા | - |
| 25. | ભારત-મિત્ર | હિન્દી | - | બાલમુકુન્દ ગુપ્ત | કલકત્તા | - |
| 26. | કવિવચન સુધા | હિન્દી | 1867 | ભારતેન્દુ હરિશચન્દ્ર | ઉત્તરપ્રદેશ | - |
| 27. | યંગ ઈન્ડિયા | અંગ્રેજી | 1919 | મહાત્મા ગાંધીજી | અમદાવાદ | - |
| 28. | નવજીવન | હિન્દી | 1919 | મહાત્મા ગાંધીજી | અમદાવાદ | - |
| 29. | હરિજન | હિન્દી, ગુજરાતી | 1933 | મહાત્મા ગાંધીજી | પૂણે | - |
| 30. | ઈન્ડિપેન્ડેન્સ | અંગ્રેજી | 1919 | મોતીલાલ નહેરૂ | - | - |
| 31. | આજ | હિન્દી | 1920 | શિવપ્રસાદ ગુપ્ત | વારાણાસી | - |
| 32. | હિન્દુસ્તાન ટાઈમ્સ | અંગ્રેજી | 1920 | કે. એમ. પણિકર | દિલ્હી | - |
| 33. | નેશનલ હેરાલ્ડ | અંગ્રેજી | 1938 | જવાહરલાલ નહેરૂ | દિલ્હી | - |
| 34. | અલ હિલાલ | ઉર્દૂ | 1913 | મૌલાના અબુલ કલામ આઝાદ | કલકત્તા | - |
| 35. | અલબિલાગ | ઉર્દૂ | 1912 | મૌલાના અબુલ કલામ આઝાદ | કલકત્તા | - |
| 36. | કામરેડ | અંગ્રેજી | - | મુહમ્મદ અલી જિન્ના | - | - |
| 37. | હમદર્દ | ઉર્દૂ | - | મુહમ્મદ અલી જિન્ના | - | - |
| 38. | ગદર | અંગ્રેજી | 1913 | ગદર પાર્ટી ધ્વારા | સૉન ફ્રૉસિસ્કો | - |
| 39. | કૉમનવીલ, ન્યૂઈન્ડિયા | અંગ્રેજી | 1914 | એની બેસન્ટ | - | - |
| 40. | સોશલિસ્ટ | અંગ્રેજી | 1922 | એસ. એ. ડૉગે | - | - |
| 41. | ઈન્ડિયા | અંગ્રેજી | 1890 | દાદાભાઈ નવરોજી | લંડન | - |
| 42. | ઈન્ડિયન ઓપિનિયન | અંગ્રેજી | 1903 | મહાત્મા ગાંધીજી | દક્ષિણ આફ્રિકા | - |
| 43. | વંદે માતરમ | અંગ્રેજી | 1909 | શ્યામજી કૃષ્ણવર્મા | પેરિસ | - |
| 44. | બૉમ્બે ક્રૉનિકલ | અંગ્રેજી | 1913 | ફિરોજશાહ મહેતા | મુંબઈ | - |

## પ્રકરણ-9 ભારતમાં દુષ્કાળ

★ **<u>ભારતમાં દુષ્કાળ માટે રચાયેલી સમિતિઓ :</u>**

| ક્રમ | કમીશન | વર્ષ | અધ્યક્ષ | ગવર્નર જનરલ/વાઈસરોય |
|---|---|---|---|---|
| 1. | કેમ્પબેલ કમીશન | 1866-67 | સર જ્યોર્જ કેમ્પબેલ | સર જૉન લોરેન્સ |
| 2. | સ્ટ્રેચી કમીશન | 1880 | સર રિચર્ડ સ્ટ્રેચી | લોર્ડ લિટન |
| 3. | લૉયલ કમીશન | 1896-97 | સર જેમ્સલાયલ | લોર્ડ એલ્ગિન - બીજો |
| 4. | મૈકડોનલ કમીશન | 1901 | સર એન્ટની મૈકડોનલ | લોર્ડ કર્ઝન |
| 5. | વુડ કમીશન | 1943 | સર ચાર્લ્સ વુડ | લોર્ડ વેવેલ |

★★★★★

# <u>પ્રકરણ-10 ધાર્મિક અને સામાજિક સુધાર આંદોલન</u>

★ <u>**હિન્દૂ સામાજિક - ધાર્મિક આંદોલન :**</u>

### 1. <u>બ્રહ્મ સમાજ</u>

→ બ્રહ્મો સમાજની સ્થાપના **"રાજા રામમોહન રૉય"** ધ્વારા ઈ.સ. 1828 માં કલકત્તામાં કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ તાત્કાલિક હિન્દૂ સમાજમાં ફેલાયેલ કુરીતિઓને સમાપ્ત કરવાનો હતો.

→ બ્રહ્મો સમાજનો સૌથી વધુ ભાર ઈશ્વરની ઉપાસના પર હતો પરન્તુ આ ઉપાસના વિશ્વવ્યાપી ઈશ્વરની હતી.

→ રાજા રામમોહનરૉય એ ઈ.સ. 1814 માં **"આત્મીય સભા"**ની સ્થાપના કરી હતી.

→ રાજા રામમોહનરૉય ધ્વારા ઈ.સ. 1803 માં ફારસી ભાષાની પુસ્તક **"તુહફાત - ઉલ - મુવાહિદ્દીન"** નું પ્રકાશન કર્યું.

→ કલકત્તામાં રાજા રામમોહન રૉય એ ઈ.સ. 1817 માં **"ડેવિડ હેયર"** ની મદદથી **"હિન્દૂ કૉલેજ"**ની સ્થાપના કરી હતી.

→ ઈ.સ. 1820 માં **"Precepts of Jesus"** નામની પુસ્તક પ્રકાશિત કરી. **"The Guide to Peace and Happiness"** નામની એક અન્ય પુસ્તક પ્રકાશિત કરી.

→ બંગાળમાં અંગ્રેજી શિક્ષાના પ્રસારમાં કલકત્તાના હિન્દૂ કૉલેજનો ફાળો સૌથી વધુ છે.

→ રાજા રામમોહન રૉયે ઈ.સ. 1821 માં **"સંવાદ કૌમુદી"** નામની એક સાપ્તાહિક પત્રિકાને પ્રકાશિત કરવું શરૂ કર્યુ જેમાં ધાર્મિક અને નૈતિક વિષયોની સાથે-સાથે રાજનૈતિક વિષયો પર પણ લખવામાં આવતું.

→ એકેશ્વરવાદનો આદર્શ, હિન્દૂ ધર્મની સર્વોચ્ચ શક્તિ છે અને આ જ આદર્શ ઈસ્લામ અને ઈસાઈ ધર્મનો પણ છે તેથી રાજા રામમોહન રૉય એ **"એકેશ્વરવાદ"**નું સમર્થન કર્યું.

→ રામમોહનરૉયનો મુખ્ય ઉદ્દેશ, ભારતના લોકોને વેદાન્તના સત્યનું દર્શન કરાવવાનું હતું.

→ રામમોહનરૉયે સામાજિક ક્ષેત્રમાં, હિન્દૂ સમાજની કુરીતિઓ- સતી-પ્રથા, બહુપત્ની પ્રથા, વેશ્યાગમન, જાતિવાદ વગેરેનો વિરોધ કર્યો. તેમણે **"વિધવા પુનર્વિવાહ"** નું સમર્થન કર્યું.

→ ઈ.સ. 1819 માં રામમોહનરૉયે મદ્રાસના વિદ્વાન સુબ્રહ્મણ્યમ શાસ્ત્રીને મૂર્તિપૂજાના સવાલના શાસ્ત્રાર્થમાં હરાવી દીધો.

→ ઈ.સ. 1825 માં તેમણે **"વેદાન્ત કોલેજ"**ની સ્થાપના કરી, જેમાં ભારતીય વિદ્યાના સિવાય સામાજીક અને ભૌતિક વિજ્ઞાનોનું પણ શિક્ષણ આપવામાં આવતું હતું.

→ બંગાળી ભાષાના વિકાસમાં તેમનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો. તેમણે વેદાન્ત અને ઉપનિષદોનો બંગાળીમાં અનુવાદ કર્યો અને પાઠ્યપુસ્તકોના સિવાય પ્રથમ વખત ગદ્ય સાહિત્યને પ્રોત્સાહન આપ્યું.

→ બ્રિટિશ પાર્લામેન્ટ ધ્વારા ભારતીય મામલાઓ પર સલાહ આપનાર સમિતિમાં તે પ્રથમ ભારતીય હતા.

→ રામમોહન રૉય પ્રથમ ભારતીય અને પ્રથમ બ્રાહ્મણ હતા, જેમણે દરિયો પાર કરીને યૂરોપની ધરતી પર પગ મૂક્યો અને આવી રીતે હિન્દૂ રૂઢિવાદના તે વિચિત્ર મતને તોડી નાખ્યું કે **"દરિયો પાર કરવો પાપ છે."**

→ ઈ.સ. 1830 માં મુઘલ બાદશાહ અકબર- બીજાએ રામમોહનરૉયને **"રાજા"** ની ઉપાધિની સાથે પોતાના રાજદૂતના રૂપે તે સમયના બ્રિટિશ સમ્રાટ **"વિલિયમ ચતુર્થ"**ના દરબારમાં મોકલ્યા હતા.

→ 27 સપ્ટેમ્બર, 1833 ના રોજ **"બ્રિસ્ટલ"** (લંડન)માં રાજા રામમોહન રૉયનું અવસાન થઈ ગયું.

→ રાજારામમોહનરૉયને **"ભારતીય પુર્નજાગરણનો જનક"**, **"ભારતીય રાષ્ટ્રવાદનો જનક"** અને **"આધુનિક ભારતના પિતા"** પણ કહેવાય છે.

→ સુભાષચન્દ્ર બોસે રાજા રામમોહન રૉયને **"યુગદૂત"** ની ઉપાધિથી સમ્માનિત કર્યા હતા.

→ રાજા રામમોહન રૉયની મૃત્યુ પછી બ્રહ્મ સમાજનું સંચાલન **"મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર"** અને **"પંડિત રામચંદ્ર વિદ્યા વાગીશ"** ના નેતૃત્વમાં ચાલતું રહયું.

→ દેવેન્દ્રનાથ ટાગોરે ઈ.સ. 1843 માં બ્રહ્મસમાજનું સભ્યપદ ગ્રહણ કર્યું. આમાં સામેલ થવાથી પહેલાં તેમણે કલકતામાં **"તત્વબોધિની સભા"** (ઈ.સ. 1839) ની સ્થાપના કરી હતી.

→ દેવેન્દ્રનાથ ટાગોર ધ્વારા ઈ.સ. 1834 માં **"કેશવચન્દ્ર સેન"** ને બ્રહ્મસમાજનું સભ્યપદ પ્રદાન કરી બ્રહ્મ સમાજના આચાર્ય તરીકે નિયુક્ત કર્યા હતા.

→ કેશવચન્દ્ર સેનના પ્રયાસોના કારણે જ બ્રહ્મ સમાજ એક અખિલ ભારતીય આંદોલનનું રૂપ ધારણ કરી શક્યો.

→ આ કેશવચન્દ્ર સેનના પ્રયાસોના દ્વારા મદ્રાસમાં **''વેદ સમાજ''** અને મહારાષ્ટ્રમાં **''પ્રાર્થના સમાજ''** ની સ્થાપના થઈ શકી પરન્તુ કેશવચન્દ્ર સેનના ઉદારવાદી વિચારોના કારણે આગળ ચાલીને બ્રહ્મસમાજમાં ભાગલા પડી ગયા.

→ કેશવચન્દ્ર સેનના નેતૃત્વવાળા દળને **''ભારત વર્ષીય બ્રહ્મસમાજ''**ના નામે ઓળખવામાં આવે છે. પરન્તુ 1878 માં આનંદ મોહન બોસના નેતૃત્વમાં ભાગલા પડી ગયા જે **''સાધારણ બ્રહ્મ સમાજ''** કહેવાય છે.

→ આ વિભાજનનું મૂળકારણ **''બ્રહ્મ વિવાહ એક્ટ''** (1872) નું ઉલ્લંઘન હતુ કે આ એક્ટ પ્રમાણએ બાળ-વિવાહ નિષેધ હતો. અને બ્રહ્મસમાજ પણ બાળ વિવાહના વિરોધમાં હતો જ્યારે કેશવચન્દ્ર ધ્વારા પોતાની અલ્પાયુ પુત્રીના લગ્ન કૂચબિહારના રાજાથી કરી દેવામાં આવ્યા હતા.

## 2. આર્ય સમાજ

→ આર્ય સમાજની સ્થાપના **''સ્વામી દયાનંદ સરસ્વતી''** ધ્વારા ઈ.સ. 1875 માં મુંબઈમાં કરવામાં આવી હતી.

→ સ્વામી દયાનંદ સરસ્વતીનું બાળપણનું નામ **''મૂળશંકર''** હતું.

→ મૂળશંકરનો જન્મ ઈ.સ. 1824 માં ગુજરાતના મોરબીના ટંકારામાં થયો હતો.

→ સ્વામી દયાનંદ સરસ્વતીના ગુરુ મથુરાના સ્વામી વિરજાનંદ હતા.

→ સ્વામી દયાનંદ સરસ્વતીએ **''વેદો તરફ પાછા વળો''** (Back To Vedas) નો નારો આપ્યો હતો.

→ દયાનંદે ઈ.સ. 1863 માં આગરાથી પોતાના ધર્મપ્રચારનું કાર્ય શરૂ કર્યુ હતું.

→ આર્ય સમાજનો પ્રમુખ ઉદ્દેશ વૈદિક ધર્મને ફરી શુદ્ધ રૂપથી સ્થાપિત કરવાનો, ભારતને ધાર્મિક, સામાજિક અને રાજનૈતિક રૂપે એક સૂત્રમાં બાંધવાનો અને પાશ્ચાત્ય અસરને સમાપ્ત કરવાનો હતો.

→ દયાનંદે બાળ વિવાહ, પુરોહિત વ્યવસ્થા, સતી પ્રથા અને પર્દા-પ્રથાનો વિરોધ કર્યો.

→ આર્ય સમાજનું મુખ્યાલય (વડુંમથક) **''લાહોર''**માં હતું.

→ દયાનંદે વેદોને અમોઘ અને ઈશ્વરીય કહયા છે. તેમની મૌલિકતા ચારેય વેદોનું સમસ્ત જ્ઞાન અને સત્યનો ભંડાર બતાવવામાં હતી.

→ દયાનંદે બધા વર્ગોના લોકોને વેદોનો અભ્યાસ અને વ્યાખ્યાનો અધિકાર આપ્યો. ભારતના સામાજિક ઈતિહાસમાં તે પ્રથમ સુધારક હતા, જેમણે શૂદ્ર અને મહિલાઓને વેદ વાંચવાનું, ઊચી શિક્ષણ પ્રાપ્ત કરવાનો, યજ્ઞોપવીત (જનેવ) ધારણ કરવાનો અધિકાર આપવા માટે આંદોલન કર્યું.

→ તે વર્ણવ્યવસ્થાને જન્મથી નહિ કર્મથી માનતા હતા.

→ દયાનંદ સરસ્વતીના બધા વિચારોનું સંકલન તેમની પ્રખ્યાત પુસ્તક **''સત્યાર્થ પ્રકાશ''** (ઈ.સ. 1883)માં મળે છે, જેની રચના તેમણે હિન્દીમાં કરી હતી.

→ સ્વામી દયાનંદ સરસ્વતીની શિક્ષાની મુખ્ય ખાસિયત આ હતી કે તેમણે પાશ્ચાત્ય દર્શન, શિક્ષણ અને સમાજમાંથી કઈપણ લીધુ નહિં.

→ ઈ.સ. 1886 માં લાહોરમાં ડી.એ.વી.સ્કૂલની સ્થાપના કરી જે ઈ.સ. 1889 માં **''દયાનંદ એગ્લો કૉલેજ''** માં પરિવર્તિત થઈ ગયો.

→ ઈ.સ. 1902 માં **''સ્વામી શ્રદ્ધાનંદ''** ના નેતૃત્વમાં **''હરિદ્વાર''** માં **''ગુરૂકુળ''** ની સ્થાપના કરી હતી. જ્યાં પ્રાચીન વૈદિક શિક્ષણ, પ્રાચીન પદ્ધતિથી આપવામાં આવતી હતી.

→ આર્ય સમાજે મહિલા-શિક્ષણની બાજુ સૌથી વધુ ધ્યાન આપ્યું.

→ સ્વામી દયાનંદ સરસ્વતી ધ્વારા ચલાવવામાં આવેલ **''શુદ્ધિ આંદોલન''** ની અન્તર્ગત તે લોકોને ફરી હિન્દુ ધર્મમાં આવવાનો અવસર મળ્યો જેમણે કોઈ કારણવશ કોઈ બીજો ધર્મ સ્વીકાર કરી લીધો હતો.

→ ઈ.સ. 1882 માં દયાનંદે **''ગોરક્ષિણી સભા''** ની સ્થાપના કરી હતી.

→ ઈ.સ. 1883 માં અજમેરમાં તેમનું અવસાન થયું હતું.

→ **"શ્રીમતી એની બેસન્ટ"** એ કહયું હતું કે **"સ્વામી દયાનંદ એવા પ્રથમ વ્યકિત હતા જેમણે ભારત ભારતવાસીઓ માટે છે તેમ કહયું હતું."**

→ **"વેલેન્ટાઈન ચિરોલ"** એ પોતાની પુસ્તક **"ઈંડિયન અનરેસ્ટ"** માં આર્ય સમાજને **"ભારતીય અશાંતિનો જન્મદાતા"** કહયું છે.

→ દયાનંદ સરસ્વતીને ઉતર ભારતનો **"માર્ટિન લ્યૂથર"** કહેવાય છે.

→ સત્યાર્થ પ્રકાશને આર્યસમાજની **"બાઈબલ"** કહેવાય છે.

### 3. રામકૃષ્ણ મિશન

→ રામકૃષ્ણ પરમહંસનો જન્મ ઈ.સ. 1834 માં બંગાળમાં થયો હતો.

→ રામકૃષ્ણ પરમહંસને **"દક્ષિણેશ્વરના સંત"** કહેવાય છે.

→ તેમનો મુખ્ય ઉદ્દેશ બધા ધર્મોને મળાવીને એક કરવાનું હતું. તેમના પ્રમાણે **"માનવ-સેવા જ ઈશ્વરની સેવા છે"**

→ રામકૃષ્ણ પરમહંસના શિષ્ય **"સ્વામી વિવેકાનંદ"** હતા.

→ સ્વામી વિવેકાનંદનો જન્મ ઈ.સ. 1863 માં કલકત્તામાં થયો હતો, તેમનું બાળપણનું નામ નરેન્દ્ર દત્ત હતું.

→ વિવેકાનંદે હિન્દૂ આધ્યાત્મિક વિચારોની વ્યાખ્યા, આધુનિક ન્યાય સંગત અને પ્રગતિશીલ વિચારોની દષ્ટિથી કરી હતી.

→ ઈ.સ. 1893 માં અમેરિકાના શિકાગો શહેરમાં **"વિશ્વ ધર્મ-પરિષદ"** માં ભાગ લીધો હતો. આ પરિષદમાં ભાગ લેવા જતાં સમયે જ **"સ્વામી વિવેકાનંદ"** નામ ગ્રહણ કર્યું હતું. તેમણે પોતાનું પ્રખ્યાત ભાષણ આપ્યું હતું.

→ ફેબ્રુઆરી, 1896 માં તેમણે ન્યૂયોર્કમાં **"વેદાંત સોસાયટી"** ની સ્થાપના કરી હતી જેનો લક્ષ્યાંક વેદાંતનો પ્રચાર હતો.

→ ઈ.સ. 1896 માં તેમણે **"રામકૃષ્ણ મિશન"** ની રચના કરી અને 1 જાન્યુઆરી, 1899 ના રોજ **"વેલૂર"** (કલકત્તાની નજીક) માં આ મિશનનો મુખ્યાલય (વડુંમથક) સ્થાપિત કર્યો હતો.

→ જૂન, 1899 માં બીજી વખત અમેરિકા ગયા અને 1901 માં પરત આવી ગયા.

→ 4 જુલાઈ, 1902 માં 39 વર્ષની નાની ઉંમરે તેમનું અવસાન થયું.

→ સ્વામી વિવેકાનંદે હિન્દૂ ધર્મની પશ્ચિમી દેશોમાં વ્યાખ્યા કરી અને આ બતાવ્યું કે વેદોના જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ વગેરે માર્ગોથી ઈશ્વર સુધી પહોંચી શકાય છે.

→ તેમણે કર્મ અને પુર્નજન્મના સિદ્ધાન્તોની સાચી વ્યાખ્યા કરી.

→ સમાજ કલ્યાણ, જનસેવાના લક્ષ્યાંકોના પ્રાપ્તિ માટે સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી હતી.

→ રામકૃષ્ણ મિશનનો ઉદ્દેશ છે - ધાર્મિક અને સામાજિક સુધારા, પરન્તુ આ ભારતની પ્રાચીન સંસ્કૃતિથી પોતાની પ્રેરણા ગ્રહણ કરે છે. આ શુદ્ધ વેદાન્તના સિદ્ધાંતને પોતાનો આદર્શ માને છે આનો લક્ષ્યાંક છે - માણસના અંદરની ઉચ્ચત્તમ આધ્યાત્મિકતાનો વિકાસ. આ મિશનની બીજી ખાસિયત છે - બધા ધર્મોના સત્યમાં વિશ્વાસ.

→ ઈ.સ. 1900 માં વિવેકાનંદે **"પેરિસ"** મા **"ધર્મોના ઈતિહાસની પરિષદ"** માં ભાગ લીધો હતો.

→ વિવેકાનંદની સૌથી મોટી સફળતા આ હતી કે તેમણે સન્યાસીઓ સમક્ષ વ્યકિતનિષ્ઠાની અપેક્ષા સમાજ-સેવાના આદર્શને રજૂ કર્યું.

→ તેમણે વેદાંતની મુખ્ય શિક્ષા આ બતાવી કે **"દરેક વ્યક્તિ પોતાનામાં ઈશ્વરની જ્યોતિ જોઈ શકે છે"**

→ તેમના શિકાગો ભાષણ પછી હેરાલ્ડે કહયું કે, **"વિવેકાનંદને સાંભળ્યા પછી આ અનુભવ થાય છે કે આવા જ્ઞાન સંપન્ન દેશમાં પોતાના ધર્મ-પ્રચારક મોકલવા કેટલું મુર્ખતાપણું છે."**

→ તેમણે દેશભક્તિ, સમાજ-સેવાના જે લક્ષ્યાંકોનું પ્રતિપાદન કર્યું, તે ભારતમાં એક નવા દેશ પ્રેમને પ્રોત્સાહન આપવામાં સફળ થયો.

→ સુભાષચન્દ્ર બોસે કહ્યું હતું કે, **"જ્યૉ સુધી બંગાળનો સંબંધ છે, આપણે વિવેકાનંદને આધુનિક રાષ્ટ્રીય આંદોલનના "આધ્યાત્મિક પિતા" કહી શકાય"**

### 4. થિયોસોફિકલ સોસાયટી

→ થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના ઈ.સ. 1875 માં **"ન્યૂયોર્ક"** માં એક રશિયન મહિલા **"મેડમ હેલેના**

**પેટ્રોવના બ્લાવત્સકી''** અને **''હેનરી સ્ટીલ ઑલકૉટ''** ધ્વારા કરવામાં આવી હતી.

→ જાન્યુઆરી, 1886 માં તે ભારત આવ્યા અને મદ્રાસમાં **''અડયાર''** માં આનું આંતરરાષ્ટ્રીય મુખ્યાલય સ્થાપિત કર્યું.

→ થિયોસોફિકલ સોસાયટીના સભ્યો ઈ.સ. 1879 માં સ્વામી દયાનંદ સરસ્વતીના આમંત્રણ પર મુંબઈ આવ્યા હતા.

→ ઈ.સ. 1907 માં કર્નલ ઑલકૉટની મૃત્યુ પછી એની બેસન્ટ (1847-1933) આની અધ્યક્ષ બની હતી.

→ ભારતમાં આ આંદોલનની વાસ્તવિક સફળતાનો શ્રેય **''શ્રીમતી એની બેસન્ટ''**ને જાય છે. તેમણે ઈ.સ. 1889 માં આ સોસાયટીનું સભ્યપદ ધારણ કર્યું હતું.

→ ઈ.સ. 1893 માં તે ભારત આવીને વસી ગયા હતા. તે મૂળરૂપે આયરલેન્ડના હતા.

→ થિયોસોફિકલ સોસાયટીના મૂળ ઉદ્દેશોમાં એક હતો, આર્યદર્શન, ધર્મનો અભ્યાસ અને પ્રચાર કરવો. ઉપનિષદોએ બ્રહ્મ, બ્રહ્માંડ અને જીવ સંબંધિત તત્વ પ્રગટ કર્યા.

→ થિયોસોફિકલ આંદોલનની નવીનતા ફકત આ હતી કે આ તે આદર્શોને પ્રાપ્ત કરવા અને સમજવા માટે માનસિક સ્થિતિ તૈયાર કરતું હતું.

→ સોસાયટીએ દર્શન અને આધ્યાત્મ સંબંધિત પ્રવચનોના આયોજનોના સિવાય, સાહિત્ય અને સંશોધનના ક્ષેત્રમાં ખાસ કામ કરીને હિન્દૂ જાગૃતિમાં મહત્વનો ફાળો આપ્યો.

→ એની બેસન્ટે ઈ.સ. 1898 માં બનારસમાં **''સેન્ટ્રલ હિન્દૂ કૉલેજ''** ની સ્થાપના કરી, જેને પછી 1915-16 માં મદનમોહન માલવીયએ **''બનારસ હિન્દૂ વિશ્વવિદ્યાલય''** ના રૂપે વિકસિત કર્યો.

→ એની બેસન્ટે આયરલેન્ડની હોમ રૂલ લીગના નમૂના આધારે ભારતમાં હોમરૂલ લીગની સ્થાપના કરી હતી.

→ આ સોસાયટીએ પુરાતન (પ્રાચીન) હિન્દૂ ધર્મના આધ્યાત્મિક દર્શન અને તેના પુનર્જન્મવાદનો સ્વીકાર કર્યો. આને જાતિ, ધર્મ, પ્રજાતિ અને લિંગભેદથી ઉપર ઉઠીને **''વિશ્વબંધુત્વના સિદ્ધાંત''** નો પ્રચાર કર્યો.

## 5. યંગ-બંગાળ આંદોલન

→ ભારતમાં યંગ-બંગાળ આંદોલન શરૂ કરવાનો શ્રેય **''હેનરી વિવિયન ડેરોજિયો''** (1809 -1831) ને છે.

→ એંગ્લો - ઈન્ડિયન ડેરોજિયો કલકત્તામાં હિન્દૂ કૉલેજના પ્રોફેસર હતા.

→ તેમણે સમાજ સુધારા માટે **''એકેડમિક એસોસિએશન''** અને **''સોસાયટી ફૉર ધ એગ્જીબીશન ઑફ જનરલ નોલેજ''** ની સ્થાપના કરી હતી.

→ ડેરોજિયોએ **''એંગ્લો-ઈન્ડિયન હિન્દૂ એસોસીએશન'', ''બંગહિત સભા'' અને ''ડિબેટિંગ કલબ''** ની સ્થાપના કરી હતી.

→ ડેરોજિયોએ **''ઈસ્ટ ઈન્ડિયા''** નામના સમાચાર-પત્રનું પણ સંપાદન કર્યું હતું.

→ તેમને આધુનિક ભારતના પ્રથમ રાષ્ટ્રકવિ માનવામાં આવે છે.

## 6. પ્રાર્થના - સમાજ

→ કેશવચંદ્ર સેનની મહારાષ્ટ્ર યાત્રાના પરિણામસ્વરૂપ ઈ.સ. 1867 માં અહીંયા **''પ્રાર્થના સમાજ''** ની સ્થાપના થઈ હતી. આના પ્રમુખ સંસ્થાપક **''ડૉ. આત્મારામ પાડુંરંગ'' અને ''મહાદેવ ગોવિંદ રાનાડે''** હતા.

→ મહાદેવ ગોવિંદ રાનાડેને **''ભારતનો સુકરાત''** અને **''પશ્ચિમી ભારતમાં સાંસ્કૃતિક પુર્નજાગરણના અગ્રદૂત''** પણ કહેવાય છે.

→ આર. જી. ભંડારકર પણ આના અન્ય પ્રમુખ નેતા હતા.

→ રાનાડે એ પોતાના આસ્તિક્તા સંબંધિત વિચારો પોતાની પુસ્તક **''એક આસ્તિકની ધર્મમાં આસ્થા''** માં રજૂ કર્યા છે. રાનાડેના ધર્મ અને સમાજ સંબંધિત વિચાર પશ્ચિમી વિચારધારાથી પ્રભાવિત હતા.

→ રાનાડેના સામાજિક સુધાર કાર્યક્રમોમાં તેમના બે અન્ય સહાયક હતા - ધોડો કેશવ કર્વે અને વિષ્ણુ શાસ્ત્રી.

→ રાનાડે અને કર્વેએ વિધવા પુનર્વિવાહ આંદોલનનું સંચાલન કર્યુ અને વિધવાઓને શિક્ષણ આપવા માટે **''વિધવા આશ્રમ સંઘ''** ની સ્થાપના કરી. આ આશ્રમનો ઉદ્દેશ વિધવાઓને શિક્ષિકાઓ, પરિચારિકાઓ અથવા દાયણોના રૂપે તાલીમબદ્ધ કરીને આત્મનિર્ભર બનાવવાનો હતો.

→ રાનાડે એ ઈ.સ. 1877 માં **"પૂના સાર્વજનિક સભા"** અને ઈ.સ. 1884 માં **"ડક્કન એજ્યુકેશન સોસાયટી"** ની સ્થાપના કરી હતી.

★ **<u>પારસી સામાજિક - ધાર્મિક આંદોલન :</u>**

**1. <u>રહનુમાઈ મજદાયન સભા</u>**

→ આ સભાની સ્થાપના ઈ.સ. 1851 માં દાદાભાઈ નવરોજી, એચ. એસ. બંગાળી, આર. કે. કામા, નૌરોજી ફરદુનજી, અને જે. બી. વાચા ધ્વારા કરવામાં આવી હતી.

→ આ સભાનો ઉદ્દેશ પારસીઓમાં ધર્મની પ્રાચીન પવિત્રતાને સ્થાપિત કરવી, પાશ્ચાત્ય શિક્ષણના માધ્યમથી રૂઢિવાદિતાને દૂર કરવી અને મહિલા શિક્ષણ પર ખાસ ભાર આપવાનો હતો.

→ આ સભાની વિચારધારાને પ્રચારિત - પ્રસારિત કરવા માટે **"રસ્ત ગોફતાર"** નામનું પત્ર બહાર પાડવામાં આવતું.

→ ભારતમાં આ જ એકમાત્ર એવો સમુદાય હતો જેણે પોતાના સમુદાયના પાશ્ચાત્યીકરણ (પશ્ચિમીકરણ) માટે સૌથી વધુ પ્રયાસ કર્યા.

→ આ સભાના પ્રથમ અધ્યક્ષ નૌરોજી ફરદુનજી અને પ્રથમ સચિવ એચ. એસ. બંગાળી હતા.

★ **<u>મુસ્લિમ સામાજિક - ધાર્મિક આંદોલન :</u>**

**1. <u>વહાબી આંદોલન</u>**

→ વહાબી આંદોલન મુખ્યત્વે પુર્નસ્થાપનાવાદી આંદોલન હતો. આ આંદોલન કટ્ટર મુસલમાનોની પાશ્ચાત્ય પડકારની વિરૂદ્ધ સૌપ્રથમ પ્રતિક્રિયા હતી.

→ વહાબી આંદોલનના પ્રમુખ સંત **"અબ્દુલ વહાબ"** હતા.

→ આ આંદોલનને ભારતમાં સૌથી વધુ પ્રચલિત કરવાનો શ્રેય **"સૈયદ અહમદ બરેલવી" અને "મિર્ઝા અઝીઝ"** ને આપવામાં આવે છે.

→ આ આંદોલનનો ઉદ્દેશ દર-ઉલ-હર્બને દર-ઉલ-ઈસ્લામમાં બદલવાનો હતો.

→ પોતાના પ્રારંભિક દિવસોમાં આ આંદોલન પંજાબમાં શીખ સરકારની વિરૂદ્ધ ચલાવવામાં આવ્યો હતો.

→ આ આંદોલનનો મુખ્ય કેન્દ્ર **"પટણા"**માં હતું.

→ આ આંદોલનના અન્ય નેતા **"શાહ વલી ઉલ્લાહ"** હતા.

→ શાહ વલી ઉલ્લાહ (1702-62) 18 મી સદીમાં ભારતીય મુસલમાનોના પ્રથમ નેતા હતા, જેમણે ભારતીય મુસલમાનોની સ્થિતિમાં થયેલ ઘટાડા પર ચિન્તા પ્રગટ કરી હતી. તેમણે ભારતીય મુસલમાનોના રીત-રિવાજો અને માન્યતાઓમાં આવેલ કુટેવોની બાજુ ધ્યાન દોર્યૂ.

→ આ આંદોલનનો પ્રમુખ ઉદ્દેશ ભારતીય ઈસ્લામને બહારના તત્વોથી મુક્ત કરાવવાનો હતો.

→ આ આંદોલનના પૂર્વી ભારતમાં પ્રમુખ નેતા **"શેખ કરામત અલી"** અને **"હાજી-શરિયત ઉલ્લાહ"** હતા.

**2. <u>અલીગઢ આંદોલન</u>**

→ સર સૈયદ અહમદ ખૉ, મોહસિન ઉલ મુલ્ક, નજર અહમદ અને ચિરાગ અલી આ આંદોલનથી જોડાયેલા પ્રમુખ નેતા હતા.

→ ઈ.સ. 1870 ના પછી મુસલમાનોની સામાજિક સ્થિતિને સુધારવા માટે સર સૈયદ અહમદ ખૉ એ એક આંદોલન શરૂ કર્યું.

→ તેમણે મુસ્લિમ બહુસંખ્યક અલીગઢ નગરને પોતાની ગતિવિધિઓનું કેન્દ્ર બનાવ્યો, જેના કારણે સર સૈયદની ગતિવિધિઓ અલીગઢ આંદોલનના રૂપે પ્રખ્યાત છે.

→ તેમણે ઈસ્લામમાં સામાજિક કુપ્રથાઓને દૂર કરવાનો પણ પ્રયાસ કર્યો. તેમણે **"પીરી મુરીદી"** ની પ્રથાને સમાપ્ત કરવાનો પ્રયાસ કર્યો.

→ તેમણે **"તહજીબ-ઉલ-અખલાક"** નામની પત્રિકા નિકાળી જેનો ઉદ્દેશ મુસ્લિમોને સભ્ય બનાવવાનો હતો.

→ તેમણે ઈ.સ. 1863 માં **"મુહમ્મડન લિટરેરી સોસાયટી"**ની સ્થાપના **"કલકત્તા"** માં કરી.

→ મુસલમાનોમાં સમાજ-સુધારનો મુખ્ય અભિપ્રાય, તેમનામાં પશ્ચિમિ શિક્ષણને પ્રખ્યાત બનાવવાનું હતું. આ સોસાયટીનો ઉદ્દેશ ભારતમાં બ્રિટિશ રાજ્યના સ્થાયિત્વના ફાયદાઓ મુસલમાનોને બતાવવાનો હતો, સાથે જ પશ્ચિમી જ્ઞાન-વિજ્ઞાનની પ્રમુખ પુસ્તકોને ઉર્દૂમાં અનુવાદ કરીને, તેને લોકપ્રિય બનાવવાનું હતું.

→ ઈ.સ. 1864 માં તેમણે એક **"સાયટિફિક સોસાયટી"**ની સ્થાપના કરી હતી.

→ તેમણે ઈ.સ. 1875 માં **"મોહમ્મડન એંગ્લો-ઓરિયેન્ટલ સ્કૂલ"** (આંગ્લ - મુસ્લિમ સ્કૂલ)ની સ્થાપના **"અલીગઢ"** માં કરી હતી. આ તેમની સૌથી મોટી ઉપલબ્ધિ હતી. આ સ્કૂલ ઈ.સ. 1920 માં **"અલીગઢ વિશ્વવિદ્યાલય"** બની ગયું.

→ સર સૈયદ એ અંગ્રેજી શિક્ષણ પર ખૂબ જ ભાર આપ્યો, કારણકે આ સરકારી નોકરી મેળવવા માટે જરૂરી હતું.

→ સર સૈયદ અહમદ ખૉ પ્રાથમિક શિક્ષણની અપેક્ષા ઉચ્ચ શિક્ષણ પર વધુ ભાર આપતા હતા. તે અંગ્રેજી શિક્ષણને મહિલાઓ માટે બિનજરૂરી સમજતા હતા આના સિવાય તે મહિલાઓમાં પર્દા-પ્રથાના પણ પક્ષમાં હતા.

→ ઈ.સ. 1888 માં સર સૈયદ એ બેંકની મદદથી **"યુનાઈટેડ ઈન્ડિયા પેટ્રિયોટિક એસોસિએશન"** ની સ્થાપના કરી હતી. જેનો ઉદ્દેશ **"કોંગ્રેસ"** નો વિરોધ કરવાનો હતો.

→ મુસ્લિમ હિતોની રક્ષા માટે ઈ.સ. 1893 માં **"મુહમ્મડન એગ્લો ઓરિયેન્ટલ ડિફેન્સ એસોસિએશન"** ની સ્થાપના કરી હતી.

→ સર સૈયદ અહમદ **"કોંગ્રેસ"** થી ક્યારેય પણ સંબંધિત કે જોડાયેલા ન હતા.

→ તેમણે ઈ.સ. 1886 માં **"મોહમ્મડન એજ્યુકેશનલ કોંગ્રેસ"**ની સ્થાપના કરી હતી. આ સંસ્થાનો લક્ષ્યાંક મુસલમાનોને કોંગ્રેસથી અલગ કરવાનો હતો. આનો ઉદ્દેશ ભારતના વિવિધ ભાગોમાં અધિવેશન આયોજિત કરીને મહત્તમ વિસ્તારમાં આંદોલનની મુખ્ય ધારાને લોકપ્રિય બનાવવાની હતી.

→ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસથી સંસ્થાનો અંતર સ્પષ્ટ કરવા માટે ઈ.સ. 1890 માં આનું નામ **"ઑલ ઈન્ડિયા મુહમ્મડન એજ્યુકેશનલ"** કરી દેવામાં આવ્યું.

### 3. <u>અહમદિયા આંદોલન</u>

→ 19 મી સદીમાં મુસલમાનોમાં વાસ્તવિક સુધારાઓ માટે **"અહમદિયા આંદોલન"** ઈ.સ. 1889 માં શરૂ થયું. આના સંસ્થાપક **"મિર્ઝા ગુલામ અહમદ"** (1838-1908) હતા.

→ આ આંદોલન પંજાબના ગુરદાસપુર જીલ્લાના કાદિયા નગરથી શરૂ થયો હતો.

→ મિર્ઝા ગુલામ અહમદે પોતાના સિદ્ધાંતોની વ્યાખ્યા પોતાની પુસ્તક **"બરાહીન-એ-અહમદિયાં"** માં કરી હતી.

→ આ આંદોલનનો ઉદ્દેશ મુસ્લિમોમાં આધુનિક બૌદ્ધિક વિકાસના સંદર્ભમાં ધર્મોપદેશો અને નિયમોને ઉદાર બનાવવાનો હતો.

→ મિર્ઝા ગુલામ અહમદ મધ્ય યુગના જિહાદના દૃષ્ટિકોણના કટ્ટર વિરોધી હતા.

→ સામાજિક ક્ષેત્રમાં અહમદિયા આંદોલન, પાશ્ચાત્ય શિક્ષા પ્રણાલીનો પક્ષપાતી હતો.

→ મિર્ઝા ગુલામ પોતાને **"કૃષ્ણ"**ના અવતાર કહેતા હતા.

→ આ આંદોલન એ શુદ્ધિ આંદોલન અને ઈસાઈયતના વિસ્તાર પર રોક લગાવી હતી.

→ ગુલામ અહમદ પશ્ચિમી ઉદારવાદ, બ્રહ્મવિદ્યા અને હિન્દુઓના ધાર્મિક સુધાર આંદોલનથી ખૂબ જ પ્રભાવિત હતા.

### 4. <u>દેવબંદ આંદોલન</u>

→ દેવબંદ આંદોલન એક ઈસ્લામ ધર્મ સુધારા આંદોલન હતો, જેનો ઉદ્દેશ ઈસ્લામના અનુયાયીઓને ઈસ્લામની મૂળ શિક્ષા અને ચરિત્ર-નિર્માણ કરવાનો હતો.

→ ઈ.સ. 1867 માં બે મુસ્લિમ ધર્મશાસ્ત્રીઓ **"મોહમ્મદ કાસિમ નનૌતવી" અને "રશીદ અહમદ ગંગોહી"** એ **"દેવબંદ"** (સહારનપુર-ઉતરપ્રદેશ)માં આંદોલન ચલાવ્યો હતો.

→ દેવબંદ આંદોલન અંગ્રેજ અને અંગ્રેજી શિક્ષાનો પૂર્ણ વિરોધી હતો અને ભારતીય મુસલમાનોને કોંગ્રેસની ગતિવિધિઓમાં પણ સામેલ થવું જોઈએ.

→ દેવબંદ આંદોલન અલીગઢ આંદોલનના વિરૂધ્ધ હતો, કારણ કે એક બાજુ આ પાશ્ચાત્ય વિચારોનું સમર્થન કરતો નથી જ્યારે બીજી બાજુ આ મુસ્લમાનોને કાંગ્રેસમાં સામેલ થવાની ભલામણ કરે છે.

→ **"મૌલાના અબુલ કલામ આઝાદ"** આ આંદોલનથી જોડાયેલા હતા.

### ★ <u>પ્રમુખ સામાજિક અને ધાર્મિક સુધાર આંદોલન :</u>

| ક્રમ | સંસ્થા | સ્થળ | વર્ષ | સંસ્થાપક |
|---|---|---|---|---|
| 1. | આત્મીય સભા | બંગાળ | 1815 | રાજારામમોહનરાય |
| 2. | હિન્દૂ કૉલેજ | કલકત્તા | 1817 | ડેવિડ હેયર |

| | | | | |
|---|---|---|---|---|
| 3. | બ્રહ્મ સમાજ | બંગાળ | 1828 | રાજારામમોહનરાય |
| 4. | આદિ બ્રહ્મસમાજ | કલકત્તા | 1865 | દેવેન્દ્રનાથ ટાગોર |
| 5. | સાધારણ બ્રહ્મ સમાજ | કલકત્તા | 1878 | આનંદ મોહન બોસ |
| 6. | વેદ સમાજ | મદ્રાસ | 1871 | શ્રી ધરાલૂ નાયડુ |
| 7. | તત્વબોધિની સભા | બંગાળ | 1839 | દેવેન્દ્રનાથ ટાગોર |
| 8. | પ્રાર્થના સમાજ | મહારાષ્ટ્ર | 1867 | ડૉ. આત્મારામ પાડુંરંગ, એમ. જી. રાનાડે |
| 9. | આર્ય સમાજ | મુંબઈ | 1875 | સ્વામી દયાનંદ સરસ્વતી |
| 10. | દયાનંદ એંગ્લોવૈદિક કૉલેજ | લાહોર | 1889 | હંસરાજ અને લાલા લાજપતરાય |
| 11. | ગુરૂકુળ | હરિદ્વાર | 1902 | સ્વામી શ્રધ્ધાનંદ, મુંશીરામ, લેખરામ |
| 12. | રામકૃષ્ણ મઠ | કલકત્તા | 1897 | સ્વામી વિવેકાનંદ |
| 13. | રહનુભાઈ મજદાયસન સમાજ | મુંબઈ | 1851 | નૌરોજી ફરદુનજી, દાદાભાઈ નવરોજી એચ. એસ. બંગાળી |
| 14. | નામધારી આંદોલન | પંજાબ | - | રામસિંહ |
| 15. | અહમદિયા આંદોલન | કાદિયા (પંજાબ) | 1889 | મિર્ઝા ગુલામ અહમદ |
| 16. | દેવબંધ આંદોલન | દેવબંદ (ઉ.પ્ર.) | 1867 | મુહમ્મદ કાસિમ નનૌતી, રશીદ અહમદ ગંગોહી |
| 17. | મુસ્લિમ એંગ્લો ઓરિયેન્ટલ સ્કૂલ | અલીગઢ | 1875 | સર સૈયદ અહમદ ખૉ |
| 18. | સેન્ટ્રલ હિન્દૂ કૉલેજ | બનારસ | 1898 | એની બેસન્ટ |
| 19. | થિયોસોફિકલ સોસાયટી | ન્યૂયોર્ક (અમેરિકા) મદ્રાસના અડયારમાં મુખ્યાલય | 1875<br>1882 | મૈડમ બ્લાવટ્સ્કી, કર્નલ ઑલ્કૉટ |
| 20. | તીતૂમીર આંદોલન | બંગાળ | 1831 | મીર નિસાર અલી |
| 21. | ફરાજી આંદોલન | બંગાળ | 1840 | હાજી શરીયત ઉલ્લા, દાદૂમિયૉ |
| 22. | યંગ - બંગાળ આંદોલન | કલકત્તા | 1826 | હેનરી લુઈ વિવિયન ડેરોજિયો |

## ★ સામાજિક -સુધારા એક્ટ

| ક્રમ | એક્ટ | વર્ષ | ગવર્નર જનરલ/વાઈસરૉય | વિષય |
|---|---|---|---|---|
| 1. | બાળહત્યા નાબૂદ | 1804 | લોર્ડ વેલેસ્લી | 1795 ના નિયમ 21 ના ધ્વારા બાળ હત્યા પર પ્રતિબંધ લગાડવામાં આવ્યો. |
| 2. | સતી પ્રથા નાબૂદ | 1829 | લોર્ડ વિલિયમ બેંટિક | 1829 ના નિયમ 17 ના ધ્વારા સતી પ્રથા નાબૂદ કરવામાં આવી. |
| 3. | હિન્દૂ વિધવા પુનર્વિવાહ | 1856 | લોર્ડ કેનિંગ | વિધવા વિવાહની પરવાનગી આપી |
| 4. | નૈટિવ મેરિજ એક્ટ | 1872 | લોર્ડ નાર્થબ્રુક | અન્તર્જાતીય વિવાહ |
| 5. | એજ ઑફ કન્સેટ એક્ટ | 1891 | લોર્ડ લેન્સડાઉન | લગ્ન માટે છોકરી - 12 વર્ષ અને છોકરાની ઉંમર - 18 વર્ષ |
| 6. | શારદા એક્ટ | 1930 | લોર્ડ ઈરવિન | લગ્ન માટે છોકરી - 14 વર્ષ અને છોકરાની ઉંમર - 18 વર્ષ |

| | | | | |
|---|---|---|---|---|
| 7. | દાસ પ્રથા નાબૂદ | 1843 | લોર્ડ એલનબેરો | – 1833 ના ચાર્ટર એક્ટ ધ્વારા |

★ **અગત્યની માહિતી :**

→ જયોતિબા ફુલે ધ્વારા ઈ.સ. 1873 માં **"સત્યશોધક સમાજ"** ની સ્થાપના કરવામાં આવી હતી. તેમણે **"ગુલામગીરી" અને "સાવર્જનિક સત્ય ધર્મ પુસ્તક"** નામની બે પુસ્તકો લખી હતી.

→ વિષ્ણુ શાસ્ત્રી પંડિતે ઈ.સ. 1850 માં **"વિધવા વિવાહ સંઘ"** ની સ્થાપના કરી હતી.

→ ઈ.સ. 1849 માં **"પરમહંસ મંડલી"** ની સ્થાપના **"દાદોબા પાડુંરંગે"** કરી હતી.

→ **"અહરાર આંદોલન"** ની શરૂઆત ઈ.સ. 1910 માં થઈ હતી. આનાથી જોડાયેલાં પ્રમુખ નેતા હતા - મુહમ્મદ અલી, હકીમ અજમલ ખૉ, હસન ઈમામ, ઝાફર અલી ખૉ, મજહરૂલ હક વગેરે.

→ **"ઈ.વી. રામાસ્વામી નાયકર"** એ અછૂતોના પક્ષમાં **"આત્મસમ્માન આંદોલન"** શરૂ કર્યો હતો.

→ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના પ્રયાસોથી **"વિધવા પુનર્વિવાહ અધિનિયમ-1856"** પાસે થયો હતો.

→ **"સંગત સભા"** ની સ્થાપના કેશવચન્દ્ર સેને કરી હતી. ઈ.સ. 1872 માં **"ઈન્ડિયન રિફાર્મ એસોસિએશન"**ની સ્થાપના કરી હતી.

→ રાનાડે એ 1884 માં **"ડેક્કન એજ્યુકેશન સોસાયટી"** ની સ્થાપના કરી જેને પછી **"પૂણે ફર્ગ્યુસન કૉલેજ"** નામ આપવામાં આવ્યું.

→ વિવેકાનંદે **"મેં સમાજવાદી હૂઁ"** નામની પુસ્તક લખી હતી.

→ **"લોકહિતવાદી"** ના નામથી ગોપાલ હરિ દેશમુખ પ્રખ્યાત હતા.

★★★★★

# <u>પ્રકરણ-11 આધુનિક ભારતમાં જાતીય આંદોલન</u>

## ★ <u>આધુનિક ભારતમાં જાતીય આંદોલન :</u>

| <u>ક્રમ</u> | <u>આંદોલન</u> | <u>સંસ્થાપક</u> | <u>વર્ષ</u> | <u>ખાસિયત</u> |
|---|---|---|---|---|
| 1. | સત્યશોધક સમાજ | જ્યોતિબા ફુલે | 1873 | - 1851 માં પૂણેમાં અછૂતો માટે સ્કૂલની સ્થાપના<br>- પોતાની પુસ્તક **"ગુલામગિરિ"** માં માનવ અધિકારો અને જાતિ પ્રથા નાબૂદ કરવા પર ભાર આપ્યો.<br>- 1917 માં **"જસ્ટિસ"** નામના સમાચારપત્રનું પ્રકાશન કર્યું. |
| 2. | નાયર આંદોલન | સી. વી. રમણ પિલ્લે | 1891 | - નંબૂદરી બ્રાહ્મણો અને બિન મલયાલી બ્રાહ્મણોના રાજનૈતિક અને સામાજિક પ્રભુત્વની વિરૂધ્ધ પ્રબલ આંદોલન સી. વી. રમણ પિલ્લે ધ્વારા મલયાલી મેમોરિયલની સ્થાપના અને ઉપન્યાસ માર્તડ વર્માનું પ્રકાશન |
| 3. | એઝવા આંદોલન | નારાયણ ગુરુ | 20 મી સદીની શરૂઆતમાં | - **"શ્રી નારાયણધર્મ પરિપાલન યોગમ"** આંદોલન શરૂઆત કરીને અશ્પૃશ્યતાને સમાપ્ત કરવાનો પ્રયાસ |
| 4. | જસ્ટિસ આંદોલન | સી. એન. મુદલિયાર, ટી. એમ. નાયર, પી. ત્યાગરાજ ચેટ્ટી | 1915-16 | - મધ્યમવર્ગીય જાતિઓના ઉત્થાન, બ્રાહ્મણોની શિક્ષા અને સરકારી નોકરી તથા રાજનીતિમાં આધિપત્યના વિરોધ કરવા માટે મદ્રાસમાં શરૂ કરવામાં આવ્યો. |
| 5. | આત્મસમ્માન આંદોલન | ઈ.વી. રામાસ્વામી | 1925 | - આ આંદોલનમાં મંદિરોમાં બળપૂર્વક પ્રવેશ, પંડિતો વગર લગ્ન, મનુસ્મૃતિને બાળી નાખી |
| 6. | મહાર આંદોલન | ગોપાલ બાબા બાલંગાર, બી. આર. આંબેડકર | 19 મી - 20 મી સદી દરમિયાન | - મનુસ્મૃતિને બાળી નાખી<br>- મહાર જાતિઓ માટે પીવાના પાણી અને તળાવોનો ઉપયોગ તથા મંદિરોમાં પ્રવેશનો અધિકાર |
| 7. | હરિજન સંઘ | મહત્મા ગાંધી | 1932 | - ગાંધીજી ધ્વારા અખિલ ભારતીય હરિજન સંઘની સ્થાપના<br>- નીચી જાતિઓના લોકોની શિક્ષા અને અન્ય અધિકાર આપવાનું સમર્થન કર્યું. |
| 8. | બહિષ્કૃત હિત- કારિણી સભા | ડૉ. બી. આર. આંબેડકર | 1924 | - ડૉ. આંબેડકરે દલિતોના અધિકારો માટે આની સ્થાપના કરી.<br>- 1927 માં બહિષ્કૃત ભારત પત્રિકાનું સંપાદન કર્યું. |
| 9. | કૃષિ મજૂર સંગઠન | બાબૂ જગજીવનરામ | - | - બિહારમાં જગજીવન રામે દલિતો પર આધારિત કૃષિ મજૂર સંગઠનની સ્થાપના કરી. |
| 10. | સ્વતંત્ર મજૂર પાર્ટી | ડૉ. બી. આર. આંબેડકર | 1936 | - ડૉ. આંબેડકરે સ્વતંત્ર મજૂર પાર્ટીની સ્થાપના ધ્વારા દલિત ખેડૂતો અને મજૂરોને સંઘર્ષ માટે પ્રેરિત કર્યા. |

→ ઈ.સ. 1902-03 માં શ્રી નારાયણ ગુરુ, ડૉ. પલ્લૂ અને મહાન મલયાલમ કવિ એન. કુમાર આસને **"શ્રી નારાયણ ધર્મ પરિપાલન યોગમ"**ની સ્થાપના કરી.

→ ડૉ. આંબેડકરે **"અખિલ ભારતીય દલિત વર્ગ સંઘ"** ની સ્થાપના કરી હતી.

→ મહાત્મા ગાંધીજીએ ઈ.સ. 1932 માં **"અસ્પૃશ્યતા વિરોધી લીગ"** ની સ્થાપના કરી હતી.

→ રામકૃષ્ણ પિલ્લઈએ ભારતમાં સૌપ્રથમ **"કાર્લમાકર્સ"** ની આત્મકથાને પ્રકાશિત કરી હતી.

★★★★★

# પ્રકરણ-12 શ્રમિક અને વેપાર સંઘ આંદોલન

## ★ પ્રમુખ કારખાના એક્ટ

| ક્રમ | એક્ટ | ગવર્નર જનરલ/વાઈસરૉય | ખાસિયત |
|---|---|---|---|
| 1. | 1881 નો કારખાના અધિનિયમ | લોર્ડ રિપન | - મહિનામાં 4 દિવસની રજા<br>- 7 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના કાર્ય કરવા પર પ્રતિબંધ |
| 2. | 1891 નો કારખાના અધિનિયમ | લોર્ડ લેંસડાઉન | - દરરોજ 11 કલાક કામ કરવાનું નક્કી<br>- અઠવાડિયામાં એક રજા<br>- 9 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના કાર્ય કરવા પર પ્રતિબંધ |
| 3. | 1911 નો કારખાના અધિનિયમ | લોર્ડ હાર્ડિંગ | - પુરૂષો માટે દરરોજ 12 કલાક કામ કરવાનું નક્કી કરવામાં આવ્યું. |
| 4. | 1922 નો કારખાના અધિનિયમ | લોર્ડ રીડિંગ | - 12 થી 15 વર્ષની ઉંમરના બાળકોને કામ કરવાની પરવાનગી આપવામાં આવી.<br>- બાળકો માટે દરરોજ 7 કલાક કામ કરવાનું નક્કી |
| 5. | 1934 નો કારખાના અધિનિયમ | લોર્ડ વિલિંગ્ટન | - નાની ઉંમરના બાળકો માટે દરરોજ 5 કલાક કામ કરવાનું નક્કી કરવામાં આવ્યું.<br>- શ્રમિકોના મેડિકલ અને આરામની વ્યવસ્થા<br>- મૌસમી અને બિનમૌસમી કારખાનાઓમાં અંતર |
| 6. | 1944 નો કારખાના અધિનિયમ | લોર્ડ વેવેલ | - રેગ્યુલર કારખાનાઓમાં દરરોજ 9 કલાક કામ કરવાનું નક્કી<br>- કેન્ટીનની વ્યવસ્થા |

## ★ પ્રમુખ મજૂર આંદોલન / પાર્ટી :

| ક્રમ | પાર્ટી/આંદોલન | સંસ્થાપક/સભ્ય | વર્ષ |
|---|---|---|---|
| 1. | અમદાવાદ ટેક્સટાઈલ લેબર એસોસિએશન | મહાત્મા ગાંધીજી | 1918 |
| 2. | મદ્રાસ લેબર યુનિયન (ભારતની પ્રથમ ટ્રેડ યુનિયન | બી. પી. વાડિયા | 1918 |
| 3. | કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા | એમ. એન. રૉય | 1920 |
| 4. | અખિલ ભારતીય ટ્રેડ યુનિયન કોંગ્રેસ | શ્રી નારાયણ મલ્હાર જોશી | 1920 |
| 5. | લેબર કિસાન પાર્ટી | સિંગારવેલુ | 1923 |
| 6. | ભારતીય સામ્યવાદી પાર્ટી | સત્ય ભક્ત | 1924 |
| 7. | કિરત કિસાન પાર્ટી | સોહનસિંહ જોશી | 1926 |
| 8. | ઈન્ડિયન ટ્રેડર્સ યૂનિયન ફેડરેશન | શ્રી નારાયણ મલ્હાર જોશી | 1929 |
| 9. | સમાજવાદી પાર્ટી | જયપ્રકાશ નારાયણ, અશોક મહેતા, મીનૂ મસાની | - |
| 10. | કોંગ્રેસ સોશલિસ્ટ પાર્ટી | નરેન્દ્ર દવે | 1934 |
| 11. | ફૉરવર્ડ બ્લોક | સુભાષચન્દ્ર બોસ | 1939 |
| 12. | ઈન્ડિયન નેશનલ ટ્રેડ યૂનિયન કોંગ્રેસ | વલ્લભભાઈ પટેલ, | 1947 |
| 13. | હિન્દુસ્તાન મજૂર સભા | વલ્લભભાઈ પટેલ, રાજેન્દ્ર પ્રસાદ, જે. બી. | 1948 |

| | | | |
|---|---|---|---|
| | | કૃપલાની | |
| 14. | બૉમ્બે હેન્ડમીલ એસોસિએશન | એમ. એન. લોખંડે | 1890 |

★ **<u>અન્ય ફેક્ટસ :</u>**

→ અખિલ ભારતીય ટ્રેડ યુનિયન કોંગ્રેસના પ્રથમ અધ્યક્ષ **"લાલા લાજપતરાય"** અને પ્રથમ સચિવ **"દિવાન ચીમનલાલ"** હતા.

→ 1926-27 માં અખિલ ભારતીય ટ્રેડ યુનિયન કોંગ્રેસમાં ભાગલા પડી ગયા.

(1) સુધારાવાદી પક્ષ અથવા જેનેવા અમસ્ટર્ડમ દળ

(2) ક્રાન્તિકારી પક્ષ અથવા મોસ્કો દળ

→ સુધારાવાદી પક્ષની ઈચ્છા આ હતી કે આંતરરાષ્ટ્રીય ફેડરેશન ઑફ ટ્રેડ યુનિયનથી અખિલ ભારતીય ટ્રેડ યુનિયન કોંગ્રેસને જોડવામાં આવે અને આનું વડુંમથક **"એમસ્ટર્ડમ"** માં સ્થાપિત કરવામાં આવે.

→ ક્રાન્તિકારી પક્ષની ઈચ્છા આ હતી કે રેડ ઈન્ટરનેશનલ લેબર યુનિયન કોંગ્રેસથી અખિલ ભારતીય ટ્રેડ યુનિયન કોંગ્રેસને જોડવામાં આવે અને આનું વડુંમથક **"મોસ્કો"** માં સ્થાપિત કરવામાં આવે.

→ આ પ્રસ્તાવના વિરોધમાં **"એન. એમ. જોશી"** ના નેતૃત્વમાં ઈ.સ. 1929 માં **"અખિલ ભારતીય ટ્રેડ યુનિયન ફેડરેશન"** ની સ્થાપના કરવામાં આવી.

→ ઈ.સ. 1931 માં અખિલ ભારતીય ટ્રેડ યુનિયન કોંગ્રેસમાં ફરી એક વખત ભાગલા પડ્યા અને સામ્યવાદીઓએ **"રેડ ટ્રેડ યુનિયન કોંગ્રેસ"** ની સ્થાપના કરી.

→ બ્રિટિશ ભારત સરકારે ઈ.સ. 1926 માં ટ્રેડ યુનિયન એક્ટ પાસ કરી પ્રથમ વખત ટ્રેડ યુનિયનને કાયદેસરનો આધાર પ્રદાન કર્યો. **"બૉમ્બે ટેક્સટાઈલ લેબર યુનિયન"** નવા કાયદાની અન્તર્ગત રજીસ્ટર્ડ થવાવાળી પ્રથમ યુનિયન હતી.

★★★★★

# <u>પ્રકરણ-13 ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ</u>

## ★ <u>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસથી પહેલાંની રાજનૈતિક સંસ્થાઓ</u>

| ક્રમ | રાજનૈતિક સંસ્થા | વર્ષ | સ્થળ | સંસ્થાપક |
|---|---|---|---|---|
| 1. | બંગભાષા પ્રકાશન સભા | 1836 | બંગાળ | રાજા રામમોહન રાય |
| 2. | લેન્ડ હોલ્ડર્સ સોસાયટી | 1838 | કલકત્તા | દેવેન્દ્રનાથ ટાગોર |
| 3. | બ્રિટિશ ઈન્ડિયા સોસાયટી | 1839 | લંડન | વિલિયમ એડમ |
| 4. | બ્રિટિશ ઈન્ડિયન એસોસિએશન | 1851 | કલકત્તા | દેવેન્દ્રનાથ ટાગોર |
| 5. | બૉમ્બે પ્રેસીડેન્સી એસોસિએશન | 1852 | મુંબઈ | જગન્નાથ શંકર સેઠ |
| 6. | મદ્રાસ નેટિવ એસોસિએશન | 1853 | મદ્રાસ | - |
| 7. | ઈસ્ટ ઈન્ડિયા એસોસિએશન | 1866 | લંડન | દાદાભાઈ નવરોજી |
| 8. | નેશનલ ઈન્ડિયન એસોસિએશન | 1867 | લંડન | મેરી કારપેંટર |
| 9. | પૂના સાવર્જનિક સભા | 1870 | પૂણે | એમ. જી. રાનાડે, એસ. એચ. ચિપલંકર જી. વી. જોષી |
| 10. | ઈન્ડિયન લીગ | 1875 | કલકત્તા | શિશિર કુમાર ઘોષ |
| 11. | ઈન્ડિયન એસોસિએશન | 1876 | કલકત્તા | આનંદ મોહન બોસ, સુરેન્દ્રનાથ બનર્જી |
| 12. | મદ્રાસ મહાજન સભા | 1884 | મદ્રાસ | વી. રાઘવાચારી, આનંદ ચાર્લૂ, પી રંગિયા નાયડૂ |

## ★ <u>ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (ઈ.સ.1885)</u>

→ સર એલન હ્યૂમની પ્રેરણાથી ઈ.સ. 1885 માં **''ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ''** ની સ્થાપના કરવામાં આવી. તે **''કોંગ્રેસ''**ના ટૂંકા નામે ઓળખાય છે.

→ કોંગ્રેસનો પ્રથમ અધિવેશન (પ્રથમ બેઠક) બેરિસ્ટર વ્યોમેશચંદ્ર બેનરજીના પ્રમુખપદે (અધ્યક્ષપદે) મુંબઈમાં ગોવાળિયા ટેન્ક પાસે આવેલી ગોકુલદાસ તેજપાલ સંસ્કૃત પાઠશાળામાં મળી. તેમાં દેશભરમાંથી 72 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

→ આ સમયે કલકત્તામાં સુરેન્દ્રનાથ બેનરજીએ સ્થાપેલી **''ઈન્ડિયન નેશનલ કોન્ફરન્સ''** ની બેઠક મળી હતી. બન્ને સંસ્થાઓના હેતુ અને કાર્યક્રમ સરખા હોવાથી બન્નેનું જોડાણ થયું. આ રીતે ઈન્ડિયન નેશનલ કોન્ફરન્સ કોંગ્રેસમાં ભળી ગઈ.

→ પહેલાં નામ **''ઈન્ડિયન નેશનલ યુનિયન''** હતું. દાદાભાઈ નવરોજીએ આનું નામ બદલીને **''ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ''** (ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ) રાખ્યું.

→ કોંગ્રેસના સંસ્થાપક એ. ઓ. હ્યૂમ ક્યારેય પણ કોંગ્રેસના અધ્યક્ષ (પ્રમુખ) બન્યા નહિં પરન્તુ તે ઈ.સ. 1885 થી 1906 સુધી કોંગ્રેસના મહાસચિવ બન્યા રહયા.

→ બંકિમ ચન્દ્ર ચેટરજીએ કહયું હતું કે, **''કોંગ્રેસના લોકો પદોના ભૂખ્યા છે''**

→ લાલા લાજપત રૉયએ કહયું હતું કે **''કોંગ્રેસ અધિવેશનો શિક્ષિત ભારતીયોનો વાર્ષિક રાષ્ટ્રીય મેળો છે-''**

→ ઈ.સ. 1888 માં વિલિયમ ડિગ્બીની અધ્યક્ષતામાં લંડનમાં **''બ્રિટિશ કમિટી ઑફ ઈન્ડિયા''** ની સ્થાપના કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1889 માં મુંબઈ, કોંગ્રેસ અધિવેશનમાં બ્રિટિશ હાઉસ ઑફ કૉમસના સભ્ય **''ચાર્લ્સ બ્રેડલા''** હાજર હતા.

→ ઈ.સ. 1885 - 1905 સુધી કોંગ્રેસમાં મવાળવાદી (ઉદારવાદી) નેતાઓનું વર્ચસ્વ રહયું. તે બંધારણીય રીતે ભારતમાં સુધારાની મૉગ કરતા હતા.

→ દાદાભાઈ નવરોજી, સુરેન્દ્રનાથ બેનરજી, ફિરોજશાહ મહેતા, ગોવિન્દ રાનાડે, ગોપાલ કૃષ્ણ ગોખલે વગેરે મવાળવાદી નેતાઓ હતા.

→ જહાલવાદી (ગરમપંથી) નેતાઓ સ્વરાજની માંગ કરતા હતા. બાળગંગાધર તિલક, બિપીનચન્દ્ર લાલ, અને લાલા લાજપતરાય પ્રમુખ જહાલવાદી નેતાઓ હતા.

→ વાઈસરૉય કર્જન એ કોંગ્રેસ વિશે કહયું હતું કે, **''કોંગ્રેસ પોતાની મૃત્યુનો સમય ગણી રહી છે, ભારતમાં**

**રહેતા' મારી એક સૌથી મોટી ઈચ્છા છે કે હૂँ તેને શાંતિપૂર્વક મરવામાં મદદ કરૂં''**

→ **<u>સેફટી વાલ્વ સિદ્ધાંત :</u>**

- આ સિદ્ધાંતના જનક **''લાલા લાજપતરાય''** હતા.
- ( ) વિલિયમ વેડરર્વનના કથનને આધાર બનાવીને ઈ.સ. 1916 માં **''યંગ ઈન્ડિયા''** માં પ્રકાશિત પોતાના લેખમાં સિદ્ધાંત રજૂ કર્યો કે કોંગ્રેસ **''લોર્ડ ડફરિન''** ના મસ્તિષ્કની ઉપજ હતી જે કે બ્રિટિશ સામ્રાજ્યના શાસન પર ચેતવણીના કવચના રૂપે લાવવામાં આવી હતી.

→ **<u>તડિત ચાલક સિદ્ધાંત :</u>**

- આ સિદ્ધાંતના જનક **''ગોપાલ કૃષ્ણ ગોખલે''** હતા.
- આમનું માનવું હતું કે હ્યૂમ એ ભારતીયોને નહિ પરન્તુ ભારતીયોએ હ્યૂમનો ઉપયોગ તડિત ચાલક ( )ના રૂપે કર્યો.
- તેમણે લખ્યું છે કે તત્કાલીન ભારતમાં કોઈ ભારતીય ધ્વારા ચલાવવામાં આવતી રાજનૈતિક ગતિવિધિઓ પર સરકારનું દમનાત્મક પ્રહાર થઈ શકતું હતું. આ કારણે જ કોંગ્રેસની સ્થાપનામાં હ્યૂમને આગળ રાખીને બ્રિટિશ સરકારનો ક્રોધથી બચી શકાય.

★ **<u>કોંગ્રેસ અધિવેશન (Congress Conference )</u>**

| **ક્રમ** | **કોંગ્રેસ અધિવેશન <u>(Congress Conference )</u>** | **વર્ષ <u>(Year )</u>** | **સ્થળ <u>(Place)</u>** | **અધ્યક્ષ <u>(President )</u>** | **ખાસિયત <u>(Importance)</u>** |
|---|---|---|---|---|---|
| 1. | પ્રથમ અધિવેશન | 1885 | મુંબઈ | વ્યોમેશ ચન્દ્ર બેનરજી (પ્રથમ અધ્યક્ષ) | - 72 પ્રતિનિધિ હાજર હતા. |
| 2. | બીજું અધિવેશન | 1886 | કલકત્તા | દાદાભાઈ નવરોજી | |
| 3. | ત્રીજું અધિવેશન | 1887 | મદ્રાસ | બદ્રરૂદ્દીન તૈયબજી | - પ્રથમ મુસ્લિમ અધ્યક્ષ |
| 4. | ચોથું અધિવેશન | 1888 | અલ્હાબાદ | જયોર્જ યૂલે | - પ્રથમ અંગ્રેજ અધ્યક્ષ |
| 5. | પાંચમું અધિવેશન | 1889 | મુંબઈ | સર વિલિયમ વેડરબર્ન | |
| 6. | છઠ્ઠું અધિવેશન | 1890 | કલકત્તા | ફિરોજશાહ મહેતા | કલકત્તા વિશ્વવિદ્યાલયની પ્રથમ મહિલા સ્નાતક **''કાદમ્બિની ગાંગુલી''** કોંગ્રેસને સંબોધિત કરી. |
| 7. | સાતમું અધિવેશન | 1891 | નાગપુર | પી.આનંદ ચાર્લૂ | |
| 8. | આઠમું અધિવેશન | 1892 | અલ્હાબાદ | વ્યોમેશચન્દ્ર બેનરજી | |
| 9. | નવમું અધિવેશન | 1893 | લાહોર | દાદાભાઈ નવરોજી | |
| 10. | દસમું અધિવેશન | 1894 | મદ્રાસ | અલ્ફ્રેડ વેબ | |
| 11. | અગિયારમું અધિવેશન | 1895 | પૂણે | સુરેન્દ્રનાથ બેનરજી | |
| 12. | બારમું અધિવેશન | 1896 | કલકતા | રહીમતુલ્લા સયાની | - પ્રથમ વખત વંદે માતરમ ગાવવામાં આવ્યું. |
| 13. | તેરમું અધિવેશન | 1897 | અમરાવતી | સી.શંકરન નાયર | |
| 14. | ચૌદમું અધિવેશન | 1898 | મદ્રાસ | આનંદમોહન દાસ | |
| 15. | પંદરમું અધિવેશન | 1899 | લખનૌ | રમેશચંદ્ર દત્ત | |
| 16. | સોળમું અધિવેશન | 1900 | લાહોર | એન.વી.ચંદ્રાવરકર | |
| 17. | સત્તરમું અધિવેશન | 1901 | કલકતા | દિનશા વાચા | |
| 18. | અઢારમું અધિવેશન | 1902 | અમદાવાદ | સુરેન્દ્રનાથ બેનરજી | |
| 19. | ઓગણીસમું અધિવેશન | 1903 | મદ્રાસ | લાલમોહન ધોષ | |
| 20. | વીસમું અધિવેશન | 1904 | મુંબઈ | સર હેનરી કોટન | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 21. | એકવીસમું અધિવેશન | 1905 | બનારસ | ગોપાલકૃષ્ણ ગોખલે | - બંગાળના ભાગલાની ટીકા<br>- સ્વદેશી માંગ |
| 22. | બાવીસમું અધિવેશન | 1906 | કલકતા | દાદાભાઈ નવરોજી | - પ્રથમ વખત **"સ્વરાજ્ય"** શબ્દનો પ્રયોગ |
| 23. | ત્રેવીસમું અધિવેશન | 1907 | સુરત | ડો.રાસબિહારી ઘોષ | - કોંગ્રેસના ભાગલા |
| 24. | ચોવીસમું અધિવેશન | 1908 | મદ્રાસ | ડો.રાસબિહારી ઘોષ | - કોંગ્રેસ માટે એક બંધારણનું નિર્માણ |
| 25. | પચ્ચીસમું અધિવેશન | 1909 | લાહોર | પંડિત મદન મોહન માલવીય | |
| 26. | છવ્વીસમું અધિવેશન | 1910 | અલ્હાબાદ | વિલિયમ વેડરબર્ન | |
| 27. | સત્તાવીશમું અધિવેશન | 1911 | કલકતા | પંડિત બિશન નારાયણધર | - પ્રથમ વખત જન-ગણ-મન ગાવવામાં આવ્યું. |
| 28. | અઠ્ઠાવીસમું અધિવેશન | 1912 | બાંકીપુર | આર.એન.માધોલકર | |
| 29. | ઓંગણત્રીસમું અધિવેશન | 1913 | કરાચી | નવાબ સૈયદ બહાદુર | |
| 30. | ત્રીસમું અધિવેશન | 1914 | મદ્રાસ | ભૂપેન્દ્રનાથ બાસુ | |
| 31. | એકત્રીસમું અધિવેશન | 1915 | મુંબઈ | સર સત્યેન્દ્ર પ્રસન્ન સિન્હા | - લોર્ડ વેલિંગટને ભાગ લીધો હતો. |
| 32. | બત્રીસમું અધિવેશન | 1916 | લખનો | અંબિકાચરણ મજૂમદાર | - મવાલવાદી અને જહાલવાદી એક થયા.<br>- મુસ્લિમ લીગ સાથે લખનૌ કરાર. |
| 33. | તૈત્રીસમું અધિવેશન | 1917 | કલકતા | શ્રીમતી એનીબેસન્ટ | - પ્રથમ મહિલા અધ્યક્ષ (વિદેશી) |
| 34. | વિશેષ અધિવેશન | 1918 | મુંબઈ | હસન ઈમામ | - કોંગ્રેસમાં બીજી વખત ભાગલા પડયા. |
| 35. | ચોત્રીસમું અધિવેશન | 1918 | દિલ્હી | પંડિત મદન મોહન માલવીય | - મવાળવાદી એસ. એન. બેનરજીનું રાજીનામું. |
| 36. | પાત્રીસમું અધિવેશન | 1919 | અમૃતસર | પંડિત મોતીલાલ નેહરૂ | |
| 37. | વિશેષ અધિવેશન | 1920 | કલકતા | લાલા લજપતરાય | |
| 38. | છત્રીસમું અધિવેશન | 1920 | નાગપુર | સી.વિજયા રાધવાચારી | - કોંગ્રેસના બંધારણમાં પરિવર્તન |
| 39. | સાડત્રીસમું અધિવેશન | 1921 | અમદાવાદ | હકીમ અજમલ ખૉ | - અધ્યક્ષ સી. આર. દાસ જેલમાં હોવાથી હકીમ અજમલ ખૉને અધ્યક્ષ બનાવ્યા. |
| 40. | આડત્રીસમું અધિવેશન | 1922 | ગયા | દેશબંધુ ચિતરંજનદાસ | - સ્વરાજ્ય પાર્ટીની સ્થાપના |
| 41. | ઓગણચાલીસમું અધિવેશન | 1923 | કાકીનાડા | મૌલાના મુહમ્મદઅલી | |
| 42. | વિશેષ અધિવેશન | 1923 | દિલ્હી | મૌલાના અબ્દુલકલામ આઝાદ | - સૌથી નાની ઉંમરના અધ્યક્ષ |
| 43. | ચાલીસમું અધિવેશન | 1924 | બેલગૉવ | મહાત્મા ગાંધીજી | - ગાંધીજી એક જ વખત અધ્યક્ષ બન્યા હતા. |
| 44. | એકતાલીસમું અધિવેશન | 1925 | કાનપુર | સરોજની નાયડૂ | - પ્રથમ ભારતીય મહિલા અધ્યક્ષ |
| 45. | બેતાલીસમું અધિવેશન | 1926 | ગોહાટી | શ્રીનિવાસ આયંગર | - સભ્યો માટે ખાદી વસ્ત્ર ફરજિયાત કરી દેવામાં આવ્યા. |
| 46. | તેતાલીસમું અધિવેશન | 1927 | મદ્રાસ | ડો.એમ.એ.અંસારી | - જવાહરલાલ નહેરૂના આગ્રહ પર પ્રથમ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | વખત **"સ્વતંત્રતા પ્રસ્તાવ"** પાસ કરવામાં આવ્યો. |
| 47. | ચૌમાલીસમું અધિવેશન | 1928 | કલકતા | પંડિત મોતીલાલ નેહરૂ | - પ્રથમ અખિલ ભારતીય યુવા કોંગ્રેસ |
| 48. | પિસ્તાલીસમું અધિવેશન | 1929 | લાહોર | પંડિત જવાહરલાલ નેહરૂ | - **"પૂર્ણ સ્વરાજ"**ની માંગ |
| 49. | છેતાલીસમું અધિવેશન | 1931 | કરાચી | સરદાર વલ્લભાઈ પટેલ | - **"મૂળ અધિકાર"** અને **"રાષ્ટ્રીય આર્થિક નીતિ"** પ્રસ્તાવ |
| 50. | સુડતાલીસમું અધિવેશન | 1932 | દિલ્હી | અમૃત રણછોડદાસ શેઠ | |
| 51. | અડતાલીસમું અધિવેશન | 1933 | કલકતા | શ્રીમતી નેલ્લી સેનગુપ્તા | |
| 52. | ઓગણપંચાસમું અધિવેશન | 1934 | મુંબઈ | ડો.રાજેન્દ્ર પ્રસાદ | - કોંગ્રેસ સોશલિસ્ટ પાર્ટીની સ્થાપના |
| 53. | પચાસમું અધિવેશન | 1936 | લખનો | પંડિત જવાહરલાલ નેહરૂ | |
| 54. | એકાવનમું અધિવેશન | 1937 | ફૈજપુર | પંડિત જવાહરલાલ નેહરૂ | - ગામડામાં આયોજિત પ્રથમ અધિવેશન |
| 55. | બાવનમું અધિવેશન | 1938 | હરિપુરા | સુભાષચંદ્ર બોઝ | |
| 56. | ત્તેપનમું અધિવેશન | 1939 | ત્રિપુરી | સુભાષચંદ્ર બોઝ | - બોસનું રાજીનામું, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અધ્યક્ષ બન્યા, બોસ ધ્વારા **"ફોરવર્ડ બ્લૉક"** ની સ્થાપના |
| 57. | ચોપ્પનમું અધિવેશન | 1940 | રામગઢ | મૌલાના અબ્દુલકલામ આઝાદ | |
| 58. | પંચાવનમું અધિવેશન | 1946 | મેરઠ | આચાર્ય જે.બી.કૃપાલાણી | - સ્વતંત્રતા અને ભાગલાના સમયે અધ્યક્ષ |
| 59. | વિશેષ અધિવેશન | 1947 | દિલ્હી | ડો.રાજેન્દ્ર પ્રસાદ | |
| 60. | છપ્પનમું અધિવેશન | 1948 | જયપુર | પટ્ટાલિ સીતારમય્યા | |
| 61. | સત્તાવનમું અધિવેશન | 1950 | નાસિક | પુરૂષોતમદાસ ટંડન | |

★★★★★

## પ્રકરણ-14 રાષ્ટ્રીય આંદોલનનો વિકાસ

→ રાષ્ટ્રીય આંદોલનનો વિકાસ મુખ્યત્વે ત્રણ ભાગોમાં થયો હતો -

(1) મવાળવાદી યુગ (ઉદારવાદી યુગ) - 1885 - 1905

(2) જહાલવાદી યુગ (ઉગ્રવાદી યુગ) -1906 - 1918

(3) ગાંધીવાદી યુગ - 1919 -1947

### 1. મવાળવાદી યુગ (ઉદારવાદી યુગ) - 1885-1905

→ 1885 થી 1905 સુધી ભારતીય રાષ્ટ્રીય આંદોલનમાં, કોંગ્રેસ ઉપર સંપૂર્ણ રીતે મવાળવાદીઓ (ઉદારવાદીઓ)નો પ્રભાવ રહ્યો હતો.

→ પ્રમુખ નેતા હતા - સુરેન્દ્રનાથ બેનરજી, દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મહેતા, ગોપાલકૃષ્ણ ગોખલે,મહાદેવ ગોવિદ રાનાડે, વ્યોમેશચંદ્ર બેનરજી, અને પંડિત મદન મોહન માલવીય વગેરે.

→ પ્રારંભમાં કોંગ્રેસની નીતિ ઠરાવો અને અરજી કરવાની હતી. દર વર્ષે જુદા-જુદા સ્થળે અધિવેશનો ભરાતાં, અંગ્રેજ સરકાર તરફ વફાદારી અને વિશ્વાસ જાહેર કરવામાં આવતાં અને વિનયપૂર્વક થોડા રાજકીય સુધારાની માંગણીઓ કરવામાં આવતી.

→ **મવાળવાદીઓ (ઉદારવાદીઓ)ની માંગણીઓ :**

- સિવિલ સર્વિસની પરીક્ષા ઈંગ્લેન્ડમાં જ લેવાતી તેને બદલે ઈંગ્લેન્ડ અને ભારત બન્ને સ્થળે લેવાવી જોઈએ.
- શિક્ષણનું મોટા પાયા પર વિસ્તરણ કરવું જોઈએ.
- ધારાસભાઓમાં ભારતના લોકોને વધારે પ્રતિનિધિત્વ મળવું જોઈએ તથા તેની સત્તાઓ વધારવી જોઈએ.
- સરકારી નોકરીઓમાં ભારતીયોને લેવા જોઈએ.
- લશ્કર પાછળ થતો ખર્ચ ઘટાડવો જોઈએ.
- વૉયસરૉયની કારોબારીમાં ભારતીયોને સ્થાન મળવું જોઈએ.
- હિન્દી વજીરની ઈન્ડિયા કાઉન્સિલ રદ્દ થવી જોઈએ.
- આર્મ્સ એક્ટ રદ્દ કરવો.
- ભારતીય વહીવટની તપાસ માટે **"રૉયલ કમીશન"** ની નિમણૂંક કરવામાં આવે.

→ મવાળવાદીઓ ધ્વારા ઈંગ્લેન્ડમાં વિવિધ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી -

(1) દાદાભાઈ નવરોજી ધ્વારા ઈ.સ. 1887 માં **"ભારતીય સુધારા સમિતિ"** (ઈન્ડિયન રિફોર્મ એસોસિએશન)ની સ્થાપના કરવામાં આવી.

(2) દાદાભાઈ નવરોજી ધ્વારા ઈ.સ. 1888 માં **"વિલિયમ ડિગ્વી"** ના અધ્યક્ષપણા હેઠળ **"ઈન્ડિયન એજન્સી"** ની સ્થાપના કરવામાં આવી.

(3) ઈ.સ. 1889 માં કોંગ્રેસની **"બ્રિટિશ સમિતિ"** બનાવવામાં આવી જેને **"ઈન્ડિયા"** નામની માસિક પત્રિકાને પ્રકાશિત કરી.

→ દાદાભાઈ નવરોજીને **"ગ્રાન્ડ ઓલ્ડ મેન ઑફ ઈન્ડિયા"** કહેવાય છે.

→ **"ધનના નિષ્કાસનનો સિદ્ધાંત"** દાદાભાઈ નવરોજી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

→ રમેશચન્દ્ર દત્તે ભારતના આર્થિક ઈતિહાસ પર પ્રથમ પુસ્તક **"Economic History of India"** લખી હતી.

→ સ્વદેશી આંદોલનના સમયે **"આચાર્ય પી. સી. રાય"** ધ્વારા **"બંગાળ કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ"** ની સ્થાપના કરવામાં આવી હતી.

→ મવાળવાદીઓના પ્રયાસોથી જ ઈ.સ. 1892 નો એક્ટ પાસ થયો હતો.

→ ઈટાલીના સુપ્રખ્યાત માકર્સવાદી ચિંતક **"અંતોનિયો ગ્રામશી"** એ કોંગ્રેસને **"આંદોલનનું મુખ્યાલય"** કહયું છે.

### 2. જહાલવાદી યુગ (1905-1919)

→ કોંગ્રેસના ઠરાવો પ્રત્યે સરકારની એકધારી ઉપેક્ષાથી કોંગ્રેસમાંના કેટલાંક લોકો અકળાવા લાગ્યા. આજીજી કર્યાથી કંઈ નહિં વળે, અંગ્રેજ લોકો તો નક્કર કાર્યોથી જ ઠેકાણે આવે. આમ કોંગ્રેસની નીતિમાં વધુ લડાયક જુસ્સો દાખલ કરવાની માંગણી કરવા લાગ્યા અને જહાલવાદીઓ અસ્તિત્વમાં આવ્યા.

→ ચાર પ્રમુખ કોંગ્રેસી નેતાઓ - બાળ ગંગાધર તિલક, લાલા લાજપતરાય, વિપિનચન્દ્ર પાલ અને અરવિંદ ઘોષ વગેરે જહાલવાદી નેતાઓ હતા.

→ **"સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે"** ની સૌપ્રથમ હાકલ કરનાર બાળ ગંગાધર તિલક હતા.

★ **બંગાળના ભાગલા અને સ્વદેશી આંદોલન**

→ ઈ.સ. 1899 માં લોર્ડ કર્ઝન ભારતના વાયસરૉય તરીકે આવ્યા.

→ બંગાળમાં રાષ્ટ્રીય ચેતનાને સમાપ્ત કરવાના ઉદ્દેશથી લોર્ડ કર્ઝને 20 જુલાઈ, 1905 ના રોજ બંગાળના ભાગલા પાડવાની જાહેરાત કરવામાં આવી. જે 16 ઓક્ટોબર, 1905 ના રોજથી અમલમાં આવી ગઈ.

→ લોર્ડ કર્ઝને પૂર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળ એમ બે પ્રાંતો બનાવવાનું નક્કી કર્યું. એમાં પૂર્વ બંગાળમાં મુસ્લિમોની બહુમતી હતી, જ્યારે પશ્ચિમ બંગાળમાં હિન્દુઓની બહુમતી હતી, જ્યારે પશ્ચિમ બંગાળમાં હિન્દુઓની બહુમતી હતી. સરકાર એવી દલીલ કરતી હતી કે બંગાળ પ્રાંત બહુ મોટો હોવાને લીધે તેનો વહીવટ સારી રીતે થઈ શકતો ન હતો. તેથી બંગાળના બે પ્રાંત કરવામાં આવ્યા. જ્યારે હકીકતમાં હિન્દુઓ અને મુસ્લિમોને જુદા પાડવા માટે જ બંગાળના ભાગલાં કરવામાં આવ્યા હતા.

→ બંગાળના ભાગલા રદ કરવા માટે હિંદવ્યાપી **''બંગભંગની ચળવળ''** શરૂ કરવામાં આવી હતી. આ બંગભંગની ચળવળે દેશમાં ઉગ્ર રાજકારણને જન્મ આપ્યો. ચારેય તરફ અસંતોષ, રોષ અને વિરોધનું વાતાવરણ હતું. બંગાળના ભાગલા રદ કરવા માટે લોકોએ 7 ઓગસ્ટ, 1905 ના રોજ મોટા પાયા પર **''સ્વદેશી આંદોલન''** શરૂ કર્યુ.

→ આ સ્વદેશી આંદોલનમાં વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરી સ્વદેશી વસ્તુઓ અપનાવવાની હતી. એ સાથે સરકારી સંસ્થાઓ, અદાલતો તેમજ અંગ્રેજ સરકારનો બહિષ્કાર કરવાનો હતો. આ આંદોલન બંગાળથી શરૂ થઈ પંજાબ, મુંબઈ, આંધ્રપ્રદેશ, મદ્રાસ વગેરેમાં ફેલાયું.

→ વિદેશી વસ્તુઓના બહિષ્કારની સૌપ્રથમ ભલામણ **''કૃષ્ણકુમારમિત્ર''**ના પત્ર **''સંજીવની''** માં આપવામાં આવી.

→ 16 ઓકટોબર, 1905 ના રોજ **''શોક દિવસ''** અને **''રક્ષાબંધન દિવસ''** ના રૂપે ઉજવવામાં આવ્યો.

→ સ્વદેશી આંદોલનના સમયે **''રવીન્દ્રનાથ ટાગોર''** એ **''આમાર સોનાર બાંગ્લા''** નામનું ગીત લખ્યું હતું જે 1971 માં બાંગ્લાદેશનું રાષ્ટ્રીય ગાન બન્યું.

→ સતીશચન્દ્ર મુખરજી અને અરવિંદ ઘોષ એ રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓની સ્થાપનામાં સહકાર આપ્યો. સતીશ ચન્દ્ર મુખરજીએ **''ડૉન સોસાયટી''** ની સ્થાપના કરી.

→ સ્વદેશી આંદોલનનું નેતૃત્વ

(1) મુંબઈ અને પૂણે - લોકમાન્ય તિલક
(2) પંજાબ અને ઉત્તરપ્રદેશ - અજીતસિંહ, લાલા લાજપતરાય
(3) દિલ્હી - સૈયદ હૈદર રાજા
(4) મદ્રાસ પ્રેસીડેન્સી - ચિંદમ્બરમ્ પિલ્લૈ

→ દાદાભાઈ નવરોજી પ્રથમ ભારતીય હતા, જેમણે ઈ.સ. 1906 માં કલકત્તાના કોંગ્રેસ અધિવેશનમાં **''સ્વરાજ્ય''** શબ્દનો પ્રયોગ કર્યો.

→ **''સ્વરાજ''** શબ્દનો પ્રથમ વખત પ્રયોગ **''દયાનંદ સરસ્વતી''** એ કર્યો.

→ સ્વદેશી આંદોલનના જાગરણ માટે સ્વયંસેવી સંસથાઓએ ખૂબ મદદ કરી. આ સંસ્થાઓએ આંદોલન માટે જનમત તૈયાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી. આમાં સૌથી મહત્વપૂર્ણ સંસ્થા હતી - **''સ્વદેશ બાંધવ સમિતિ''** બારીસાલના એક અધ્યાપક **''અશ્વિની કુમાર દત્ત''** ના નેતૃત્વમાં સ્વદેશ બાંધવ સમિતિની સ્થાપના થઈ હતી.

→ ગણપતિ મહોત્સવ અને શિવાજી મહોત્સવને લોકમાન્ય તિલકે ખૂબ જ પ્રખ્યાત બનાવ્યા અને તેના માધ્યમથી સ્વદેશી આંદોલનનું પ્રચાર-પ્રસાર કર્યુ.

→ **''સંધ્યા''** સમાચારપત્રના સંપાદક **''બ્રહ્માબંધુ ઉપાધ્યાય''** હતા.

→ ટાગોરના શાંતિનિકેતનની જેમ ઈ.સ. 1906 માં **''બંગાળ નેશનલ કૉલેજ''** ની સ્થાપના કરવામાં આવી જેના પ્રાચાર્ય **''અરવિંદ ઘોષ''** બન્યા હતા.

→ ઈ.સ. 1900 માં સ્થાપિત **''ભારતીય પ્રાચ્ય કલા સંસ્થા''** ની પ્રથમ સ્કોલરશીપ ભારતીય કલાના નિષ્ણાંત **''નંદલાલ બોસ''** ને મળી. વિજ્ઞાનના ક્ષેત્રમાં જગદીશચન્દ્ર બોઝ, પ્રફુલ્લચન્દ્ર રૉય વગેરેની ઉલ્લેખનીય સફળતાઓ, બહિષ્કાર સ્વદેશી આંદોલનને વધુ મજબૂત બનાવ્યો હતો.

★ **<u>મુસ્લિમ લીગની સ્થાપના (1906)</u>**

→ 1905 માં હિન્દુ-મુસ્લિમોએ સંગઠિત બનીને ઉગ્ર લડત આપી હતી. તેથી અંગ્રેજો મૂંઝવણમાં મુકાયા. એ પછી એમણે મુસ્લિમોને હિન્દુઓથી અલગ પાડવાની કપટભરી નીતિ અપનાવી.

→ 1 ઓક્ટોબર, 1906 ના રોજ આગા ખાનની અધ્યક્ષતામાં એક શિષ્ટમંડલ (પ્રતિનિધિમંડળ) ત્યારના વાયસરૉય **''લોર્ડ મિન્ટો''** ને **''શિમળા''** માં મળ્યું.

→ આ શિષ્ટમંડળે મુસ્લિમો માટે અલગ મતદારમંડળની માંગણી કરી. લોર્ડ મિન્ટો એ અંગે વિચારવાની ખાતરી આપી.

→ મુસ્લિમો માટે એક અલગ સંગઠન રચવાનું નક્કી કરવામાં આવ્યું અને 30 ડિસેમ્બર, 1906 ના રોજ ઢાકાના નવાબ **"સલીમુલ્લાહ ખાન"** અને **"આગા ખાન"** ના નેતૃત્વમાં ઢાકામાં **"મુસ્લિમ લીગ"** ની સ્થાપના કરી હતી.

→ મુસ્લિમ લીગે તેનું બંધારણ 1907 ના ડિસેમ્બરમાં કરાંચી મુકામે મળેલ બેઠકમાં મંજૂર કરવામાં આવ્યું, તેમાં નીચેનાં ધ્યેયો નક્કી કરાયા.

(1) મુસ્લિમોના રાજકીય હકોનું રક્ષણ કરવું.

(2) મુસ્લિમોમાં અંગ્રેજ સરકાર તરફ વફાદારીની ભાવના ઊભી કરવી.

→ મુસ્લિમ- લીગના પ્રથમ અધ્યક્ષ **"વકાર-ઉલ-મુલ્ક મુસ્તાક હુસૈન"** ને બનાવવામાં આવ્યા.

→ મોર્લે-મિન્ટો સુધારો (1909) માં મુસ્લિમ લીગની માંગણીઓ અંગ્રેજોએ સ્વીકારી લીધી. અલગ મતદારમંડળની મંજૂરી આપી. લોર્ડ મિન્ટોની હિન્દુ-મુસ્લિમોને અલગ પાડવાની નીતિથી હિન્દુસ્તાનની શાંતિ અને એકતામાં ચિનગારી ચાંપી.

★ **કોંગ્રેસમાં ભાગલા (1907)**

→ કોંગ્રેસના ભાગલા ઈ.સ. 1907 માં કોંગ્રેસના સૂરત અધિવેશનમાં થયા હતા.

→ કોંગ્રેસમાં ભાગલા પાડવાના કારણો નીચે મુજબ છે -

(1) જહાલવાદી આંદોલનકારી સ્વદેશી અને બહિષ્કાર આંદોલનને બંગાળ સુધી જ સીમિત ન રાખીને તેને દેશના અન્ય ભાગો સુધી પહોંચાડવા માંગતા હતા. જ્યારે મવાળવાદી આંદોલનકારી આ આંદોલનને બંગાળ સુધી જ સીમિત રાખવા માંગતા હતા.

(2) ઈ.સ. 1906 માં પ્રિન્સ ઑફ વેલ્સના ભારત આગમનના સમયે સ્વાગતથી સંબંધિત પ્રસ્તાવ હતો. જહાલવાદી (તિલક) ઈચ્છતા હતા કે સરકારની વિરૂદ્ધ શાંતિપૂર્ણ પ્રતિરોધ પ્રિન્સ ઑફ વેલ્સના ભારત આગમનના સમયે કરવામાં આવે જ્યારે મવાળવાદી આવું ઈચ્છતા ન હતા.

(3) ઈ.સ. 1900 ના કલકત્તા અધિવેશનમાં જહાલવાદીઓ તિલક અથવા લાલા લાજપતરાયને અધ્યક્ષ બનાવવા ઈચ્છતા હતા. પરન્તુ મવાળવાદીઓએ દાદાભાઈ નવરોજીને નિમંત્રણ આપ્યું, જેમનું જહાલવાદીઓ પણ આદર કરતા હતા. જહાલવાદીઓ માની તો ગયા પણ અસંતુષ્ટ હતા.

→ 1907 નું કોંગ્રેસ અધિવેશન નાગપુરમાં થવાનું હતું, પરન્તુ મવાળવાદી નેતાઓ ફિરોજશાહ મહેતા, દિનશા વાચા, ગોપાલકૃષ્ણ ગોખલેએ પોતાના વર્ચસ્વનો પ્રયોગ કરી અધિવેશનનું સ્થળ નાગપુરથી સૂરત પરિવર્તિત કરી દીધું. તેનું મૂળ કારણ (1) સ્વાગત સમિતિ ફિરોજશાહ મહેતાના પ્રભાવમાં હતી. (2) તિલક હવે કોંગ્રેસના અધ્યક્ષ ન બની શકે.

→ કોંગ્રેસના બંધારણમાં આ જોગવાઈ હતી કે કોંગ્રેસનો અધ્યક્ષ અધિવેશન બોલાવનાર પ્રાન્તનો ન હોવો જોઈએ. સૂરત મુંબઈ પ્રાન્તમાં હતું અને તિલક મુંબઈના હતા.

→ જહાલવાદીઓ હવે લાલાજીને અધ્યક્ષ બનાવવા ઈચ્છતા હતા પરન્તુ મવાળવાદીઓએ રાસબિહારી ઘોષને અધ્યક્ષ બનાવી દીધા.

→ અધિવેશનની શરૂઆતમાં તિલકે મંચ પર આવીને અધ્યક્ષની પસંદગીના સંબંધમાં બે શબ્દો કહેવા કહ્યું પરન્તુ તેમને બોલવાની પરવાનગી ન મળતા જહાલવાદીઓ ક્રોધે ભરાયા.

→ આમ, જહાલવાદીઓ અને મવાળવાદીઓ વચ્ચે મતભેદ થતાં તાપ્તીના કાંઠે આવેલ સૂરત અધિવેશનમાં કોંગ્રેસના ભાગલા થયા.

★ **દિલ્હી દરબાર**

→ બ્રિટિશ શાસનકાળમાં ઈ.સ. 1877-1911 માં કુલ ત્રણ વખત દિલ્હીમાં વિશાળ દરબારનું આયોજન કરવામાં આવ્યું, જે ઈતિહાસમાં **"દિલ્હી દરબાર"** ના નામે પ્રખ્યાત છે.

| ક્રમ | દિલ્હી દરબાર | વર્ષ | વાઈસરોય | ખાસિયત |
|---|---|---|---|---|
| 1. | પ્રથમ દિલ્હી દરબાર | 1877 | લોર્ડ લિટન | - મહારાણી વિકટોરિયાને ભારતની મહારાણી જાહેર કરી. |
| 2. | બીજું દિલ્હી દરબાર | 1903 | લોર્ડ કર્ઝન | - સમ્રાટ એડવર્ડ - સપ્તમની તાજપોશી કરવામાં આવી. |
| 3. | ત્રીજું દિલ્હી દરબાર | 1911 | લોર્ડ હાર્ડિંગ | - સમ્રાટ જ્યોર્જ-પંચમની તાજપોશી કરવામાં આવી.<br>- ભારતની રાજધાની કલકત્તાથી દિલ્હી પરિવર્તિત કરવામાં આવી.<br>- બંગાળના ભાગલા રદ્દ કરવામાં આવ્યા.<br>- બંગલા ભાષી ક્ષેત્રોને મળાવી એક અલગ પ્રાન્ત બનાવવામાં આવ્યો.<br>- ઓરિસ્સા અને બિહારને અલગ રાજ્ય બનાવવામાં આવ્યો. |

★ **અગત્યની માહિતી :**

→ બ્રિટિશ સરકારે સ્વદેશી આંદોલનમાં વિદ્યાર્થીઓની ભાગીદારી સમાપ્ત કરવા માટે 22 ઓકટોબર, 1905 ના રોજ કુખ્યાત **"કાર્લાઈલ સર્કુલર"** ને અમલમાં લાવવામાં આવ્યો. જેની અંદર શૈક્ષણિક સંસ્થાઓને આપવામાં આવતી ગ્રાન્ટ અને સ્કોલરશીપને રોકવામાં આવી હતી.

→ સ્વદેશી આંદોલનની દરમિયાન **"કૃષ્ણા કુમાર મિત્ર"** એ **"એન્ટી સર્કુલર સોસાયટી"** ની સ્થાપના કરી હતી. આ સોસાયટીએ પોતાના મુસલમાન કાર્યકર્તાઓની ભાવનાને ધ્યાનમાં રાખતા **"શિવાજી મહોત્સવ"**નો બહિષ્કાર કર્યો.

★ **મહારાષ્ટ્રમાં ક્રાંતિકારી આંદોલન**

→ ક્રાંતિકારી રાષ્ટ્રવાદીઓનો સૌથી પ્રથમ કેન્દ્ર મહારાષ્ટ્ર હતું.

→ 1893 માં ગણપતિ મહોત્સવ અને 1895 માં શિવાજી મહોત્સવ મનાવવામાં આવ્યો. (લોકમાન્ય તિલકે શરૂ કર્યા હતા)

→ સૌપ્રથમ 22 જૂન, 1897 ના રોજ પૂણેમાં પૂણે પ્લેગ કમિશનર **"મિ.રૈન્ડ"** અને તેના એક સહાયક **"લેફટનેંટ અયર્સ્ટ"** ની ચાપેકર બંધુઓ (બાલકૃષ્ણ ચાપેકર અને દામોદર ચાપેકર) એ હત્યા કરી દીધી હતી. આનું મુખ્ય કારણ પ્લેગના સમયે ભારતીયોની સાથે અમાનવીય વ્યવહાર હતો. ચાપેકર બંધુઓને ફાંસી આપી દેવામાં આવી.

→ સાવરકર બંધુઓએ ગણપતિ મહોત્સવ ઉજવવા માટે ઈ.સ. 1899 માં **"મિત્ર મેલા"** નામની એક સોસાયટી (સંસ્થા) ની સ્થાપના કરી, જેને ઈ.સ. 1906 માં એક ક્રાંતિકારી સંગઠનમાં બદલી દેવામાં આવી અને તેનું નામ **"અભિનવ ભારત"** રાખવામાં આવ્યું.

→ અભિનવ ભારત સંસ્થાના સભ્ય **"પી. એન. વાપટ"** બોંબ બનાવવાની કલા શીખવા માટે **"પેરિસ"** ગયા હતા.

→ ઈ.સ. 1909 માં **"મદનલાલ ઢીંગરા"** એ **"કર્નલ વિલિયમ કર્જન વાઈલી"** ની ગોળી મારી હત્યા કરી દીધી. કર્નલ વાઈલી ઈન્ડિયા ઑફિસમાં રાજનૈતિક સહાયક હતા. મદનલાલ ઢીંગરાને પકડીને ફાંસી આપી દેવામાં આવી હતી.

→ બાલ ગંગાધર તિલક પ્રથમ કોંગ્રેસી નેતા હતા, જેમણે દેશ માટે કેટલીય વાર જેલની યાત્રા કરી હતી.

→ મહારાષ્ટ્રમાં ક્રાંતિકારી આંદોલનના પ્રસારનો શ્રેય તિલકના સમાચારપત્ર **"કેસરી"** ને જાય છે.

→ વેલેન્ટાઈન શિરૉલે લોકમાન્ય તિલકને **"ભારતીય અંસતોષનો જનક"** કહયો હતો.

→ મહારાષ્ટ્રથી મહત્વપૂર્ણ ક્રાંતિકારી સમાચાર-પત્ર **"કાલ"** નું સંપાદન **"પરાંજ્યે"** એ કર્યુ હતું.

→ ઈ.સ. 1908 માં **"અનન્ત લક્ષ્મણ કાંહરે"** એ નાસિકના જીલ્લા મજિસ્ટ્રેડ **"જૈકસન"** ની હત્યા કરી દીધી. આ હત્યાકાંડથી જોડાયેલા લોકોની વિરૂધ્ધ **"નાસિક ષડ્યંત્ર કેસ"** નો મુકદમો ચલાવવામાં આવ્યો.

★ **બંગાળમાં ક્રાંતિકારી આંદોલન**

→ બંગાળ આતંકવાદી ક્રાંતિકારી આંદોલનનું કેન્દ્ર બિંદુ હતું.

→ બંગાળમાં ક્રાંતિકારી આંદોલનનું સૂત્રપાત **"ભદ્રલોક સમાજ"** એ કર્યું.

→ પી. મિત્રા, વારીન્દ્ર કુમાર ઘોષ અને ભૂપેન્દ્રનાથ દત્ત વગેરેના સહકારથી 1902 માં **"મિદનાપુર"** માં **"અનુશીલન સમિતિ"** ની રચના કરવામાં આવી હતી જેનો મુખ્ય હેતુ **"લોહીના બદલે લોહી"** હતું.

→ અનુશીલન સમિતિની 500 શાખાઓ ખોલવામાં આવી હતી. અનુશીલન સમિતિએ **"હેમચન્દ્ર"** ને રશિયન ક્રાંતિકારીઓથી બોંબ બનાવવાની કલા શીખવા માટે **"રશિયા"** મોકલ્યો.

→ ઈ.સ. 1902 માં જ **"પુલીનદાસ"** એ **"ઢાકા અનુશીલન સમિતિ"** ની સ્થાપના કરી હતી.

→ બંગાળમાં ક્રાંતિકારી વિચારધારાને **"બારીન્દ્ર કુમાર ઘોષ"** અને **"ભૂપેન્દ્ર નાથ દત્ત"** એ પસાર કર્યો. 1905 માં બારીન્દ્રકુમાર ઘોષ એ **"ભવાની મંદિર"** નામની પુસ્તિકા લખી, જેમાં ક્રાંતિકારી કાર્યોને સંગઠિત કરવા માટે કેન્દ્ર બનાવવા માટેની જાણકારી આપવામાં આવી હતી. 1906 માં આ બન્નેએ મળીને **"યુગાંતર"** નામનું સમાચાર-પત્રનું પ્રકાશન કર્યું.

→ પ્રફુલ્લ ચોકી અને ખુદીરામ બોસે 30 એપ્રિલ, 1908 ના રોજ મુજફ્ફરપુરના ન્યાયાધીશ **"કિંગ્સફોર્ડ"**ની હત્યાનો પ્રયાસ કર્યો પરન્તુ ભૂલથી બોંબ કેનેડીની ગાડી પર પડી ગયો, જેનાથી બે મહિલાઓની મૃત્યુ થઈ ગઈ. પ્રફુલ્લ ચાકી અને ખુદીરામ બોસ પકડી લેવામાં આવ્યા. પ્રફુલ્લ ચોકીએ આત્મહત્યા કરી લીધી અને ખુદીરામ બોસને 11 ઓગસ્ટ, 1908 ના રોજ ફાંસી આપી દેવામાં આવી.

→ ક્રાંતિકારીઓની આ પેઢીમાં બંગાળમાં **"હેમચંદ્ર કાનૂનગો"** સૌથી મહત્વપૂર્ણ વ્યક્તિ હતો. હેમચંદ્ર કાનૂનગો રશિયાથી બોંબ બનાવવાની તાલીમ પ્રાપ્ત કરી કલકત્તા સ્થિત **"મણિકતલ્લા"** માં બોંબ બનાવવાનું કારખાનું ખોલ્યું.

→ બંગાળના રાસબિહારી બોસ પંજાબ અને બંગાળના ક્રાંતિકારીઓની વચ્ચે પુલ (Bridge) નું કામ કરી રહયા હતા. આમની પ્રેરણાથી દિલ્હીમાં એક મોટી આતંકવાદી કાર્યવાહી કરવામાં આવી. 23 ડિસેમ્બર, 1912 ના રોજ રાસબિહારી બોસે દિલ્હીમાં વાઈસરૉય લોર્ડ હાર્ડિંગ પર બોંબ ફેકયો. તેમાં હાર્ડિંગ તો બચી ગયો. પરન્તુ તેનો મહાવત માર્યો ગયો. આ ઘટનાના સંદર્ભમાં 13 વ્યક્તિની ધરપકડ કરવામાં આવી. આમાં પ્રમુખ હતા - માસ્ટર અમીચન્દ્ર, દીનાનાથ, અવધબિહારી લાલ, બાલ મુંકુંદ, વસંતકુમાર વિશ્વાસ, હનુમંત સહાય અને બલરાજ. દીનાનાથ દબાણમાં આવીને સરકારી ગવાહ બની ગયા અને માસ્ટર અમીચન્દ્ર, અવધબિહારી, બાલ મુંકુંદ અને વસંત કુમાર વિશ્વાસને ફાંસી આપી દેવામાં આવી.

→ અજીતસિંહે લાહોરમાં **"અંજુમને-મોહિબ્બાને વતન"** નામની એક સંસ્થાની સ્થાપના કરી અને **"ભારત-માતા"** નામનું સમાચાર-પત્ર પ્રકાશિત કર્યું.

★ <u>વિદેશોમાં ક્રાંતિકારી આંદોલન</u>

→ ઈ.સ. 1902 માં સાવરકર બંધુઓ એ લંડનમાં **"અભિનવ ભારત"** ની સ્થાપના કરી હતી.

→ ઈ.સ. 1905 માં શ્યામજી કૃષ્ણ વર્માએ લંડનમાં **"ઈન્ડિયા હાઉસ"** અને **"હોમરૂલ સોસાયટી"** ની સ્થાપના કરી. તેમણે **"ઈન્ડિયન સોસિયોલૉજિસ્ટ"** નામનું સમાચાર-પત્રનુ પ્રકાશન શરૂ કર્યુ.

→ ફ્રાંસમાં **"એસ.આર. રાણા"** અને **"મૈડમ ભીખાજી કામા"** એ આતંકવાદી ગતિવિધિઓનું સંચાલન કર્યુ. પછી આનાથી શ્યામજી કૃષ્ણ વર્મા પણ જોડાઈ ગયા. અહીંયા મૈડમ કામાએ **"વંદેમાતરમ્"** નામનું સમાચાર-પત્ર નિકાળ્યું.

→ ઈ.સ. 1907 માં અમેરિકામાં **"રામનાથ પુરી"** એ **"સર્કુલર-એ-આઝાદી"** નામની પત્રિકા નિકાળી જેમાં સ્વદેશી આંદોલનનું સમર્થન કરવામાં આવ્યું હતું.

→ તારકનાથ દાસે કેનેડાના વૈકુંવરમાં **"સ્વદેશ સેવક ગૃહ"** ની સ્થાપના કરી અને **"ફ્રી હિન્દુસ્તાન"** નામનું સમાચાર-પત્રનું પ્રકાશન શરૂ કર્યુ. તેમણે **"ગુરૂમુખી"** ભાષામાં **"સ્વદેશ સેવક"** નામનું સમાચાર-પત્ર પણ નિકાળ્યું.

→ ઈ.સ. 1910 માં તારકનાથ દાસે કેનેડા સરકારના દબાણના કારણે અમેરિકામાં પોતાની ગતિવિધિઓ શરૂ કરી. અહીંયા જી. ડી. કુમારની સાથે મળીને **"સિએટલ"** માં **"યુનાઈટેડ ઈન્ડિયા હાઉસ"** ની સ્થાપના કરી હતી.

→ 1 નવેમ્બર, 1913 ના રોજ અનેક ભારતીયોએ **"લાલા હરદયાલ"** ના નેતૃત્વમાં **"સાનફ્રાંસિસ્કો"** (અમેરિકા)માં **"ગદર પાર્ટી"** ની સ્થાપના કરી, **"સોહનસિંહ ભકખના"** આના પ્રથમ અધ્યક્ષ, **"લાલા હરદયાલ"** આના

પ્રથમ મંત્રી (જનરલ સેક્રેટરી) અને **"કાશીરામ"** કોષાધ્યક્ષ ચૂંટવામાં આવ્યા હતા.

→ ગદર પાર્ટીથી કરતારસિંહ સરાભા, કાશીરામ પંડિત, ભાઈ પરમાનંદ અને હરનામસિંહ ટૂંડીલાટ પણ જોડાયેલા હતા.

→ સાનફ્રાંસિસ્કોમાં યુગાન્તર આશ્રમ નામથી ગદર પાર્ટીનું મુખ્યાલય બનાવવામાં આવ્યું. નવેમ્બર, 1913 માં ગદર પત્રિકાની શરૂઆત કરી. આ પત્રિકાનું પ્રકાશન અંગ્રેજી, ઊર્દૂ, ગુરૂમુખી, અને પશ્તો ભાષામાં કરવામાં આવતું હતું.

→ **"રાજા મહેન્દ્ર પ્રતાપ"** એ જર્મનીના સહકારથી અફઘાનિસ્તાનના કાબુલમાં ડિસેમ્બર, 1915 માં ભારતની પ્રથમ અને અસ્થાયી સરકારની સ્થાપના કરી હતી.

→ મૈડમ ભીખાજી કામાને **"Mother of Indian Revolution"** પણ કહેવાય છે.

→ ઈ.સ. 1907 માં સ્ટુટગાર્ડ (જર્મની) માં થવાવાળા **"બીજા આંતરરાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસ"** ના સમ્મેલનમાં મેડમ કામાએ ભારતીય પ્રતિનિધિના રૂપે ભાગ લીધો હતો. આ સમ્મેલનમાં કામાએ પ્રથમ વખત રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો હતો.

★ <u>**કામા ગાટા મારુ કાંડ (1914)**</u>

→ કામાગાટામારુ એક જહાજનું નામ હતું.

→ કેનેડા સરકારે ભારતીયોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો. તેમ છતાં ત્યાંની કોર્ટે 35 ભારતીયોને પ્રવેશ આપ્યો જે સીધા ભારતથી આવ્યા ન હતા.

→ તેથી સિંગાપુરના એક ભારતીય મૂળના વેપારી **"ગુરૂદત્ત સિંહે" "કામાગાટામારુ"** નામનું જહાજ ભાડે રાખીને 376 યાત્રીઓ સાથે કેનેડાના **"વૈકુંવર"** જવા નીકળ્યાં, પરન્તુ તે પહેલાં સરકારે પાછો પ્રતિબંધ મૂક્યો. પરિણામે વૈકુંવરમાં કામાગાટામારુને પોલીસે ઘેરાબંધી કરી કોઈ યાત્રીને ત્યાં ઉતરવા દીધાં નહિ.

→ યાત્રીઓને ન્યાય અપાવવા સોહનલાલ પાઠક, બલવંત સિંહ અને હુસૈન રહીમની આગેવાનીમાં **"શોર કમિટી"** ની સ્થાપના કરવામાં આવી તેમ છતાં કેનેડાએ નમતું જોખ્યું નહીં.

→ તેથી આ જહાજ વૈકુંવરથી નિકળીને કોલકાતા નજીક **"બજબજ બંદરે"** પહોંચ્યું ત્યાં અંગ્રેજ પોલીસે તેના પર હુમલો કર્યો જેમાં 18 યાત્રી મૃત્યુ પામ્યા અને 202 યાત્રીઓની અંગ્રેજોએ ધરપકડ કરી.

★ <u>**તાના ભગત આંદોલન (1914)**</u>

→ તાના ભગત આંદોલન બિહારમાં (વર્તમાન-ઝારખંડમાં) ઈ.સ. 1914 માં શરૂ કરવામાં આવ્યો હતો.

→ આ આંદોલનનું નેતૃત્વ **"જતરા ભગતે"** કર્યું હતું.

→ આ આદિવાસીઓનું પ્રથમ આંદોલન હતું, જેમાં સત્યાગ્રહને મહત્વ આપવામાં આવ્યું.

→ આ આંદોલનની શરૂઆત મહેસૂલ વેરા (ભૂ-રાજસ્વ) માં વધારો અને ચોકીદારી વેરાની વિરૂદ્ધ કરવામાં આવી હતી.

★ <u>**પ્રથમ વિશ્વ યુદ્ધ (1914)**</u>

→ પ્રથમ વિશ્વયુદ્ધ જુલાઈ, 1914 માં શરૂ થયું હતું.

→ આ પ્રથમ વિશ્વયુદ્ધમાં એક બાજુ ઈટાલી, જર્મની, આસ્ટ્રિયા, હંગરી અને ટર્કી તથા બીજી બાજુ બ્રિટન, ફ્રાંસ, રશિયા અને જાપાન હતું.

→ જ્યારે પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું તે સમયે કોંગ્રેસ સંપૂર્ણપણે ગોપાલ કૃષ્ણ ગોખલે (મવાળવાદીઓ)ના નેતૃત્વમાં હતી.

→ કોંગ્રેસ અને લગભગ બધા પક્ષોએ સરકારને આ યુદ્ધમાં આ આશ્વાસન પર સહકાર આપવું સ્વીકાર કર્યુ કે યુદ્ધની સમાપ્તિ પર ભારતીયોની માંગો પર પૂર્ણ ધ્યાન આપવામાં આવશે.

★ <u>**હોમરૂલ લીગ આંદોલન**</u>

→ હોમરૂલ આંદોલન ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ઈતિહાસમાં પ્રથમ અખિલ ભારતીય જન આંદોલન હતો, જેનું નેતૃત્વ લોકમાન્ય તિલક અને શ્રીમતી એની બેસન્ટ ધ્વારા કરવામાં આવ્યું.

→ હોમરૂલનો અર્થ સ્વશાસન અથવા સ્વરાજ થાય છે. સ્વદેશી આંદોલનના નેતા અરવિંદ ઘોષ સન્યાસ લઈને પોંડિચેરીમાં આધ્યાત્મિક જીવન વીતાવતા હતા. લાલા લાજપતરાય ત્યારે અમેરિકામાં ચાલ્યા ગયા હતા. બાળ ગંગાધર તિલક જયારે 6 વર્ષની સજા પછી જેલમાંથી છૂટ્યા

ત્યારે સમગ્ર દેશ શાંત જણાતો હતો. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પણ વિભાજિત થઈને ભાંગી પડી હતી.

★ **<u>લોકમાન્ય તિલકની હોમરૂલ લીગ</u>**

→ ઉપર આપેલ પૂર્વ ભૂમિકા જોઈને કોંગ્રેસને ધમધમતી કરવા અને ફરી દેશમાં સ્વરાજ ચળવળ માટે જાગૃતિ લાવવાના હેતુથી લોકમાન્ય તિલકે **''હોમરૂલ લીગ''** શરૂ કરી.

→ બાલ ગંગાધર તિલકે ભારતમાં સૌપ્રથમ હોમરૂલ લીગની સ્થાપના 28 એપ્રિલ, 1916 ના રોજ **''બેલગામ''** (પૂણે)માં કરી હતી.

→ **''જોસેફ બેપટિસ્ટો''** ને અધ્યક્ષ બનાવવામાં આવ્યા.

→ **''એન. સી. કેળકર''** ને સચિવ બનાવવામાં આવ્યા.

→ તિલકે અંગ્રેજી ભાષામાં **''મરાઠા''** અને મરાઠી ભાષામાં **''કેસરી''** નામના સમાચાર-પત્ર દ્વારા હોમરૂલ લીગનું પ્રચારનું કામ કર્યું.

→ તિલકની હોમરૂલની લીગની કુલ 6 મુખ્ય શાખાઓ હતી.

→ તિલકની હોમરૂલની અન્તર્ગત કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્યપ્રાંત અને બરાર સામેલ હતા.

→ **''પૂણે''** ને હોમરૂલ લીગના આંદોલનનો કેન્દ્રીય મુખ્યાલય બનાવવામાં આવ્યો.

→ તિલકની જ્યારે ધરપકડ કરી ત્યારે **''મોહમ્મદ અલી જિન્ના''** તેમના વકીલ હતા.

★ **<u>એની બેસન્ટની હોમરૂલ લીગ</u>**

→ એની બેસન્ટે આયરલેન્ડના હોમરૂલ લીગની સમાન સ્વતંત્રતા માટે રાજનૈતિક આંદોલન ચલાવવાની યોજના બનાવી હતી.

→ શ્રીમતી એની બેસન્ટે અલગથી તિલકની હોમરૂલ લીગના 5 મહિના પછી સપ્ટેમ્બર, 1916 માં **''મદ્રાસ''** માં **''નેશનલ હોમરૂલ લીગ''** ની સ્થાપના કરી.

→ આ હોમરૂલ લીગના સચિવ - **''જ્યોર્જ અરૂડેલ''**, મહાસચિવ- **''રામાસ્વામી અય્યર''** (પ્રખ્યાત વકીલ) અને કોષાધ્યક્ષ - **''વી. પી. વાડિયા''** ને બનાવવામાં આવ્યા.

→ લોકમાન્ય તિલકની હોમરૂલ લીગના કાર્યક્ષેત્ર સિવાયનો દેશનો સમગ્ર પ્રદેશ એની બેસન્ટની હોમરૂલ લીગનો હતો.

→ હોમરૂલ લીગને અખિલ ભારતીય સ્વરૂપ એની બેસન્ટે આપ્યું હતું.

→ એની બેસન્ટે **''ન્યૂ ઈન્ડિયા''** અને **''કૉમનવીલ''** નામના સમાચારપત્ર ધ્વારા હોમરૂલ લીગનું પ્રચાર-પ્રસારનું કામ કર્યું.

→ આ હોમરૂલ લીગનો મુખ્યાલય મદ્રાસની નજીક **''અડયાર''** માં બનાવવામાં આવ્યો.

→ લોકમાન્ય તિલક અને એની બેસન્ટની હોમરૂલ લીગ કોંગ્રેસના બન્ને પક્ષો (જહાલવાદી અને મવાળવાદી) વચ્ચે તથા મુસ્લિમ લીગ પણ એક થઈ ગઈ.

→ એની બેસન્ટના હોમરૂલ લીગની શાખાઓ મુંબઈ, અમદાવાદ, સૂરત, નડિયાદ સુધી વિસ્તરેલી હતી.

→ ગુજરાતમાં હોમરૂલ લીગનું કાર્ય કનૈયાલાલ મુન્શી, મોહમ્મદ અલી જિન્ના, મનસુખભાઈ માસ્ટર, વિઠ્ઠલભાઈ પટેલ, ઉમર સોબાની વગેરેએ સંભાળ્યું હતું.

→ આ ચળવળને **''દાદાભાઈ નવરોજી''** નો ટેકો હતો.

→ ઈન્દુલાલ યાજ્ઞિકે **''ભારતીય સેવક સમાજ''** છોડીને હોમરૂલ લીગની ચળવળમાં ઝંપલાવ્યું.

→ એની બેસન્ટની ધરપકડ કરવામાં આવી અને ત્રણ માસ પછી જેલ મુક્તિ થઈ.

→ ઈ.સ. 1917 માં એની બેસન્ટ કોંગ્રેસના પ્રમુખ બની ગયા તેથી હોમરૂલ લીગ આંદોલન થોડું ઢીલું પડી ગયું.

→ ઈ.સ. 1918 માં એની બેસન્ટ અને લોકમાન્ય તિલક વચ્ચે મોટેગ્યુ સુધારો સ્વીકારવાના પ્રશ્ને મતભેદ થયાં અને તિલકે **''સ્ત્રીણાં રોદનં બલં''** એવી એની બેસન્ટની જાહેરમાં ટીકા કરી.

→ આ ચળવળથી પ્રથમવાર લોકોમાં જુસ્સો ઉત્પન્ન થયો હતો પરન્તુ તિલક નિરાશ થતાં આંદોલન ઢીલું પડ્યું હતું.

→ હોમરૂલ લીગ આંદોલન ઈ.સ. 1916 થી 1918-19 સુધી ચાલ્યું.

★ **<u>લખનૌ કરાર (1916)</u>**

→ ઈ.સ. 1916 માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું અધિવેશન **''શ્રી અંબિકા ચરણ મજુમદાર''** ની અધ્યક્ષતામાં **''લખનૌ''** માં મળ્યું.

→ આ લખનૌ અધિવેશનમાં કોંગ્રેસ અને મુસ્લિમ લીગની વચ્ચે મહત્વપૂર્ણ કરાર થયો, જેને **''લખનૌ કરાર''** (લખનૌ પૈકટ) કહેવાય છે.

→ આ લખનૌ અધિવેશનમાં એક બીજી મહત્વપૂર્ણ બાબત એ હતી કે 1907 ના સૂરત અધિવેશનમાં થયેલ કોંગ્રેસના ભાગલા (જહાલવાદી અને મવાળવાદી) ફરી એક થયા અને જહાલવાદીઓને કોંગ્રેસમાં ફરી પ્રવેશ આપવામાં આવ્યો.

→ આ જહાલવાદીઓ અને મવાળવાદીઓને એક કરવામાં એની બેસન્ટ અને લોકમાન્ય તિલકનો મુખ્ય ફાળો હતો.

→ આ અધિવેશનમાં મોહમ્મદ અલી ઝીણાએ પ્રથમ વખત ભાગ લીધો હતો.

→ લખનૌ કરાર ધ્વારા કોંગ્રેસ પ્રથમ વખત મુસલમાનો માટે અલગ મતદાર મંડલની માંગ ઔપચારિક રૂપે સ્વીકારી લીધી, જે ભવિષ્યમાં એક મોટી ભૂલ સાબિત થઈ.

★ **<u>અન્ય ફેક્ટ્સ :</u>**

→ ગોપાલ કૃષ્ણ ગોખલે ધ્વારા સ્થાપિત **''સર્વેન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટી''** ના સભ્યોને હોમરૂલ લીગમાં પ્રવેશ કરવાની પરવાનગી ન હતી.

→ ઈ.સ. 1918 માં સુરેન્દ્રનાથ બેનરજીએ કોંગ્રેસથી જુદા થઈને **''અખિલ ભારતીય ઉદારવાદી સંઘ''** ની સ્થાપના કરી હતી.

★★★★★

## <u>પ્રકરણ-15 ગાંધીવાદી યુગ (1919-1947)</u>

★ **<u>મહાત્મા ગાંધીજી :</u>**

→ મૂળનામ - મોહનદાસ કરમચન્દ્ર ગાંધી

→ જન્મ - પોરબંદર, 2 ઓકટોબર, 1869

→ પત્ની - કસ્તૂરબા

→ માતા - પૂતળી બાઈ

→ દક્ષિણ આફ્રિકાના એક ગુજરાતી વેપારી **''દાદા અબ્દુલ્લા''**નો મુકદમો લડવા માટે ઈ.સ. 1893 માં દક્ષિણ આફ્રિકા ગયા હતા.

→ દક્ષિણ આફ્રિકામાં તેમને જાણવા મળ્યું કે ભારતીયોને સરાસર અન્યાય થતો હતો અને તેમની પ્રત્યે સરકારનું વલણ ધૃણાત્મક હતું. માત્ર મુકદમો લડીને પાછા ફરનારા ગાંધીજી આફ્રિકામાં રોકાઈ ગયા. ભારતીયોને થતાં અન્યાય સામે તેઓ 21 વર્ષ સુધી લડ્યા અને ભારતીયોને સામાજિક ન્યાય મળે તે માટે ઘણાં અપમાન સહન કર્યા, દુઃખ વેઠ્યાં.

→ દક્ષિણ આફ્રિકાની આ પરિસ્થિતિઓના કારણે વિવિધ ધર્મ, સંપ્રદાય અને વર્ગોના લોકો આ અત્યાચારની વિરૂધ્ધ ભેગા થયાં. આ એકતાના આધારે ગાંધીજીના વ્યક્તિત્વમાં અખિલ ભારતીય એકતાની વિચારધારાનો મજબૂત પાયો નંખાયો.

→ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ પોતાની વિચારધારાને પ્રચારિત અને પ્રસારિત કરવા માટે **''ફીનિક્સ સેટલમેન્ટ''** અને **''ટૉલ્સટૉય ફાર્મ''** ની સ્થાપના કરી હતી. જેમાં પોતાના કાર્યકર્તાઓને અનુશાસનની સાથે સજગતાની તાલીમ આપવામાં આવતી હતી જેથી તે અહિંસક સત્યાગ્રહીઓના રૂપે વિકસિત થઈ શકે.

→ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહના માર્ગે શરૂ થયેલી આ લડતની પૂર્ણાહુતિ કરીને તેઓ જાન્યુઆરી, 1915 માં ભારતના મુંબઈ બંદરે ઉતર્યા હતા.

→ ગાંધીજીના રાજનૈતિક ગુરુ **''ગોપાલ કૃષ્ણ ગોખલે''** હતા.

→ ઈ.સ. 1915 માં અંગ્રેજ સરકારે **''કેસર - એ - હિન્દ''** ની ઉપાધિથી મહાત્મા ગાંધીને સન્માનિત કર્યા.

→ ઈ.સ. 1916 માં ગાંધીજીએ અમદાવાદમાં **''સાબરમતી આશ્રમ''**ની સ્થાપના કરી હતી.

→ રાજનૈતિક ક્ષેત્રમાં તેમનું સૌપ્રથમ મહત્વપૂર્ણ કાર્ય અંગ્રેજોના ઉપનિવેશોની મદદ માટે ભારતીય મજૂરોની ભરતી કરવા જેવી ધૃણિત **"ગિરમિટિયા પ્રથા"** ની વિરૂધ્ધ અવાજ ઉઠાવ્યો અને તેને સમ્પૂર્ણ રીતે સમાપ્ત કરી દીધી હતી.

★ **ચંપારણ સત્યાગ્રહ (1917)**

→ ગાંધીજીએ **"સત્યાગ્રહ"** નો સૌપ્રથમ પ્રયોગ દક્ષિણ આફ્રિકામાં કર્યો. ભારતમાં સત્યાગ્રહનો પ્રથમ પ્રયોગ ઈ.સ. 1917 માં ચંપારણ (બિહાર)માં કર્યો હતો.

→ ઈ.સ. 1917 માં ચંપારણના ખેડૂત નેતા **"રાજકુમાર શુક્લ"** એ ચંપારણ સત્યાગ્રહનું નેતૃત્વ કરવા માટે નિમંત્રણ આપ્યું જે ગાંધીજીએ સ્વીકાર્યું.

→ ચંપારણમાં નીલ (ગળી) ની ખેતી કરનાર ખેડૂતો પર **"તીનકઠિયા પદ્ધતિ"**નામની અંગ્રેજોએ અન્યાયભરી કરપ્રણાલી અમલમાં મૂકી.

→ આ પદ્ધતિમાં 3/20 ભાગમાં નીલ (ગળી) ખેતી કરવું ફરજિયાત હતું.

→ આ આંદોલનમાં ગાંધીજી સાથે રાજેન્દ્ર પ્રસાદ, જે. બી. કૃપણાલી, મહાદેવ દેસાઈ, મજહરૂલ હક વગેરે હતા.

→ ચંપારણ આંદોલન પછી સરકારે તપાસ કમિટી રચી જેમાં ગાંધીજી પણ સભ્ય હતા. અંતમાં ખેડૂતોની સમસ્યાનો નિકાલ આવ્યો અને સવિનય કાનૂન ભંગની પ્રથમ લડાઈ ગાંધીજીએ જીતી લીધી.

→ ચંપારણ સત્યાગ્રહ દરમિયાન ગાંધીજીના કુશલ નેતૃત્વથી પ્રભાવિત થઈને **"રવિન્દ્રનાથ ટાગોર"** એ ગાંધીજીને **"મહાત્મા"** ની ઉપાધિ પ્રદાન કરી.

★ **અમદાવાદ મિલ હડતાલ (1918)**

→ મિલ માલિકો અને મજૂરોમાં **"પ્લેગ બોનસ"** લઈને તકરાર હતી. પ્લેગનો પ્રકોપ સમાપ્ત થયા પછી મિલ-માલિક આને સમાપ્ત કરવા માંગતા હતા, જ્યારે મજૂર આને ચાલુ રાખવાની માંગ કરી રહયા હતા. મજૂરોનો તર્ક હતો કે તેમને વગર બોનસ જે રકમ મળી રહી છે, તે આ મોંઘવારીમાં ખૂબ જ ઓછી છે.

→ ગાંધીજીએ આ મામલાને એક ટ્રિબ્યૂનલને સોંપવા રાજી કરી લીધા, પરન્તુ પછી માલિકોએ હડતાલનું બહાનું બનાવીને પોતાને આનાથી અલગ કરી લીધા. માલિકોએ 20% બોનસની ઘોષણા કરી અને આ ધમકી આપી કે જે મજૂર આને સ્વીકાર ન કરે, તેને નોકરીથી નિકાળી દેવામાં આવશે.

→ ગાંધીજીએ ઘોષણા કરી કે મજૂરોને 35 ટકા બોનસ મળવું જોઈએ હડતાલ શરૂ થઈ. મજૂરોનો ઉત્સાહ વધારવા અને સંઘર્ષ તેજ કરવા માટે ગાંધીજી પોતે ઉપવાસ (અનશન) પર બેઠા.

→ આ આંદોલનમાં જ સૌપ્રથમ ગાંધીજી ભૂખ-હડતાલ (અનશન) પર બેઠા હતા.

→ ગાંધીજીના ભૂખ-હડતાલના કારણે માલિકો આ મામલાને ટ્રિબ્યુનલને સોંપવા રાજી થઈ ગયા. ટ્રિબ્યૂનલે 35% બોનસ આપવાનો નિર્ણય કર્યો.

→ અંબાલાલ સારાભાઈની બેન **"અનસૂયાબેન"** આ સંઘર્ષ (આંદોલન) માં ગાંધીજીની સાથે હતા.

→ સત્યાગ્રહના આ પ્રારંભિક પ્રયોગોએ ગાંધીજીને સામાન્ય જનતાથી નિકટતા વધારી દીધી જેમાં ગ્રામીણ ક્ષેત્રોના ખેડૂતો પણ હતા અને શહેરી ક્ષેત્રોના મજૂર પણ.

★ **મોંટેગ્યૂ ઘોષણા (1917)**

→ 20 ઓગસ્ટ, 1917 ના રોજ બ્રિટનની પાર્લામેન્ટમાં ભારત સચિવ મોંટેગ્યૂ એ એક પ્રસ્તાવ પસાર કર્યો, જે **"ઓગસ્ટ ઘોષણા"** અથવા **"મોંટેગ્યૂ ઘોષણા"** કહેવાય છે.

→ આ પ્રસ્તાવ પ્રમાણે ભારતમાં વહીવટની દરેક શાખામાં ભારતીયોને વધુ પ્રતિનિધિત્વ આપવાની જોગવાઈ હતી.

★ **ખેડા સત્યાગ્રહ (1918)**

→ ઈ.સ. 1918 નો ખેડા સત્યાગ્રહ ગાંધીજી ધ્વારા ચલાવાયેલો ત્રીજો સત્યાગ્રહ હતો.

→ ઈ.સ. 1917 માં ખેડા જીલ્લામાં અતિવૃષ્ટિ થઈ અને પાક નિષ્ફળ ગયો, આવા સમયે તેલ, લોખંડ, કપડા, મીઠું વગેરે વસ્તુઓ મોંઘી થઈ ગઈ. આમ હોવા છતાં અંગ્રેજ અધિકારીઓ પાકની અંદાજે વધુ આકારણી કરીને વધુ મહેસૂલ વસૂલ કરવા લાગ્યા હતા. જ્યારે મહેસૂલ કાયદામાં એવી જોગવાઈ હતી કે સામાન્ય ઉત્પાદનથી 25% પાક ઓછો થાય તો મહેસૂલ માફ કરવામાં આવશે.

→ ગુજરાતના બે વકીલો **"જે. કે. પારેખ"** અને **"વિઠ્ઠલભાઈ પટેલ"** એ સમય વિસ્તારનું સર્વે કરીને 25% થી વધુ પાક નિષ્ફળ ગયો હોવાનો રિપોર્ટ ત્યાંના કલેકટરને આપ્યો.

→ ગાંધીજીએ સરકારને રજૂઆત કરી પરંતુ તેની કોઈ અસર ન થતાં 22 માર્ચ, 1918 ના રોજ નડિયાદની સભાથી ખેડા સત્યાગ્રહની શરૂઆત થઈ.

→ આ સત્યાગ્રહમાં ઈન્દુલાલ યાજ્ઞિક, વિઠ્ઠલભાઈ પટેલ, અનસૂયાબેન સારાભાઈએ ગાંધીજીની મદદ કરી હતી.

→ આ લડતમાં શ્રી વલ્લભભાઈ પટેલ ગાંધીજી તરફ પ્રેરાયા અને વકીલાત છોડીને લોકોની સેવા કરવાનું નક્કી કર્યું.

→ આ સત્યાગ્રહના પરિણામ સ્વરૂપ સરકારે એવો આદેશ આપ્યો કે લગાન એવા ખેડૂતો પાસેથી જ લેવામાં આવે કે જેની આપવાની સક્ષમતા હોય અને ગાંધીજીએ સત્યાગ્રહ સમેટી લીધું.

★ **<u>રોલેટ એક્ટ (1919)</u>**

→ 17 માર્ચ, 1919 ના રોજ અંગ્રેજ સરકારે **''રોલેટ એક્ટ''** પસાર કર્યો. જેમાં ભારતમાં શરૂ થઈ રહેલી ક્રાંતિકારી પ્રવૃત્તિઓને ઊગતા ડામી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં **''કોઈ અપિલ નહીં, કોઈ દલીલ નહિ અને કોઈ વકીલ નહિં.''** એવી જોગવાઈ કરવામાં આવી હતી.

→ 10 સપ્ટેમ્બર, 1917 ના રોજ બ્રિટિશ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ **''સિડની રોલેટ''** ની અધ્યક્ષતામાં ગઠિત કરવામાં આવ્યો હતો.

→ રોલેટ એક્ટને **''કાળો કાયદો''** તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ આ કાયદા મુજબ કોઈપણ આરોપ વિના ગમે તે માણસની ધરપકડ કરવાની અને તેને દેશનિકાલ કરવાની સત્તા સરકારને આપવામાં આવી હતી.

→ સુરેન્દ્રનાથ બેનરજી, તેજબહાદુર સપ્રૂ, શ્રીમતી એની બેસન્ટ વગેરે કેટલાંક મોટા નેતાઓ ગાંધીજીનો વિરોધ કર્યો હતો, જ્યારે બીજી બાજુ મુસ્લિમ લીગે ગાંધીજીને સમર્થન આપ્યું અને મોહમ્મદ અલી ઝીણા, જમનાલાલ, શંકરલાલ બેંકર વગેરે ગાંધીજીની પડખે રહયા હતા.

→ ગાંધીજીએ આ કાયદાની વિરોધમાં સત્યાગ્રહ આંદોલનનો પ્રસ્તાવ કોંગ્રેસમાં પસાર કરાવ્યો હતો.

★ <u>જલિયાંવાલા બાગ હત્યાકાંડ (1919)</u>

→ રોલેટ એક્ટના વિરોધમાં યોજાયેલા પ્રદર્શનમાં પંજાબના લોકપ્રિય નેતા **''સૈફુદીન કિચલુ''** અને **''સત્યપાલ''**ની ધરપકડ કરી હતી.

→ આ ધરપકડના વિરોધમાં 13 એપ્રિલ, 1919 ના રોજ અમૃતસરમાં વૈશાખીના દિવસે જલિયાવાલા બાગમાં એક સભા ભરાઈ.

→ આ સભા પર ખબર આપ્યા વિના **''જનરલ ડાયરે''** ગોળીબાર શરૂ કરી દીધો. જેમાં સેંકડો લોકો માર્યા ગયા અને હજારો લોકો ઘાયલ થયા હતા.

→ આ હત્યાકાંડમાં **''હંસરાજ''** નામના ભારતીય એ જનરલ ડાયરની મદદ કરી હતી.

→ આ હત્યાકાંડના વિરોધમાં વાઈસરૉય ની કાર્યકારિણીના સભ્ય **''શંકરન નાયર''** એ રાજીનામું આપી દીધું હતું.

→ આ હત્યાકાંડના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ **''કેસર-એ-હિન્દ''** ની ઉપાધિ, જમનાલાલ બજાજે **''રાય - બહાદુર''** ની ઉપાધિ અને રવીન્દ્રનાથ ટાગોર એ **''નાઈટહૂડ''** ની ઉપાધિ (ખિતાબ) પાછો આપી દીધો.

→ દીનબંધુ સી એફ એન્ડ્રૂઝ એ આ હત્યાકાંડને જાણીજોઈને આયોજનથી કરેલ હત્યા કહયું હતું.

★ **<u>હન્ટર કમિટી (1919)</u>**

→ જલિયાંવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે સંપૂર્ણ દેશમાં ચાલી રહેલ જબરદસ્ત વિરોધને જોતાં સરકારે મજબૂરીમાં 1 ઓકટોબર, 1919 ના રોજ **''લોર્ડ હન્ટર''** ની અધ્યક્ષતામાં એક કમિટીની સ્થાપના કરવામાં આવી હતી.

→ આ કમિટીમાં 5 અંગ્રેજ સભ્યો લોર્ડ હન્ટર, જસ્ટિન રૈકિન, રાઈસ, મેજર જનરલ સર જયોર્જ બેરો અને સર ટૉમસ સ્મિથ અને ત્રણ ભારતીય સભ્યો **''સર ચીમનલાલ શીતલવાડ''**, **''સાહેબઝાદા સુલ્તાન અહમદ''** અને **''જગત નારાયણ''** હતા.

→ હન્ટર કમિટીએ માર્ચ, 1920 માં પોતાની રિપોર્ટ રજૂ કરી જેમાં ફકત જનરલ ડાયરને બચાવવાના પ્રયાસ થયા પરન્તુ તેમને નોકરીથી હટાવી દેવામાં આવ્યા.

→ બ્રિટિશ સમાચાર-પત્રોએ જનરલ ડાયરને **''બ્રિટિશ સામ્રાજ્યનો રક્ષક''**, લોર્ડ સભાએ તેને **''બ્રિટિશ સામ્રાજ્યનો**

**વાઘ''** અને સરકારે તેની સેવાઓ માટે તેને **''માનની તલવાર''** નો ખિતાબ પ્રદાન કર્યો.

→ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ એ જલિયાંવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે **''મદન મોહન માવલીય''** ના નેતૃત્વમાં એક કમીશનની રચના કરી, જેના અન્ય સભ્યોમાં **''મોતીલાલ નેહરૂ''** અને **''ગાંધીજી''** હતા.

→ કાંગ્રેસ ધ્વારા નિયુક્ત તપાસ કમિટી (કમીશન) એ પોતાની રિપોર્ટમાં અધિકારીઓની સખ્ત ટીકા કરી અને માંગ કરી કે દોષીઓની વિરૂધ્ધ સખ્ત કાર્યવાહી અને મૃતકોના આશ્રિતોને આર્થિક મદદ પ્રદાન કરવામાં આવે, પરંતુ આ સંબંધમાં સરકારના તરફથી કોઈપણ પ્રતિક્રિયા ન મળતાં ગાંધીજીએ અસહકાર આંદોલન શરૂ કરવાનું વિચાર્યુ.

★ **<u>ખિલાફત આંદોલન</u>**

→ ખિલાફત આંદોલન ભારતીય મુસલમાનોનો મિત્ર રાષ્ટ્રોની વિરૂદ્ધ ખાસ કરીને બ્રિટેનની વિરૂધ્ધ તૂર્કીના ખલીફાના સમર્થનમાં આંદોલન હતું.

→ પ્રથમ વિશ્વયુદ્ધમાં ભારતીય મુસલમાનોએ એટલા માટે સરકારને મદદ કરી હતી કે યુદ્ધની સમાપ્તિ પછી (તુર્કી) સામ્રાજયને અંગ્રેજો ધ્વારા હેરાનગતિ કરવામાં નહિં આવે.

→ તે વખતે ઈસ્લામના ખલીફા તરીકે (તુર્કી)ના સુલ્તાન કહેવાતા હતા. પરન્તુ પ્રથમ વિશ્વયુદ્ધ પછી **''વર્સેલ્સની સંધિ''** ની જોગવાઈના પ્રમાણે (તુર્કી)માં **''ખલીફા''** નું પદ સમાપ્ત કરી દેવામાં આવ્યું.

→ પરિણામસ્વરૂપ ભારતીય મુસલમાનો નિરાશ થયા અને અંગ્રેજો વિરૂધ્ધ આંદોલન કરવા તત્પર થયાં. અલી બંધુ (મોહમ્મદ અલી અને શૌકત અલી), મૌલાના અબુલ કલામ આઝાદ, મૌલાના અલ હસન, ડૉ. અન્સારી, હકીમ અજમલ ખાન વગેરે ખલીફાના સમર્થકો હતા.

→ 17 ઓકટોબર, 1919 ના રોજ અખિલ ભારતીય સ્તર પર **''ખિલાફત દિવસ''** ઉજવવામાં આવ્યો હતો.

→ 23 નવેમ્બર, 1919 ના રોજ **''અખિલ ભારતીય ખિલાફત કમિટી''** એ દિલ્હીમાં સમ્મેલન યોજ્યું, જેની અધ્યક્ષતા મહાત્મા ગાંધીજીએ કરી હતી.

→ **''અખિલ ભારતીય ખિલાફત કમિટી''** ની રચના મોહમ્મદ અલી અને શૌકત અલી (અલી બંધુઓ) એ ઈ.સ. 1919 માં કરી હતી.

→ અબુલ કલામ આઝાદે પોતાના સમાચાર-પત્ર **''અલ-હિલાલ''** અને **''કામરેડ''** ના માધ્યમથી ખિલાફત આંદોલનનું પ્રચાર કર્યુ.

→ 9 જુન, 1920 ના રોજ અલ્હાબાદમાં અખિલ ભારતીય ખિલાફત કમિટીએ ગાંધીજીની અહિંસક અસહકાર આંદોલન કરવાની સલાહ સ્વીકારી લીધી અને ગાંધીજીને જ તે દિવસથી આ આંદોલનનું નેતૃત્વ સોંપી દીધું.

★ **<u>અસહકાર આંદોલન (1920)</u>**

→ ઈ.સ. 1920 માં લાલા લાજપતરાયની અધ્યક્ષતામાં થયેલ વિશેષ અધિવેશન- **''કલકતા અધિવેશન''** માં અસહકાર આંદોલનનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો અને 1920 ના નાગપુર અધિવેશનમાં આને સંમતિ આપી દેવામાં આવી.

→ અસહકાર આંદોલનનો પ્રસ્તાવ **''ગાંધીજી''** એ તૈયાર કર્યો હતો.

→ રોલેટ એક્ટ, જલિયાવાલા બાગ હત્યાકાંડ અને ખિલાફત આંદોલનના જવાબમાં ગાંધીજીએ 1 ઓગસ્ટ, 1920 ના રોજ **''અસહકાર આંદોલન''** શરૂ કર્યું.

→ અસહકાર આંદોલનના શરૂઆતના દિવસે જ **''લોકમાન્ય તિલક''** ની મૃત્યુ (1 ઓગસ્ટ, 1920) થઈ ગઈ હતી. આના પછી **''તિલક ફંડ''** ની રચના કરવામાં આવી, જેમાં 1 કરોડ રૂપિયા ભેગાં થયાં હતા.

→ ઈ.સ. 1920 ના નાગપુર અધિવેશનમાં અન્ય બે મહત્વના નિર્ણયો લીધા -

(1) સ્વરાજ મેળવવાનો નિર્ણય

(2) ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો કરવાનો નિર્ણય

→ **<u>રચનાત્મક કાર્યક્રમોનો મુખ્ય તત્વ :</u>**

- ઉપાધીઓ, સન્માનોનું સમર્પણ અને સ્થાનીય એકમો (Local Bodies) માં મુખ્ય સભ્યો ધ્વારા ત્યાગપત્ર.
- વિદેશી વસ્તુઓનો બહિષ્કાર
- સરકારી વિદ્યાલયો, મહાવિદ્યાલયો અને ન્યાયાલયોનો બહિષ્કાર
- વિધાનસભાઓનો બહિષ્કાર
- સરકારી અને બિનસરકારી સમારોહોનો બહિષ્કાર
- મેસોપોટેમિયામાં સેના કર્મચારી, મજૂરોની ભરતીનો બહિષ્કાર.

- વિધાન પરિષદોનો ઉમેદવારો ધ્વારા અને ચૂંટણીનો મતદાતાઓ ધ્વારા બહિષ્કાર

- રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના જેમ કે- ગુજરાત વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, બનારસ વિદ્યાપીઠ, તિલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, જામિયા મિલિયા ઈસ્લામિયા વિશ્વવિદ્યાલય અને અલીગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલય વગેરે.

- સરકારી અદાલતોની જગ્યા પર લોકોએ ઠેરઠેર પંચાયતોની સ્થાપના કરી લવાદી મારફત ઝઘડાઓની પતાવટ કરવા માંડી.

- રેટિંયાની પ્રવૃત્તિ જોરથી ઉપાડીને દેશની અનેક નબળાઈઓ જેવી કે દારૂતાડીની બંદીમાંથી દેશને છોડાવવા હજારો સ્વયંસેવિકાઓ બહાર પાડી.

→ મુહમ્મદ અલી પ્રથમ નેતા હતા, જેમને સૌપ્રથમ અસહકાર આંદોલનમાં ધરપકડ કરવામાં આવી.

→ શિક્ષણ સંસ્થાઓનો અસહકાર આંદોલનના સમયે સૌથી વધુ બહિષ્કાર **''બંગાળ''** માં થયો હતો.

→ ગાંધીજીએ **''કેસર-એ-હિંદ''** તથા અન્ય ચંદ્રકો પાછા આપી દીધા હતા.

→ 17 નવેમ્બર, 1921 ના રોજ **''પ્રિન્સ ઑફ વેલ્સ''** ના આગમન પર દેશમાં સાર્વજનિક હડતાલ કરવામાં આવી.

→ 1 ઓગસ્ટ, 1920 ના રોજ એક યુગનો અંત અને નવા યુગની શરૂઆત થઈ હતી.

→ 31 માર્ચ, 1921 ના રોજ વિજયવાડાના કાંગ્રેસ અધિવેશનમાં તિલકના સ્મારક માટે **''સ્વરાજકોષ''** માં એક કરોડ રૂપિયા ભેગા કરવાનું નક્કી કરવામાં આવ્યું. વિજયવાડા અધિવેશનથી જ ગાંધીજીએ ઓછા વસ્ત્રો પહેરવાનો નિર્ણય લીધો જે આજીવન પાળી બતાવ્યો હતો.

→ **<u>ચૌરી-ચોરા કાંડ :</u>**

- 5 ફેબ્રુઆરી, 1922 ના રોજ ઉત્તરપ્રદેશના ગોરખપુર જીલ્લાના ચૌરી-ચોરા નામના સ્થળે એક જુલુસ પર પોલીસે ગોળીઓ ચલાવી. જેનાથી ક્રોધિત ભીડે પોલીસ સ્ટેશનમાં હુમલો કરી 21 પોલીસવાળાને જીવતા બાળી મૂક્યા.

- આ બનાવથી ગાંધીજી દુઃખી થયા અને ચૌરી-ચૌરાની હિંસક ઘટનાના પછી ગાંધીજીએ અસહકારની લડતને મોકૂફ કરી દેવાનો નિર્ણય કર્યો.

- આ ચળવળની આકસ્મિક મોકૂફતાએ બધા લોકો અને નેતાઓને સ્તબ્ધ કરી દીધા.

- ગાંધીજી ધ્વારા લેવામાં આવેલ નિર્ણયની પાછળ નીચે મુજબના પરિબળો જવાબદાર હતા -

(1) અસહકારની ચળવળ, ગાંધીજીની અહિંસાત્મક પ્રવૃત્તિ પર આધારિત ચળવળ હતી, પરન્તુ ચોરી-ચોરાની આ હિંસાત્મક ઘટનાઓ તેમની આ પ્રવૃત્તિનો પ્રતિકાર કર્યો. આ ઘટનાએ આ સાબિત કર્યુ કે લોકોને હજુ પણ સત્યાગ્રહની કળાઓને શીખવવાનું બાકી છે, જે કે આ ચળવળની પ્રમુખ શક્તિ હતી.

(2) ગાંધીજી અહિંસાવાદી સિદ્ધાંતોના કટ્ટર સમર્થક હતા. ગાંધીજીએ અહિંસાવાદી પ્રવૃત્તિને પોતાના સિદ્ધાંતોના રૂપમા અપનાવી અને તે આ સિદ્ધાંતને જનઆંદોલનમાં સમાવેશ કરવા ઈચ્છતા હતા. આ ગાંધીજીના સિદ્ધાંતોની રાજનૈતિક અને નૈતિક અવધારણા હતી. હિંસક માધ્યમોથી સ્વરાજયની પ્રાપ્તિ તેમને સ્વીકૃત ન હતી.

→ **<u>અસહકાર આંદોલનની નિષ્ફળતા :</u>**

- અસહકાર આંદોલન તેના ત્રણ હેતુઓમાં નિષ્ફળ થઈ હતી -

(1) એક વર્ષમાં સ્વરાજય મળશે તેનું ગાધીજીનું આપેલું વચન સફળ થઈ શક્યું નહિં.

(2) પંજાબમાં થયેલ અન્યાયો પર બ્રિટિશ સરકાર પાસેથી બાંહેધરી જેમાં તેમના ધ્વારા યોગ્ય પગલાં લેવાશે તેવું તેમનું વચન નિષ્ફલ રહયું.

(3) ખિલાફત આંદોલનના પ્રશ્નનો યોગ્ય ઉકેલ લાવવામાં નિષ્ફળતા મળી.

★ **<u>સ્વરાજ પાર્ટી (1923)</u>**

→ અસહકાર આંદોલનની લડત મુલતવી રાખવાથી દેશ બેબાકળા જેવો બન્યો. કાંગ્રેસના નેતાઓમાં ફૂટ પડી ગઈ.

→ એક પક્ષ ગાંધીજીના કાર્યક્રમને ચુસ્તપણે વળગી રહી બહિષ્કારની પ્રવૃત્તિને આગળ ધપાવવાના મતનો હતો, જેમાં પંડિત જવાહરલાલ નેહરૂ, રાજગોપાલચારી, સરદાર વલ્લભભાઈ પટેલ અને રાજેન્દ્રપ્રસાદ વગેરે આ પક્ષના અગ્રણીઓ હતા.

→ બીજો પક્ષ ગાંધીજીનો કાર્યક્રમ ગાંધીજી વિના આપણાથી નહિ પાર પાડી શકાય અને તેથી ધારાસભાઓમાં જઈ સરકાર સાથે લડી લેવાના મતનો હતો. એ પક્ષના નેતા પંડિત મોતીલાલ નેહરૂ, દેશબંધુ ચિત્તરંજન દાસ, વિઠ્ઠલભાઈ પટેલ વગેરે હતા. અ પક્ષે **"સ્વરાજ પાર્ટી"** ની સ્થાપના કરી.

→ સ્વરાજ પાર્ટીએ ઈ.સ. 1923 માં થયેલ વિધાનસભા અને વિધાનપરિષદની ચૂંટણીમાં ભાગ લીધો અને સફળતા પ્રાપ્ત કરી.

→ <u>**સ્વરાજ્યના સમર્થકોના કાર્યો :**</u>

(1) ઈ.સ. 1925 માં વિઠ્ઠલભાઈ પટેલને કેન્દ્રીય વિધાનમંડળ (સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલી)ના અધ્યક્ષ બનાવવામાં આવ્યા. આ સ્વરાજિયોની સૌથી મોટી ઉપલબ્ધિ હતી.

(2) સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલીમાં તેમણે 1919 ના એકટની તપાસ કરાવવા માટે **"અલેકઝાંડર મુડીમેન કમિટી"** ની નિમણૂંક કરાવી હતી.

(3) સ્વરાજ્ય સમર્થકોની રાજનીતિથી જ રાષ્ટ્રવાદી ભારતીયોને સૌપ્રથમ સાંસદ બનવાનો સુઅવસર મળ્યો.

→ 13 માર્ચ, 1922 ના રોજ ગાંધીજીની ધરપકડ કરી 6 વર્ષની સજા આપવામાં આવી. ગાંધીજીની ધરપકડથી વ્યાપેલી નિરાશાનું એક પરિણામ આ પણ આવ્યું કે ધીરે-ધીરે મુસલમાનો કાંગ્રેસથી અલગ થતા ગયા. જે ખિલાફત માટે તેમણે ઝુંબેશ ઊપાડી હતી તે ખિલાફત જ તુર્કીમાં મુસ્તફા કમાલ પાશાની સરદારી હેઠલ સ્થપાયેલા પ્રજાસતાક રાજ્યને કારણે ઊથલી પડી હતી. પરિણામે 1920-21 માં સધાયેલી અદ્‌ભુત કોમી એકતા ડગી ગઈ અને દેશમાં કોમી વિખવાદના બીજ વવાવા માંડ્યા.

★ <u>**સાઈમન કમીશન (1927-28)**</u>

→ બ્રિટિશ સરકારે 1919 ના એક્ટને પાસ કરતી વખતે આ ઘોષણા કરી હતી કે 10 વર્ષ પછી આ સુધારાઓનું મૂલ્યાંકન કરશે. આ સુધારા 1920 માં અમલમાં આવ્યા હતા તેથી તેમનું મૂલ્યાંકન 1930 અથવા 1931 માં થવું જોઈતું હતું.

→ પરંતુ બ્રિટિશ સરકારે નવેમ્બર, 1927 માં એક કમીશન **"સર સાઈમન"** ની અધ્યક્ષતામાં આ અધિનિયમની સમીક્ષા કરવા માટે નિમણૂંક કરી હતી અને આ કમીશનને ભારત મોકલવામાં આવ્યો.

→ આ કમીશનના સાતેય (7) સભ્યો અંગ્રેજ હતા, તેથી આને **"વાઈટમેન કમીશન"** પણ કહેવાય છે.

→ આ કમીશનમાં એક પણ ભારતીય સભ્ય ન રાખવાના કારણે ભારતીય જનતામાં ખૂબ જ અસંતોષ વધ્યો અને કમીશનનો ભારતમાં પૂર્ણરૂપથી બહિષ્કાર કરવામાં આવ્યોહતો. તેને કાળા ઝંડા બતાવવામાં આવ્યા અને **"સાઈમન પાછા જાઓ"** (Simon Go Back) ના નારાઓ લગાવવામાં આવ્યા હતા.

→ બ્રિટિશ સરકારે પોતાનો દમન - ચક્ર ચાલુ કર્યો અને પ્રદર્શનકારીઓ પર લાઠીઓ વરસાવવામાં આવી અને ઘોડાઓ દોડાવવામાં આવ્યા.

→ લાહોરમાં પોલીસની લાઠીઓથી લાલા લાજપતરાય આટલા ઈજાગ્રસ્ત થઈ ગયા કે થોડાક દિવસોમાં જ તેઓ અવસાન પામ્યા હતા. આ પોલીસ કાર્યવાહીનું નેતૃત્વ **"સાન્ડર્સ"** કરી રહયો હતો.

→ આ કમીશનથી અંગ્રેજ આ નિર્ણય કરવાના હતા કે ભારતીય પોતે શાસન કરવા યોગ્ય છે કે નહિ. આ રિપોર્ટમાં ભારતના સંબંધમાં મુખ્યત્વે આ ભલામણો કરવામાં આવી હતી -

(1) સાઈમન કમીશને દ્વિમુખી રાજ્યપદ્ધતિની સમાપ્તિ અને પ્રાંતીય સ્વરાજ્યના શરૂઆતની ભલામણ કરી હતી. તેના પ્રમાણે પ્રાંતોમાં 1919 ના એકટના પ્રમાણે શરૂ કરેલ દ્વિમુખી રાજ્યપદ્ધતિ વિવિધ આંતરિક દોષો અને સાંપ્રદાયિક વિરોધોના કારણે સફળ થઈ શક્યો નહિં, તેથી આને સમાપ્ત કરીને પ્રાંતોને સ્વાયતત્તા (Autonomy) પ્રદાન કરવામાં આવે.

(2) કમીશને સેનાના ભારતીયકરણની જરૂરતને સ્વીકાર કરવા છતાં પણ આ વાત પર ભાર આપ્યું કે જ્યાં સુધી ભારત પોતાની રક્ષા માટે પોતે પૂર્ણ રૂપથી સમર્થ ન થઈ જાય ત્યાર સુધી બ્રિટિશ સેનાઓને ભારતમાં રાખવું જરૂરી છે.

(3) કમીશને ભલામણ કરી કે પ્રાંતો અને કેન્દ્રમાં અલ્પસંખ્યકોના હિતોની રક્ષા અને શાસનના યોગ્ય સંચાલન માટે ગવર્નર અને ગવર્નર જનરલને વિશેષ શક્તિઓ પ્રદાન કરવામાં આવે.

(4) બર્માને ભારતથી અને સિન્ધને બોમ્બથી અલગ કરી દેવામાં આવે.

(5) કમીશન ધ્વારા મતાધિકારના વિસ્તારની ભલામણ કરવામાં આવી હતી જેમાં ભારતની ઓછામાં ઓછી 10 કે 15 ટકા વસ્તીને મતદાનનો અધિકાર આપવો જોઈએ.

→ કેટલાંક પક્ષોએ સાઈમન કમીશનનું સ્વાગત પણ કર્યુ હતું જેમાં -

(1) પંજાબની યૂનિયનિસ્ટ પાર્ટી

(2) મદ્રાસની જસ્ટિસ પાર્ટી

(3) અખિલ ભારતીય અછૂત ફેડરેશન

★ **<u>નેહરૂ રિપોર્ટ (1928)</u>**

→ સાઈમન કમીશનનું ભારતીયોના ધ્વારા વિરોધે બ્રિટિશ શાસનને આશ્ચર્યચકિત કરી દીધો. બ્રિટિશ કેબિનેટના ભારતમંત્રી **"લોર્ડ બકેનડેહ"** એ નવેમ્બર, 1927 માં આ પડકાર ફેંકયો કે ભારતીય સમ્મિલિત રૂપથી પોતાનો કોઈ કાયદો કે બંધારણ બનાવી શકતા નથી. અંગ્રેજોનો વિશ્વાસ હતો કે હિન્દૂ - મુસલમાન એક થઈ શકશે નહિં.

→ બ્રિટિશ સરકારના આ પડકારને ઝીલવામાં આવ્યો. કાંગ્રેસ ધ્વારા 1928 માં દિલ્હીમાં એક સર્વપક્ષીય સંમેલન (All - Parties Conference) નું આયોજન કરવામાં આવ્યું હતું. આનો ઉદ્દેશ હતો કે બધા પક્ષ મળીને સરકારને પોતાની માંગો રજૂ કરે.

→ **"પંડિત મોતીલાલ નેહરૂ"** ની અધ્યક્ષતામાં નિયુકત એક કમિટી એ ભારતીય બંધારણનું સર્વાનુમોદિત રૂપ રજૂ કર્યુ હતું. જેમાં ભારત માટે **"ઔપનિવેશિક સ્વરાજ્ય"** (Dominion Status) ની માંગ રજૂ કરવામાં આવી હતી.

→ આ કમિટીના અન્ય સભ્યો હતા - (1) અલી ઈમામ, સોએબ કુરેશી (મુસ્લિમ), (2) એમ. આર. જયકર (હિન્દૂ મહાસભા), (3) મંગલસિંહ (શીખ ફેડરેશન), (4) તેજ બહાદુર સપ્રૂ (લિબ્રલ્સ પાર્ટી), (5) એન. એમ. જોશી (લેબર પાર્ટી), (6) જી. પી. પ્રધાન (બિન-બ્રાહ્મણ) અને (7) જવાહરલાલ નેહરૂ (કોંગ્રેસના મહાસચિવ)

→ નેહરૂ કમીટીએ પોતાની રિપોર્ટ ઓગસ્ટ, 1928 માં રજૂ કરી, જેને **"નેહરૂ રિપોર્ટ"** કહેવામાં આવે છે. નેહરૂ રિપોર્ટમાં નીચે મુજબની ભલામણો કરવામાં આવી હતી -

(1) ભારતમાં **"ઔપનિવેશિક સ્વરાજ્ય"** (Dominion Status) પ્રદાન કરવામાં આવે અને તેનું સ્થાન બ્રિટિશ શાસનના અન્તર્ગત અન્ય ઉપનિવેશોની સમાન હોય.

(2) સાંપ્રદાયિક મતદાર મંડળની જગ્યાએ **"સંયુક્ત મતદાર મંડળ"** અમલમાં મૂકવામાં આવે.

(3) પ્રાંતોમાં પણ કેન્દ્રની જેમ જ ઉતરદાયી (જવાબદાર) શાસન સ્થાપિત કરવામાં આવે.

(4) કેન્દ્રમાં પૂર્ણ ઉતરદાયી શાસનની સ્થાપના કરવામાં આવે. ગવર્નર જનરલ લોકપ્રિય મંત્રીઓની સલાહ અનુસાર અને બંધારણીય પ્રધાનના રૂપમાં કાર્ય કરે.

(5) કેન્દ્રીય વિધાન પરિષદ દ્વિસદનીય હોય અને મંત્રીમંડળ તેના પ્રતિ જવાબદાર રહે. નીચેના સદનની પસંદગી પ્રત્યક્ષ મત પદ્ધતિ ધ્વારા વયસ્ક (પુખ્તવય) મતાધિકાર પર અને ઉપરના સદનની પસંદગી પરોક્ષ મત પદ્ધતિ ધ્વારા થાય.

(6) મૂળ અધિકારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો.

(7) કેન્દ્ર અને પ્રાંતોની વચ્ચે શક્તિ - વિતરણની યોજના રજૂ કરવામાં આવી જેના પ્રમાણે અવશિષ્ટ શક્તિઓ કેન્દ્રને પ્રદાન કરવામાં આવે.

(8) અલ્પસંખ્યક વર્ગોને તેમની વસ્તીના આધારે આરક્ષણની વ્યવસ્થા કરવામાં આવે.

(9) દેશી રાજ્યોના અધિકારો અને વિશેષાધિકારોની રક્ષાની વ્યવસ્થા કરવામાં આવે સાથે જ તેમને જાણ કરવામાં આવે કે તે ભારતીય સંઘમાં ત્યારે જ સામેલ કરવામાં આવે કે તે ભારતીય સંઘમાં ત્યારે જ સામેલ કરવામાં આવશે જ્યારે તેમના રાજ્યોમાં ઉત્તરદાયી શાસનની સ્થાપના થશે.

(10) ઉત્તર-પશ્ચિમી સીમા પ્રાંતને બ્રિટિશ ભારતના અન્ય પ્રાંતોની જેમ કાયદાકીય સ્થિતિ પ્રાપ્ત થાય અને સિન્ધને બૉમ્બે પ્રાંતથી અલગ કરી એક અલગ પ્રાંતનો દરજ્જો પ્રદાન કરવામાં આવે.

→ નેહરૂ રિપોર્ટ એક ખૂબ જ બુદ્ધિમતાપૂર્ણ દસ્તાવેજ હતો. આ રિપોર્ટમાં પ્રથમ વખત બધા રાજનૈતિક અને અન્ય સમસ્યાઓ પર વિચાર કરવામાં આવ્યો અને તેમનું સમાધાન શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો. પ્રથમ વખત બધા પક્ષોએ મળીને વિવિધ સમસ્યાઓનો નિકાલ લાવવામાં પોતાનો સહકાર આપ્યો હતો.

→ નેહરૂ રિપોર્ટનું મહત્વ આ વાતથી જ સ્પષ્ટ છે કે આની અનેક વાતો ભારતના વર્તમાન બંધારણમાં અમુક

ફેરફારોની સાથે સમાવેશ કરવામાં આવી છે. આ દષ્ટિથી આ રિપોર્ટ વર્તમાન બંધારણની **"પ્રારંભિક કડી"** કહેવાય છે.

→ નેહરૂ રિપોર્ટની કેટલીક ભલામણો એ તકરાર ઊભું કર્યુ. પંડિત જવાહરલાલ નેહરૂ, સુભાષચન્દ્ર બોસ વગેરે અનેક યુવા રાષ્ટ્રવાદીઓ પૂર્ણ સ્વતંત્રતાના પક્ષમાં હતા જ્યારે રિપોર્ટ ડોમિનિયન સ્ટેટ્સની માંગ કરી. મુસ્લિમ લીગ, હિન્દુ મહાસભા અને શીખ ફેડરેશને પણ આનો સ્વીકાર ન કર્યો.

### ★ ઝીણા ફોર્મ્યૂલા (1928)

→ મુસ્લિમ લીગના અધ્યક્ષ મુહમ્મદ અલી ઝીણા ધ્વારા નેહરૂ રિપોર્ટને અસ્વીકાર કરી તેના સમાનાન્તર એક 14 સૂત્રીય ફોર્મ્યૂલા તૈયાર કર્યો.

→ નેહરૂ રિપોર્ટમાં મુસલમાનોને અલગ મતદાર મંડળ આપવાની ના પાડી દેવામાં આવી હતી.

→ ઝીણા ફોર્મ્યુલામાં અલગ મતદાર મંડળની જગ્યાએ કેન્દ્રીય સભામાં 1/3 (એક - તૃતીંયાંશ) બેઠક અને પંજાબ તથા બંગાળમાં 50 ટકા આરક્ષણ મુસલમાનોને આપવાની વાત કહેવામાં આવી.

### ★ બારડોલી સત્યાગ્રહ (1928)

→ ગુજરાતના બારડોલીમાં ખેડૂતો પાસેથી 30% વધુ જમીન - મહેસૂલ ઉઘરાવવાનું ઠરાવ્યું.

→ બારડોલીમાં યોજાયેલી તાલુકાના ખેડૂતોની પરિષદે મહેસૂલ વધારાનો વિરોધ કરી વધારાનું મહેસૂલ ન ભરવાનો ઠરાવ કર્યો.

→ ખેડૂતો સરકાર સામે લડત ચલાવવા તૈયાર હતા. આ ઉત્સાહ જોઈને કુંવરજીભાઈ એ ના કરની લડતની આગેવાની **"વલ્લભભાઈ પટેલ"** ને સોંપી.

→ વલ્લભભાઈ પટેલે લોકોને મહેસૂલ ન ભરવાની સલાહ આપી. તેમનાં તેજાબી ભાષણોથી ખેડૂતોમાં લડવાની તાકાત જગાવી. બારડોલીના ખેડૂતોએ બારડોલી ખાલી કર્યુ.

→ આ લડતમાં બહેનોએ વધારે ઉત્સાહથી કામ કર્યુ હતું. આ બહેનો એ જ વલ્લભભાઈ પટેલને **"સરદાર"** નું બિરૂદ આપ્યું.

→ અંતે સરકારે નમવું પડ્યું અને ખેડૂતો સાથે સમાધાન કરીને નિષ્પક્ષ તપાસપંચ નીમવાનું નક્કી કર્યુ.

### ★ લાહોર અધિવેશન (1929)

→ ઈ.સ. 1929 માં કાંગ્રેસના લાહોર અધિવેશનમાં **"પંડિત જવાહરલાલનેહરૂ"** ની અધ્યક્ષતામાં **"પૂર્ણ સ્વરાજ"** નો ઠરાવ પસાર કર્યો.

→ 31 ડિસેમ્બર, 1929 ની રાતના 12 કલાકે જવાહરલાલ નેહરૂએ **"રાવી"** નદીના કિનારે ત્રિરંગો ઝંડો ફરકાવ્યો.

→ આ અધિવેશનમાં 26 જાન્યુઆરી, 1930 ના રોજ **"પ્રથમ સ્વતંત્રતા દિવસ"** તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. આની સાથે જ પ્રત્યેક વર્ષે 26 જાન્યુઆરીના રોજ સ્વતંત્રતા દિવસના રૂપે ઉજવવાની પરંપરા શરૂ કરવામાં આવી હતી.

→ કાંગ્રેસના લાહોર અધિવેશનમાં નેહરૂ રિપોર્ટને સમ્પૂર્ણ પણે રદ્દ કરવાની ઘોષણા કરવામાં આવી.

→ ગાંધીજીને સવિનય કાનૂન ભંગની લડત ચલાવવા માટે નેતૃત્વ પ્રદાન કરવામાં આવ્યું.

### ★ સવિનય કાનૂન ભંગની ચળવળ (1930-1934)

→ ઈ.સ. 1929 સુધી ભારતની રાજનીતિમાં ખૂબ જ ઉકળાટ આવી ગયો હતો. આખા દેશમાં અશાંતિનું વાતાવરણ હાજર હતું. મજૂર અને મધ્યમવર્ગના લોકો પોતાના સંગઠનને મજબૂત કરી રહયા હતા અને તેમનામાં હિંસાત્મક પ્રવૃત્તિ ઉતરોત્તર વિકસિત થઈ રહી હતી. ઔદ્યોગિક કેન્દ્ર અશાંતિના મુખ્ય સ્થળ બની ગયા હતા. સામ્યવાદીઓના નેતૃત્વમાં મજૂર લોકોનો વર્ગ સંઘર્ષ માટે પૂર્ણરૂપેણ તૈયાર હતો. ખેડૂતોમાં પણ પ્રબળ જાગરૂકતા આવી રહી હતી અને મોટા ઉત્સાહની સાથે તે પોતાની ચળવળ ચલાવવા માટે તૈયાર હતા.

→ 31 ઓકટોબર, 1929 ના રોજ લોર્ડ ઈરવિને ભારતને પોતાનો ઔપનિવેશિક સ્વરાજ્ય (Dominion Status) પ્રદાન કરવાની રાજનૈતિક ઘોષણા કરી, પરન્તુ તેની આ ઘોષણા કૂટનીતિથી પરિપૂર્ણ હતી. આ ઘોષણામાં આ વાતની તરફ સંકેત કરવામાં આવ્યો ન હતો કે ભારતને સ્વરાજ કયારે પ્રદાન કરવામાં આવશે. આમાં દેશી રાજયોની સમસ્યાઓનો સમાવેશ કરી આને વધુ જટિલ બનાવી દેવામાં આવી હતી. કાંગ્રેસના નવી પેઢીના નેતાઓ આ ઘોષણાથી સહમત ન હતા.

→ ઈ.સ. 1929 માં લાહોર અધિવેશનના અધ્યક્ષ પંડિત જવાહરલાલ નેહરૂ ભારતીય રાષ્ટ્રવાદીની ઉગ્ર ભાવનાના પ્રતીક હતા. આમાં કાંગ્રેસે ડોમિનિયન સ્ટેટ્સના પ્રસ્તાવને નકારી પૂર્ણ સ્વરાજ્યની ઘોષણા કરી હતી. કાંગ્રેસે ગોળમેજી સંમેલનમાં ભાગ ન લેવાનું નક્કી કર્યુ અને સવિનય કાનૂન ભંગ અને **"ના - કર"** ની લડતનો કાર્યક્રમ પ્રારંભ કરવાનું નક્કી કર્યું.

→ કાંગ્રેસના 26 જાન્યુઆરી, 1930 ના ઘોષણા પત્રે બ્રિટિશ સરકારને ભારતના આર્થિક, રાજનૈતિક સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પતન માટે જવાબદાર ગણાવવા અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવાના ભારતીય જનતાના જન્મસિદ્ધ અધિકારની ઘોષણા કરી.

→ આ અવસર પર સંપૂર્ણ જનતા એ જે ઉત્સાહ બતાવ્યો તેનાથી આ સ્પષ્ટ થઈ ગયું કે દેશ રાજનૈતિક આંદોલન માટે તૈયાર છે. કાંગ્રેસી સભ્યો અને અન્ય રાષ્ટ્રવાદીઓએ વિધાનસભાઓમાંથી રાજીનામું આપી દીધું.

→ અખિલ ભારતીય કાંગ્રેસ સમિતિએ ફેબ્રુઆરી, 1930 માં ગાંધીજીને સવિનય કાનૂન ભંગની ચળવળ પ્રારંભ કરવાનો અધિકાર આપી દીધો.

### ★ ગાંધીજીની 11 સૂત્રીય માંગો

→ સવિનય કાનૂન ભંગની ચળવળ પ્રારંભ કરવાનો અધિકાર મળ્યા પછી ગાંધીજીએ સરકારની સમક્ષ પોતાનો 11 શરતોવાળો પ્રસ્તાવ મૂક્યો અને આ સ્પષ્ટ કરી દીધું હતું કે, જો સરકાર આ શરતોને સ્વીકાર કરી લે છે તો સત્યાગ્રહ આંદોલનની કોઈ જરૂરત રહેશે નહિં.

→ ગાંધીજી ધ્વારા મૂકવામાં આવેલ 11 શરતો નીચે મુજબ હતી -

(1) સંપૂર્ણપણે દારૂબંધી

(2) રૂપિયાના વિનિમયની દર (Rate) ઘટાડી એક શિલિંગ ચાર પૈન્સ રાખવી.

(3) મહેસૂલને 50% ઘટાડવી.

(4) મીઠાના કરને સમાપ્ત કરવો.

(5) સેનાના ખર્ચમાં ઓછામાં ઓછું 50 ટકાનો ઘટાડા કરવો.

(6) ઉચ્ચ સ્તરની સરકારી નોકરીઓનો પગાર અડધો કરી દેવો.

(7) વિદેશી કપડાના આયાત પર કર લગાવવો.

(8) ભારતીય દરિયાકિનારાઓ ફકત ભારતીય જહાજો માટે સુરક્ષિત કરવામાં આવે.

(9) બધા રાજનૈતિક કેદીઓને મુક્ત કરવામાં આવે, રાજનૈતિક મામલાઓ ઉઠાવી લેવામાં આવે અને નિર્વાસિત ભારતીયોને દેશમાં પરત આપવાની પરવાનગી આપવામાં આવે.

(10) ગુપ્તચર પોલીસ વ્યવસ્થા (C.I.D.) ને સમાપ્ત કરવી અથવા તેના પર જનતાનું નિયંત્રણ સ્થાપિત કરવું.

(11) આત્મરક્ષા માટે હથિયાર રાખવાની પરવાનગી આપવી.

→ પરંતુ સરકારે આ માંગો (શરતો) પર કોઈપણ દિલચસ્પી લીધી નહિં.

### ★ દાંડી યાત્રા (1930)

→ ગાંધીજીની 11 માંગોની ગોળમેજી પરિષદ માટેની પૂર્વ શરતો વાઈસરૉય લોર્ડ ઈરવિન સમક્ષ મૂકી હતી. પરન્તુ તેમાંથી એકપણ બાબત ધારાસભામાં ચર્ચા થઈ નહિં તેથી ગાંધીજીએ લોર્ડ ઈરવીનને એક પત્ર લખ્યો હતો તેમાં સવિનય કાનૂન ભંગની લડત 12 માર્ચ, 1930 થી શરૂ કરવાની જાણ કરી.

→ 12 માર્ચ, 1930 થી દાંડીકૂચની શરૂઆત કરતાં પહેલાં ગાંધીજીએ સાબરમતી આશ્રમમાં પ્રાર્થના સભામાં પ્રતિજ્ઞા કરી કે, **"હું કાગડા - કૂતરાના મોતે મરીશ પરંતુ સ્વરાજ લીધા વિના આ આશ્રમમાં પગ મૂકવાનો નથી."**

→ 12 માર્ચ, 1930 ના રોજ સવારે 6.30 કલાકે ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડીકૂચની શરૂઆત કરી.

→ ગાંધીજી તથા તેના 78 સાથીઓ (અમેરિકન વેબ મિલર પણ હતા) સાથે યાત્રાની શરૂઆત કરી દીધી. શ્રી ખરે એ **"રઘુપતિ રાઘવ રાજારામ"** ની ધૂન સાથે પ્રીતમનું ભજન **"હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કોઈ કામ રે"** ગાવાની શરૂઆત કરી દીધી.

→ સાબરમતીથી કુલ 241 માઈલની કૂચ કરીને 5 એપ્રિલ, 1930 ના રોજ દાંડી પહોંચ્યા.

→ 6 એપ્રિલ, 1930 ના રોજ 6.00 વાગે સવારે સમુદ્ર સ્નાન કરીને 6.30 કલાકે ચપટી મીઠું ઉપાડી ગાંધીજીએ કહયું, **"બ્રિટિશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં હુ લૂણો લગાડું છું."** અને હજારો લોકોનો ગગનભેદી નાદ ગાજી ઉઠયો, **"નમક કા કાયદા તોડ દિયા."** નાનકડી લાગતી આ ઘટનાએ બ્રિટિશ સલ્તનતના પાયા હચમચાવી નાખ્યા.

→ આ દાંડીયાત્રાને **"મીઠાનો સત્યાગ્રહ"** પણ કહેવાય છે.

→ સુભાષચન્દ્ર બોસે ગાંધીજીના મીઠાના સત્યાગ્રહની સરખામણી નેપોલિયનની એલ્બાથી પેરિસ સુધીની યાત્રાથી કરી.

→ 6 એપ્રિલ, 1930 ના રોજ મીઠાના કાયદાને તોડીને ગાંધીજીએ સવિનય કાનૂન ભંગની ચળવળની શરૂઆત કરી હતી.

### ★ <u>સવિનય કાનૂન ભંગની ચળવળનો કાર્યક્રમ</u>

- સ્વતંત્રતાપૂર્વક મીઠું બનાવવું.
- દારૂ અને વિદેશી કાપડની દુકાનો પર ધરણા આપવા.
- ચરખો (રેટિયો) ચલાવવો.
- વિદેશી કપડાઓનો બહિષ્કાર
- સરકારી વિદ્યાલયો અને મહાવિદ્યાલયોનો બહિષ્કાર કર્યો.
- સરકારી નોકરીઓથી રાજીનામું આપવું.

### ★ <u>પ્રથમ ગોળમેજી પરિષદ (1930)</u>

→ બ્રિટિશ સરકારે ભારતની બંધારણીય સમસ્યાઓના નિકાલ માટે 12 નવેમ્બર, 1930 થી 13 જાન્યુઆરી, 1931 સુધી વડાપ્રધાન **"રેમ્સ મૈકડોનાલ્ડ"** ની અધ્યક્ષતામાં પ્રથમ ગોળમેજી પરિષદનું આયોજન કરવામાં આવ્યું, જેનો ઉદ્દેશ સાઈમન કમીશનની રિપોર્ટ પર વિચાર કરવાનો હતો.

→ પ્રથમ ગોળમેજી પરિષદનું આયોજન **"લંડન"** માં થયું હતું.

→ આ પરિષદનું ઉદ્ઘાટન બ્રિટેનના સમ્રાટ **"જ્યોર્જ-પંચમ"** એ કર્યું હતું.

→ આ પરિષદમાં કાંગ્રેસે ભાગ લીધો ન હતો.

→ આ પરિષદમાં ભાગ લેનાર ભારતીય પ્રતિનિધિઓમાં -

(1) હરિજન પ્રતિનિધિ - ડૉ. બી. આર. આંબેડકર
(2) ભારતીય મૂડીવાદી વર્ગથી - હોમી મોદી
(3) હિન્દૂ મહાસભાના પ્રતિનિધિ - મુંજે અને જયકર
(4) મુસ્લિમ પ્રતિનિધિ - આગાખાન, મુહમ્મદ અલી, ફજલૂલ હક્ક, મોહમ્મદ અલી ઝીણા
(5) વાઈસરૉય ની કાર્યકારિણીના સભ્ય- ફજલૈ હુસેન
(6) ભારતીય મહિલાઓ - બેગમ શહનવાજ, રાધાબાઈ સુબ્બારાયણ
(7) નરમ પક્ષીય પ્રતિનિધિ - તેજ બહાદુર સપ્રૂ, વાય. વી. ચિંતામણી, શ્રી નિવાસ શાસ્ત્રી

→ 19 જાન્યુઆરી, 1931 ના રોજ પ્રથમ ગોળમેજી પરિષદ કોઈપણ નિર્ણય વગર સમાપ્ત થઈ ગઈ.

### ★ <u>ગાંધી - ઈરવીન કરાર (1931)</u>

→ પ્રથમ ગોળમેજી પરિષદમાં કાંગ્રેસે ભાગ લીધો ન હતો, પરન્તુ સરકાર આ વાતનો અનુભવ કરી રહી હતી કે, કાંગ્રેસથી કોઈ કરાર કરવામાં આવે.

→ કાંગ્રેસ કાર્ય સમિતિએ ગાંધીજીને વાઈસરૉય લોર્ડ ઈરવીનની સાથે કરાર સંબંધિત વાતચીત કરવાનો અધિકાર આપ્યો જેના પરિણામસ્વરૂપ **"ગાંધી-ઈરવીન કરાર"** થયો હતો. (5 માર્ચ, 1931)

→ 5 માર્ચ, 1931 ના રોજ ગાંધીજી અને લોર્ડ ઈરવીનની વચ્ચે કરાર થયો જેને **"ગાંધી-ઈરવીન કરાર"** તરીકે ઓળખવામાં આવે છે. આને **"દિલ્હી કરાર"** પણ કહેવાય છે.

→ <u>ગાંધીજી - ઈરવીન કરારની શરતો :</u>

**(1) <u>ગાંધીજીની સહમતિ :</u>**

- ગાંધીજી નીચેના મુદ્દાઓ પર સહમત થયા હતા.

(A) બીજી ગોળમેજી પરિષદમાં ભારતીય રાષ્ટ્રીય કાંગ્રેસ ભાગ લેશે.

(B) સવિનય કાનૂન ભંગના આંદોલનની મોકૂફતા.

(C) પોલીસ ધ્વારા કરવામાં આવેલ અત્યાચારોની તપાસની માંગને છોડવું.

**(2) <u>વાઈસરૉય ઈરવીનની સહમતિ :</u>**

- સરકાર તરફથી વાઈસરૉય લોર્ડ ઈરવીન નીચેના મુદ્દાઓ પર સહમત થયા હતા.

(A) સવિનય કાનૂન ભંગની ચળવળમાં ધરપકડ કરેલ વ્યક્તિઓને કારાગારમાંથી મુક્ત કરવા.

(B) દરિયાના કિનારે વસેલ એક નક્કી કરેલ દૂરી સુધી વસવાટ કરતાં લોકોને દરિયાથી મીઠું એકત્રિત કરવું અથવા બનાવવાનો અધિકાર આપવો.

(C) ચળવળના સમયે જપ્ત કરવામાં આવેલ જમીન અને મિલકત પાછી આપવી.

(D) દારૂ કે વિદેશી કાપડની દુકાનો પર શાંતિપૂર્ણ ધરણું કરવા દેવું.

(E) અધ્યાદેશોને સમાપ્ત કરવા.

→ આ કરારથી કાંગ્રેસની કોઈ મહત્વની માંગ પૂરી કરી શકાઈ નહિં. આ માટે કાંગ્રેસ વામપક્ષીય નેતાઓએ ખૂબ જ ટીકા કરી અને બ્રિટિશ કૂટનીતિની જીત બતાવી.

→ પરંતુ ગાંધીજીના વિચારથી આ કરારથી એક મહત્વપૂર્ણ ફાયદો આ થયો કે દેશ તે સંકટથી બચી ગયો, જે કરાર ન થવાની દશામાં ખૂબ જ વધી જાત કારણકે જ્યારે આંદોલન પૂર્ણતા (સમાપ્તિ) ની નજીક પહોંચી શકયો હતો જે આ કરારે તેને અચાનક અને રહસ્યમય રીતે રોકી દીધો.

→ ગાંધીજીના પ્રમાણે આ આંદોલને અહિંસાની મહાશક્તિનું પ્રદર્શન કર્યુ અને દેશની જનતામાં જાગૃતિ અને ચેતનાનો સંચાર કરવામાં જાદુની જેમ કામ કર્યુ. ગાંધી - ઈરવીન કરારના પ્રમાણે લગભગ 1 વર્ષ સુધી સવિનય કાનૂન ભંગ ચળવળ મોકૂફ રહી.

→ ગાંધી - ઈરવીન કરારને 1931 ના કાંગ્રેસના કરાચી અધિવેશનમાં અનુમોદન આપી દીધું.

→ ગાંધીજીએ ભગતસિંહ અને તેમના સાથીઓ રાજગુરૂ, સુખદેવને જેલથી મુક્ત કરવાની વાત કરી ન હતી. જે સમયે કરાંચી અધિવેશન ચાલી રહયું હતું. ત્યારે ભગતસિંહને ફાંસી આપવાની તૈયારી ચાલી રહી હતી. ગાંધીજીએ ગાંધી-ઈરવીન કરારમાં સશસ્ત્ર ક્રાંતિકારીઓને કંઈપણ મદદ કરી નહિં જે એક ગાંધીજીની ભૂમિકાને ટીકાત્મક રીતે હંમેશા ઈતિહાસમાં રહેશે.

### ★ <u>બીજી ગોળમેજી પરિષદ (1931)</u>

→ ગાંધી-ઈરવીન કરારના અનુરૂપ લંડનમાં બીજી ગોળમેજી પરિષદમાં, જે 7 સપ્ટેમ્બર, 1931 થી 1 ડિસેમ્બર, 1931 સુધી ચાલી હતી તેમાં કાંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે મહાત્મા ગાંધીજીએ ભાગ લીધો હતો.

→ પંડિત મદનમોહન માલવીય અને શ્રીમતી સરોજની નાયડૂ પોતાની વ્યકિતગત હેસિયત (પોતાના ખર્ચ) થી પરિષદમાં સામેલ થયાં હતા.

→ પરિષદ શરૂ થવાના થોડા સમય પહેલાં જ બ્રિટિશ રાજનૈતિક રંગમંચ પર એક મહત્વપૂર્ણ પરિવર્તન થઈ ગયો હતો. શ્રમિક સરકાર (લેબર પાર્ટી) અપદસ્થ થઈ ગઈ અને રાષ્ટ્રીય સરકારનું નિર્માણ થયું. **''રૈમ્સે મૈકડોનાલ્ડ''** બ્રિટનના વડાપ્રધાન બની ગયા હતા અને **''સર સૈમુઅલ હોર''** (જે પાકા ટોરી હતા) ભારત મંત્રી નિમણૂંક થયા અને **''લોર્ડ વેલિંગ્ટન''** ભારતના વાઈસરૉય હતા.

→ બ્રિટિશ સરકારે પ્રત્યેક જાતિના એવા પ્રતિનિધિ ચૂંટયા હતા જેમાં કોઈ કરાર થઈ શકે નહિં. એટલું જ નહિં, બ્રિટિશ સરકારે મુસ્લિમ પ્રતિનિધિઓની સાથે કરાર કરી લીધો અને તેમને કાંગ્રેસની વિરૂધ્ધ ઉપયોગ કર્યો.

→ સાંપ્રદાયિક મુદ્દાઓમાં વિરોધના લીધે બીજી ગોળમેજી પરિષદ 1 ડિસેમ્બર, 1931 ના રોજ સમાપ્ત કરી દીધી.

→ **''વિસ્ટન ચર્ચિલે''** બ્રિટિશ સરકારની ટીકા કરતા કહયું કે, **''આ દેશ દ્રોહી ફકીર (ગાંધીજી) ને સરખો દરજ્જો આપવાની ભૂલ કરી રહી છે.''**

→ બીજી ગોળમેજી પરિષદમાં જ **''ફ્રેક મોરેસે''** ગાંધીજીને **''અર્ધનંગા ફકીર''** તરીકે ઓળખાવ્યા હતા.

→ ગાંધીજી જ્યારે બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા માટે જતા હતા ત્યારે **''ઝવેરચંદ મેઘાણી''** એ ગાયું હતું - **''છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ''**

→ આ પરિષદમાં ભાગ લેનારા ભારતીય પ્રતિનિધિઓ

| | | |
|---|---|---|
| (1) | અછૂત ફેડરેશન | - ડૉ. બી. આર. આંબેડકર |
| (2) | ભારતીય મહિલા પ્રતિનિધિ | - સરોજની નાયડૂ |
| (3) | હિન્દૂ મહાસભા | - મદન મોહન માલવીય |
| (4) | ભારતીય ઉદ્યોગપતિ | - જી. ડી. બિરલા |
| (5) | ઉદારવાદી પક્ષ | - તેજબહાદુર સપ્રૂ, વાય. વી. ચિંતામણી |
| (6) | મુસ્લિમ લીગ | - મુહમ્મદ અલીઝીણા, અલી ઈમામ, મુહમ્મદ ઈકબાલ |
| (7) | ભારતીય ઈસાઈ (ખ્રિસ્તી) | - એસ. કે. દત્તા |
| (8) | પોતાના વ્યકિતગત ખર્ચે | - મદનમોહન માલવીય, એની બેસન્ટ |
| (9) | કાંગ્રેસ | - ગાંધીજી (ગાંધીજીના સચિવ)ના રૂપે પ્યારેલાલ અને મહાદેવ દેસાઈ પણ ગયા |

→ 28 ડિસેમ્બર, 1931 ના રોજ ગાંધીજી ખાલી હાથે મુંબઈ પાછા આવ્યા અને કહયું કે, **"હું ખાલી હાથે પાછો આવ્યો છું પરન્તુ પોતાના દેશની લાજને (ઈજ્જત) ને મેં નીચે પડવા દીધી નથી."**

→ ગાંધીજીએ ફરી સવિનય કાનૂન ભંગની લડત શરૂ કરવાની ઘોષણા કરી દીધી.

★ **સવિનય કાનૂન ભંગની ચળવળનો ફરીથી શુભારંભ**

→ બીજી ગોળમેજી પરિષદની અસફળતા અને ગાંધી-ઈરવીન કરારનો અમલ ન થવાથી ગાંધીજીએ ફરીથી સવિનય કાનૂન ભંગની લડત 1 જાન્યુઆરી, 1932 ના રોજ શરૂ કરવાનું નક્કી કર્યુ.

→ ચળવળની શરૂઆતમાં 4 જાન્યુઆરી, 1932 ના રોજ ગાંધીજી, પંડિત જવાહરલાલ નેહરૂ, વગેરેને જેલમાં પૂરી દીધાં અને કાંગ્રેસને **"ગેરકાયદેસર સંસ્થા"** જાહેર કરી દેવામાં આવી હતી.

★ **મેકડોનાલ્ડનો કોમી ચુકાદો (1932)**

→ સવિનય કાનૂન ભંગની ચળવળ જ્યારે ચરમસીમાએ હતું ત્યારે બ્રિટેનના વડાપ્રધાન **"રૈમ્સ મેકડોનાલ્ડે"** પોતાનો કોમી ચુકાદો (સાંપ્રદાયિક પંચાટ - (Communal Award)) જાહેર કર્યો.

→ 16 ઓગસ્ટ, 1932 ના રોજ મેકડોનાલ્ડે અલગ - અલગ સંપ્રદાયોના પ્રતિનિધિત્વ વિશેનો જે પંચાટ (ચુકાદો) જાહેર કર્યો, તેને જ **"કોમી ચુકાદો"** (Communal Award) કહેવાય છે.

→ આ કોમ્યુનલ એવોર્ડ આ મત પર આધારિત હતો કે ભારત એક રાષ્ટ્ર નથી, પરંતુ અનેક જાતિઓ, ધાર્મિક અને સાંસ્કૃતિક પક્ષો વગેરેનો સમૂહ છે. આમાં મુસ્લિમો, ખ્રિસ્તીઓ, શીખો, એંગ્લો - ઈન્ડિયનો અને દલિતોને પણ અલગ સીટ અથવા મતદાર મંડળ આપવામાં આવ્યું.

★ **પૂના પૈકટ (પૂના કરાર - 1932)**

→ કોમ્યુનલ એવોર્ડમાં હરિજનો (દલિતો) માટે અલગ મતદાર મંડલની યોજના કરવામાં આવી હતી. હિન્દુ સમાજનો આ રીતે દેહવિચ્છેદ કરવાનો કોઈપણ પ્રયાસ કરવામાં આવશે તો **"હું તેનો પ્રાણાન્તે પણ વિરોધ કરીશ"** એવું ગોળમેજી પરિષદ સમક્ષ ગાંધીજીએ જે નિવેદન કર્યુ હતું તેનો અમલ કરવાનો સમય આવી પહોંચ્યો અને એ મુજબ ગાંધીજીએ 20 સપ્ટેમ્બર, 1932 ના રોજથી **"યરવડા જેલ"** માં આમરણ ઉપવાસ આદર્યા.

→ ભારતીય નેતાઓ સંમત થઈ આ ચુકાદામાં જે કઈપણ ફેરફાર કરવા ઈચ્છે તે કરી આપવા પોતે તૈયાર છે એવું મેકડોનાલ્ડે જાહેર કર્યું.

→ ગાંધીજીનું જીવન બચાવવા ભારતીય નેતાઓ આ પ્રશ્નનો તોડ કાઢવા માટે ભેગાં મળ્યાં.

→ પંડિત મદનમોહન માલવીય, તેજ બહાદુર સપ્રૂ, જયકર અને અમૃતલાલ ઠક્કર વગેરે નેતાઓએ હરિજન નેતા ડૉ. બી. આર. આંબેડકરને અલગ મતદારમંડળની વાત જતી કરવા સમજાવ્યા.

→ 26 સપ્ટેમ્બર, 1932 ના રોજ ડૉ. બી. આર. આંબેડકર અને ગાંધીજીની વચ્ચે એક કરાર કરવામાં આવ્યો, જેમાં કોમી ચુકાદાથી હરિજનોને મળેલી બેઠક કરતાં લગભગ બમણી બેઠકો તેમને મળે એવું નક્કી કરવામાં આવ્યું. હરિજનોને વધુ લાભ મળે એ માટે ગાંધીજી હંમેશા રાજી હતા, એટલે નેતાઓએ શોધી કાઢેલી સમાધાન માટેની આ યોજના સ્વીકારાઈ. જેને **"પૂના-પૈકટ"** (પૂના-કરાર) તરીકે ઓળખવામાં આવે છે.

→ આમ, સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલીમાં 18 ટકા સીટો હરિજનો (દલિત વર્ગ) માટે આરક્ષિત થઈ ગઈ.

★ **ગાંધીજી ધ્વારા હરિજનોત્થાન કાર્યક્રમ**

→ પૂના પૈકટ (પૂના કરાર) પછી ગાંધીજીનું વલણ હરિજન ઉત્થાન તરફ વધારે હતું.

→ હરિજનના કલ્યાણ માટે ગાંધીજીએ સપ્ટેમ્બર, 1932 માં **"અખિલ ભારતીય અસ્પૃશ્ય વિરોધી લીગ"** ની સ્થાપના કરી.

→ જાન્યુઆરી, 1933 માં **"હરિજન"** નામનું સાપ્તાહિક શરૂ કર્યું.

→ હરિજનો પ્રત્યે હિન્દુઓના અપમાનિત વ્યવહારના પશ્ચાત્તાપરૂપે 8 મે, 1933 ના રોજથી જેલમાં જ 21 દિવસના ઉપવાસ કર્યા અને સવિનય કાનૂન ભંગની લડત 12 અઠવાડિયા સુધી સ્થગિત કરી દીધી.

★ **ત્રીજી ગોળમેજી પરિષદ (1932)**

→ જે સમયે સવિનય કાનૂન ભંગની ચળવળ ચાલી રહી હતી ત્યારે ગોળમેજી પરિષદનો ત્રીજો અને છેલ્લો સંમ્મેલન લંડનમાં નવેમ્બર, 1932 માં શરૂ થયું.

→ આ પરિષદનું કોંગ્રેસે બહિષ્કાર કર્યો.

→ આ પરિષદ લંડનમાં 17 નવેમ્બર, 1932 થી 24 ડિસેમ્બર, 1932 સુધી યોજાઈ અને ભારત સરકારે એવા જ

ભારતીય પ્રતિનિધિઓને આમંત્રિત કર્યા જેનાથી વિરોધની જરા પણ આશા ન હોય.

→ આ પરિષદમાં બીજી ગોળમેજી પરિષદની પેટા સમિતિઓની ભલામણોને ચર્ચા-વિચારણા કરવા માટેનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો. આ આધાર પર કેટલાંક નિર્ણય લેવામાં આવ્યા, જેને પછીથી ભારત સરકારના 1935 ના અધિનિયમ (એક્ટ)માં સ્થાન આપવામાં આવ્યું.

→ ભારતીય પ્રતિનિધિઓ ધ્વારા 1935 ના અધિનિયમમાં નાગરિકો માટે અધિકાર-પત્ર (Bill of Rights) ની માંગ કરવામાં આવી, પરંતુ સરકાર ધ્વારા આ માંગને અસ્વીકાર કરી દેવામાં આવ્યી વસ્તુતઃ અનુદાર પક્ષ ભારતને કંઈપણ આપવાના પક્ષમાં ન હતો અને આને ગુલામીની સાંકળમાં બાંધીને રાખવા માંગતો હતો.

★ **<u>વિશેષ</u>**

→ જલિયાવાલા બાગ હત્યાકાંડના સમયે જ પંજાબમાં **"અમનદીપ"** (ચમનદીપ)ની આગેવાનીમાં **"ડંડા ફૌજ"** અસ્તિત્વમાં આવી.

→ ડિસેમ્બર, 1924 માં કોંગ્રેસના બેલગામ અધિવેશનમાં ગાંધીજી પ્રથમ વખત કોંગ્રેસના અધ્યક્ષ બન્યા હતા.

→ સવિનય કાનૂન ભંગની ચળવળ પછી **"મદનમોહન માળવીય"** એ **"કોંગ્રેસ નેશનલિસ્ટ પાર્ટી"** ની સ્થાપના કરી હતી.

→ સવિનય કાનૂન ભંગની ચળવળ દરમિયાન કોંગ્રેસનો ઈ.સ. 1931 નો પ્રખ્યાત **"કરાચી અધિવેશન"** થયો હતો. આ અધિવેશનમાં કોંગ્રેસે **"મૂળ અધિકાર"** ના પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

→ ગાંધી-ઈરવીન કરારના સમયે સરોજની નાયડૂએ આને બે મહાત્માઓનું મિલન કહયું હતું.

→ ત્રણેય ગોળમેજી પરિષદના સમયે ઈંગ્લેન્ડના વડાપ્રધાન **"રમ્સ મેકડોનાલ્ડ"** હતા. ડૉ. આંબેડકરે લંડનમાં થયેલ ત્રણેય ગોળમેજી પરિષદમાં હરિજનોનું પ્રતિનિધિ કર્યું હતું.

★★★★★

## <u>પ્રકરણ-16 ક્રાંતિકારી રાષ્ટ્રવાદી આંદોલન</u>

→ ઓકટોબર, 1924 માં સમસ્ત ક્રાંતિકારી પક્ષોનો કાનપુરમાં એક સંમ્મેલન બોલાવવામાં આવ્યો, જેમાં સચિન્દ્રનાથ શાન્યાલ, જગદીશચન્દ્ર ચેટરજી, અને રામપ્રસાદ બિસ્મિલ જેવા જૂના ક્રાંતિકારી નેતાઓ અને ભગતસિંહ, શિવવર્મા, સુખદેવ, ભગવતીચરણ વોહરા અને ચંદ્રશેખર આઝાદ જેવા યુવા ક્રાંતિકારીઓએ ભાગ લીધો.

→ સચિન્દ્રનાથ સાન્યાલ એ ઈ.સ. 1924 માં **"હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશન"** (હિન્દુસ્તાન રિપબ્લિકન આર્મી) ની સ્થાપના કરી હતી.

→ આ એસોસિએશનના ત્રણ પ્રમુખ આદર્શો હતા -

(1) પૂર્ણ સ્વતંત્રતા માટે પ્રત્યક્ષ કાર્યવાહી અને ક્રાંતિની જરૂરિયાત પર ભાર આપવો.

(2) ભારતીય જનતામાં ગાંધીજીની અહિંસાવાદી નીતિઓની નિરર્થકતાના પ્રતિ જાગૃતિ લાવવી.

(3) અંગ્રેજી સામ્રાજ્યવાદની જગ્યાએ સમાજવાદી વિચારધારાથી પ્રેરિત સંયુક્ત ભારત રાજયમાં સંઘીય ગણતંત્રની સ્થાપના કરવી.

★ **<u>કાંકોરી કાંડ :</u>**

→ 9 ઓગસ્ટ, 1925 ના રોજ જ્યારે રેલગાડીથી સરકારી ખજાનો સહારનપુરથી લખનૌ બાજુ જઈ રહયો હતો, ત્યારે તેને કાકોરી નામના સ્ટેશન પર લૂટવામાં આવ્યો. આને જ **"કાકોરી કાંડ"** કહેવાય છે.

→ સરકારી ખજાનો લૂંટવાનો વિચાર રામપ્રસાદ બિસ્મિલનો હતો.

→ રામપ્રસાદ બિસ્મિલ, રાજેન્દ્ર લાહિડી, રોશનસિંહ અને અશફાક ઉલ્લા ખૉને ડિસેમ્બર, 1927 માં ફાંસી આપી દેવામાં આવી.

→ સચીન્દ્રનાથ સાન્યાલને આજીવન કેદની સજા મળી જ્યારે મન્મથનાથ ગુપ્તને 14 વર્ષની કેદની સજા મળી.

→ સંભવતઃ અશફાકઉલ્લાખૉ પ્રથમ ભારતીય ક્રાંતિકારી મુસલમાન હતા, જે દેશની સ્વતંત્રતા માટે ફાંસી પર લટકાવી દેવામાં આવ્યા હતા.

→ ચન્દ્રશેખર આઝાદ અને ભગતસિંહના નેતૃત્વમાં 9 સપ્ટેમ્બર, 1928 ના રોજ દિલ્હીમાં આવેલ ફિરોજશાહ કોટલાના મેદાનમાં **"હિન્દુસ્તાન સોશલિસ્ટ રિપબ્લિકન એસોસિએશન"** ની સ્થાપના કરી હતી.

→ ક્રાંતિકારીઓએ જનતાને પોતાની વિચારધારાથી અવગત કરાવવા માટે **"ફિલોસૉફી ઑફ ધ વમ"** નામની પુસ્તક લખી. આ પુસ્તક ચન્દ્રશેખર આઝાદના અનુરોધ પર **"ભગવતી ચરણ વોહરા"** એ લખી હતી. આ પુસ્તકની પ્રસ્તાવના **"ભગતસિંહે"** લખી હતી.

→ **"નૌજવાન ભારત સભા"** ની સ્થાપના ઈ.સ. 1926 માં **"ભગતસિંહ"** અને **"સુખદેવ"** એ કરી હતી.

→ ચટગાંવની સરકારી શસ્ત્રાગાર પર એપ્રિલ, 1930 માં ક્રાંતિકારીઓએ આયોજન કરીને લૂંટ કરી હતી, જેનું નેતૃત્વ **"સૂર્યસેન"** એ કર્યું હતું. પછી સૂર્યસેનને પકડી લેવામાં આવ્યા અને ઈ.સ. 1993 માં ફાંસી આપી દેવામાં આવી.

→ સાઈમન કમીશનના વિરોધમાં પ્રદર્શન કરતાં લાલા લાજપતરાયની હત્યા કરી દેવામાં આવી હતી. આ હત્યા પોલીસના લાઠીચાર્જથી થઈ હતી. જેનો બદલો દેવા માટે ભગતસિંહના નેતૃત્વમાં પંજાબના ક્રાંતિકારીઓએ 17 ડિસેમ્બર, 1928 ના રોજ લાહોરના તે સમયના સહાયક પોલીસ અધિકારી **"સૉન્ડર્સ"** ની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી.

→ **"પબ્લિક સેફટી બિલ"** પાસ થવાના વિરોધમાં 8 એપ્રિલ, 1929 ના રોજ **"ભગતસિંહ"** અને **"બટુકેશ્વર દત્ત"** એ દિલ્હીમાં **"સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલી"** માં ખાલી બેંચો પર બોંબ ફેકયો. ક્રાંતિકારીઓએ પોતાના પેમ્ફલેટમાં કહયું હતું કે **"તેમનો ઈરાદો કોઈની હત્યા કરવાનો નથી પણ બહેરાઓને સાંભળવાનો છે."**

→ 23 માર્ચ, 1931 ના રોજ ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને ફાંસી આપી દેવામાં આવી હતી.

→ 27 ફેબ્રુઆરી, 1931 ના રોજ ચન્દ્રશેખર આઝાદ અલ્હાબાદના આલ્ફ્રેડ પાર્કમાં એક પોલીસ મુઠભેડમાં શહીદ થઈ ગયા.

→ લાહોર ષડયંત્ર કેસમાં ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવની ધરપકડ કરવામાં આવી હતી.

→ સચીન્દ્રનાથ સાન્યાલે **"બંદી જીવન"** નામની પુસ્તક લખી હતી.

→ ભગતસિંહ એ **"હું નાસ્તિક કેમ છું"** નામની પુસ્તક લખી હતી.

★ **પ્રમુખ ક્રાંતિકારી સંસ્થાઓ**

| ક્રમ | સંસ્થા | વર્ષ | સ્થળ | નેતૃત્વ |
|---|---|---|---|---|
| 1. | વ્યાયામ મંડળ | 1896 | પૂણે | ચાપેકર બંધુ |
| 2. | મિત્ર મેળા | 1899 | પૂણે | સાવરકર બંધુ |
| 3. | અનુશીલન સમિતિ | 1902 | કલકત્તા, ઢાકા | બારીન્દ્ર કુમાર ઘોષ, જતિન્દ્રનાથ બેનરજી |
| 4. | અભિનવ ભારત | 1904 | પૂણે | વી. ડી. સાવરકર |
| 5. | ભારતમાતા સમિતિ | 1904 | પંજાબ | વાંચી અય્યર, જે. એમ. ચેટરજી, નીલકાંત બ્રહ્મચારી |
| 6. | સ્વદેશ બાંધવ સમિતિ | 1905 | બારિસાલ | અશ્વિનીકુમાર દત્ત |
| 7. | ઈન્ડિયા સોસાયટી | 1906 | પેરિસ | મેડમ કામા |
| 8. | યુગાંતર | 1906 | કલકત્તા | બારીન્દ્રકુમાર ઘોષ, ભૂપેન્દ્રનાથ દત્ત |
| 9. | ભારતમાતા સોસાયટી | 1907 | પંજાબ | અજીતસિંહ, અંબાપ્રસાદ |
| 10. | ગદર પાર્ટી | 1913 | સાનફ્રાંસિસ્કો | લાલા હરદયાળ, સોહન સિંહ ભાકના |
| 11. | હિન્દ એસોસિએશન | 1913 | બારિસાલ | સોહનસિંહ ભાકના |
| 12. | હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશન | 1924 | કાનપુર | સચીન્દ્રનાથ સાન્યાલ, જોગેશચન્દ્ર ચેટરજી |
| 13. | લાહોર છાત્ર સંઘ | 1925 | પંજાબ | સુખદેવ, ભગતસિંહ |
| 14. | નૌજવાન સભા | 1926 | લાહોર | ભગતસિંહ |
| 15. | ઈન્ડિયન રિપબ્લિકન આર્મી | 1930 | ચટગૉવ | સૂર્યસેન |

| | | | | |
|---|---|---|---|---|
| 16. | ઈન્ડિયન ઈન્ડિપેંડેસ લીગ | 1942 | જાપાન | રાસબિહારી બોસ |
| 17. | આર્ય બાંધવ સમાજ | 1942 | જાપાન | રાસબિહારી બોસ |

★ **સમાજવાદી રાજનીતિનો ઉદય**

→ ઈ.સ. 1917 માં રશિયન ક્રાંતિની સફળતા એ સમ્પૂર્ણ વિશ્વમાં સમાજવાદી વિચારધારાને લોકપ્રિય બનાવી દીધી.

→ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની અંદર પણ વામપંથી રાજનીતિને પ્રોત્સાહન મળ્યું. આ પ્રોત્સાહનના સૂત્રધાર **"જવાહરલાલ નેહરૂ"** હતા.

→ ઈ.સ. 1927 માં જવાહરલાલ નેહરૂ સામ્રાજ્યવાદની વિરૂધ્ધ બ્રુશેલ્સમાં થયેલ આંતરરાષ્ટ્રીય પરિષદમાં કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે સામેલ થયા હતા. અહીંયા તેમને **"લીગ અગેન્સ્ટ ઈમ્પીરિયલિજમ એન્ડ ફૉર નેશનલ ઈન્ડિપેન્ડેસ"** ની કાર્યકારિણી સમિતિના સભ્ય નિયુક્ત કરવામાં આવ્યા.

→ જવાહરલાલ નેહરૂ એ રશિયાની યાત્રા કરી જ્યૉ તેમના પર સમાજવાદની ખૂબ જ અસર થઈ હતી.

→ ઈ.સ. 1929 માં કોંગ્રેસના લાહોર અધિવેશનની અધ્યક્ષતા જવાહરલાલ નેહરૂએ કરી હતી જેમાં તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે **"હું સમાજવાદી છું"**

→ ઈ.સ. 1937 ના કોંગ્રેસના લખનૌ અધિવેશનમાં જવાહરલાલ નેહરૂ એ જાહેર કર્યું કે **"સમાજવાદ જ બધી સમસ્યાઓની ચાવી છે"**

→ જવાહરલાલ નેહરૂ સિવાય કોંગ્રેસમાં સુભાષચન્દ્ર બોસ પણ સમાજવાદી વિચારધારા ધરાવતા હતા.

→ ઓગસ્ટ, 1928 માં નેહરૂ અને બોસે મળીને **"ઈન્ડિપેંડેસ ફૉર ઈન્ડિયા લીગ"**ની સ્થાપના કરી હતી.

★ **ત્રિપુરી સંકટ**

→ સુભાષચન્દ્ર બોસ ઈ.સ. 1938 માં સર્વસમ્મતિથી કોંગ્રેસના હરિપુરા અધિવેશન માટે અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા હતા.

→ ત્રિપુરી અધિવેશનમાં સુભાષચન્દ્ર બોસ ઈ.સ. 1939 માં ફરી કોંગ્રેસના અધ્યક્ષ બનવા માટે ઊભા થયા. આ સમયે પટ્ટાભિસીતારમૈયા તેમની સામે ઊભા થયા જેમનું સમર્થન ગાંધીજી ધ્વારા કરવામાં આવ્યું હતું.

→ કોંગ્રેસની અધ્યક્ષપદની ચૂંટણીમાં સુભાષચન્દ્ર બોસ વિજયી થયાં અને પટ્ટાભિ સીતારમૈયાની હાર થઈ હતી. ગાંધીજી આનાથી દુ:ખી થયા અને કહયુ કે આ પટ્ટાભિસીતાર મૈયાની હાર નથી મારી હાર છે.

→ આનાથી સુભાષચન્દ્ર બોસે કોંગસના અધ્યક્ષ પદથી રાજીનામું આપી દીધું અને **"ફોરવર્ડ બ્લૉક"** નામની પાર્ટીની સ્થાપના કરી હતી.

★ **વિશેષ**

→ હિન્દૂ સભા નામથી ઈ.સ. 1909 માં પંજાબમાં યૂ.એન. મુખર્જી અને લાલચંદ્ર એ એક સંસ્થાની સ્થાપના કરી. એપ્રિલ, 1915 માં આનું નામ **"અખિલ ભારતીય હિન્દૂ મહાસભા"** રાખવામાં આવ્યું. આના પ્રમુખ નેતાઓમાં પંડિત મદનમોહન માલવીય, લાલા લાજપતરાય, મુંકુંદરાવ જયકર જેવા નેતા હતા. ઈ.સ. 1938 માં વી. ડી. સાવરકર આના અધ્યક્ષ બન્યા હતા.

→ ઈ.સ.1925 માં આર. એસ. એસ. (RSS) ની સ્થાપના થઈ હતી. આની સ્થાપના હેડગેવાર એ નાગપુરમાં કરી હતી.

→ **"ઑલ ઈન્ડિયા સ્ટેટ પિપુલ્સ કોન્ફરન્સ"** ની સ્થાપના ઈ.સ. 1927 માં **"બલવંતરાય મહેતા"** ની અધ્યક્ષતા હેઠલ થઈ હતી.

→ ભારતમાં સામ્યવાદી વિચારોના પ્રથમ પ્રવકતાના રૂપે **"નરેન્દ્રનાથ ભટ્ટાચાર્ય"** અને **"માનવેન્દ્ર નાથ રાય"** (એમ. એન. રાય) નું નામ પ્રખ્યાત છે.

→ એમ. એન. રાય અને નરેન્દ્રનાથ ભટ્ટાચાર્ય ઈ.સ. 1919 માં માસ્કો ગયા અને લેનિનથી મળ્યા હતા.

→ લેનિનની પ્રેરણાથી ઓકટોબર, 1920 માં તેમણે તાશકંદમાં **"કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા"** ની સ્થાપના કરી.

→ ઈ.સ. 1922 માં એમ. એન. રાય ધ્વારા પોતાની પાર્ટીનું મુખ્યાલય જર્મનીના બર્લિનમાં સ્થાનાન્તરિત કરવામોં આવ્યું. અહીંથી તેમણે વેન્ગાર્ડ ઑફ ઈન્ડિયન ઈન્ડિપેંડેસ નામથી એક પાક્ષિક પત્રિકાનું પ્રકાશન કર્યુ.

→ એમ. એન. રાયે બર્લિનમાં વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય, ભૂપેન્દ્રનાથ દત્ત અને બરકતુલ્લાના સહકારથી **"ઈન્ડિયા ઈન્ડિપેંડેસ પાર્ટી"** ની સ્થાપના કરી હતી.

→ ઓગસ્ટ, 1922 થી એસ. એ. ડાંગે એ મુંબઈથી એક સોશલિસ્ટ પત્રિકાનું સંપાદન કર્યું હતું. આ ભારતમાં પ્રકાશિત થવાવાળી પ્રથમ કોમ્યુનિસ્ટ પત્રિકા હતી.

→ ઈ.સ. 1921 માં એસ. એ. ડાંગે ધ્વારા **''ગાંધી વર્સેજ લેનિન''** નામની પુસ્તકની રચના કરી હતી.

→ ઈ.સ. 1925 માં એસ. એ. ડાંગે અને પૂર્ણ ચન્દ્ર જોશી વગેરેએ **''કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા''** ની સ્થાપના કરી હતી.

→ ઈ.સ. 1926 માં મુંબઈમાં એસ. એસ. મિરાજકર, કે. એન. જોગેલકર અને એસ. વી. ઘાટે ધ્વારા **''કોંગ્રેસ લેબર પાર્ટી''** ની સ્થાપના કરી હતી.

→ ઈ.સ. 1934 માં કોંગ્રેસ સમાજવાદી પાર્ટીની સ્થાપના થઈ. જયપ્રકાશ નારાયણને આ પાર્ટીના સચિવ બનાવવામાં આવ્યા.

### ★ <u>બીજા વિશ્વયુદ્ધની શરૂઆત</u>

→ ઈ.સ. 1935 માં અધિનિયમની જોગવાઈ પ્રમાણે 1937 માં પ્રાંતીય ચૂંટણી થઈ હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસને કુલ 11 પ્રાંતોમાંથી 6 માં સ્પષ્ટ બહુમત મળ્યું હતું.

→ જુલાઈ, 1937 માં કોંગ્રેસ એ સંયુક્ત પ્રાંત, મધ્ય પ્રાંત, ઓરિસ્સા, બિહાર, મદ્રાસ અને મુંબઈમાં સરકાર બનાવી જ્યારે આસામ અને ઉતરી-પશ્ચિમી સીમા પ્રાંતમાં કોંગ્રેસ ગઠબંધનની સરકાર બનાવી હતી.

→ ઈ.સ. 1939 માં હિટલરની સેનાએ પોલેન્ડ પર આક્રમણ કરી દીધું, એ જ બીજા વિશ્વયુદ્ધની શરૂઆત હતી.

→ બ્રિટને પણ જર્મનીની સામે યુદ્ધ જાહેર કરી દીધું અને ભારતની કોઈ રાજકીય સંસ્થા સાથે વાતચીત કર્યા વગર અંગ્રેજોએ ભારતનો પણ યુદ્ધમાં સમાવેશ કરી દીધો.

→ ઈ.સ. 1939 માં કોંગ્રેસ મંત્રીપરિષદોએ બીજા વિશ્વયુદ્ધમાં ભારતને સામેલ કરવાના વિરોધમાં મંત્રાલયોથી રાજીનામું આપી દીધું. દેશમાં ઈમરજન્સી લગાડવામાં આવી.

→ 22 ડિસેમ્બર, 1939 ના રોજ કોંગ્રેસી સરકારે રાજીનામું આપી દીધું હતુ, તે દિવસને મુસ્લિમ લીગમાં **''મુક્તિ દિવસ''** ના રૂપે ઉજવવામાં આવ્યો.

→ મુસ્લિમ લીગની સાથે ડૉ. બી. આર. આંબેડકરે પણ **''મુક્તિ દિવસ''** ઉજવ્યો હતો.

→ અમેરિકાએ જાપાનના **''હિરોશિમા''** શહેર પર 6 ઓગસ્ટ, 1945 ના રોજ અને **''નાગાસાકી''** શહેર પર 9 ઓગસ્ટ, 1945 ના રોજ અણુબોમ્બ ફેંક્યા હતા જેથી સમગ્ર જાપાન પાયમાલ થઈ ગયું હતું.

→ 14 ઓગસ્ટ, 1945 ના રોજ જાપાને શરણાગતિ સ્વીકારતાં બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યો હતો.

# <u>પ્રકરણ-17</u> <u>રાષ્ટ્રીય આંદોલન</u>

### ★ <u>ઓગસ્ટ પ્રસ્તાવ (August Offer -1940)</u>

→ ઈ.સ. 1940 ની મધ્યમાં બીજા વિશ્વયુદ્ધમાં ઈંગ્લેન્ડની સ્થિતિ મુશ્કેલભરી થઈ ગઈ હતી. જર્મનીએ નોવે, ડેનમાર્ક, હોલેન્ડ અને બેલ્જિયમ પર અધિકાર કરી લીધો હતો અને ફ્રાંસ પણ ખરાબ રીતે પરાજિત થઈ ચૂક્યો હતો. જર્મની હવે ઈંગ્લેન્ડ પર આક્રમણની યોજના બનાવી રહયો હતો. આવી પરિસ્થિતિમાં કોંગ્રેસે બ્રિટેનની મદદ કરવાનું નક્કી કર્યું હતું.

→ કોંગ્રેસની કાર્યકારિણી એ પ્રસ્તાવ મૂક્યો કે આપણો દૃઢ વિશ્વાસ છે કે આ સમયે બ્રિટેન અને ભારતને જે સમસ્યાઓનો સામનો કરવો પડી રહયો છે તેનો નિકાળ કરવાનો એકમાત્ર રસ્તો બ્રિટન દ્વારા ભારતની પૂર્ણ સ્વતંત્રતાની સ્વીકૃતિ છે અને આને તત્કાલ કાર્યક્રમના રૂપમાં પરિણિત કરવા માટે તેને કેન્દ્રમાં એક વચગાળાની રાષ્ટ્રીય સરકારની સ્થાપના કરવી જોઈએ.

→ ગાંધીજીનું કહેવું હતું કે આપણે બ્રિટેનની બરબાદી ધ્વારા સ્વતંત્રતા ઈચ્છતા નથી. જો કે માર્ચમાં થવાવાળા રામગઢના અધિવેશનમાં કોંગ્રેસે આ સ્પષ્ટ કરી દીધું હતું કે તેનો ઉદ્દેશ સરકારને યુદ્ધમાં મદદ આપી અને મજબૂત બનાવી પોતાની ગુલામીનો સમય વધારવાનો નથી પરન્તુ આંદોલનની તૈયારી કરવાનો છે.

→ 8 ઓગસ્ટ, 1940 ના રોજ તે સમયના વાઈસરૉય લોર્ડ લિનલિથગો એ **''ઓગસ્ટ પ્રસ્તાવ''**ની ઘોષણા કરી હતી.

→ **<u>ઓગસ્ટ પ્રસ્તાવની જોગવાઈઓ :</u>**

(1) બ્રિટિશ સરકાર ભારતીય બંધારણ સંબંધિત માંગોથી સહાનુભૂતિ રાખે છે અને આ શરતોના હેઠલ માંગની પૂર્ણ અભિવ્યક્તિ જોવાની ઈચ્છા રાખે છે કે બ્રિટેનના ભારતની સાથે લાંબા સમયના સંબંધોથી ઉત્પન્ન થયેલ ફરજોની બ્રિટેન પૂર્તિ કરશે, કારણ કે બ્રિટિશ સરકાર તેની જવાબદારીથી બચી શકતી નથી.

(2) ભારતવાસીઓ ધ્વારા પોતાના બંધારણ બનાવવાનો અધિકાર ભારતની સલામતી, અલ્પસંખ્યકોના અધિકાર, દેશી રિયાસતોની સાથે સંધિ અને પ્રધાનમંત્રીની સેવાઓ વગેરેના પ્રતિ બ્રિટિશ સરકારની ફરજોના હેઠલ ભારતીયોને પોતાના બંધારણ બનાવવાની ઈચ્છાના સંબંધમાં બ્રિટિશ સરકારે કહયું કે બંધારણ - નિર્માણ મુખ્યત્વે ભારતીયોની જવાબદારી હશે અને ભારતીય બંધારણની ઉત્પતિ ભારતીય સામાજિક, આર્થિક અને રાજનૈતિક જીવનથી થવી જોઈએ.

(3) બંધારણ સભા એવા સમયમાં જ્યારે એક રાષ્ટ્ર (એટલે કે બ્રિટેન) પોતાના જીવન માટે સંઘર્ષ કરી રહયો છે, બંધારણીય સવાલોનો નિર્ણય થઈ શકે નહિ પરન્તુ યુદ્ધના પછી ભારતીયોની એક પ્રતિનિધિ સભા બંધારણ નિર્માણ માટે બેસાડવામાં આવશે. આ વચ્ચે બ્રિટિશ સરકાર બંધારણ નિર્માણ સભાના રૂપમાં અને કાર્યપ્રણાલીના વિષયમાં કોઈપણ પ્રકારના કરાર પર પહોંચવાનો પ્રયાસનું સ્વાગત કરશે અને તેમાં મદદ આપશે.

(4) આ વચ્ચે બ્રિટિશ સરકાર અપેક્ષા રાખે છે કે બધા પક્ષ અને સંપ્રદાય યુદ્ધ પ્રયાસોમાં સરકારને મદદ પ્રદાન કરશે.

→ **કોંગ્રેસ ધ્વારા ઓગસ્ટ પ્રસ્તાવની અસ્વીકૃતિ :**

(1) જો કે આ ઘોષણાથી કોંગ્રેસની કેટલીક માંગો પૂરી થઈ જતી હતી. સરકારે ભારતીયોને ભવિષ્યમાં બંધારણના નિર્માણથી પણ જવાબદારી આપી હતી. પરંતુ તો પણ આનાથી ભારતની તાત્કાલિક પરિસ્થિતિમાં ન તો કંઈ પરિવર્તન થઈ શકતો હતો અને ન આમાં કોઈ સ્પષ્ટ વાયદો કરવામાં આવ્યો હતો.

(2) પૂર્ણ સ્વતંત્રતાની માંગ જગ્યાએ ફકત વાઈસરૉય ની કાર્યકારિણીનો વિસ્તાર કરવો સમસ્યાનો કોઈ નિકાલ નથી.

(3) મુસ્લિમ લીગને આ આશ્વાસન આપવામાં આવ્યું હતું કે તેની સ્વીકૃતિ વગર કોઈપણ બંધારણીય યોજનાને સરકાર સ્વીકાર નહિં કરે. આ લોકતંત્રાત્મક સિદ્ધાંતોની પ્રતિકૂળ હતું.

→ **મુસ્લિમ લીગ ધ્વારા ઓગસ્ટ પ્રસ્તાવની અસ્વીકૃતિ :**

(1) મુસ્લિમ લીગે પણ ઓગસ્ટ પ્રસ્તાવને અસ્વીકૃત કરી દીધી પરંતુ તેની અસ્વીકૃતિનું કારણ બીજું જ હતું. તેના પ્રમાણે ભારતની બંધારણીય સમસ્યાનો નિકાલનો એકમાત્ર માર્ગ પાકિસ્તાનની માંગ સ્વીકાર કરવાનો હતો.

(2) મુસ્લિમ લીગ સંયુક્ત ભારતની વિરૂધ્ધ હતી.

(3) મુસ્લિમ લીગે આ વાત પર ખાસ બળ આપ્યું કે તેની સંમતિ વગર ભારતને કોઈપણ ભવિષ્યનું બંધારણ (વચગાળાનું અથવા છેલ્લું) નિર્માણ કરવા દેવામાં આવે નહિં.

(4) વાઈસરૉય ની કાર્યકારિણી સમિતિમાં તેને કોંગ્રેસની સમાન બેઠકોની માંગણી કરી.

★ **પાકિસ્તાનની માંગણી (1940)**

→ મુસલમાનો માટે અલગ રાષ્ટ્રની સલાહ સૌપ્રથમ પ્રખ્યાત શાયર **"ઈકબાલ"** એ ઈ.સ. 1930 માં મુસ્લિમ લીગના **"અલ્હાબાદ અધિવેશન"** માં આપી હતી.

→ **"ચૌધરી રહેમત અલી"** જેઓ કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી હતા, તેમણે **"પાકિસ્તાન"** નામની પરિકલ્પના કરી હતી.

→ ઈ.સ. 1937 ની ચૂંટણીમાં હારવાથી મુહમ્મદ અલી ઝીણાએ ગાંધીજી પર હિન્દુ રાષ્ટ્ર સ્થાપવાનો આક્ષેપ મૂક્યો, આમ મુહમ્મદ અલી ઝીણાએ **"દ્વિરાષ્ટ્રના સિદ્ધાંત"** નું પ્રતિપાદન કર્યું.

→ 23 માર્ચ, 1940 ના રોજ મુસ્લિમ લીગના લાહોર અધિવેશનમાં પ્રથમ વખત **"પાકિસ્તાન"** રાજ્યના નિર્માણનો પ્રસ્તાવ પસાર કર્યો. આ અધિવેશનની અધ્યક્ષતા મુહમ્મદ અલી ઝીણા કરી રહયા હતા.

★ **વ્યક્તિગત સત્યાગ્રહ (1940)**

→ ઓગસ્ટ પ્રસ્તાવનો સમ્પૂર્ણપણે અસ્વીકાર કરીને કોંગ્રેસે 12 ઓગસ્ટ, 1940 ના રોજ **"વ્યક્તિગત સત્યાગ્રહ"** કરવાનો ઠરાવ પસાર કર્યો.

→ 12 ઓકટોબરની કારોબારી સભામાં ગાંધીજીએ વ્યક્તિગત સત્યાગ્રહની યોજના સમજાવતાં કહયું કે નિયમિત કાંતણ અને રચનાત્મક કાર્યમાં શ્રદ્ધા ધરાવનારને જ લાયક ગણવામાં આવશે.

→ ગાંધીજીએ 17 ઓકટોબર, 1940 ના રોજ **"પાવનાર"** માં વ્યક્તિગત સત્યાગ્રહની શરૂઆત કરી. આ સત્યાગ્રહના પ્રથમ સત્યાગ્રહી **"વિનોબાભાવે"**, બીજા સત્યાગ્રહી **"જવાહરલાલ નેહરૂ"** અને ત્રીજા સત્યાગ્રહી **"બ્રહ્મદત્ત"** હતા.

→ આ આંદોલનને **"દિલ્હી ચલો"** આંદોલન પણ કહેવાય છે.

→ આ સત્યાગ્રહમાં આશરે 25,000 જેટલા સત્યાગ્રહીઓ જેલમાં ગયા.

→ ડિસેમ્બર, 1941 માં કોંગ્રેસ કાર્યસમિતિએ આંદોલનને સ્થગિત કરવાનો નિર્ણય લીધો.

## ★ ક્રિપ્સ મિશન (1942)

→ બીજા વિશ્વયુદ્ધમાં જાપાને **"પર્લ હાર્બર"** પર હુમલો કર્યો અને અમેરિકાની જળસેનાનો નાશ કરી દીધો.

→ બીજા વિશ્વયુદ્ધમાં હવે મિત્ર રાજ્યોની સ્થિતિ નબળી પડી ગઈ હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ફેંકલિન રૂઝવેલ્ટ, ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાન ઈવાર અને ચીનના રાષ્ટ્રપતિ ચાંગ-કાઈ-શેક મળીને બ્રિટનના વડાપ્રધાન વિંસ્ટન ચર્ચિલ પર ચારે બાજુથી ભારત સાથે ન્યાયપૂર્ણ વ્યવહાર કરવા અને ભારતીયોને યુદ્ધમાં મદદ કરવા માટેનું દબાણ કર્યું.

→ બ્રિટિશ સરકારને એક વધુ પરિસ્થિતિએ કઈંક કરવા માટે બાધ્ય કર્યા હતા. ઈ.સ. 1941 માં સુભાષચન્દ્ર બોસ પોતાના ઘરે (કોલકાત્તા) નજરકેદ હતા, પરંતુ બ્રિટિશ અધિકારીઓથી નજરકેદમાંથી છટકીને ભાગી નિકળ્યા અને વેશભૂષા બદલીને ભારતની ઉત્તર-પશ્ચિમ સીમા પાર કરીને જર્મની થઈને જાપાન પહોંચી ગયા. ત્યાં તેમણે પ્રવાસી ભારતીયોને સંગઠિત કર્યા હતા. જાપાનની સરકારથી પણ તેમને સૈનિક અને અન્ય મદદ મળી હતી.

→ તેમણે પ્રવાસી ભારતીયોની એક સેનાનું નિર્માણ કર્યું જે આઝાદ હિન્દ ફોજ તરીકે ઓળખાય છે. નેતાજી સુભાષચન્દ્ર બોસનો ઉદ્દેશ આ સેનાની મદદથી ભારતને સ્વતંત્ર કરાવવાનો હતો.

→ બ્રિટિશ મંત્રમંડળે **"સર સ્ટેફર્ડ ક્રિપ્સ"** ની આગેવાની હેઠલ 22 માર્ચ 1942 ના રોજ એક પ્રસ્તાવ લઈને ભારત મોકલ્યા.

→ **ક્રિપ્સ મિશનની જોગવાઈઓ :**

(1) ક્રિપ્સ મિશનના બે ભાગ હતા - એક ભાગ તાત્કાલિક અમલમાં આવનારો હતો. પરંતુ બીજો ભાગ યુદ્ધના પછીની પરિસ્થિતિઓથી સંબંધ રાખતો હતો. તાત્કાલિક અમલ માટે આ યોજના હતી કે યુદ્ધ દરમિયાન એક કાર્યવાહી પરિષદ રચવામાં આવશે, ફકત સંરક્ષણ મંત્રાલય (Defence Ministry) જ બ્રિટેન પાસે રહેશે.

(2) ભવિષ્યના સંબંધમાં નીચે મુજબની યોજનાઓ હતી -

- યુદ્ધની સમાપ્તિ પછી એક નવા ભારતીય સંઘની સ્થાપના જેને ઔપનિવેશિક સ્વરાજ્ય (ડોમિનિયન સ્ટેટસ)નો દરજ્જો આપવામાં આવશે અને જો ઈચ્છે તો બ્રિટિશ રાષ્ટ્રમંડળથી સંબંધ વિચ્છેદ કરી શકશે.
- યુદ્ધ સમાપ્ત થયા પછી એક બંધારણ સભાની સ્થાપના જેમાં બ્રિટિશ ભારત અને દેશી રાજ્યો એમ બન્નેના પ્રતિનિધિઓ સામેલ રહેશે.
- પ્રાંતો અલગ થવા ઈચ્છે તો થઈ શકશે અને પોતાનું નવું બંધારણ પણ બનાવી શકશે.

→ **કોંગ્રેસ ધ્વારા ક્રિપ્સ મિશનની અસ્વીકૃતિ :**

- 11 એપ્રિલ, 1942 ના રોજ કોંગ્રેસ સમિતિએ નીચે મુજબના કારણોથી ક્રિપ્સ પ્રસ્તાવને અસ્વીકાર કર્યો હતો.

(1) ક્રિપ્સ યોજનાના પ્રમાણે બંધારણ સભામાં રિયાસતોના પ્રતિનિધિઓને મોકલવાનો અધિકાર ત્યૉની જનતાને ન આપીને ત્યૉના શાસકોને આપવામાં આવ્યો હતો. કોંગ્રેસે આને આ માટે અસ્વીકાર કરી દીધો કે એક તો આનાથી રિયાસતોની જનતાની અવગણના થતી હતી અને બીજું દેશી રિયાસતોના શાસકો અંગ્રેજોને પ્રસન્ન (રાજી) રાખવાના પ્રયાસ કરતા હતા અને દેશની પ્રગતિના માર્ગમાં અવરોધક બનતા હતા.

(2) આ યોજના ધ્વારા સંઘ અને દેશી રિયાસતોને સંઘથી અલગ રહેવા અને બંધારણ બનાવવાનો અધિકાર આપવામાં આવ્યો, જ્યારે કોંગ્રેસ દેશની એકતામાં વિશ્વાસ કરતી હતી.

(3) જાપાની હુમલાના સંદર્ભમાં કોંગ્રેસે આ માંગ કરી હતી કે રક્ષા પર ભારતનો પૂર્ણ અને અસરકારક નિયંત્રણ રહેવો જોઈએ પરન્તુ બ્રિટિશ સરકાર આને માનવા માટે તૈયાર ન હતી.

→ **મુસ્લિમ લીગ ધ્વારા ક્રિપ્સ મિશનની અસ્વીકૃતિ :**

- મુસ્લિમ લીગ એ 11 એપ્રિલ, 1942 ના રોજ નીચે મુજબના કારણોથી ક્રિપ્સ પ્રસ્તાવને અસ્વીકાર કર્યો હતો.

(1) આ યોજનામાં સ્પષ્ટરૂપથી પાકિસ્તાનની માંગ સ્વીકાર કરવામાં આવી ન હતી.

(2) આ યોજનામાં બે બંધારણ સભાઓની વ્યવસ્થા કરવામાં આવી ન હતી. મુસલમાન પોતાના માટે અલગ બંધારણ સભા ઈચ્છતા હતા.

(3) પ્રાંતોના વિધાનમંડળોમાં મુસલમાનોનું પ્રતિનિધિત્વ સંતોષજનક ન હતું.

→ **શીખો, હરિજનો અને હિન્દુ મહાસભા ધ્વારા ક્રિપ્સ મિશનની અસ્વીકૃતિ :**

(1) શીખોએ આ પ્રસ્તાવને આ માટે અસ્વીકાર કરી દીધો હતો કે, પ્રાંતોને કેન્દ્રથી અલગ રહેવાનો અધિકાર આપી દેવામાં આવ્યો હતો. અને આવી રીતે પંજાબમાં પણ પાકિસ્તાન બનવાની સંભાવના હતી.

(2) હિન્દુ મહાસભાએ આ પ્રસ્તાવને આ માટે અસ્વીકાર કર્યો કે, આમાં પાકિસ્તાન બનવાની સંભાવના દેખાતી હતી.

(3) હરિજન નેતાઓએ આ પ્રસ્તાવને આ માટે અસ્વીકાર કર્યો કે, ઊંચી જાતિના હિન્દુઓની દયા પર આશ્રિત થવાનો ભય હતો. આવી રીતે ક્રિપ્સ પ્રસ્તાવ ભારતના બધા પક્ષો ધ્વારા વિવિધ કારણોથી અસ્વીકાર કરી દેવામાં આવ્યો હતો.

→ ગાંધીજીએ ક્રિપ્સ પ્રસ્તાવોને **"Post - Dated Cheque"** કહયું હતું.

→ જવાહરલાલ નેહરૂએ ક્રિપ્સ પ્રસ્તાવને કહયું હતું, **"આ એવા બેંકનો ચેક છે જે ટૂંક સમયમાં બંધ થવાની છે."**

### ★ હિંદ છોડો આંદોલન (1942)

→ ઓગષ્ટ પ્રસ્તાવ અને ક્રિપ્સ મિશનની અસફળતા પછી હિંદ છોડો આંદોલન શરૂ કરવામાં આવ્યો.

→ ગાંધીજીએ 27 એપ્રિલ, 1942 ના રોજ અલ્હાબાદની કોંગ્રેસની બેઠકમાં જ ગાંધીજીએ અંગ્રેજોને ભારત છોડવા માટે કહ્યું હતું.

→ 14 જુલાઈ, 1942 ના રોજ ગાંધીજીએ **"વર્ધા"** માં યોજાયેલાં કોંગ્રેસની કાર્યસમિતિની બેઠકમાં **"હિંદ છોડો આંદોલન"** કરવા માટેનો પ્રસ્તાવ મૂક્યો.

→ 8 ઓગષ્ટ, 1942 ના રોજ મુંબઈના ગ્લાવિયા ટેંક મેદાન માં કોંગ્રેસની વાર્ષિક બેઠકમાં **"વર્ધા પ્રસ્તાવ"** સર્વાનુમતે પસાર કર્યો. આ બેઠકની અધ્યક્ષતા **"મોલાના અબુલ કલામ આઝાદ"** એ કરી હતી.

→ હિંદ છોડો આંદોલન ને **"ઓગસ્ટ ક્રાંતિ"** તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ આ આંદોલનમાં ગાંધીજીએ **"કરેંગે યા મરેંગે"** (Do or die) નું સૂત્ર આપ્યું હતું અને કહ્યું હતું કે મને **"હવે આઝાદી સિવાય મને કંઈ ખપશે નહિ."**

→ 9 ઓગષ્ટ, 1942 ના રોજ મુંબઈમાં ગાંધીજી, સરદાર પટેલ, જવાહરલાલ નહેરૂ જેવા કોંગ્રેસ ના મુખ્ય નેતાઓની ધરપકડ કરી લીધી. ગાંધીજી અને સરોજની નાયડૂ ને પૂણે ની આગાખાન મહેલમાં રાખ્યા અને અન્ય નેતાઓને અહમદનગર ના કિલ્લામાં કેદ કર્યા.

→ આ ચળવળ દરમિયાન મુંબઈમાં **"ઉષાબેન મહેતા"** એ ગુપ્ત રેડિયો સ્ટેશન ઊભું કર્યું.

→ બ્રિટીશ સરકારે **"હરિજન"** સમાચારપત્ર પર પ્રતિબંધ મૂક્યો અને કોંગ્રેસના અલ્હાબાદ ના મુખ્ય મથક ને કબજે કર્યું.

→ મુસ્લિમ લીગે ભારત છોડો આંદોલનનું સમર્થન ન કર્યું અને તટસ્થ બન્યાં રહ્યા.

→ જયપ્રકાશ નારાયણ, રામમનોહર લોહિયા અને અરૂણાઆસફ અલી એ ભૂમિગત (underground) રહીને આંદોલનનું નેતૃત્વ કર્યું.

### ★ સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિન્દ ફોજ :

→ સુભાષચંદ્ર બોઝ નો જન્મ 23 જાન્યુઆરી, 1897 માં જાનકીનાથ બોઝના ઘરે **"કટક"** (ઓરિસ્સા) માં થયો હતો.

→ સુભાષચંદ્ર બોઝે ઈ.સ. 1919 માં કલકત્તા વિશ્વવિદ્યાલયથી દર્શન શાસ્ત્ર ની સ્નાતક પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

→ ઈ.સ. 1919 માં જ **"ભારતીય સિવિલ સર્વિસ"** ની પ્રતિયોગિતા પરીક્ષા માટે ઈંગ્લેન્ડ મોકલવામાં આવ્યાં હતા. તેમણે આ પ્રતિયોગિતા પરીક્ષા માં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

→ ઈ.સ. 1919 ના સમયગાળામાં જ રોલેટ એક્ટ, જલિયાંવાલા બાગ હત્યાકાંડ, અસહકાર આંદોલન વગેરે ઘટનાઓથી દુઃખી થઈને તેમણે ભારતીય સિવિલ સર્વિસથી રાજીનામું આપી દીધું હતું.

→ ઈ.સ. 1925 માં સ્વરાજપક્ષ ને કલકત્તા નગરપાલિકામાં બહુમત પ્રાપ્ત થયો હતો તો તે નગરપાલિકાના મુખ્ય કાર્યકારી પદાધિકારી તરીકે નિમણૂક કરવામાં આવ્યા હતા.

→ 1928 માં કલકત્તા અધિવેશનમાં ગાંધીજીએ ભારત માટે **"ડોમિનિયમ સ્ટેટસ"** (Dominion Status) ની માંગ કરી. સુભાષચંદ્ર બોઝે આમાં સુધારો કરી **"પૂર્ણ સ્વરાજ્ય"** ની માંગ મૂકી હતી.

→ 1929 માં સુભાષચંદ્ર બોઝ **"અખિલ ભારતીય વેપાર સંઘ કોંગ્રેસ"** (All India Trade Union Congress) ના અધ્યક્ષ તરીકે ચૂંટાયા.

→ 1930 માં સવિનય કાનૂન ભંગ ની લડતમાં સુભાષચંદ્ર બોઝે ગાંધીજીના સત્યાગ્રહ માં ભાગ લીધો હતો. સરકાર દ્વારા તેમની ધરપકડ કરી કારાવાસ માં નાખી દીધા.

5 માર્ચ, 1931 ના ગાંધી-ઈરવીન  કરાર ધ્વારા સત્યાગ્રહ મોકૂફ કરવામાં આવ્યો.

→ સુભાષચંદ્ર બોઝ અને તેમના સાથીઓને છોડી દેવામાં આવ્યા હતા. પરંતુ સુભાષચંદ્ર બોઝ ગાંધીજીથી નારાજ હતા કારણકે ગાંધીજી એ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ ને ફાંસી થી બચાવવા નો કોઈ જ પ્રયાસ કર્યો નહિ.

→ ગુજરાત માં થયેલ હરિપુરાના કોંગ્રેસ અધિવેશનમાં (ફેબ્રુઆરી, 1938) સુભાષચંદ્ર બોઝ ને સર્વસંમતિ થી કોંગ્રેસ ના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા.

→ આ કહેવામાં આવે છે કે પંડિત જવાહરલાલ નહેરૂ જ આર્થિક યોજના પદ્ધતિ ના પ્રતિપાદક હતા. પરંતુ સુભાષે તો આ સપનું 1938 માં જ દેખી લીધું હતું. અને 1938 ના કોંગ્રેસ ના અધ્યક્ષીય ભાષણ માં **"રાષ્ટ્રીય યોજના સમિતિ"** (National Planning Commttee) ની સ્થાપના ની સલાહ આપી દીધી હતી.

→ સુભાષે કહ્યું હતું કે, રાષ્ટ્રીય યોજના સમિતિ ને એક વ્યાપક યોજના પ્રમાણે સમસ્ત કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદન અને વિતરણ પ્રકૃતિ ને અપનાવું પડશે.

→ આમાં આગળ વધતાં 17 ડિસેમ્બર, 1938 ના રોજ બોમ્બે (મુંબઈ) માં **"અખિલ ભારતીય રાષ્ટ્રીય યોજના સમિતિ"** નું વિધિવત રૂપ થી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

→ જાન્યુઆરી, 1939 માં સુભાષચંદ્ર બોઝ કોંગ્રેસ અધ્યક્ષ માટે ફરીથી ઊભા થયા. આ વખતે તેમની સામે ગાંધીજીએ પટ્ટાભીસીતારમેય્યા ને ઊભા કર્યા. **"ત્રિપુરી"** (મધ્યપ્રદેશ) માં થયેલ કોંગ્રેસ અધિવેશન માં સુભાષચંદ્ર બોઝ ફરી વિજયી થયા. જેથી ગાંધીજી ખૂબજ દુઃખી થયા અને તેમણે કહ્યું કે, **"આ સીતારમૈય્યા નો પરાજય નથી, આ તો મારો પરાજય છે. "**

→ ગાંધીવાદીઓ અને સુભાષચંદ્ર બોઝ તથા તેમના સમર્થકો ની વચ્ચે એક નવા સવિનય કાનૂન ભંગ આંદોલન ને લઈને મૂળભૂત ભેદ હતા. સુભાષચંદ્ર બોઝ અને તેમના સાથીઓ સમજતા હતા કે ભારત નો યુવક તેના માટે તૈયાર છે અને બીજું આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓ પણ અનુકૂળ છે. ગાંધીજી અને તેમના સમર્થક આમ ની નીતિ અને રણ કૌશલ્યો થી સંમત ન હતા.

→ ગાંધીજી એ ઈ.સ. 1939 માં કહ્યું હતું કે, **"સુભાષચંદ્ર બોઝ સમજે છે કે આપણી પાસે અંગ્રેજો થી લડવાની શક્તિ છે. હું આ વિચાર ના પૂર્ણ રૂપ થી વિરુદ્ધ છું. આજે આપણી પાસે અંગ્રેજો થી લડવાની શક્તિ નથી."**

→ આ બધા થી કંટાળીને સુભાષચંદ્ર બોઝે એપ્રિલ, 1939 માં કોંગ્રેસ ના અધ્યક્ષ પદ થી રાજીનામું આપી દીધું.

→ 1 મે, 1939 ના રોજ સુભાષચંદ્ર બોઝે કોંગ્રેસ ની અંદર જ એક નવા પક્ષ ની સ્થાપના કરી, જેને **"ફોરવર્ડ બ્લોક"** (Forward Block) કહેવાય છે.

→ ગાંધીજી અને તેમના સમર્થકો નારાજ થઈ સુભાષચંદ્ર બોઝ ને બંગાળની પ્રાંતીય કોંગ્રેસ સમિતિ ની અધ્યક્ષતા થી હટાવી દેવામાં આવ્યા અને તેમને આવતાં 3 (ત્રણ) વર્ષ સુધી કોઈપણ ચૂંટાયેલા પદ પર બન્યા રહેવા માટે અયોગ્ય જાહેર કરી દેવામાં આવ્યા.

→ સપ્ટેમ્બર, 1939 માં બીજા વિશ્વયુદ્ધ માં ભારતના વાઈસરૉયે ભારતને પૂછ્યા વગર આ સામ્રાજ્યવાદ ના યુદ્ધ માં ધકેલી દીધો. ગાંધીજીએ કહ્યું કે, **"હું યુદ્ધ ના સમયે અંગ્રેજ સરકાર ને મુશ્કેલમાં નાખવું પસંદ નહીં કરું."** ગાંધીજી ની આ પ્રતિક્રિયા ખૂબજ વિચિત્ર હતી.

→ સુભાષચંદ્ર બોઝે **"ફોરવર્ડ બ્લોક"** (Forward Block) ની એક સભા જૂન, 1940 માં નાગપુર માં કરી હતી. તેમાં અંગ્રેજ સરકાર પાસે ભારત માં એક વચગાળા ની સરકાર બનાવવા ની માંગ નો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો.

→ જુલાઈ, 1940 માં બંગાળ સરકારે સુભાષચંદ્ર બોઝ ને હોલવેલ વિરોધી આંદોલન ના સંબંધમાં ધરપકડ કરી લીધી હતી. સુભાષચંદ્ર બોઝ ધ્વારા ભૂખ હળતાળ કરવા પર તેમને તરત છોડી દેવામાં આવ્યા. પરંતુ એલ્ગિન રોડ વાલા ઘરમાં નજરકેદ કરી દેવામાં આવ્યા.

→ 17 જાન્યુઆરી, 1941 ના રોજ સુભાષચંદ્ર બોઝ પોલીસ ને મૂર્ખ બનાવી છદમવેશ માં કલકત્તા અને ભારત થી બહાર નિકળી ગયા હતા. તે પેશાવર થી કાબુલ ગયા ત્યાં થી મોસ્કો (રશિયા) થતાં બર્લિન પહોંચી ગયા હતા.

→ બર્લિનમાં તેમણે હિટલર ના પ્રમુખ સહયોગી રિબેંટ્રોપ ની સાથે વાર્તા કરી. બર્લિન રેડિયો થી બ્રિટિશ વિરોધી પ્રચાર અને જર્મની માં ભારતીય યુદ્ધબંધીઓ ના સહકાર થી **"આઝાદ હિંદ ફોજ"** ની રચના ની સલાહ મૂકી જેને સરકારે સ્વીકાર કરી લીધી. પરંતુ જર્મન સરકાર સુભાષ ના આ પ્રસ્તાવ થી સહમત ન થઈ કે જર્મની, ઈટાલી અને જાપાન સંયુક્ત રૂપ થી ભારતની સ્વતંત્રતા ની ઘોષણા કરશે.

→ જર્મની માં સુભાષચંદ્ર બોઝ ને **"નેતાજી"** નો ઈલકાબ (ખિતાબ) આપવામાં આવ્યો હતો. નેતાજી જર્મની ના સહકાર થી ભારત પર રશિયાના માર્ગે આક્રમણ કરવા ઈચ્છતા હતા.

→ તેમણે જર્મની માં ભારતીય સૈનિકો ના બે ગુટો નું પણ નિર્માણ કર્યું હતું. રોમ અને પેરિસ માં તેમણે **"સ્વતંત્ર ભારત કેન્દ્ર"** પણ સ્થાપિત કર્યા હતા.

→ 1941 ની સાલ ના ઉત્તરાર્ધ માં જાપાન ને યુદ્ધ માં ઝડપી સફળતા મળી હતી. સિંગાપુર, મલાયા, બર્મા અંગ્રેજો ના હાથ થી નીકળી ગયા હતા. તેમનો પ્રભાવક્ષેત્ર સંકુચિત થવા લાગ્યો હતો.

→ જાપાન ની પ્રગતિ ને જોઈને પ્રખ્યાત ક્રાંતિકારી **"રાસબિહારી બોઝ"** એ ટોકિયો પરિષદ માં **"ઈન્ડિયન નેશનલ આર્મી"** (I.N.A.) ના નિર્માણ ની યોજના બનાવી હતી. સાથે સાથે **"ઈન્ડિયન ઈન્ડિપેન્ડેસ લીંગ"** ની પણ સ્થાપના કરી હતી.

→ આનું અધિવેશન બેંગ્કોક માં 23 જૂન, ૧942 ના રોજ થયું હતું. જેમાં દક્ષિણ-પૂર્વ એશિયા ના દેશો ના લગભગ 100 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ પરિષદ **"રાસબિહારી બોઝ"** ની અધ્યક્ષતા માં થયું હતું.

→ આ પરિષદે સુભાષચંદ્ર બોઝ ને પૂર્વ એશિયા માં આવવાનું નિમંત્રણ આપ્યું. સુભાષચંદ્ર બોઝે આ પ્રસ્તાવ નો સ્વીકાર કરી લીધો કારણકે જાપાન માં અનેક યુદ્ધબંદી ભારતીય સૈનિક હતા. તેમની મદદ થી અંગ્રેજો ની વિરૂદ્ધ સશસ્ત્ર વિદ્રોહ અને યુદ્ધ ચલાવી શકાય.

→ આની વચ્ચે મલાયા માં અંગ્રેજ સેના ની હાર થઈ હતી. એક ભારતીય સૈન્ય અધિકારી **"કેપ્ટન મોહનસિંહ"** ના નેતૃત્વ માં જેમણે મલાયા માં પરાજય ના પછી આત્મસમર્પણ કરી દીધું હતું. આઈ.એન.એ. (I.N.A.) ની સ્થાપના રાસબિહારી બોઝ ના પ્રયાસો થી થઈ હતી. સિંગાપુર ના પતન પછી 40,000 ભારતીય સૈનિક યુદ્ધબંદી બન્યા હતા. આ બધાઓ ને આઝાદ હિન્દ ફોજ માં સામેલ કરવાની યોજના બનાવી હતી.

→ 1 સપ્ટેમ્બર, 1942 ના રોજ ઔપચારિક રૂપે આઝાદ હિન્દ ફોજ ની સ્થાપના કરવામાં આવી અને કેપ્ટન મોહનસિંહ આના પ્રધાન સેનાપતિ બન્યા હતા.

→ સુભાષચંદ્ર બોઝ એક સબમરીન દ્વારા 13 જૂન, ૧૯૪૩ ના રોજ ટોકિયો પહોંચ્યા હતા. જાપાન ના વડાપ્રધાન તોજો એ સુભાષચંદ્ર નું સ્વાગત કર્યું હતું.

→ 4 જુલાઈ, 1943 ના રોજ રાસબિહારી બોઝે એ પૂર્વ એશિયા ના ભારતીય સ્વતંત્રતા આંદોલનનું નેતૃત્વ સુભાષચંદ્ર બોઝ ને સોંપી દીધું. નેતાજીએ આઝાદ હિન્દ ફૌજ અને ઈન્ડિયન ઈન્ડિપેન્ડેંસ લીગ ની જવાબદારી સંભાળી લીધી.

→ તેમને સ્વતંત્ર ભારતની વચગાળાની સરકાર બનાવવાની અને આઝાદ હિન્દ ફોજ લઈને ભારત જવાની ઘોષણા કરી હતી. તેમણે ભારતવાસીઓને કહ્યું, **"તમે મને લોહી આપો, હું તમને આઝાદી અપાવીશ"** 21 ઓક્ટોબર, 1943 ના રોજ સિંગાપુર માં સ્વતંત્ર ભારત ની વચગાળા ની સરકાર સ્થાપિત કરવામાં આવી હતી.

→ આ સરકાર ના ઉદ્દેશો ને સ્પષ્ટ કરવા બોઝે, ઘોષણા કરી કે, વચગાળા ની સરકાર નું કામ હશે તે સંઘર્ષ કરવું અને ચલાવવું જે ભારતની ભૂમિ થી અંગ્રેજો અને તેમના મિત્રો ને બહાર નિકાળી શકે. અમે ભારત ની સ્વતંત્રતા માટે પોતાના ઝંડા ની નીચે ભેગા થવા અને આક્રમણ કરવા માટે ભારતીય નેતાઓ નો આહ્વાન કરીએ છીએ.

→ આ વચગાળા ની સરકારે હિન્દી ને રાષ્ટ્રભાષા, જયહિન્દ ને સૂત્ર, કોંગ્રેસ ના ત્રિરંગા ઝંડા ને રાષ્ટ્રીય ધ્વજ અને રવીન્દ્રનાથ ટાગોર ની કવિતા જન-ગણ-મન અધિનાયક જય હો, ભારત ભાગ્ય વિધાતા ને રાષ્ટ્રીય ગાન ના રૂપ માં સ્વીકાર કર્યો હતો.

→ હવે સુભાષચંદ્ર બોઝ જાપાન ની મદદ થી ભારત પર આક્રમણ ની યોજના બનાવવા લાગ્યા હતા. તેમણે બ્રિટન અને અમેરિકા ની વિરુદ્ધ યુદ્ધ ની ઘોષણા કરી દીધી હતી. જાપાને અંડમાન અને નિકોબાર ટાપુ વચગાળા ની સરકારને સોંપી દીધા.

→ સુભાષચંદ્ર બોઝે આમનું નામ બદલી ને **"શહીદ"** અને **"સ્વરાજ"** કરી દીધું હતું. અને ત્યાં નું વહીવટ પોતાના હાથોમાં લઈ લીધું.

→ શાહનવાઝ ખાન ના સેનાપતિત્વ માં આર્મી ભારત-બર્મા સીમા ઉપર મિત્ર રાષ્ટ્રો ની સેનાથી યુદ્ધ કરવા માટે મોકલવામાં આવી.

→ આ દરમિયાન મે, 1944 થી યુદ્ધ માં જાપાન ની સ્થિતિ બગડવા લાગી હતી. બર્માથી જાપાન ને પીછે હટ કરવી પડી. અંગ્રેજોએ જાપાનીઓ ની સાથે આઝાદ હિન્દ

ફોજ ના સૈનિકો અને અધિકારીઓ પર અત્યાચાર શરૂ કરી દીધો. અનેક સૈનિકો માર્યા ગયા. કેટલાંય ની ધરપકડ કરવામાં આવી હતી. બદલાતી પરિસ્થિતિઓમાં જાપાની સરકાર ફોજ ને પૂરો સહકાર આપી શકી નહિં. તેથી ભારત વિજય નું બોઝ નું સપનું અધુરૂં જ રહી ગયું.

→ સુભાષચંદ્ર બોઝ ને પણ રંગૂન છોડવું પડ્યું હતું. ટોકિયો જતી વખતે માર્ગ માં એરોપ્લેન માં આગ લાગી જવાના કારણે 18 ઓગષ્ટ, 1945 ના રોજ સુભાષચંદ્ર બોઝ નું મૃત્યુ થઈ ગયું.

→ વિશ્વયુદ્ધ માં જાપાનનો પરાજય અને યુદ્ધ ની સમાપ્તિ પછી સરકારે આઝાદ હિન્દ ફોજ ના અધિકારીઓ પર કેસ ચલાવવાનું નક્કી કર્યું. તેમના પર રાજદ્રોહ અને વિશ્વાસઘાત નો આરોપ લગાવવામાં આવ્યો.

→ નવેમ્બર, 1945 માં દિલ્હી ના લાલ કિલ્લામાં **"કર્નલ શાહનવાજ"** , **"કેપ્ટન ઢિલ્લો"** અને **"લેફટનંટ સેહગલ"** પર કેસ ચલાવવામાં આવ્યો હતો.

→ દેશમાં સરકારના આ કાર્યની તીખી પ્રતિક્રિયા અને વિરોધ થયો હતો. તેમને સજા આપવાના વિરોધ માં જન-પ્રદર્શન થયા, સરઘસો કાઢવામાં આવ્યા હતા. સમ્પૂર્ણ દેશ માં આ નેતાઓ ની રિહાઈ ની માંગણી કરવામાં આવી હતી. અનેક કોંગ્રેસી પણ જે સુભાષચંદ્ર બોઝ ના વિરોધી હતા, સરકારી કાર્યવાહી નો વિરોધ કરી રહ્યા હતા.

→ કોંગ્રેસ તરફથી ભુલાભાઈ દેસાઈ, તેજબહાદુર સપ્રૂ, કૈલાસનાથ કાત્જુ, જવાહરલાલ નહેરૂ વગેરે સેના આ અધિકારીઓ ના કેસ ની પેરવી કરી રહ્યા હતા. જો કે મુસ્લિમ લીંગે આ મામલા માં નિરપેક્ષતા ની નીતિ અપનાવી. પરંતુ આસફઅલી જેવા અનેક મુસલમાન નેતા પણ આમ ની રિહાઈ ની માંગ કરી રહ્યા હતા. આ જબરદસ્ત આંદોલન અને પ્રદર્શન ને સરકાર હવે નજરઅંદાજ કરવાની સ્થિતિ માં રહી ન હતી. તેથી દોષી સાબિત હોવા છતાં પણ સરકાર ને આ અધિકારીઓ ને મુક્ત કરવા પડ્યા. આ ભારતીયો માટે ખૂબજ મોટો વિજય હતો.

★★★★

## <u>પ્રકરણ-18</u> આઝાદી અને ભાગલા

### ★ <u>રાજગોપાલાચારી ફોર્મ્યૂલા (1944)</u>

→ દેશની સાંપ્રદાયિક સમસ્યાના સમાધાન માટે 10 જૂલાઈ, 1944 ના રોજ ગાંધીજીની સ્વીકૃતિ થી **"ચક્રવતી રાજગોપાલાચારી"** એ કોંગ્રેસ અને મુસ્લિમ લીગ ની વચ્ચે કરાર કરવા માટે એક યોજના રજૂ કરી, જેને **"સી.આર.ફોર્મ્યૂલા"** કહેવાય છે.

→ આ યોજના ની પ્રમુખ વાતો નીચે મુજબ હતી -

(1) મુસ્લિમ લીગ સ્વતંત્રતા ની માંગનું સમર્થન કરશે અને છેલ્લા સમયમાં એક વચગાળા ની સરકાર બનાવવા માં કોંગ્રેસ ની મદદ કરશે.

(2) બીજા વિશ્વયુદ્ધ ની સમાપ્તિ પછી ભારતના ઉત્તર પશ્ચિમી અને ઉત્તર-પૂર્વી મુસ્લિમ બહુસંખ્યક પ્રદેશો માં બધા લોકો નું એક જનમત સંગ્રહ કરવામાં આવશે. જેમાં તે આ નક્કી કરશે કે શું તેમને અલગ રાજ્ય સ્થાપિત કરવાનું છે ?

(3) અલગ થવાની સ્થિતિમાં (1) સલામતી (Defence) (2) સંચાર વ્યવસ્થા અને અન્ય જરૂરી વિષયો માટે કરાર કરવામાં આવશે.

(4) આ બધી શરતો ત્યારે માનવામાં આવશે જયારે ઈંગ્લેન્ડ ભારત સરકાર ને સમ્પૂર્ણ શક્તિ અને જવાબદારી સાથે સ્વતંત્રતા આપશે.

→ મુહમ્મદ અલી ઝીણા એ આ ફોર્મ્યૂલા ને અસ્વીકાર કરી દીધો.

### ★ <u>દેસાઈ -અલી વાર્તા (કરાર)</u>

→ સી.આર. ફોર્મ્યૂલા ના સમયે મહાત્મા ગાંધી-મુહમ્મદ-અલી ઝીણા વચ્ચે થયેલ વાર્તા પછી જે ભારતીય નેતાઓએ ભારત ની સાંપ્રદાયિક સમસ્યા નો નિકાલ લાવવા માટે પ્રયાસ કર્યો, તેમાં ભૂલાભાઈ દેસાઈ અને લિયાકત અલી પ્રમુખ હતા.

→ 1945 ના બજેટ અધિવેશન ની દરમિયાન કોંગ્રેસ અને મુસ્લિમ લીગ ની વચ્ચે સહકાર માટે કરાર થયો. કોંગ્રેસ અનેમુસ્લિમ લીગ આ વાત પર સહમત થયા કે તે કેન્દ્ર માં મળી ને એક વચગાળા ની સરકાર બનાવશે.

→ આ વચગાળાની સરકાર નીચે મુજબ ના નિયમો પ્રમાણે કામ કરશે.

1. કેન્દ્ર ની સરકાર માટે કોંગ્રેસ અને મુસ્લિમ લીગ બરાબર (સમાન) વ્યક્તિઓ ને નોમિનેટ કરશે.

2. આ નોમિનેટ સભ્યો માટે આ જરૂરી નહિ હોય કે તે કેન્દ્રીય વિધાનસભા ના સભ્ય હોય.

3. અલ્પસંખ્યકો ખાસ કરી ને અનુસૂચિત જાતિઓ અને શીખો ના પ્રતિનિધિઓ ને વચગાળાની સરકાર માં સામેલ કરવામાં આવે.

4. મુખ્ય સેનાપતિ ને આ સરકાર માં સામેલ કરવામાં આવશે.

5. આ સરકારનું નિર્માણ અને અમલ ભારત સરકાર અધિનિયમ ૧૯૩૫ ની અન્તર્ગત ચાલશે.

→ કોંગ્રેસ અને મુસ્લિમ લીગે વ્યાવહારિક રૂપે આ કરાર ને માન્યતા આપી ન હતી. પરન્તુ લોર્ડ વેવેલ દ્વારા આ કરારનું સ્વાગત કરવામાં આવ્યું.

★ **<u>વેવેલ યોજના (1945)</u>**

→ ઓક્ટોબર, 1943 માં લોર્ડ લિનલિથિગો ની જગ્યાએ લોર્ડ વેવેલ ભારત નો વાઈસરૉય બની ને આવ્યો.

→ લોર્ડ વેવેલ, જે કે ભારત ના ભાગલા ની વિરૂદ્ધ હતો, એ પણ કોંગ્રેસ અને મુસ્લિમ લીગ ની વચ્ચે કરાર કરાવવા ના પ્રયાસ કર્યા.

→ લોર્ડ વેવેલ તો અહીં સુધી કહ્યું હતું કે, **"તમે ભૂગોળ બદલી શકો નહિ."**

→ 4 જૂન, 1945 ના રોજ વેવેલ યોજના નો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

→ આ પ્રસ્તાવ માં વાઈસરૉય ની કાર્યકારિણી પરિષદ ને પુનગર્ઠિત કરવામાં આવી અને જેમાં બધા પક્ષો ને પ્રતિનિધિત્વ આપવાની વાત કહેવામાં આવી હતી.

→ બીજા વિશ્વયુદ્ધ પછી ભારત ને પોતે બંધારણ બનાવવાની જવાબદારી આપવાની હતી.

★ **<u>શિમલા પરિષદ (1945)</u>**

→ વેવેલ યોજના પર ચર્ચા- વિચારણા કરવા માટે શિમલા માં 25 જૂન, 1945 ના રોજ **"શિમલા પરિષદ"** નું આયોજન કરવામાં આવ્યું.

→ વેવેલ યોજના માં નીચે મુજબ ની જોગવાઈ હતી -

1. કેન્દ્ર માં એક નવી કાર્યકારી પરિષદ ની વચગાળા ની સરકાર બનાવવા માં આવે જેમાં હિન્દુ-મુસ્લિમ ની સંખ્યા સમાન હોય.

2. નવું બંધારણ ની રચના ન થાય ત્યાં સુધી આ કાર્યકારી પરિષદ વચગાળા ની સરકાર તરીકે કામ કરશે.

3. વાઈસરૉય અને પ્રધાન સેનાપતિ ને છોડી ને તેના બાકી સભ્યો ભારતીય હશે.

4. એક ભારતીય વિદેશી મામલાઓ ની અધ્યક્ષતા કરે.

5. ભારત માં એક બ્રિટિશ હાઈ-કમીશનર આવી ને રહે જે બ્રિટેન ના વેપારી ફાયદા ઓનું ધ્યાન રાખે.

→ શિમલા પરિષદ માં 22 ભારતીય નેતાઓએ ભાગ લીધો. જેમાં કોંગ્રેસ ના અધ્યક્ષ મૌલાના અબુલ કલામ આઝાદ, જવાહરલાલ નેહરૂ, સરદાર પટેલ વગેરે જ્યારે મુસ્લિમ લીગ તરફ થી મુહમ્મદ અલી ઝીણા એ ભાગ લીધો હતો.

→ કોંગ્રેસે કહ્યું હતું કે તે એક એવી રાજનૈતિક સંસ્થા છે જે બધા વ્યક્તિ ઓ નું પ્રતિનિધિત્વ કરે છે. તેથી તે પોતાના તરફ થી કાર્યપાલિકા માટે બે મુસ્લિમ સભ્યો આપશે.

→ મુસ્લિમ લીગ ના મુહમ્મદ અલી ઝીણા એ વાઈસરૉય ની 14 સભ્યોવાળી કાર્યકારિણી પરિષદ માં બધા જ મુસ્લિમ સભ્યો મુસ્લિમ લીગ માંથી લેવાની જીદ કરી. તેમ છતાં વેવેલે મુસ્લિમ લીગ ને સંતોષવા માટે 14 માંથી 6 સભ્યો મુસ્લિમ લીગ માંથી લેવાના નક્કી કર્યા. વેવેલે મુસલમાનો ને વીટો અધિકાર પણ આપ્યો કે તે મુસલમાનો ને કોઈ પ્રસ્તાવ પર આપત્તિ હોય તો પ્રસ્તાવ 2/3 બહુમતી થી પસાર કરીને અસ્વીકાર કરી શકશે.

→ તેમ છતાં અલગ દેશ ની લાલચ માં ઝીણા એ આનો પણ વિરોધ કર્યો અને મુસ્લિમ લીગે વેવેલ યોજના નો અસ્વીકાર કરતાં યોજના નિરસ્ત બની હતી.

→ અબુલ કલામ આઝાદે શિમલા પરિષદ ની અસફળતા ને **"જલવિભાજન"** (watershed) ની સંજ્ઞા આપી હતી.

★ **<u>કેબિનેટ મિશન (1946)</u>**

→ વેવેલ યોજના ની અસફળતા એ ભારત માં બ્રિટિશ સરકાર ની ભાગલા પાડો અને રાજ કરો (Divide and Rule) ની નીતિ નો સ્પષ્ટ પ્રદર્શન કરી દીધો. તે સમયે ઝીણા ની નીતિ પણ સ્પષ્ટ થઈ ગઈ કે તેમને ત્યાર સુધી કોઈ યોજના માન્ય નહી રહે જ્યાર સુધી પાકિસ્તાન ની માંગ ને સ્વીકાર કરી લેવામાં ન આવે. આ પરિસ્થિતિ નું પરિણામ આ થયું કે ભારતીય રાજનીતિ માં અનિશ્ચિત કાળ સુધી ગતિરોધ બન્યો

રહ્યો પરંતુ આ પણ સંભવ ન હતો કે ભારતીય સમસ્યા નું સમાધાન હવે વધુ દિવસો સુધી ટાળી શકાય નહિ.

→ યુદ્ધ પછી બ્રિટિશ સરકાર ની સામે ભારતીય સમસ્યા ને લઈ ને અનેક પ્રશ્ન હાજર હતા. તે સમયે ઈંગ્લેન્ડ માં સામાન્ય ચૂંટણી થઈ હતી અને બ્રિટેન ની લેબરપાર્ટી ની વિજય થઈ હતી. ચૂંટણી ના ઘોષણાપત્ર માં લેબરપાર્ટી એ આશ્વાસન આપ્યું હતું કે જો તે સરકાર બનાવશે તો ભારત ને જરૂર ડોમિનિયન સ્ટેટ્સ આપશે.

→ યુદ્ધ પછી દેશ નું રાજનૈતિક વાતાવરણ અત્યંત ઉત્તેજિત હતું. નવી ચૂંટણી પછી નિર્વાચન થઈ ચૂક્યા હતા. આ સમયે આઝાદ હિન્દ ફોજ ના ઓફિસરો પર મુકદમો ચલાવી ને તેમને સજા આપવાનો ફેસલો કર્યો હતો. આની વિરૂદ્ધ દેશ માં કેટલાંય સ્થળો પર પ્રદર્શન કરવામાં આવ્યા હતા. જબલપુર માં પણ સૈનિક વિદ્રોહ થયો હતો.

→ ફેબ્રુઆરી, 1946 ના ત્રીજા અઠવાડિયા માં ભારતીય જળસેના (Navy) એ અને વાયુસેના ના એક ભાગે પણ આઝાદ હિન્દ ફોજ ના અધિકારીઓ થી સહાનુભૂતિ પ્રદર્શિત કરતાં વિદ્રોહ કરી દીધો. ભારત માં થવાવાળી આ ઘટનાઓ થી બ્રિટિશ સરકાર ઉદાસીન ન રહી શકી. સેના ની ટુકડીઓ નો વિદ્રોહ ભવિષ્ય માટે ખતરા નો સંકેત હતો, તેથી ઈંગ્લેન્ડ માં આ અનુભવ કરવામાં આવ્યો કે ભારતીય સ્વતંત્રતા ની સમસ્યા ને વધુ ટાલી શકાશે નહિ.

→ ભારતની રાજનૈતિક સ્થિતિ માં જેવી રીતે પરિવર્તન થઈ રહ્યા હતા તેમને ધ્યાન માં રાખીને બ્રિટિશ વડાપ્રધાન **''એટલી''** એ પાર્લામેન્ટ માં 16 ફેબ્રુઆરી, 1946 ના રોજ આ ઘોષણા કરી કે કેબિનેટ ના ત્રણ સભ્ય આ ઉદ્રેશ થી ભારત મોકલવામા આવશે કે તે ભારતીય નેતાઓથી મળી ને સ્વતંત્રતા ના સંબંધ માં યોજના બનાવશે.

→ 24 માર્ચ, 1946 ના રોજ કેબિનેટ મિશન દિલ્હી આવ્યું. આ મિશન ના સભ્ય હતા.

1. સ્ટેફોર્ડ ક્રિપ્સ - અધ્યક્ષ, બોર્ડ ઓફ ટ્રેડ
2. પેથિક લોરેન્સ - ભારત સચિવ (ભારત મંત્રી)
3. એ.વી. એલેકઝાંડર - જળસેના (Navy) મંત્રી

→ આ ત્રણેય વ્યક્તિ બ્રિટિશ મંત્રીમંડળ ના પ્રમુખ સભ્ય હતા. કેબિનેટ મિશન **''પેથિક લોરેન્સ''** ના નેતૃત્વ માં આવ્યું હતું.

→ કેબિનેટ મિશન યોજના ની ઘોષણા બ્રિટેન ની ભારતીય નીતિ માં એક મહત્વપૂર્ણ સ્થાન રાખતી હતી. આ ઘોષણા નો ઐતિહાસિક મહત્વ છે કારણકે આમાં સાફ તરીકા થી ભારતીયો ની સ્વતંત્રતા સંબંધિત માંગણી સ્વીકાર કરવામાં આવી હતી. આમાં ભારતીયો ના આત્મનિર્ણય અને પોતાનો બંધારણ બનાવવાનો અધિકાર ને પણ સ્વીકાર કરવામાં આવ્યો હતો.

→ ભારતીયોના આ અધિકાર ને પણ સ્વીકાર કરવામાં આવ્યો હતો કે તે ઈચ્છે તો બ્રિટિશ કોમનવેલ્થ થી અલગ થઈ શકશે.

→ આ ઘોષણા નો છેલ્લો ભાગ સૌથી વધુ મહત્વપૂર્ણ હતો કારણકે આમાં કહેવામાં આવ્યું હતું કે મુસ્લિમ લીગ ને ભારત ના બંધારણીય વિકાસ માં બાધક બનવા દેવામાં આવશે નહિ.

→ કેબિનેટ- મિશને મુસ્લિમ લીગ ની માંગણી પર વિચાર કરીને તેને અવ્યાવહારિક બતાવતા અસ્વીકાર કરી દીધી હતી. તેનું કહેવું હતુ કે મુસ્લિમ લીગ ની માંગણી સ્વીકાર કરવાથી પણ અલ્પસંખ્યકો ની સમસ્યા નો સમાધાન થશે નહિ.

→ **<u>કેબિનેટ- મિશન ની જોગવાઈઓ :</u>**

1. બ્રિટિશ ભારત અને દેશી રાજ્યો નો એક ભારતીય સંઘ હોય. વિદેશ નીતિ, સલામતી (રક્ષા) અને પરિવહન ના વિષય સંઘ ના હેઠળ હોય અને તેમના માટે સંઘ ને નાણાં પ્રાપ્તિ નો અધિકાર હોય.
2. સંઘ માં એક કાર્યપાલિકા અને વિધાનમંડલ હોય જેમાં બ્રિટિશ ભારત અને દેશી રાજ્યો નો પ્રતિનિધિ સામેલ હોય. ઉપર ના વિષયો ના સિવાય ના બધા વિષય પ્રાંતો ના હેઠળ રહે.
3. પ્રાંતો ને અલગ સમૂહ બનાવવા નો અધિકાર હોય. પ્રત્યેક સમૂહ ને આ નિર્ણય કરવાનો અધિકાર હોય કે કયા - કયા વિષય સમૂહ ના અધિકાર માં રાખવામા આવે. પ્રત્યેક સમૂહ માં એક કાર્યપાલિકા અને વિધાનમંડળ હોય.
4. દેશી રાજ્યો ના સંબંધ માં બતાવવા માં આવ્યો કે બંધારણ બનાવ્યા પછી બ્રિટિશ સરકાર સાર્વભૌમ પ્રભુતા નો અધિકાર દેશી રાજ્યો ને હસ્તાંતરિત કરી દે. દેશી રાજ્યો ને

આ અધિકાર હોય કે તે ભારતીય સરકાર ની સાથે રાજનૈતિક સંબંધ સ્થાપિત કરે અથવા કરાર કરે અથવા સ્વતંત્ર રહે.

5. સંઘ અને સમૂહ ના બંધારણ માં આ વાત ની વ્યવસ્થા કરવામાં આવે કે દરેક 10 વર્ષ પછી કોઈ પ્રાંત પોતાના વિધાનમંડળ ના બહુમત થી બંધારણમાં સુધારાનો પ્રસ્તાવ મૂકે.

→ **''બંધારણ રચના સમિતિ''** પ્રાંત ની વિધાનસભા ને તથા દેશી રજવાડા ના પ્રતિનિધિઓ ની બનેલી રહેશે, જે વસ્તી ના આધારે નક્કી થશે.

→ પ્રાંતો ને ત્રણ શ્રેણી ક, ખ, ગ માં વહેંચવામાં આવશે.

(ક) મુંબઈ, બિહાર, મધ્યપ્રાંત, મદ્રાસ, ઓરિસ્સા, સંયુક્ત પ્રાંત

(ખ) પશ્ચિમોત્તર સીમા પ્રાંત, સિંધ, પંજાબ

(ગ) આસામ, બંગાળ.

→ મુસ્લિમ લીગ અને કોંગ્રેસે તેનો સ્વીકાર કર્યો. બંધારણ સભા ની ચૂંટણી માં કોંગ્રેસ ને 296 સીટ માંથી 205 સીટ મળી હતી, મુસ્લિમ લીગે નિરાશ થઈ ને અલગ પાકિસ્તાન ની માંગણી કરવાનું ચાલુ રાખ્યું.

★ **<u>પ્રત્યક્ષ કાર્યવાહી દિવસ (Direct Action Day)</u>**

→ મુસ્લિમ લીગે કેબિનેટ મિશન થી નિરાશ થઈ ને 30 જુલાઈ, 1946 ના રોજ તેણે નિર્ણય કર્યો કે તે **''16 ઓગસ્ટ, 1946''** ના રોજ**''પ્રત્યક્ષ કાર્યવાહી દિવસ''** (Direct Action Day) તરીકે ઉજવશે.

→ સૌ પ્રથમ પ્રત્યક્ષ કાર્યવાહી દિવસ કલકત્તા માં ઉજવવામાં આવ્યો.

→ આ સમયે બંગાળ માં મુસ્લિમ લીગ ની સરકાર હતી.

→ બંગાળ ના મુખ્યમંત્રી **''શહીદ સુહરાવર્દી''** હતા.

→ આ પ્રત્યક્ષ કાર્યવાહી દિવસ ની ઉજવણી ના કારણે કોમી રમખાણો ફાટી નીકળ્યા અને હજારો લોકો મૃત્યુ પામ્યા.

→ મૌલા ના અબુલ કલામ આઝાદે ૧૬ ઓગસ્ટ ને **''કાળો દિવસ''** જાહેર કર્યો હતો.

★ **<u>વચગાળા ની સરકાર (1946)</u>**

→ વેવેલ યોજના મુજબ 24 ઓગસ્ટ, 1946 ના રોજ **''પંડિત જવાહરલાલ નેહરૂ''** ની અધ્યક્ષતા માં ભારત ની પ્રથમ વચગાળા ની રાષ્ટ્રીય સરકાર અસ્તિત્વ માં આવી.

→ પંડિત જવાહરલાલ નેહરૂ એ 2 સપ્ટેમ્બર, 1946 ના રોજ 11 સભ્યો ની સાથે શપથ લીધી, જેમાં 3 મુસ્લિમ સભ્યો હતાં.

→ મુસ્લિમ લીગ ના સભ્યો માટે 5 બેઠકો ખાલી મૂકી દીધી જે આગળ ચાલી ને 26 ઓક્ટોબર, 1946 ના રોજ મુસ્લિમ લીગ ના ૫ પ્રતિનિધિઓ આમાં સામેલ થઈ ગયા.

→ 7 ડિસેમ્બર, 1946 ના રોજ બંધારણીય સભા ની પ્રથમ બેઠક મળી જેનો મુસ્લિમ લીગે બહિષ્કાર કર્યો.

→ **<u>વચગાળા ની સરકાર ના સભ્યો :</u>**

| <u>ક્રમ</u> | <u>સભ્ય</u> | <u>વિભાગ</u> |
|---|---|---|
| 1. | પંડિત જવાહરલાલ નેહરૂ | કાર્યકારી પરિષદ ના ઉપાધ્યક્ષ, વિદેશી બાબતો તથા રાષ્ટ્રમંડળ સંબંધો |
| 2. | સરદાર વલ્લભભાઈ પટેલ | ગૃહ, માહિતી અને પ્રસારણ |
| 3. | બલદેવ સિંહ | સંરક્ષણ |
| 4. | જોન મથાઈ | ઉદ્યોગ અને નાગરિક પુરવઠો |
| 5. | સી. રાજગોપાલાચારી | શિક્ષણ અને કળા |
| 6. | સી.એચ.ભાભા | કાર્ય, ખાણ અને બંદર |
| 7. | ડૉ. રાજેન્દ્ર પ્રસાદ | ખાદ્ય અને કૃષિ |
| 8. | આસફ અલી | રેલવે અને વાહનવ્યવહાર |
| 9. | જગજીવન રામ<br>મંત્રી મંડળ માં સામેલ મુસ્લિમ લીગ ના સભ્યો | શ્રમ |

| | | |
|---|---|---|
| | (26 ઓક્ટોબર, 1946) | |
| 10. | લિયાકત અલી ખૉ | નાણાં |
| 11. | આઈ.આઈ. ચુંદરીગર | વાણિજ્ય |
| 12. | અબ્દુલ રબ નશ્તર | સંચાર (ટપાળ અને વાયુદળ) |
| 13. | જોગેદ્રનાથ મંડળ | કાયદો |
| 14. | ગજાન્તર અલી ખૉ | સ્વાસ્થ્ય (આરોગ્ય) |

★ **<u>એટલી ની ઘોષણા (1947)</u>**

→ બ્રિટેન ના લેબર પાર્ટી ના **"ક્લીમેન્ટ એટલી"** (વડાપ્રધાન) એ **"હાઉસ ઓફ કોમન્સ"** માં 20 ફેબ્રુઆરી, 1947 ના રોજ ઘોષણા કરી કે **"જૂન, 1948 સુધી માં અંગ્રેજો ભારત ને સ્વતંત્રતા આપી દેશે."**

→ આ ઐતિહાસિક નિર્ણય થી સમ્પૂર્ણ દેશમાં ઉત્સાહ નું નવું વાતાવરણ બની ગયું.

→ ક્લીમેન્ટ એટલી એ લોર્ડ વેવેલ ની જગ્યાએ **"લોર્ડ માઉન્ટબેટેન"** ને ભારત ના વાઈસરૉય બનાવી ને મોકલવામાં આવ્યા.

→ લોર્ડ વેવેલે પોતાના પદ ના છેલ્લા દિવસો માં **"બ્રેકડાઉન પ્લાન"** માં 31 માર્ચ, 1947 સુધી માં અંગ્રેજો સમ્પૂર્ણ રીતે છોડશે એવું સૂચન આવ્યું.

★ **<u>માઉન્ટબેટન યોજના (1947)</u>**

→ ભારત ના 34 માં તથા છેલ્લા બ્રિટિશ ગર્વનર જનરલ (વાઈસરૉય ) લોર્ડ માઉન્ટબેટન 22 માર્ચ, 1947 ના રોજ ભારત આવ્યા, જેનો એકમાત્ર હેતુ હતો ભારત ને ટૂંક સમય માં જ સ્વતંત્રતા આપવું.

→ ભારત આવતા જ માઉન્ટબેટન અહી ની રાજનૈતિક સ્થિતિ પર કાબૂ પામવા માટે (નિયંત્રણ કરવા માટે) દેશ ના વિવિધ નેતાઓ થી ચર્ચા-વિચારણા કરવા લાગ્યા.

→ આ સંબંધ માં તે આ નિષ્કર્ષ પર પહુંચ્યાં કે ભારતીય સમસ્યા નો એકમાત્ર સમાધાન દેશ ના ભાગલા પાડવા અને પાકિસ્તાનની સ્થાપના છે.

→ આવી રીતે સમસ્ત સ્થિતિ નો અભ્યાસ કરી ને અને બંને રાજનૈતિક પક્ષો (કોંગ્રેસ અને મુસ્લિમ લીગ) ના દૃષ્ટિકોણ ને સમજી ને તે 15 મે, 1947 ના રોજ લંડન ગયા.

→ લંડન માં બ્રિટિશ મંત્રીમંડળ થી સલાહ કરી ને તેને 3 જૂન, 1947 ના રોજ એક યોજના રજૂ કરી જે **"માઉન્ટબેટન યોજના"** ના નામે ઓળખાય છે.

→ માઉન્ટબેટન યોજના ને **"3 જૂન યોજના"** પણ કહેવાય છે.

આ યોજના ની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ હતી -

1. બ્રિટિશ સરકાર ની આ ઈચ્છા છે કે ભારત નું શાસન જલ્દી થી એવી સરકાર ને સોંપવામાં આવે જેનું નિર્માણ જનતા ની ઈચ્છા પર હોય.

2. બ્રિટિશ સરકાર આ નથી ઈચ્છતી કે વર્તમાન બંધારણ સભા ના કાર્ય માં કોઈપણ પ્રકાર ની મુશ્કેલીઓ ઊભી થાય.

3. આ યોજનાએ આ પણ સ્પષ્ટ કર્યું કે વર્તમાન બંધારણ સભા ધ્વારા નિર્મિત બંધારણ ને દેશ ના તે ભાગો પર નહીં સોંપવામાં આવે જે આને સ્વીકાર કરતા નથી.

4. આ જાણવા માટે દેશ ના તે ભાગ જે આ બંધારણ સભા ના બંધારણ ને સ્વીકાર કરતા નથી, કોઈ નવી બંધારણ સભા નું નિર્માણ કરવા ઈચ્છે છે કે નહિ, નીચે મુજબ ની પ્રક્રિયા નું અનુસરણ કરવામાં આવશે.

- પંજાબ અને બંગાળ ની વિધાનસભાઓ નો અધિવેશન બે ભાગો માં કરવામાં આવશે. જેમાં એક ભાગ તે ક્ષેત્રો ના પ્રતિનિધિઓ નો હશે જેમાં મુસલમાનો નો બહુમત નથી. તેમની સામે આ સવાલ રજૂ કરવામાં આવશે કે તે પોતાના પ્રાંત નું વિભાજન (ભાગલા) કરવા ઈચ્છે છે કે નહિ, જો વોટ વિભાજન (ભાગલા) ના પક્ષ માં આવ્યો તો તેમનો આ નિર્ણય કરવામાં આવશે કે તે વર્તમાન બંધારણ સભા માં સામેલ થવા ઈચ્છે છે અથવા એક અલગ બંધારણ સભા નું નિર્માણ ઈચ્છે છે.

5. સિન્ધ ની વિધાનસભા ને પણ આ વાત નું નિર્ણય નો અવસર આપવામાં આવશે.

6. ઉત્તર-પશ્ચિમી સીમા પ્રાંત ના વિષય માં આનો નિર્ણય ત્યાં ની વિધાનસભા ધ્વારા નહિ પણ જનમત ધ્વારા કરવામાં આવશે.

7. આસામ ના સિલહટ જીલ્લા માં મુસલમાનો ની બહુમતી છે, જ્યારે અન્ય ભાગો માં હિન્દુઓની. સિલહટ જીલ્લા માં આ વાત નું નિર્ણય જનમત ધ્વારા કરવામાં આવશે કે ત્યાંની જનતા આસામ ની અંદર રહેવા ઈચ્છે છે કે પૂર્વી બંગાળ માં.

8. આ યોજના માં દેશી રજવાડાઓ ને ભારતમાં રહેવાનું કે પાકિસ્તાન માં જોડાવાની સત્તા આપવામાં આવી.

9. જો ઉપર ની યોજના ના પ્રમાણે મુસ્લિમ ક્ષેત્ર વિભાજન (ભાગલા) નું સમર્થન કરે છે તો ભારત અને પાકિસ્તાન ની સીમા ના નિર્ધારણ માટે એક કમીશન ની નિમણૂક કરવામાં આવશે.

10. તેમાં સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે બ્રિટિશ સરકાર 1948 સુધી સત્તા હસ્તાંતરિત કરવાની રાહ નહિ જોવે પરંતુ તે 1947 માં જ આ કાર્ય ને સમાપ્ત કરી દેવા ઈચ્છે છે.

→ મુસ્લિમ લીગે અવિલંબ આ યોજના સ્વીકાર કરી લીધી કારણ કે તેને પાકિસ્તાન મળી રહ્યું હતું.

→ કોંગ્રેસે પણ જેને હંમેશા અખંડ ભારત નું સમર્થન કર્યું હતું - દેશ ની પરિસ્થિતિ ને જોતાં આને સ્વીકાર કરી લીધી. આવી રીતે માઉન્ટબેટન યોજના ભારત ના ભાગલા નું આધાર બની હતી.

→ ગાંધીજીએ તેમના છેલ્લા શ્વાસ સુધી આ યોજના ને સ્વીકારી ન હતી.

### ★ <u>ભારતીય સ્વતંત્રતા અધિનિયમ (1947)</u>

→ માઉન્ટબેટન ની 3 જૂન યોજના ના આધારે બ્રિટિશ સંસદે 18 જુલાઈ, 1947 ના રોજ **"ભારતીય સ્વતંત્રતા અધિનિયમ, 1947"** ને પસાર કર્યો.

→ આ અધિનિયમ ની જોગવાઈ પ્રમાણે ભારત ને અંગ્રેજો ની 200 વર્ષ ની ગુલામી નો અંત આવ્યો.

→ 14 ઓગસ્ટ, 1947 ના રોજ પાકિસ્તાન બન્યું અને તેના ગવર્નર **"મુહમ્મદ અલી ઝીણા"** બન્યા.

→ 15 ઓગસ્ટ, 1947 ના રોજ ભારત સ્વતંત્ર થયું અને તેના પ્રથમ વડાપ્રધાન **"જવાહરલાલ નેહરૂ"** બન્યા.

→ **<u>એક્ટ ની જોગવાઈઓ :</u>**

1. 15 ઓગસ્ટ, 1947 ના રોજ ભારત ના ભાગલા પાડી ને ભારત અને પાકિસ્તાન નામ ના બે સ્વતંત્ર રાષ્ટ્ર નું નિર્માણ કરવામાં આવશે.

2. આ બંને રાજ્ય સ્વેચ્છા થી નિર્ણય કરશે કે તેમને બ્રિટિશ રાષ્ટ્રમંડળ (Commonwealth) નું સભ્ય રહેવું છે કે નહિ.

3. જે સમય સુધી બંને રાષ્ટ્રો માં બંધારણ નું નિર્માણ થઈ જતું નથી, બંને રાષ્ટ્રો ની બંધારણ સભાઓ ને 1935 ના એક્ટ ની જોગવાઈઓ પ્રમાણે કામ કરવાનું રહેશે.

4. બ્રિટિશ સમ્રાટ બંને રાષ્ટ્રો માટે અલગ-અલગ વાઈસરૉય નિમણૂક કરશે પરંતુ જો બંને એક જ વાઈસરૉય રાખવા ઈચ્છે તો પણ રાખી શકાશે.

5. બ્રિટિશ સમ્રાટ ની ભારતીય રાજાઓ પરથી સર્વોચ્ચ સત્તા સમાપ્ત થઈ જશે.

6. ભારત સચિવ અને તેના સહયોગી ના પદ સમાપ્ત કરી દેવામાં આવ્યા હતા. ભારત અને પાકિસ્તાન થી સંબંધ સ્થાપિત રાખવા માટે કોમનવેલ્થ સચિવ (રાષ્ટ્રમંડળ ના રાજ્ય સચિવ) ને સત્તા (અધિકાર) આપવામાં આવી હતી.

7. બ્રિટિશ સમ્રાટ ની ભારત સમ્રાટ તરીકે ની ઉપાધિ સમાપ્ત કરી દેવામાં આવી.

→ આવી રીતે ભારત ના બંધારણીય વિકાસ નો બીજો તબક્કો સમાપ્ત થયો. ભારત ના બંધારણીય વિકાસ નો ત્રીજો તબક્કો ભારત ના નવીન ગણતંત્ર બંધારણ થી શરૂ થયુ જેને 1950 થી ભારત માં અમલ માં મૂકવામાં આવ્યો હતો.

### ★ <u>સ્વતંત્ર ભારત નું પ્રથમ મંત્રીમંડળ (1947)</u>

| ક્રમ | મંત્રી | વિભાગ |
|---|---|---|
| 1. | પંડિત જવાહરલાલ નેહરૂ | વડાપ્રધાન, રાષ્ટ્રમંડળ તથા વિદેશી બાબતો, વૈજ્ઞાનિક સંશોધન |
| 2. | સરદાર વલ્લભભાઈ પટેલ | ગૃહ, સૂચના અને પ્રસારણ, દેશી રજવાડા |
| 3. | વી.એન. ગાડગિલ | કાર્ય, ખાણ, અને ઉર્જા |
| 4. | ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી | ઉદ્યોગ અને પુરવઠો |
| 5. | આર.કે. ષણમુખમ શેટ્ટી | નાણાં |

| | | |
|---|---|---|
| 6. | રફી અહમદ કિદવઈ | સંચાર |
| 7. | સી.એચ.ભાભા | વાણિજ્ય |
| 8. | રાજકુમારી અમૃતકૌર | સ્વાસ્થ્ય |
| 9. | સરદાર બળદેવ સિંહ | સંરક્ષણ |
| 10. | જગજીવન રામ | શ્રમ |
| 11. | ડૉ. બી.આર. આંબેડકર | કાયદો |
| 12. | ડૉ. જોન મથાઈ | રેલવે અને વાહનવ્યવહાર |
| 13. | મૌલાના અબુલ કલામ આઝાદ | શિક્ષણ |
| 14. | ડૉ. રાજેન્દ્ર પ્રસાદ | ખાદ્ય અને કૃષિ |

★★★★

## **પ્રકરણ-19 મહત્વના નેતાઓ**

**1. દાદાભાઈ નવરોજી (1825-1917) :**

→ આમને **"ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ ઈન્ડિયા"** (Grand Old Man of India) કહેવાય છે.

→ જન્મ -4 સપ્ટેમ્બર, 1825, મુંબઈ ના પારસી પરિવારમાં

→ કોંગ્રેસ ના અધ્યક્ષ પદે ત્રણ વખત (1886, 1893, 1906) રહ્યા.

→ ઈ.સ. 1892 માં મવાળવાદી ધ્વારા ચૂંટાયેલા બ્રિટિશ પાર્લામેન્ટ ના પ્રથમ ભારતીય સભ્ય હતા.

→ મુંબઈ માં **"જ્ઞાન પ્રસારક મંડળી"** ની સ્થાપના કરી.

→ મુંબઈ માં ઈ.સ. 1852 માં પ્રથમ રાજનૈતિક સંસ્થા **"બોમ્બે એસોસિએશન"** ની સ્થાપના કરી.

→ લંડન માં **"લંડન ઈન્ડિયા એસોસિએશન"** અને **"ઈસ્ટ ઈન્ડિયા એસોસિએશન"** ની સ્થાપના કરી.

→ દાદાભાઈ નવરોજી એ સૌ પ્રથમ પોતાની પુસ્તક "Indian Poverty and un-british rule in India" માં અંગ્રેજી સામ્રાજ્ય ધ્વારા ભારત નું શોષણ કર્યા નું વર્ણન મળે છે.

**2. સુરેન્દ્રનાથ બેનરજી (1848-1925) :**

→ જન્મ - 1848, બંગાળ ના બ્રાહ્મણ પરિવારમાં

→ પ્રથમ ભારતીય જેમણે ઈ.સ. 1869 માં ભારતીય સિવિલ સેવા (I.C.S.) ની પરીક્ષા પાસ કરી.

→ તેમણે ઈ.સ. 1876 માં **"ઈન્ડિયન એસોસિએશન"** ની સ્થાપના કરી.

→ તેમણે **"બંગાળી"** નામના સમાચાર-પત્ર નું સંપાદન પણ કર્યું.

→ 1895 અને 1902 માં તે કોંગ્રેસ ના અધ્યક્ષ રહ્યા હતા.

→ આમને **"તાજ વગરના બાદશાહ"** પણ કહેવાય છે.

**3. ગોપાલકૃષ્ણ ગોખલે (1866-1915) :**

→ જન્મ - કોલ્હાપુર (મહારાષ્ટ્ર) 9 મે, 1866 ના રોજ

→ રાનાડે ધ્વારા સ્થાપિત **"ડેક્કન એજ્યુકેશન સોસાયટી"** માં ઈ.સ. 1884 માં સામેલ થઈ ગયા.

→ ઈ.સ. 1902 માં તે મુંબઈ બંધારણ પરિષદ અને પછી **"ઈમ્પીરીયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ"** (Imperial Legislative Council) માટે ચૂંટવામાં આવ્યા હતા.

→ 1905 માં કોંગ્રેસના બનારસ અધિવેશન ની અધ્યક્ષતા કરી હતી.

→ 1909 ના માર્લે-મિન્ટો સુધારાઓ બનાવવામાં આમને મહત્વની ભૂમિકા ભજવી હતી.

→ 1905 માં **"ભારત સેવક મંડળ"** નામની સંસ્થા ની સ્થાપના કરી હતી.

→ મહાત્મા ગાંધીજી ના રાજનૈતિક ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલે હતા.

→ ગોખલે ના આધ્યાત્મિક અને રાજનૈતિક ગુરુ **"એમ.જી.રાનાડે"** હતા.

**4. બાલ ગંગાધર તિલક (1856-1920) :**

→ જન્મ-રત્નાગિરિ (મહારાષ્ટ્ર) 23 જુલાઈ, 1856 ના રોજ

→ **"બેતાજ બાદશાહ"** અને **"લોકમાન્ય"** નામ થી પ્રખ્યાત.

→ ઈ.સ. 1900 માં **"પૂણે ન્યૂ ઈંગ્લીશ સ્કૂલ"** ની સ્થાપના કરી.

→ લોકમાન્ય તિલક પ્રથમ રાષ્ટ્રવાદી નેતા હતા, જેમણે સામાન્ય જનતા થી નજીકના સંબંધો સ્થાપિત કર્યા અને લોકો માં રાષ્ટ્રવાદ ની ભાવના નો વિકાસ કર્યો.

→ **"સ્વતંત્રતા મારો જન્મસિદ્ધ અધિકાર છે અને હું તેને લઈને રહીશ."** ની સૌ પ્રથમ હાકલ કરનાર બાળ ગંગાધર તિલક હતા.

→ લોકમાન્ય તિલકે **"મરાઠા"** અને **"કેસરી"** નામ ના સમાચાર-પત્ર બહાર પાડ્યા.

→ તેમણે **"ગણેશ મહોત્સવ"** અને **"શિવાજી મહોત્સવ"** ના માધ્યમ થી સામાન્ય જનતા માં રાષ્ટ્રીય ચેતના જાગૃત કરી.

→ 1916 માં હોમરૂલ લીંગ ની સ્થાપના કરી.

**5. પંડિત મદન મોહન માલવીય (1861-1946) :**

→ જન્મ - 1861 માં અલ્હાબાદ માં.

→ પંડિતજી ત્રણ વખત હિન્દૂ મહાસભા ના અને બે વખત કોંગ્રેસ ના અધ્યક્ષ બન્યા હતા.

→ તેમણે **"હિન્દુસ્તાન", "અભ્યુદય"** અને **"ઈન્ડિયન યૂનિયન"** નામ ના સમાચાર-પત્રો નું સંપાદન કર્યું હતું.

→ 1916 માં વારાણસી માં **"હિન્દુ વિશ્વવિદ્યાલય"** ની સ્થાપના કરી.

**6. લાલા લજપતરાય (1865-1928) :**

→ જન્મ - 1865 માં લુધિયાણામાં (પંજાબ)

→ **"શેર એ પંજાબ"** નામ થી પ્રખ્યાત.

→ સ્વામી દયાનંદ સરસ્વતી થી પ્રભાવિત થઈ ને આર્યસમાજ થી જોડાવ્યા.

→ ડી.એ.વી. કોલેજ - લાહોર ની સ્થાપના માં મહત્વની ભૂમિકા ભજવી હતી.

→ તેમણે **"વંદેમાતરમ"** , **"પંજાબી"** અને "The People" સમાચાર-પત્રોનું સંપાદન કર્યું.

→ ઈ.સ. 1920 માં કોંગ્રેસ ના કલકત્તા અધિવેશન ની અધ્યક્ષતા કરી.

→ પહેલાં તે ગાંધીજીની અસહકાર ની નીતિ ની વિરુદ્ધ હતા પરંતુ ભવિષ્ય માં તે ગાંધીજી થી સહમત થઈ ગયા હતા.

→ 1928 માં સાઈમન કમીશન ના વિરોધ પ્રદર્શન માં પોલીસે લાઠીચાર્જ ધ્વારા તેમની હત્યા કરી નાંખી.

**7. રવિન્દ્રનાથ ટાગોર :**

→ જન્મ - કલકત્તા માં 1861 માં

→ આમની સૌથી પ્રખ્યાત પુસ્તક **"ગીતાંજલી"** છે. જેના માટે તેમને ઈ.સ. 1913 માં **"નોબેલ પુરસ્કાર"** મળ્યો હતો.

→ શાંતિનિકેતન માં **"વિશ્વભારતી"** ની સ્થાપના આમને જ કરી હતી.

→ **"જન-ગણ-મન"** - ભારત ના રાષ્ટ્રગાન ની રચના આમને જ કરી છે.

→ તે **"ગુરુદેવ"** નામથી પ્રખ્યાત હતા.

→ ઈ.સ. 1919 ના જલિયાવાલા બાગ હત્યાકાંડ ની વિરોધ માં તેમણે **"નાઈટહૂડ"** નો ઈલકાબ પરત કરી દીધો હતો.

**8. મૌલાના અબુલ કલામ આઝાદ (1888-1958) :**

→ જન્મ - 1888 માં કલકત્તામાં

→ મૂળ નામ - મુહીઉદ્દીન અહમદ

→ **"અલ-હિલાલ"** નામનું ઉર્દૂ સાપ્તાહિક પત્રિકાનું સંપાદન કર્યું.

→ 1920 માં ભારતીય ખિલાફત કમિટી ના અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા.

→ તેમની પ્રખ્યાત પુસ્તક **"ઈન્ડિયા વિન્સ ફ્રીડમ"** હતી.

→ 1923, 1940 અને 1942 માં કોંગ્રેસ ના અધ્યક્ષ રહ્યા.

→ સ્વતંત્ર ભારત ના પ્રથમ શિક્ષણ મંત્રી.

→ કોંગ્રેસે આમની અધ્યક્ષતા માં **"હિન્દ છોડો પ્રસ્તાવ"** ને પાસ કર્યો હતો.

**9. ખાન અબ્દુલ ગફ્ફાર ખાન (1890-1987) :**

→ જન્મ - 1890 માં પેશાવર (પાકિસ્તાન) માં

→ **"પખ્તૂન"** (Pakhtoon) નામ ની માસિક પત્રિકા નું પ્રકાશન કર્યું.

→ ઈ.સ. 1930 માં **"ખુદાઈ ખિદમતગાર"** નામ ના સંગઠનની સ્થાપના કરી.

→ વિભાજન (ભાગલા) પછી પાકિસ્તાનન ની **"જમિયત-ઉલ-અવામ"** ના અધ્યક્ષ બન્યા.

→ આ ભારત ના વિભાજન (ભાગલા) ના કટ્ટર વિરોધી હતા.

→ ઈ.સ. 1968 માં **"નહેરૂ શાંતિ પુરસ્કાર"** મળ્યો.

→ ઈ.સ. 1985 માં ભારત લાવવામાં આવ્યા અને 1987 માં તેમને **"ભારતરત્ન"** આપવામાં આવ્યું.

**10. ચક્રવર્તી રાજગોપાલાચારી (1879-1972) :**

→ સી.આર. ફોર્મ્યૂલા નામ ની યોજના આમને જ આપી હતી.

→ લોર્ડ માઉન્ટબેટન પછી સ્વતંત્ર ભારત ના ગવર્નર જનરલ બન્યા જે કે આ પદ માટે પ્રથમ અને છેલ્લા ભારતીય હતા.

→ 1950-51 માં તે ગૃહમંત્રી રહ્યા.

→ પ્રમુખ પુસ્તકો - સોક્રેટિસ, મારકસ આરોલિયસ, ધ ફેટલ કાર્ટ એન્ડ અધર સ્ટોરીઝ.

★ **વિશેષ :**

→ ડૉ. બી.આર. આંબેડકરે **"બહિષ્કૃત ભારત"** અને **"જનતા"** નામ ના સમાચાર-પત્રો નું સંપાદન કર્યું.

→ ડૉ. આંબડકરે **"બૌદ્ધ ધર્મ"** (જીવન ના છેલ્લા સમય) સ્વીકાર કર્યો હતો.

→ ડૉ. આંબેડકર ને ઈ.સ. 1990 માં **"ભારત રત્ન"** (મરણોપરાન્ત) આપવામાં આવ્યો.

→ ઉત્તરપ્રદેશ રાજ્ય ના પ્રથમ મુખ્યમંત્રી પંડિત ગોવિંદ વલ્લભ પંત હતા.

→ સ્વતંત્રતા પ્રાપ્તિ ના સમયે કોંગ્રેસના અધ્યક્ષ **"જે.બી.કૃપલાણી"** અને બ્રિટેન ના વડા પ્રધાન **"ક્લીમેન્ટ એટલી"** હતા.

→ મહાત્મા ગાંધીજી ધ્વારા સ્થાપિત **"હરિજન સેવક સંઘ"** ના સંસ્થાપક અધ્યક્ષ **"ઘનશ્યામ દાસ બિરલા"** હતા.

→ ગાંધીજીએ કોંગ્રેસ ના સભ્યપદ થી બે વખત 1925 અને 1930 માં રાજીનામું આપ્યું હતું.

→ દીનબંધુ મિત્ર નું નાટક **"નીલ દર્પણ"** માં નીલ (ગળી) ની ખેતી કરવાવાળાઓ પર થયેલ અત્યાચાર નું વર્ણન મળે છે.

→ **"મજહર-ઉલ-હક"** એ અહરાર આંદોલનની શરૂઆત કરી.

→ **"રાધાસ્વામી નાયકર"** એ આત્મસમ્માન આંદોલનની શરૂઆત કરી.

→ **"દયાળદાસ"** એ નિરંકારી આંદોલન ની શરૂઆત કરી.

→ દેવસમાજના સંસ્થાપક **"શિવનારાયણ અગ્નિહોત્રી"** હતા.

→ તરૂણસ્ત્રી સભા ની સ્થાપના કલકત્તા માં કરવામાં આવી.

→ ત્રણેય ગોળમેજી પરિષદ માં ભાગ લેનાર ભારતીય નેતા **"ડૉ. બી.આર. આંબેડકર"** હતા.

→ એ.ઓ.હ્યૂમ ને **"હરમિટ ઓફ શિમલા"** પણ કહેવાય છે.

→ ગોપાલ હરિદેશમુખ **"લોકહિતવાદી"** ના નામે પ્રખ્યાત છે.

→ વિવિયન ડેરિજિયો ને યંગબંગાળ આંદોલન ના પ્રવર્તક કહેવાય છે.

→ રાષ્ટ્રીય યુવા દિવસ **"સ્વામી વિવેકાનંદ"** થી સંબંધિત છે.

→ **"અખિલ ભારતીય હરિજન સંઘ"** ની સ્થાપના મહાત્મા ગાંધીજી એ કરી હતી.

→ શુદ્ધિ આંદોલન ના પ્રવર્તક **"સ્વામી દયાનંદ સરસ્વતી"** હતા.

→ સરદાર પટેલ ને **"ભારતના બિસ્માર્ક"** કહેવાય છે.

→ દેશબંધુ ચિત્તરંજનદાસ સુભાષચંદ્ર બોઝ ના રાજનૈતિક ગુરૂ હતા.

→ સુભાષચંદ્ર બોઝ ને સૌ પ્રથમ **"નેતાજી"** એડોલ્ફ હિટલરે કહ્યું હતું.

→ ગાંધીજી ને સૌ પ્રથમ **"રાષ્ટ્રપિતા"** કહેનાર સુભાષચંદ્ર બોઝ હતા.

→ રવીન્દ્રનાથ ટાગોરે સૌ પ્રથમ ગાંધીજી ને **"મહાત્મા"** કહ્યું હતું.

→ જવાહરલાલ નેહરૂ એ કહ્યું હતું કે, **"હું એક ક્રાંતિકારી ના રૂપે કામ કરું છું."**

→ **"બધા માટે એક જાતિ, એક ધર્મ, એક ઈશ્વર"** કહેનાર **"શ્રી નારાયણ ગુરુ"** હતા.

→ ભગત સિંહ ને **"શહીદ-એ-આઝમ"** કહેવાય છે.

→ સૌથી ઓછી ઉંમર માં ફાંસી ની સજા પામનાર ક્રાંતિકારી **"ખુદી રામ બોસ"** હતા.

→ **"ભારત-ભારતીયો માટે "** - આ સૂત્ર આર્યસમાજે આપ્યું હતું

→ આર્ય મહિલા સભા ની સ્થાપના **"પંડિતા રમાબાઈ"** એ કરી હતી.

→ રાષ્ટ્રીય સ્વતંત્રતા આંદોલનની દરમિયાન પ્રખ્યાત **"સેલુલર જેલ"** અંડમાન માં આવેલી છે.

★★★★★

# પ્રકરણ-20 ઈતિહાસ - એક નજરે

★ **મુખ્ય ભારતીય સંવત**

| ક્રમ | સંવત | સમય | ખાસિયત |
|---|---|---|---|
| 1. | વિક્રમ સંવત | 58 ઈ.પૂ. | - માળવા ના શાસક વિક્રમાદિત્ય ધ્વારા શરૂ કરવામાં આવેલ. |
| 2. | શક સંવત | ઈ.સ. 78 | - કનિષ્ક (કુષાણ શાસક) ધ્વારા શરૂ કરેલ. |
| 3. | ચેદિ સંવત (કલચુરી સંવત) | ઈ.સ. 248 | - ઈશ્વરસેન ધ્વારા શરૂ કરેલ. |
| 4. | ગુપ્ત સંવત (વલભી સંવત) | ઈ.સ. 320 | - ગુપ્તવંશ ના શાસક **"ચંદ્રગુપ્ત પ્રથમ"** ધ્વારા શરૂ કરેલ. |
| 5. | હર્ષ સંવત | ઈ.સ. 606 | - પુણ્યભૂતિ વંશ ના શાસક **"હર્ષવર્ધન"** ધ્વારા શરૂ કરેલ. |
| 6. | કોલમ સંવત | ઈ.સ. 825 | - ચાલુક્ય શાસક વિક્રમાદિત્ય - ચતુર્થ ધ્વારા શરૂ કરેલ. |
| 7. | ઈલાહી સંવત | ઈ.સ. 1583 | - મુઘલ સમ્રાટ **"અકબર"** ધ્વારા શરૂ કરેલ. |

★ **વેદ અને તેના પ્રવર્તક :**

| ક્રમ | વેદ | પ્રવર્તક |
|---|---|---|
| 1. | ઋગવેદ | બ્રહ્માજી (પ્રજાપતિ) |
| 2. | યર્જુવેદ | વિશ્વામિત્ર |
| 3. | સામવેદ | નારદ |
| 4. | અથર્વવેદ | વિશ્વકર્મા |

★ **પ્રખ્યાત વિદ્વાન અને તેના સંરક્ષક**

| ક્રમ | વિદ્વાન | સંરક્ષક |
|---|---|---|
| 1. | હરિષેણ | સમુદ્રગુપ્ત |
| 2. | ભવભૂતિ | કન્નૌજ નો યશોવર્મન |
| 3. | વાકપતિરાજ | કન્નૌજ નો યશોવર્મન |
| 4. | રવિકીર્તિ | ચાલુક્ય શાસક પુલકેશિન- બીજો |
| 5. | અમરસિંહ | ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય |
| 6. | નાગાર્જુન | કનિષ્ક |
| 7. | હેમચંદ્રાચાર્ય | ગુજરાત ના ચાલુક્ય શાસક કુમારપાળ |
| 8. | ઉદયરાજ | મહમૂદ બેગડો (ગુજરાત) |
| 9. | રાજશેખર | ગુર્જર-પ્રતિહાર શાસક મહેન્દ્રપાલ અને મહીપાલ |
| 10. | સોમદેવ | પૃથ્વીરાજ ચૌહાણ ત્રીજો |
| 11. | ચંદવરદાઈ | પૃથ્વીરાજ ચૌહાણ ત્રીજો |
| 12. | બાણભટ્ટ | પુણ્યભૂતિ વંશ નો **"હર્ષવર્ધન"** |
| 13. | દંડી | પલ્લવ શાસક નરસિંહ વર્મન |
| 14. | ગુણાઢ્ય | સાતવાહન શાસક હાલ |
| 15. | જયદેવ | બંગાળ શાસક લક્ષ્મણ સેન |
| 16. | બિલ્હણ | ચાલુક્ય શાસક વિક્રમાદિત્ય - VI |
| 17. | વિજ્ઞાનેશ્વર | ચાલુક્ય શાસક વિક્રમાદિત્ય - VI |
| 18. | લક્ષ્મીધર | કન્નૌજ શાસક ગોવિંદચંદ્ર |
| 19. | શ્રીહર્ષ | કન્નૌજ શાસક જયચંદ્ર |
| 20. | કલ્હણ | કાશ્મીર નો શાસક હર્ષ |
| 21. | ફિરદૌસી | મહમૂદ ગઝનવી |
| 22. | અમીર ખુસરો | બલબન થી અલાઉદ્દીન ખલજી સુધી |

★ **ઐતિહાસિક સ્મારક અને નિર્માતા**

| ક્રમ | ઐતિહાસિક સ્મારક | નિર્માતા (બનાવનાર) / વંશ |
|---|---|---|
| 1. | સાંચી નો સ્તૂપ | મૌર્ય સમ્રાટ અશોક |
| 2. | અજંતા ની ગુફાઓ | ગુપ્તવંશ |
| 3. | સારનાથ નો સ્તૂપ/ ધમેખ સ્તૂપ | ગુપ્તવંશ |
| 4. | અમરાવતી નો સ્તૂપ | સાતવાહન વંશ |
| 5. | કાર્લે નો ચૈત્ય | સાતવાહન વંશ |
| 6. | ભરહુત નો સ્તૂપ | શુંગ વંશ |
| 7. | પેશાવર નો સ્તૂપ | કુષાણ શાસક કનિષ્ક |

| | | |
|---|---|---|
| 8. | દેવગઢ નો દસાવતાર મંદિર | ગુપ્તવંશ |
| 9. | કાંચીપુર મ  નું બૈકુંઠ પૈરૂમલ મંદિર | નંદીવર્મન |
| 10. | કાંચીપુરમ નું કૈલાશનાથ મંદિર | પલ્લવ શાસક નરસિંહવર્મન-બીજો |
| 11. | પટ્ટકલનું વિરૂપાક્ષ મંદિર | ચાલુક્ય વંશ |
| 12. | બોધગયા નું મહાબોધ મંદિર | પાલવંશ |
| 13. | એલોરા નું કૈલાશનાથ મંદિર | રાષ્ટ્રકૂટ શાસક કૃષ્ણ- પ્રથમ |
| 14. | એલિફેન્ટા ની ગુફાઓ | રાષ્ટ્કૂટ વંશ |
| 15. | તંજાવુર ની બૃહદેશ્વર મંદિર | ચોલ શાસક રાજરાજ-પ્રથમ |
| 16. | ભુવનેશ્વર નું લિંગરાજ મંદિર | ગંગ વંશ |
| 17. | પુરી નું જગન્નાથ મંદિર | ગંગ શાસક અનંતવર્મા |
| 18. | કોણાર્ક નું સૂર્યમંદિર | નરસિહ- પ્રથમ |
| 19. | મોઢેરા નું સૂર્યમંદિર | સોલંકી શાસક ભીમદેવ |
| 20. | કાશ્મીર નું સૂર્યમંદિર | કાર્કોટ શાસક લલિતાદિત્ય |
| 21. | ખજૂરાહો નું કંદરિયા મહાદેવ | ચંદેલ વંશ |
| 22. | ચિતોડ નું કીર્તિસ્તંભ | રાણા કુંભા |
| 23. | હજારા મંદિર | કૃષ્ણદેવરાય |
| 24. | મદુરાઈ નું મીનાક્ષી મંદિર | તિરૂમલ નાયક |
| 25. | બીજાપુર નું ગોલ ગુમ્બજ | મોહમ્મદ આદિલ શાહ |
| 26. | જોનપુર ની અટાલા મસ્જિદ | ઈબ્રાહિમશાહ શર્કી |

★ **<u>શહેર અને તેના સંસ્થાપક</u>**

| **ક્રમ** | **શહેર (નગર)** | **સંસ્થાપક** |
|---|---|---|
| 1. | અમદાવાદ | અહમદશાહ |
| 2. | હૈદરાબાદ | મુહમ્મદ કુલી શાહ |
| 3. | મુસ્તફાબાદ | મહમૂદ બેગડો |
| 4. | મુહમ્મદાબાદ | મહમૂદ બેગડો |
| 5. | જોનપુર, ફિરોજબાદ, ફતેહાબાદ, હિસાર, ફિરોજપુર | ફિરોજશાહ તઘલખ |
| 6. | જોધપુર | મારવાડ શાસક જોધા |
| 7. | ફતેહપુર સીકરી, અલ્હાબાદ | અકબર |
| 8. | દૌલતાબાદ, જહૉપનાહ, આદિલાબાદ | મુહમ્મદ બિન તઘલખ |
| 9 | દીનપનાહ | હૂમાયૂઁ |
| 10. | તુગલકાબાદ | ગયાસુદીન તઘલખ |
| 11. | રાય પિથૌરા | પૃથ્વીરાજ ચૌહાણ |
| 12. | કલકત્તા | જોબ ચૌરનૉક |
| 13. | વિજયનગર | હરિહર-પ્રથમ |
| 14. | નૌરસપુર | ઈબ્રાહિમ આદિલશાહ- બીજો |
| 15. | આગરા | સિકંદર લોદી |

| | | |
|---|---|---|
| 16. | અજમેર | અજયરાજ ચૌહાન |
| 17. | ગંગેકોન્ડચોલપુરમ્ | ચોલવંશ ના રાજેન્દ્ર |
| 18. | શ્રીનગર | અશોક |
| 19. | અમૃતસર | ગુરુ રામદાસ |
| 20. | પાટલીપુત્ર | ઉદયન |
| 21. | મહાબલીપુરમ | નરસિંહવર્મન - પ્રથમ |

★ **<u>ભારત માં આવનાર વિદેશી યાત્રીઓ</u>**

| **ક્રમ** | **વિદેશીયાત્રી** | **દેશ** | **શાસક/ વંશ** |
|---|---|---|---|
| 1. | ટેવર્નિયર (ઝવેરાત નો જાણકાર) | ફ્રાન્સ | મુઘલ શાસક શાહજહાઁ અને ઔરંગઝેબ |
| 2. | મનૂચી | ઈટાલી | ઔરંગઝેબ |
| 3. | બર્નિયર (ડૉક્ટર) | ફ્રાન્સ | ઔરંગઝેબ |
| 4. | જીન થિન નોટ | ફ્રાન્સ | ઔરંગઝેબ |
| 5. | જોન લાયટ | ડચ/ ડેનિસ | શાહજહાઁ |
| 6. | પીટર મંડી | ઈટાલી | શાહજહાઁ |
| 7. | કેપ્ટન હૉકિન્સ (અંગ્રેજ વેપારી) | ઈંગ્લેન્ડ | જહાઁગીર |
| 8. | વિલિયમ ફિચ | ઈંગ્લેન્ડ | જહાઁગીર |
| 9. | સર ટૉમસ રો (અંગ્રેજ રાજદૂત) | ઈંગ્લેન્ડ | જહાઁગીર |
| 10. | એડવર્ડ ટેરી (અંગ્રેજ પાદરી) | ઈંગ્લેન્ડ | જહાઁગીર |
| 11. | પિત્રાડેલાવલી | ઈટાલી | જહાઁગીર |
| 12. | સીજર ફ્રેડરિક | પોર્ટુગલ | વિજયનગર સામ્રાજ્ય |
| 13. | રાલ્ફ ફિચ (પ્રથમ અંગ્રેજયાત્રી) | ઈંગ્લેન્ડ | અકબર |
| 14. | એન્થોની માંસેરાટ (પાદરી) | પોર્ટુગલ | અકબર |
| 15. | નૂનિજ (ઘોડાનો સૌદાગર) | પોર્ટુગલ | અચ્યુતદેવરાય |
| 16. | એડવર્ડ બારબોસા | પોર્ટુગલ | કૃષ્ણદેવરાય |
| 17. | ડોમિગોજ પેઈજ | પોર્ટુગલ | કૃષ્ણદેવરાય |
| 18. | બાર્થોલોમ્યૂ ડાયજ | ઈટાલી | દક્ષિણ ભારત |
| 19. | અબ્દુલ રજ્જાક (રાજદૂત) | ઈરાન | દેવરાય - બીજો |
| 20. | નિકોલોકોન્ટી | ઈટાલી | દેવરાય-પ્રથમ |
| 21. | ઈબ્નબતૂતા | મોરક્કો (દક્ષિણ આફ્રિકા) | મુહમ્મદ બિન તઘલખ |
| 22. | માર્કોપોલો | ઈટાલી | પાંડ્ય રાજ્ય |

★ **બ્રિટિશકાલીન કમીશન/કમિટીઓ :**

| ક્રમ | કમીશન | વર્ષ | અધ્યક્ષ | ગવર્નરજનરલ/ વાઈસરૉય | ઉદ્દેશ |
|---|---|---|---|---|---|
| 1. | ઈનામ કમીશન | 1852 | ઈનામ | લોર્ડ ડેલહાઉસી | -ભૂપતીઓ ની ઉપાધિઓની તપાસ કરવા માટે |
| 2. | હન્ટર કમીશન | 1882 | વિલિયમ હન્ટર | લોર્ડ રિપન | -શિક્ષણ નો વિકાસ |
| 3. | એચિસન કમીશન | 1886 | ચાર્લ્સ એચિસન | લોર્ડ ડફરિન | -નાગરિક સેવામાં ભારતીયો ની સંખ્યામાં વધારો કરવા |
| 4. | હરશેલ કમિટી | 1893 | હરશેલ | લોર્ડ લેન્સડાઉન | -ટકસાલ સંબંધિત |
| 5. | સ્કોટ કમિટી | 1901 | સર કોલિન સ્કોટ | લોર્ડ કર્જન | -સિંચાઈ વ્યવસ્થા માં સુધારા થી સંબંધિત |
| 6. | વિશ્વવિદ્યાલય કમીશન (રેલે કમિટી) | 1902 | થૉમસ રેલે | લોર્ડ કર્જન | -ભારતીય વિશ્વ વિદ્યાલય ની સ્થિતિ પર વિચાર કરવા |
| 7. | ફ્રેજર કમીશન | 1902 | ફ્રેજર | લોર્ડ કર્જન | -પોલીસ કાર્યપદ્ધતિ પર વિચાર કરવા માટે |
| 8. | ઈસલિંગ્ટન કમીશન | 1912 | લોર્ડ ઈસલિંગ્ટન | લોર્ડ હાર્ડિંગ્ઝ | -નાગરિક સેવા માં ભારતીયો ની ભાગીદારી પર વિચાર કરવા |
| 9. | મેકલેગન કમિટી | 1914 | મેકલેગન | લોર્ડ હાર્ડિંગ્ઝ | -સરકારી નાણાકીય વ્યવસ્થા થી સંબંધિત ભલામણ |
| 10. | કલકત્તા યુનિવર્સિટી કમીશન (સૈડલર કમીશન) | 1917 | માઈકલ સેડલર | લોર્ડ ચેમ્સફોર્ડ | -કલકત્તા યુનિવર્સિટી માં અવગુણો ની તપાસ કરવા માટે |
| 11. | શાહી કમીશન (લી કમિટી) | 1923 | લોર્ડ લી | લોર્ડ રીડિંગ | -લોક સેવા આયોગ ની સ્થાપના ની ભલામણ |
| 12. | ઈચકેપ કમિટી | 1923 | લોર્ડ ઈચકેંપ | લોર્ડ રીડિંગ | -શિક્ષણ સંબંધિત |
| 13. | સૈન્ડહર્સ્ટ કમિટી | 1925 | એન્ડયૂ સ્કીન | લોર્ડ રીડિંગ | -ભારતીય સેનાનું ભારતીયકરણ |
| 14. | બટલર કમિટી | 1927 | હરકોર્ટ બટલર | લોર્ડ ઈરવિન | -દેશીરાજ્યો અને અંગ્રેજી સરકાર ના સંબંધો પર વિચાર |
| 15. | સાઈમન કમીશન | 1927 | જોન સાઈમન | લોર્ડ ઈરવીન | -1919 ના અધિનિયમની સમીક્ષા માટે |
| 16. | લિનલિથગો કમીશન | 1928 | લોર્ડ લિનલિથગો | લોર્ડ ઈરવીન | -કૃષિ સંબંધિત સમસ્યાઓ પર વિચાર કરવા માટે |
| 17. | હ્વિટલે કમીશન | 1928 | જે.એચ હ્વિટલે | લોર્ડ ઈરવીન | -શ્રમિકો ની સ્થિતિ પર વિચાર કરવામાં |
| 18. | લિન્ડસે કમીશન | 1929 | એડી લિન્ડસે | લોર્ડ ઈરવીન | -મિશનરી શિક્ષણ ના વિકાસ |
| 19. | હાર્ટોગ કમીશન | 1929 | ફિલિપ હાર્ટોગ | લોર્ડ ઈરવીન | -શિક્ષા ની સ્થિતિ ની સમીક્ષા |
| 20. | સપ્રૂ કમિટી | 1934 | તેજબહાદુર સપ્રૂ | લોર્ડ વિલિંગટન | -બેરોજગારીની સમસ્યા ની સમીક્ષા |
| 21. | ભારતીય પરિસીમન કમિટી | 1935 | લોરી હેમન્ડ | લોર્ડ વિલિંગ્ટન | -શ્રમિક પ્રતિનિધિઓ ના મતદાર મંડળ ની વ્યવસ્થા કરવા |
| 22. | રાષ્ટ્રીય યોજના કમિટી | 1938 | જવાહરલાલ | લોર્ડ | -આર્થિક યોજના બનાવવા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | નેહરૂ | લિનલિથગો | |
| 23. | ક્રિપ્સ કમીશન | 1942 | સ્ટેફોર્ડ ક્રિપ્સ | લોર્ડ લિનલિથગો | -ભારત ના રાજનૈતિક ગતિરોધ ને દૂર કરવા માટે |
| 24. | સાર્જેન્ટ કમીશન | 1944 | જોન સાર્જેન્ટ | લોર્ડ વેવેલ | -શિક્ષા ના વિકાસ માટે |
| 25. | કેબિનેટ મિશન | 1946 | પેથિક લોરેન્સ | લોર્ડ વેવેલ | - ભારતીયો ને સત્તા ટ્રાન્સફર કરવાના વિચાર માટે |

**★રાષ્ટ્રીય સ્વતંત્રતા આંદોલન થી સંબંધિત મહત્વપૂર્ણ સંસ્થાઓ**

| ક્રમ | સંસ્થાઓ | સંસ્થાપક | વર્ષ |
|---|---|---|---|
| 1. | એશિયાટિક સોસાયટી ઓફ બંગાળ | વિલિયમ જોન્સ | 1784 |
| 2. | આત્મીય સભા | રાજારામમોહન રૉય | 1815 |
| 3. | વેદાન્ત કોલેજ | રાજારામમોહન રૉય | 1825 |
| 4. | યંગ બંગાળ આંદોલન | હેનરી લુઈ વિલિયન ડેરિજિયો | 1826 |
| 5. | બ્રહ્મસમાજ | રાજારામમોહન રૉય | 1828 |
| 6. | તત્વબોધિની સભા | દેવેન્દ્રનાથ ટાગોર | 1839 |
| 7. | પરમહંસ મંડળી | ગોપાલ હરિ દેશમુખ | 1840 |
| 8. | બ્રિટિશ સાર્વજનિક સભા | દાદાભાઈ નવરોજી | 1843 |
| 9. | માનવધર્મ સભા | મહેતાજી દુર્ગારામ મંશારામ | 1844 |
| 10. | રહનુભાઈ માજદયાન સભા | દાદાભાઈ નવરોજી | 1851 |
| 11. | બાલિકા વિદ્યાલય | જ્યોતિબા ફુલે | 1851 |
| 12. | રાધાસ્વામી સત્સંગ | શિવદયાળ સાહેબ | 1861 |
| 13. | મોહમ્મડન એંગ્લો લિટરેરી સોસાયટી | અબ્દુલ લતીફ | 1863 |
| 14. | સાયટિફિક સોસાયટી | સર સૈયદ અહમદ ખૉ | 1864 |
| 15. | ઈસ્ટ ઈન્ડિયન એસોસિયેશન | દાદાભાઈ નવરોજી | 1866 |
| 16. | ભારતીય બ્રહ્મ સમાજ | કેશવચન્દ્ર સેન | 1866 |
| 17. | પૂના સાર્વજનિક સભા | મહાદેવ ગોવિંદ રાનાડે | 1867 |
| 18. | પ્રાર્થના સમાજ | એમ.જી.રાનાડે, આત્મારામપાંડુરંગ | 1867 |
| 19. | વેદ સમાજ | શ્રી ધરાળુ નાયડુ | 1871 |
| 20. | ઈન્ડિયન સોસાયટી | આનંદ મોહન બોસ | 1872 |
| 21. | સત્યશોધક સમાજ | જ્યોતિબા ફુલે | 1873 |
| 22. | અલીગઢ મોહમ્મડન એંગ્લો ઓરિએન્ટલ કોલેજ | સર સૈયદ અહમદ ખૉ | 1875 |
| 23. | ઈન્ડિયન લીગ | શિશિર કુમાર ઘોષ | 1875 |
| 24. | આર્ય સમાજ | સ્વામી દયાનંદ સરસ્વતી | 1875 |
| 25. | થિયોસોફિકલ સોસાયટી | મેડમ બ્લાવત્સકી અને કર્નલ આલ્કોટ | 1875 |
| 26. | ઈન્ડિયન એસોસિએશન | આનંદમોહન બોસ, સુરેન્દ્રનાથ બેનરજી | 1876 |
| 27. | રાજમુંદરી સોશલ રિફોર્મ એસોસિએશન | વીરેસેલિંગમ પટ્ટલુ | 1876 |
| 28. | સાધારણ બ્રહ્મ સમાજ | આનંદ મોહન બોસ | 1878 |

| | | | |
|---|---|---|---|
| 29. | ગૌ રક્ષિણી સભા | દયાનંદ સરસ્વતી | 1882 |
| 30. | યુનાઈટેડ ઈન્ડિયન કમિટી | વ્યોમેશચંદ્ર બેનરજી | 1883 |
| 31. | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | એ.ઓ. હ્યૂમ | 1885 |
| 32. | બોમ્બે પ્રેસીડેન્સી એસોસિએશન | ફિરોજશાહ મહેતા, તૈલંગ અને બહરૂદ્દીન તૈયબજી | 1885 |
| 33. | રાષ્ટ્રીય સમાજ સુધાર સમિતિ | એમ.જી. રાનાડે | 1887 |
| 34. | વેલૂર મઠ | સ્વામી વિવેકાનંદ | 1887 |
| 35. | યૂનાઈટેડ ઈન્ડિયન પેટ્રિયાટિક એસોસિએશન | સર સૈયદ અહમદ ખૉ | 1888 |
| 36. | શારદા સદન | રમાબાઈ | 1889 |
| 37. | રામકૃષ્ણ મિશન | સ્વામી વિવેકાનંદ | 1897 |
| 38. | એસ.એન.ડી.પી. યોગમ્ | નારાયણ ગુરુ | 1903 |
| 39. | અભિનવ ભારત સંસ્થા | વિનાયક દામોદર સાવરકર | 1904 |
| 40. | સર્વેન્ટ્સ ઓફ ઇન્ડિયા સોસાયટી | ગોપાલકૃષ્ણ ગોખલે | 1905 |
| 41. | મુસ્લિમ લીગ | આગાખાન, સલીમ ઉલ્લાખૉ | 1906 |
| 42. | અનુશીલન સમિતિ | બારીન્દ્રકુમાર ઘોષ, ભૂપેન્દ્ર દત | 1907 |
| 43. | સોશલ સર્વિસ લીગ | શ્રી નારાયણ મલ્હાર જોશી | 1911 |
| 44. | વિશ્વભારતી | રવીન્દ્રનાથ ટાગોર | 1912 |
| 45. | દેવબંદ સ્કૂલ આંદોલન | અબુલ કલામ આઝાદ | 1912 |
| 46. | ગદર પાર્ટી | લાલા હરદયાલ, કાશીરામ સોહનસિંહ ભાકના | 1913 |
| 47. | હિન્દૂ મહાસભા | પંડિત મદન મોહન માલવીય | 1915 |
| 48. | હોમરૂલ લીગ | તિલક અને એની બેસન્ટ | 1916 |
| 49. | વીમેન્સ ઈન્ડિયા એસોસિએશન | લેડી સદાશિવ અય્યર | 1917 |
| 50. | ખિલાફત આંદોલન | અલી બંધુઓ | 1919 |
| 51. | અખિલ ભારતીય ટ્રેડ યુનિયન કોંગ્રેસ | એન.એમ. જોશી | 1920 |
| 52. | કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા | એમ.એન.રાય | 1920 |
| 53. | સર્વેટ્સ ઓફ પીપલ્સ સોસાયટી | લાલા લજપતરાય | 1920 |
| 54. | ભીલ સેવા મંડલ | અમૃતલાલ ઠક્કર (ઠક્કરબાપા) | 1922 |
| 55. | સ્વરાજ પાર્ટી | મોતીલાલ નેહરૂ, ચિત્તરંજનદાસ | 1923 |
| 56. | હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશન | શચીન્દ્ર સાન્યાલ | 1924 |
| 57. | બહિષ્કૃત હિતકારિણી સભા | બી.આર. આંબેડકર | 1924 |
| 58. | રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) | ડૉ. કે.બી. હેડગેવાર | 1925 |
| 59. | નૌજવાન સભા | ભગતસિંહ, છબીલદાસ, યશપાલ | 1926 |
| 60. | હિન્દુસ્તાન સોશલિસ્ટ રિપબ્લિકન એસોસિએશન | ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ | 1928 |
| 61. | ખુદાઈ ખિદમતગાર | ખાન અબ્દુલ ગફ્ફાર ખાન | 1930 |
| 62. | હરિજન સેવક સંઘ | મહાત્મા ગાંધી | 1932 |
| 63. | સ્વતંત્ર શ્રમિક પાર્ટી | ડૉ. બી.આર. આંબેડકર | 1936 |

| | | | |
|---|---|---|---|
| 64. | અખિલ ભારતીય કિસાન સભા | એન.જી.રંગા, સ્વામી સહજાનંદ | 1936 |
| 65. | અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ | મીનૂમસાણી, અશોક મહેતા | 1936 |
| 66. | ફોરવર્ડ બ્લોક | સુભાષચંદ્ર બોઝ | 1939 |
| 67. | રેડિકલ ડેમોક્રેટિક દળ | એમ.એન.રાય | 1940 |
| 68. | આઝાદ હિન્દ ફોજ | કેપ્ટન મોહનસિંહ | 1943 |

**★સ્વતંત્રતા આંદોલન થી સંબંધિત પુસ્તકો/ પત્રિકાઓ / સમાચાર-પત્ર**

| ક્રમ | પુસ્તકો / પત્રિકાઓ/ સમાચાર-પત્ર | સંપાદક/ લેખક/ પ્રકાશક |
|---|---|---|
| 1. | અભ્યુદય, હિન્દુસ્તાન, લીડર | મદનમોહન માલવીય |
| 2. | યુગાન્તર | બારીન્દ્રકુમાર ઘોષ, ભૂપેન્દ્રનાથ દત્ત |
| 3. | સંધ્યા | બ્રહ્મબાંધવ ઉપાધ્યાય |
| 4. | ભવાની મંદિર, વંદેમાતરમ, ધ લાઈફ ડિવાઈન, સાવિત્રી, કર્મયોગી | અરવિંદ ઘોષ |
| 5. | ભારતમાતા | અજીતસિંહ |
| 6. | ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ | શ્યામજી કૃષ્ણવર્મા |
| 7. | પાથેર દાવી | શરતચંદ્ર ચટોપધ્યાય |
| 8. | ગદર, હિન્ટ્સ ફોર સેલ્ફ કલ્ચર | લાલા હરદયાલ |
| 9. | બંદીજીવન, ધ રિવોલ્યૂશનરી | સચીનદ્રનાથ સાન્યાલ |
| 10. | બોમ્બ મૈનુઅલ | પી.એન.બાપટ |
| 11. | વર્તમાન રણનીતિ | બારીન્દ્ર કુમાર ઘોષ |
| 12. | પ્લાનિંગ ઈન ઈન્ડિયા, ધ કમ્યૂનિસ્ટ ઈન્ટરનેશનલ ઈન્ડિયા ઈન ટ્રાન્જિશન | એમ.એન.રોય |
| 13. | વ્હાય આઈ એમ એન એથીસ્ટ | શહીદ ભગતસિંહ |
| 14. | ધ ઈન્ડિયન સ્ટ્રગલ, ધ ઈન્ડિયન પિલગ્રિમ | સુભાષચંદ્ર બોઝ |
| 15. | સામ્યવાદ હી ક્યોં ? | રાહુલ સાંકૃત્યાયન |
| 16. | સમાજવાદ હી ક્યોં ? ટૂવર્ડ્સ સ્ટ્રગલ, કોંગ્રેસ સોશલિસ્ટ પાર્ટી | જયપ્રકાશ નારાયણ |
| 17. | ગુલામગિરી | જ્યોતિબા ફુલે |
| 18. | સૌંગ ઓફ ઈન્ડિયા, વર્લ્ડ ઓફ ટાઈમ | સરોજિની નાયડૂ |
| 19. | નીલદર્પણ | દીનબંધુ મિત્ર |
| 20. | અસવાબ બગાવત-એ-હિન્દ | સર સૈયદ અહમદ ખૉ |
| 21. | ભારત દુર્દશા | ભારતેન્દુ હરિશચંદ્ર |
| 22. | અનહૈપ્પી ઈન્ડિયા, યંગ ઈન્ડિયા, હિન્દુ-મુસ્લિમ એકતા | લાલા લજપતરાય |
| 23. | ગાંધી વર્સેજ લેનિન | એસ.એ.ડાંગે |
| 24. | પોવટી એન્ડ અનબ્રિટિશ રૂલ ઈન ઈન્ડિયા, રાસ્તગોફતાર | દાદાભાઈ નવરોજી |
| 25. | ઈન્ડિયા ડિવાઈડેડ | ડૉ. રાજેન્દ્રપ્રસાદ |
| 26. | તુહફાત-ઉલ-મુવાહિદ્દીન, સંવાદ કૌમુદી | રાજારામમોહનરાય |
| 27. | સત્યાર્થ પ્રકાશ | સ્વામી દયાનંદ સરસ્વતી |
| 28. | ઈન્ડિયા ટુડે | રજનીપામ દત્ત |

| | | |
|---|---|---|
| 29. | ઈકોનોમિક હિસ્ટ્રી ઓફ ઈન્ડિયા | આર.સી.દત |
| 30. | ટાઈમ એન્ડ ટાઈડ, સ્પીચેજ એન્ડ રાઈટિંગ્સ | મુહમ્મદઅલી ઝીણા |
| 31. | ગીતા રહસ્ય, આર્કટિક હોમ ઈન ધ વેદાજ, કેસરી, મરાઠા | બાળ ગંગાધર તિલક |
| 32. | ફોર ફ્રીડમ, વેક અપ ઈન્ડિયા, ધ ફ્યૂચર ઓફ ઈન્ડિયન પોલિટિક્સ, એશેન્ટ આઈડલ્સ ઈન મોર્ડન લાઈફ, કૉમનવીલ, ન્યૂ ઈન્ડિયા | એની બેસન્ટ |
| 33. | સર્વોદય, હિન્દ સ્વરાજ્ય, ઑટોબાયોગ્રાફી | મહાત્મા ગાંધીજી |
| 34. | અસરાર-એ-ખુદી, જર્બ-એ-કલીમ, મુસાફિર, શિકવા, તરાને હિન્દ, બૉગેદરા | મુહમ્મદ ઈકબાલ |
| 35. | ઈકબાલ ધ પોએટ એન્ડ હિજ મેસેજ | સચ્ચિદાનંદ સિન્હા |
| 36. | સ્ટેફોર્ડ ક્રિપ્સ | રામમનોહર લોહિયા |
| 37. | તર્જુમન-ઉલ-કુરાન, ઈન્ડિયા વિન્સ ફ્રીડમ, તજકિરા, અલહિલાલ, ગુબારે ખાતિર | મૌલાનાઅબુલ કલામ આઝાદ |
| 38. | કર્ણફૂલ : ધ ક્રિસેન્ટ મૂન, વિશ્વ માનવતા કી ઓર, ગીતાંજલિ, હોમ એન્ડ ધ વર્લ્ડ | રવીન્દ્રનાથ ટાગોર |
| 39. | ધ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા | એ.આર. મસાણી |
| 40. | પાર્ટિશન ઑફ ઈન્ડિયા | ડૉ. બી.આર. આંબેડકર |
| 41. | ઈડિયાઝ ફોરેન પોલિસી, વિશ્વ ઈતિહાસ કી ઝલક, ડિસ્કવરી ઑફ ઈન્ડિયા | જવાહરલાલ નેહરૂ |
| 42. | સોજ-એ-વતન, કર્મભૂમિ, શતરંજ કે ખેલાડી | મુંશી પ્રેમચંદ |
| 43. | ધ રેનેસાં ઈન ઇન્ડિયા | સી.એફ.એન્ડ્રૂઝ |
| 44. | ઈન્ડિયા અનરેસ્ટ | વેલેંટાઈન ચિરોલ |
| 45. | હિન્દુત્વ, વાર ઑફ ઈન્ડિયન ઈન્ડિપેન્ડેંસ | વી.ડી.સાવરકર |
| 46. | આનંદમઠ, દેવી ચૌધરાણી | બંકિમચંદ્ર ચેટરજી |
| 47. | ગાંધીઓર ગાંધીવાદ, કોંગ્રેસ કા ઈતિહાસ | પટ્ટાભિ સીતારમૈય્યા |
| 48. | ફ્રી હિન્દુસ્તાન | તારકનાથ દાસ |

★ **વિદેશો માં ક્રાંતિકારી સંસ્થાઓ :**

| ક્રમ | સંસ્થા | દેશ | વર્ષ | સંસ્થાપક |
|---|---|---|---|---|
| 1. | ઈન્ડિયા હાઉસ | લંડન (ઈંગ્લેન્ડ) | 1905 | શ્યામજીકૃષ્ણ વર્મા |
| 2. | અભિનવ ભારત | લંડન (ઈંગ્લેન્ડ) | 1906 | વી.ડી. સાવરકર |
| 3. | ઈન્ડિયા ઈંડિપેન્ડેસ લીગ | અમેરિકા | 1907 | તારકનાથ દાસ |
| 4. | ગદર પાર્ટી | સાનફ્રાસિસ્કો (અમેરિકા) | 1913 | લાલાહરદયાલ, સોહનસિંહ ભાકના |
| 5. | ઈન્ડિયા ઈન્ડિપેન્ડેંસ લીગ | બર્લિન (જર્મની) | 1914 | લાલા હરદયાલ, વીરેન્દ્રનાથ |
| 6. | ઈડિયા ઈંડિપેન્ડેસ લીગ | ટોકિયો (જાપાન) | 1942 | રાસબિહારી બોસ |

★ **વ્યક્તિઓ ને મળેલ ખિતાબ :**

| ક્રમ | વ્યક્તિ | ખિતાબ/ ઈલકાબ/ ઉપાધિ | ખિતાબ આપનાર |
|---|---|---|---|
| 1. | રામમોહન રાય | રાજા | અકબર-બીજો |
| 2. | મહાત્મા ગાંધીજી | મહાત્મા | રવીન્દ્રનાથ ટાગોર |
| 3. | મહાત્મા ગાંધીજી | રાષ્ટ્રપિતા | સુભાષચંદ્ર બોઝ |
| 4. | રવીન્દ્રનાથ ટાગોર | ગુરૂદેવ | મહાત્મા ગાંધીજી |
| 5. | સુભાષચંદ્ર બોઝ | નેતાજી | એડોલ્ફ હિટલર |

| | | | |
|---|---|---|---|
| 6. | સુભાષચંદ્ર બોઝ | દેશનાયક | રવીન્દ્રનાથ ટાગોર |
| 7. | વલ્લભભાઈ પટેલ | સરદાર | બારડોલી ની મહિલાઓ |
| 8. | મુહમ્મદઅલી ઝીણા | કાયદે-આઝમ | મહાત્મા ગાંધીજી |
| 9. | ડૉ. રાજેન્દ્રપ્રસાદ | અજાતશત્રુ/ દેશરત્ન | મહાત્મા ગાંધીજી |

★ **ભારતીય ઈતિહાસ ના મહત્વના યુદ્ધો**

| ક્રમ | યુદ્ધ | વર્ષ | યુદ્ધ નું પરિણામ |
|---|---|---|---|
| 1. | હાઈડેસ્પીઝ નું યુદ્ધ | ઈ.પૂ. 326 | - આ યુદ્ધ સિકંદર અને પોરસ ની વચ્ચે થયું હતું જેમાં સિકંદર વિજેતા બન્યો હતો. |
| 2. | કલિંગનું યુદ્ધ | ઈ.પૂ. 261 | - આ યુદ્ધ મૌર્ય સમ્રાટ અશોક અને કલિંગ ના રાજા ની વચ્ચે થયું હતું જેમાં અશોક વિજેતા બન્યો હતો |
| 3. | નર્મદા નું યુદ્ધ | ઈ.સ. 631 | - આ યુદ્ધ હર્ષવર્ધન અને ચાલુક્ય શાસક પુલકેશિન બીજા ની વચ્ચે થયું હતું જેમાં પુલકેશિન બીજા વિજેતા બન્યો. |
| 4. | વાતાપી નું યુદ્ધ | ઈ.સ. 642 | - આ યુદ્ધ પુલકેશિન બીજા અને નરસિંહવર્મન-પ્રથમ ની વચ્ચે થયું હતું જેમાં નરસિંહવર્મન-પ્રથમ વિજેતા બન્યો. |
| 5. | સિંધનું યુદ્ધ | ઈ.સ. 712 | - આ યુદ્ધ મુહમ્મદ-બિન-કાસિમ અને સિંધના રાજા દાહિર ની વચ્ચે થયું હતું જેમાં રાજા દાહિર પરાજિત થયો હતો. |
| 6. | પેશાવર નું યુદ્ધ | ઈ.સ. 1001 | - આ યુદ્ધ મોહમ્મદ ગઝનવી અને જયપાલ (પંજાબ નો રાજા) ની વચ્ચે થયું હતું જેમાં જયપાલ પરાજિત થયો હતો. |
| 7. | અણહિલવાડનું યુદ્ધ | ઈ.સ. 1178 | - આ યુદ્ધ મુહમ્મદ ગોરી અને ભીમદેવ રાજા-બીજા (સોલંકી વંશ) ની વચ્ચે થયું હતું જેમાં ભીમદેવ-બીજો પરાજિત થયો હતો. |
| 8. | તરાઈન નું પ્રથમ યુદ્ધ | ઈ.સ. 1191 | - આ યુદ્ધ મુહમ્મદ ગોરી અને પૃથ્વીરાજ ચૌહાણ -ત્રીજા ની વચ્ચે થયું હતું જેમાં પૃથ્વીરાજ વિજેતા બન્યો હતો. |
| 9. | તરાઈનનું બીજું યુદ્ધ | ઈ.સ. 1192 | - આ યુદ્ધ મુહમ્મદ ગોરી અને પૃથ્વીરાજ ચૌહાણ-ત્રીજા વચ્ચે થયું હતું જેમાં મુહમ્મદ ગોરી વિજેતા બન્યો હતો. |
| 10. | ચંદાવર નું યુદ્ધ | ઈ.સ. 1194 | - આ યુદ્ધ મુહમ્મદ ગોરી અને જયચંદની વચ્ચે થયું હતું જેમાં મુહમ્મદ ગોરી વિજેતા બન્યો હતો. |
| 11. | પાણીપતનું પ્રથમ યુદ્ધ | ઈ.સ. 1526 | આ યુદ્ધ બાબર અને ઈબ્રાહિમ લોદી ની વચ્ચે થયું હતું જેમાં બાબર વિજેતા બન્યો હતો. |
| 12. | ખાનવા નું યુદ્ધ | ઈ.સ. 1527 | - આ યુદ્ધ બાબર અને રાણા સાંગા ની વચ્ચે થયું હતું જેમાં બાબર વિજેતા બન્યો હતો. |
| 13. | ચંદેરી નું યુદ્ધ | ઈ.સ. 1528 | - આ યુદ્ધ બાબર અને મેદિનીરાય ની વચ્ચે થયું હતું જેમાં બાબર વિજેતા બન્યો હતો. |
| 14. | ધાધરાનું યુદ્ધ | ઈ.સ. 1529 | - આ યુદ્ધ બાબર અને મહમૂદ લોદીની વચ્ચે થયું હતું જેમાં બાબર વિજેતા બન્યો હતો. |
| 15. | ચૌસા નું યુદ્ધ | ઈ.સ. 1539 | - આ યુદ્ધ હૂમાયૂઁ અને શેરશાહ સૂરી ની વચ્ચે થયું હતું જેમાં શેરશાહ સૂરી |

| | | | |
|---|---|---|---|
| | | | વિજેતા બન્યો હતો. |
| 16. | કન્નોજ નું યુદ્ધ | ઈ.સ. 1540 | - આ યુદ્ધ હૂમાયૂઁ અને શેરશાહ સૂરી ની વચ્ચે થયું હતું જેમાં શેરશાહ વિજેતા બન્યો હતો. |
| 17. | પાણીપતનું બીજું યુદ્ધ | ઈ.સ. 1556 | - આ યુદ્ધ અકબર અને હેમુ વિક્રમાદિત્ય ની વચ્ચે થયું હતું જેમાં અકબર વિજેતા બન્યો હતો. |
| 18. | તાલીકોટાનું યુદ્ધ ( રાક્ષસી તાંગડી નું યુદ્ધ) | ઈ.સ. 1565 | -આ યુદ્ધ વિજયનગર સામ્રાજ્ય ની વિરૂદ્ધ બીજાપુર, બીદર, ગોલકુંન્ડા, અહમદનગરની સંયુક્ત સેનાની વચ્ચે થયું હતું જેમાં વિજયનગર સમ્રાજ્યનું પતન થયું હતું. |
| 19. | હલ્દીઘાટી નું યુદ્ધ | ઈ.સ. 1576 | - આ યુદ્ધ અકબર અને મહારાણા પ્રતાપ ની વચ્ચે થયું હતું જેમાં અકબર વિજેતા બન્યો હતો. |
| 20. | કરનાલ નું યુદ્ધ | ઈ.સ. 1739 | - આ યુદ્ધ નાદિરશાહ અને મુઘલ સમ્રાટ મુહમ્મદ શાહ ની વચ્ચે થયું હતું જેમાં નાદિરશાહ વિજેતા બન્યો હતો. |
| 21. | કર્ણાટક નું પ્રથમ યુદ્ધ | ઈ.સ. 1746-48 | - આ યુદ્ધ અંગ્રેજો અને ફ્રાંસીસીઓ વચ્ચે થયું હતું જેમાં ફ્રાંસીસીઓ વિજેતા બન્યા હતા. |
| 22. | કર્ણાટક નું બીજું યુદ્ધ | ઈ.સ. 1749-54 | - આ યુદ્ધ અંગ્રેજો અને ફ્રાંસીસીઓ વચ્ચે થયું હતું જેમાં અંગ્રેજો વિજયી બન્યા હતા. |
| 23. | કર્ણાટક નું ત્રીજું યુદ્ધ | ઈ.સ. 1756-63 | - આ યુદ્ધ અંગ્ર્રેજો અને ફ્રાંસીસીઓ વચ્ચે થયું હતું જેમાં અંગ્રેજો વિજયી બન્યા હતા. |
| 24. | પ્લાસી નું યુદ્ધ | ઈ.સ. 1757 | - આ યુદ્ધ અંગ્રેજો અને બંગાળ ના નવાબ સિરાજુદૌલા ની વચ્ચે થયું હતું જેમાં અંગ્રેજો વિજયી બન્યા હતા. |
| 25. | વાડીવાશ નું યુદ્ધ | ઈ.સ. 1760 | - આ યુદ્ધ અંગ્રેજો અને ફ્રાંસીસીઓ વચ્ચે થયું હતું જેમાં અંગ્રેજો વિજેતા બન્યા હતા અને ફ્રાંસીસીઓનું હંમેશા માટે ભારત પર રાજ્ય સ્થાપિત કરવાનું સપનું તૂટી ગયું હતું. |
| 26. | પાણીપત નું ત્રીજું યુદ્ધ | ઈ.સ. 1761 | - આ યુદ્ધ અહમદશાહ અબ્દાલી અને મરાઠાઓ ની વચ્ચે થયું હતું જેમાં અહમદશાહ વિજેતા બન્યો હતો. |
| 27. | બકસર નું યુદ્ધ | ઈ.સ. 1764 | - આ યુદ્ધ અંગ્રેજો અને બંગાળ ના નવાબ મીરકાસિમ, મુઘલ સમ્રાટ શાહ આલમ-બીજો, અવધનો નવાબ શુજાઉદૌલા ની સંયુક્ત સેના ની વચ્ચે થયું હતું જેમાં અંગ્રેજો વિજયી બન્યા અને ભારત પર શાસન કરવા લાગ્યા. |
| 28. | પ્રથમ આંગ્લ-મૈસુર યુદ્ધ | ઈ.સ. 1767-69 | - આ યુદ્ધ અંગ્રેજો અને હૈદરઅલી ની વચ્ચે થયું હતું જેમાં હૈદરઅલી વિજેતા બન્યો અને **''મદ્રાસ ની સંધિ''** (1769) ધ્વારા આ યુદ્ધ સમાપ્ત થયું હતું. |
| 29. | બીજું આંગ્લ- મૈસૂર યુદ્ધ | ઈસ. 1780-84 | - આ યુદ્ધ અંગ્રેજો અને હૈદરઅલી ની વચ્ચે થયું હતું જેમાં વારેન હેસ્ટગ્ઝ ના નેતૃત્વ માં અંગ્રેજો વિજેતા બન્યા અને **''મેંગલોર ની સંધિ''** (1784) ધ્વારા આ યુદ્ધ સમાપ્ત થયું હતું. |
| 30. | ત્રીજું આંગ્લ- મૈસુર યુદ્ધ | ઈ.સ. 1790-92 | - આ યુદ્ધ અંગ્રેજો અને ટીપુ સુલ્તાન ની વચ્ચે થયું હતું જેમાં લોર્ડ કોર્નવાલિસ ના નેતૃત્વ માં અંગ્રેજો વિજેતા બન્યા. અને **''શ્રીરંગપટ્ટનમ ની સંધિ''** (1792)ધ્વારા આ યુદ્ધ સમાપ્ત થયું હતું. |

| | | | |
|---|---|---|---|
| 31. | ચોથું આંગ્લ-મૈસુર યુદ્ધ | ઈ.સ. 1799 | - આ યુદ્ધ અંગ્રેજો અને ટીપુસુલ્તાન ની વચ્ચે થયું હતું જેમાં લોર્ડ વેલેસ્લી ના નેતૃત્વ માં અંગ્રેજો વિજેતા બન્યા. ટીપુ સુલ્તાન ની મૃત્યુ થતાં અંગ્રેજો એ મૈસુર પર સહાય સંધિ નાંખી. |
| 32. | પ્રથમ આંગ્લ- મરાઠા યુદ્ધ | ઈ.સ. 1775-82 | - આ યુદ્ધ અંગ્રેજો (વોરેન હેસ્ટિંગ્ઝ) અને મરાઠા ઓ વચ્ચે થયું હતું જેમાં મરાઠાઓ (નાના ફડનવીસ) ના નેતૃત્વ માં વિજેતા બન્યા હતા. |
| 33. | બીજું આંગ્લ -મરાઠા યુદ્ધ | ઈ.સ. 1803-06 | - આ યુદ્ધ અંગ્રેજો (લોર્ડ વેલેસ્લી) અને મરાઠાઓ વચ્ચે થયું હતું જેમાં અંગ્રેજો વિજેતા બન્યા હતા. |
| 34. | ત્રીજું આંગ્લ-મરાઠા યુદ્ધ | ઈ.સ. 1817-18 | - આ યુદ્ધ અંગ્રેજો (લોર્ડ હેસ્ટિંગ્ઝ) અને મરાઠાઓ(બાજીરાવ બીજો) વચ્ચે થયું હતું જેમાં અંગ્રેજો વિજેતા બન્યા હતા. |
| 35. | ભારત-ચીન યુદ્ધ | ઈ.સ. 1962 | - આ યુદ્ધમાં ચીને ભારતના મોટા ભાગના વિસ્તાર પર કબજો કર્યો. |
| 36. | ભારત-પાક યુદ્ધ | ઈસ. 1965 | - આ યુદ્ધ માં ભારત વિજેતા બન્યો. |
| 37. | ભારત-પાક યુદ્ધ | ઈ.સ. 1971 | - આ યુદ્ધ માં ભારત વિજેતા બન્યો અને બાંગ્લાદેશ નામ નો સ્વતંત્ર દેશ બન્યો. |
| 38. | કારગિલ યુદ્ધ | ઈ.સ. 1999 | - ભારતે પાકિસ્તાનને હરાવ્યો હતો. |

★ **મુખ્ય રાજવંશ, સ્થાપક અને રાજધાની :**

| **ક્રમ** | **મુખ્ય રાજવંશ** | **રાજધાની (પાટનગર)** | **સંસ્થાપક (સ્થાપક)** |
|---|---|---|---|
| 1. | હર્યંક વંશ | રાજગૃહ | બિમ્બિસાર |
| 2. | શિશુનાગ વંશ | વૈશાલી | શિશુનાગ |
| 3. | નંદ વંશ | પાટલીપુત્ર | મહાપદ્મનંદ |
| 4. | મૌર્ય વંશ | પાટલીપુત્ર | ચન્દ્રગુપ્ત |
| 5. | શુંગ વંશ | પાટલીપુત્ર | પુષ્યમિત્ર શુંગ |
| 6. | કણ્વ વંશ | પાટલીપુત્ર | વાસુદેવ |
| 7. | સાતવાહન વંશ | પ્રતિષ્ઠાન (પૈઠન) | સિમુક |
| 8. | કુષાણ વંશ | પુરૂષપુર (પેશાવર) | કુજલ કડફિસસ |
| 9. | ગુપ્ત વંશ | પાટલીપુત્ર | શ્રીગુપ્ત |
| 10. | હૂણ વંશ | સાકલ (સ્યાલકોટ) | તોરમાણ |
| 11. | પુષ્યભૂતિ વંશ/ વર્ધન વંશ | થાનેશ્વર, કન્નૌજ | પુષ્યભૂતિ |
| 12. | સેનવંશ | નાદિયા (લખનોતી) | સામન્ત સેન |
| 13. | પરમાર વંશ | ધારાનગરી | ઉપેન્દ્રરાજ |
| 14. | ગહડવાલ વંશ | કન્નોજ | ચંદ્રદેવ |
| 15. | ઈશ્વાકુ વંશ | નાગાર્જુનકોન્ડ | વશિષ્ઠપુત્ર શ્રી સંતમૂલ |
| 16. | ગુર્જર-પ્રતિહાર વંશ | માલવા | નાગભટ્ટ પ્રથમ |
| 17. | રાષ્ટ્રકૂટ વંશ | માન્યખેટ | દંતિદુર્ગ |
| 18. | ચૌલવંશ | તંજાવુર | વિજયાલય |
| 19. | પાંડ્ય વંશ | મદુરાઈ | નેડિયોન |
| 20. | યાદવ વંશ | દેવગિરિ | ભિલ્લભ- પાંચમો |

| | | | |
|---|---|---|---|
| 21. | હોયસલ વંશ | દ્વારસમુદ | વિષ્ણુવર્ધન |
| 22. | કલચુરી વંશ | ત્રિપુરી | કોકલ્લ |
| 23. | સાલુવ વંશ | વિજયનગર | નરસિંહ |
| 24. | તુલુવ વંશ | વિજયનગર | વીર નરસિંહ |
| 25. | સોલંકી વંશ | અણહિલવાડ | મૂળરાજ પહેલો |
| 26. | શર્કી વંશ | જોનપુર | મલિક સરવર |
| 27. | ભોસલે વંશ | રાયગઢ | શિવાજી |
| 28. | પાલ વંશ | મુંગેર | ગોપાલ |
| 29. | ચૌહાન વંશ | અજમેર | વાસુદેવ |
| 30. | ચંદેલ વંશ | ખજૂરાહો | નન્નુક |
| 31. | પલ્લવ વંશ | કાંચીપુરમ | સિંહવર્મન ચોથો |
| 32. | ચાલુક્ય વંશ (બાદામી) | વાતાપી | જયસિંહ પ્રથમ |
| 33. | ચાલુક્ય વંશ (વેંગી) | વેંગી | વિષ્ણુવર્ધન |
| 34. | ચાલુક્ય વંશ (કલ્યાણી) | માન્યખેટ/કલ્યાણ | તૈલપ-બીજો |
| 35. | સંગમ વંશ | વિજયનગર | હરિહર અને બુક્કારાય |
| 36. | ગંગ વંશ | પુરી | વ્રજહસ્ત વર્મન |
| 37. | કાર્કોટ વંશ | કાશ્મીર | દુર્લભવર્ધન |
| 38. | ઉત્પલ વંશ | કાશ્મીર | અવન્તિ વર્મન |
| 39. | લોહાર વંશ | કાશ્મીર | સંગ્રામ રાજ |
| 40. | અરવિદુ વંશ | પેનુંકોડાં | તિરૂમલ |
| 41. | બહમની વંશ | ગુલબર્ગા (બીદર) | હસન ગંગુ |
| 42. | ગુલામ વંશ | દિલ્હી | કુતુબુદ્દીન ઐબક |
| 43. | ખલજી વંશ | દિલ્હી | જલાલુદ્દીન ખલજી |
| 44. | તુઘલક/ તઘલખ વંશ | દિલ્હી | ગ્યાસુદ્દીન તઘલખ |
| 45. | સૈયદ વંશ | દિલ્હી | ખ્રિજ ખૉ |
| 46. | લોદી વંશ | દિલ્હી | બહલોલ લોદી |
| 47. | મુઘલ વંશ | દિલ્હી | બાબર |
| 48. | કુતુબશાહી વંશ | ગોલકુન્ડા | કુલી કુતુબશાહ |
| 49. | આદિલશાહી વંશ | બીજાપુર | આદિલશાહ |
| 50. | નિઝામશાહી વંશ | અહમદનગર | મલિક અહમદ |
| 51. | ઈમાદશાહી વંશ | બરાર | ફતેહઉલ્લા ઈમાદશાહ |
| 52. | બરીદશાહી વંશ | બીદર | અમીર અલી બરીદ |

★ **<u>ભારતીય સ્વતંત્રતા આંદોલન ની પ્રમુખ ઉક્તિઓ અને સૂત્રો :</u>**

| ક્રમ | પ્રમુખ ઉક્તિઓ અને સૂત્રો | વ્યક્તિ |
|---|---|---|
| 1. | સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે | બાલગંગાધર તિલક |

| | | |
|---|---|---|
| 2. | ઈન્કલાબ જિંદાબાદ | ભગતસિંહ |
| 3. | દિલ્હી ચલો, જય હિન્દ | સુભાષચંદ્ર બોઝ |
| 4. | કરેંગે યા મરેંગે | મહાત્મા ગાંધી |
| 5. | પૂર્ણ સ્વરાજ્ય | જવાહરલાલ નેહરૂ |
| 6. | વેદો તરફ પાછા વળો | સ્વામી દયાનંદ સરસ્વતી |
| 7. | આરામ હરામ હૈ | જવાહરલાલ નેહરૂ |
| 8. | જય જવાન, જય કિસાન (1965 ના પાકિસ્તાન ના યુદ્ધ સમયે) | લાલ બહાદુર શાસ્ત્રી |
| 9. | જય જગત | વિનોબા ભાવે |
| 10. | સમ્પૂર્ણ ક્રાંતિ | જયપ્રકાશ નારાયણ |
| 11. | વિજયીવિશ્વ તિરંગા પ્યારા | શ્યામલાલ ગુપ્તા **"પાર્ષદ"** |
| 12. | વંદે માતરમ | બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય |
| 13. | જન-ગણ-મન | રવીન્દ્રનાથ ટાગોર |
| 14. | સરફરોશી કી તમન્ના, અબ હમારે દિલ મે હૈ | રામપ્રસાદ બિસ્મિલ |
| 15. | સારે જહૉં સે અચ્છા હિન્દુસ્તાન હમારા | ઈકબાલ |
| 16. | સાઈમન કમીશન પાછા જાઓ | લાલા લજપતરાય |
| 17. | હૂ લિવ્સ ઈફ ઈન્ડિયા ડાઈઝ | જવાહરલાલ નેહરૂ |
| 18. | મુસ્લિમ મૂર્ખ હતા, જેમણે સલામતી ની માંગણી કરી અને હિન્દુ તેમનાથી પણ મોટા મૂર્ખ હતા, જેમણે આ માંગણી ને અસ્વીકાર કરી દીધી. | અબ્દુલ કલામ આઝાદ |
| 19. | જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન | અટલબિહારી વાજપેયી |
| 20. | મેરા ભારત મહાન | રાજીવગાંધી |
| 21. | વિજય સહી, વિશ્રામ નહિ | એલ.કે. અડવાણી |
| 22. | કઠોર પરિશ્રમ નો કોઈ વિકલ્પ નથી | શ્રીમતી ઈન્દિરા ગાંધી |
| 23. | ગરીબી હટાવો | શ્રીમતી ઈન્દિરા ગાંધી |
| 24. | જે ધર્મ વિધવાનાં આંસુ ન લૂછી શકે તે ધર્મ નથી. | સ્વામી વિવેકાનંદ |
| 25. | ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો | સ્વામી વિવેકાનંદ |
| 26. | તુમ મુઝે ખુન દો, મેં તુમ્હે આઝાદી દૂંગા | સુભાષચંદ્ર બોઝ |
| 27. | ઈશ્વર સત્ય નથી, સત્ય એ જ ઈશ્વર છે. | મહાત્મા ગાંધીજી |
| 28. | ઝાડ ના થડ ને કાપી નાખો, વૃક્ષ ની શાખાઓ આપોઆપ તૂટી પડશે | બાજીરાવ-પ્રથમ |

★ **નામ અને ઉપનામ :**

| ક્રમ | ઉપનામ | નામ |
|---|---|---|
| 1. | લાલ, બાલ અને પાલ ની ત્રિપુટી | લાલા લજપતરાય, બાળગંગાધર તિલક, વિપિનચંદ્ર પાલ |
| 2. | દાદા | પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી |
| 3. | ભારતના બિસ્માર્ક, લોખંડીપુરુષ, સરદાર | વલ્લભભાઈ પટેલ |
| 4. | ભારત ના બુલબુલ | સરોજની નાયડૂ |
| 5. | રાજાજી | રાજગોપાલાચારી |
| 6. | પંજાબ કેસરી | લાલા લજપતરાય |
| 7. | દીનબંધુ | એન્ડ્રુઝ સી. એફ. |
| 8. | સરહદ ના ગાંધી | ખાન અબ્દુલ ગફ્ફાર ખાન |
| 9. | દેશબંધુ | ચિત્તરંજનદાસ |
| 10. | લોકનાયક | જયપ્રકાશ નારાયણ |
| 11. | શાંતિદૂત, ચાચા, પંડિતજી | જવાહરલાલ નેહરૂ |
| 12. | કાકાસાહેબ | દત્તાત્રેય કાલેલકર |
| 13. | હિન્દ ના દાદા | દાદાભાઈ નવરોજી |
| 14. | બંગબંધુ | મુજીબુર રહેમાન |
| 15. | મહારાજ | રવિશંકર વ્યાસ |

★ **ભારત ના મહાન શહીદ**

| ક્રમ | નામ | ઘટના |
|---|---|---|
| 1. | ભગતસિંહ | - પોલીસ અધિકારી ની **"સોન્ડર્સ"** ની હત્યા અને 8 એપ્રિલ, 1929 ના રોજ દિલ્હી ની એસેમ્બલી માં બોંબ ફેકવાના કારણે ધરપકડ કરવામાં આવી હતી. 23 માર્ચ, 1931 ના રોજ સૌન્ડર્સ ની હત્યા ના કેસમાં ફાંસી આપી દીધી. |
| 2. | સુખદેવ | - પોલીસ અધિકારી **"સોન્ડર્સ"** ની હત્યા કરી. 15 એપ્રિલ, 1929 ના રોજ ધરપકડ કરવામાં આવી. ભગતસિંહ ની સાથે આમને પણ ફાંસી આપી દીધી. |
| 3. | રાજગુરુ | - પોલીસ અધિકારી **"સોન્ડર્સ"** ની હત્યા કરી. 30 ડિસેમ્બર, 1929 ના રોજ પૂણેથી ધરપકડ કરવામાં આવી. ભગતસિંહ ની સાથે આમને પણ ફાંસી આપી દીધી. |
| 4. | ચંદ્રશેખર આઝાદ | - કાકોરી કાંડ માં દોષી, આમને પકડવા બ્રિટિશ સરકારે 30,000 રૂપિયા નું ઈનામ આપવાની જાહેરાત કરી હતી. 27 ફેબ્રુઆરી, 1931 ના રોજ અલ્હાબાદ ના આલ્ફ્રેડ પાર્ક માં પોલીસ સાથે મુઠભેડ થઈ જેમાં પોતાને છેલ્લી ગોળી મારીને શહાદત વહોરી. |
| 5. | ખુદીરામ બોસ | - ન્યાયધીશ કિંગ્સફોર્ડ ની ગાડી પર બોંબ ફેકયો હતો. 11 ઓગસ્ટ, 1908 ના રોજ ફાંસી આપી દેવામાં આવી. |
| 6. | બટુકેશ્વર દત્ત | - ભગતસિંહ ની સાથે દિલ્હી ની એસેમ્બલી માં બોંબ ફેંકવાના કારણે ધરપકડ કરવામાં આવી હતી. આમને આજીવન કારાવાસ ની સજા આપવામાં આવી હતી. |
| 7. | અશફાક ઉલ્લાખૉ | - કાકોરી કાંડ માં ધરપકડ કરી, 18 ડિસેમ્બર, 1927 ના રોજ ફાંસી આપી દેવામાં આવી. |
| 8. | ચાપેકર બંધુઓ | - પ્લેગ કમીશ્નર **"રૈન્ડ"** અને લેફટનેંટ **"એયર્સ્ટ"** ની 22 જૂન, 1897 ના રોજ હત્યા |

| | | |
|---|---|---|
| | | કરી, બંને ભાઈઓને (વાસુદેવ અને બાલકૃષ્ણ) ફાંસી આપી દીધી. આ અંગ્રેજ અધિકારી ની હત્યા યૂરોપિયનો ની પ્રથમ રાજનૈતિક હત્યા હતી. |
| 9. | ઉધમસિંહ | -જલિયાવાલા બાગ હત્યાકાંડ ના દોષી જનરલ ડાયર ને 13 માર્ચ, 1940 ના રોજ લંડનમાં ગોળી મારી દીધી. ૩1 જુલાઈ, 1940 ના રોજ તેમને ફાંસી આપી દેવામાં આવી હતી. |
| 10. | માસ્ટર અમીચંદ્ર | - દિલ્હી ષડયંત્ર કેસ માં (વાઈસરૉય  લોર્ડ હાર્ડિંગ ની હત્યાનો પ્રયાસ) ધરપકડ કરી, 8 મે 1915 ના રોજ ફાંસી આપી દીધી. |
| 11. | અવધબિહારી બોસ | - દિલ્હી ષડયંત્ર કેસ અને લાહોર બોંબ કાંડ માં ધરપકડ કરી, 8 મે, 1915 ના રોજ ફાંસી આપી દીધી. |
| 12. | સૂર્યસેન | - ચટગૉવ શસ્ત્રાગર કેસ માં ધરપકડ કરી, 11જાન્યુઆરી, 1934 ના રોજ ફાંસી આપી દેવામાં આવી. |
| 13. | અનન્ત કાન્હરે | - જૈકસન હત્યાકાંડ (નાસિક) માં ધરપકડ કરી, 19 એપ્રિલ 1910 ના રોજ ફાંસી આપી દેવામાં આવી. |
| 14. | મદનલાલ ઢીંગરા | - કર્નલ વિલિયમ કર્જન વાઈલી ની 1909 માં હત્યા કરી, 16 ઓગસ્ટ , 1909 માં ફાંસી આપી દેવામાં આવી. |
| 15. | વાસુદેવ બલવંત ફકડે | - બ્રિટિશ સરકાર નો વિરોધ કરવા એક સશસ્ત્ર સેના બનાવી જેના કારણે 1879 માં તેમની ધરપકડ કરી. કાળાપાણી ની સજાની વિરુદ્ધ આમરણ અનશન(ઉપવાસ) કરીને 1883 માં પોતાના પ્રાણ ત્યજી દીધા. |
| 16. | કરતારસિંહ સરાબા | - લાહોર ષડયંત્ર કેસ માં ધરપકડ કરી 16 નવેમ્બર, 1915 ના રોજ ફાંસી આપી દેવામાં આવી. |

★★★★